।। श्री गोकुलेन्दुर्जयति ।।

चतुर्थ - पंचम गृहाधीश-नि-ला-गो-श्री १०८ श्री वल्लभलालजी महाराज
(गोकुल-कामवन) स्मृति ग्रंथ छ.

।। श्री हरिराय महाप्रभु प्रकटिता सहस्रश्लोकी सेवाभावना ।।

श्री हरिरायजीकृत नित्यलीला अने उत्सव सेवा शिक्षा

बालभाव अने किशोरभावयुक्त मंगळाथी राजभोग अनोसर
अने उत्थापन थी शयन सुधीनी रसात्मक सेवाभाव प्राप्ति मूलक ग्रंथ.

रसेशनी ललित लीला भावना - मननीय लेख - मार्गीय प्रचार परायण
प.भ. प्रा.श्री रमेशभाई परीख
मुळ संशोधक अने अनुवादक
गो-वा-धीरजलाल व्रजदास सांकळीया (बी.ऐ.एल.एल.बी. - ऍडवॉकेट)



AMBIKA XEROX
9930343014

न लीला चिंतनं नैव लीला विरहाद्हरे। न वा कृष्णाश्रयः पूर्णो वृथा तज्जन्म भूतले ।।
न निज स्वामि विरह परितापो न भावना । न दैन्यं परमं यस्य वृथातज्जन्म भूतले ।।

ન્યોછાવર

અમદાવાદ ડીલીવરી : રૂ.૬૨૦-૦૦

બહારગામના વિક્રેતા પાસેથી ખરીદતાં : રૂ. ૨૬-૦૦

(પોસ્ટેજ અલગ. વી. પી. પી. થતુ નથી.)

ચતુર્થ-પંચમ ગૃહાધીશ-નિ-લા-ગો-શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજ
(ગોકુલ-કામવન) સ્મૃતિ ગ્રંથ ૭.

।। શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિતા
સહસ્રશ્લોકી સેવાભાવના ।।

શ્રી હરિરાય કૃત નિત્યલીલા-ચિન્તામણ્ય: રસૌદૈસઃ લીલાનિત્યત્વ નિત્ય અને
ઉત્સવ સેવા શિક્ષા, શ્રી ગોકુલચંદ્રમાષ્ટકમ્ ધોળપદ વિ. મનનીય સામગ્રી સહ.
બાલભાવ અને કિશોરભાવયુક્ત મંગળાથી રાજયોગ, અનોસર,
અને ઉત્થાપન થી શયન સુધીની રસાત્મક સેવાભાવપ્રાપ્તિમૂલક ગ્રંથ.
રસેશની રસભરી લલિત લીલા ભાવના-મનનીય લેખ-માર્ગીય પ્રચાર પરાયણ
પ. ભ. પ્રા. શ્રી રમેશભાઇ પરીખ
મૂળ સંશોધક અને અનુવાદક
ગો-વા-ધીરજલાલ વ્રજલાલ સાંકળીયા (બી. એ. એલ. એલ. બી. -એડવોકેટ)

[illegible]
[illegible] श्रीनाथजी मन्दिर
नाथद्वारा, राजस्थान-313 301

પ્રકાશક
શ્રી ઉમરેઠ સાંસ્કૃતિક સાહિત્ય ચેરીટેબલ ટ્રસ્ટ વતી,
ડૉ. સોમાલાલ મંગળદાસ ગાંધી.
૭૮૭, લાલાવશાની પોળ, સાંકડી શેરી, રાયપુર,
અમદાવાદ-૧.

શેઠ શ્રી નારાયણદાસ તથા જેઠીમલ આસાનમલ પ્રકાશિત પુષ્ટિમાર્ગીય ગ્રંથાવલી ૨૮૫ ઉપરથી ટ્રસ્ટીઓના સૌજન્યથી આભાર સહ પુનર્મુદ્રણ

અધિક જેઠ માસ વિ. સંવત ૨૦૪૪

: પ્રાપ્તિસ્થાન :

(૧) શ્રી શાન્તીલાલ ગો. શાહ ધનાસુતારની પોળ
આરોળાની પોળ-કાલુપુર-અમદાવાદ-૧

(૨) શ્રી જયંત બુક ડીપો-ગાંધી રોડ, અમદાવાદ-૧

(૩) શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા ગીરધર નિવાસ, મજમુદારની ખડકી-મંગળ
બજાર-ચાર રસ્તા પાસે, વડોદરા.

(૪) પ. ભ. શ્રી હરિગુરુ વૈષ્ણવ સેવા અભિલાષી શ્રી ભોગીલાલ રમણલાલ-૩૪/૪
બજાજ રોડ, નંદાભુવન પહેલે માળે-વિલેપાર્લે (ઇ) બોમ્બે-૫૬.

(૫) ગોવિંદ પ્રભુ પુષ્ટી માર્ગીય સ્ટોલ.
C/O નોબલ્સ રૂલીગામ જી-પેલ, બાલાજી રોડ, સુરત-૩૯૫૦૦૩

(૬) જમનાદાસ ગીરધરદાસ પારેખ
મોટામંદીર-ત્રીજો ભોઈવાડો મું-૨

(૭) રમણલાલ ત્રીભોવનદાસ ગાંધી
કાર્ટર રોડ, દાદાભાઈની ચાલ, બોરીવલી-પૂર્વ-મુંબઈ ૬૬

મુદ્રક : ન્યુ મોહન પ્રિન્ટરી વતી,
શ્રી હરીવલ્લભદાસ બી શાહ,
રીલીફ સીનેમા પાસે, અમદાવાદ-૧
ફોન-૨૫૫૪૧

[redacted]

અનુક્રમણિકા

પ્રકાશકીય	iii
શ્રીમદ્ ગોકુલચંદ્રમાષ્ટકમ્	vi
રસેસની રસભરી લલિત લીલાભાવના	૧ થી ૪
ચિન્તામણય :	૫ થી ૪૨
સહસ્ર શ્લોકી સેવાભાવના	૧ થી ૧૦૪
નિત્ય લીલા	૧૦૫ થી ૧૦૯
નિત્ય અને વર્ષોત્સવ સેવા બોધ	૧૧૦ થી ૧૧૧
શ્રી ગોકુલચંદ્રમાજી ધોળ પદ	૧૧૨

॥ શ્રી ગોકુલેન્દુર્જયતિ ॥

પ્રકાશકીય

પુષ્ટિજગત ઉદ્ધારક કૃપાનિધિ મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય સર્વ વૈષ્ણવોને એક જ ધર્મ–ફરજ કે કર્તવ્ય બતાવ્યું છે અને તે **સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ :** વ્રજના અધિપતિ શ્રી ઠાકોરજીની સર્વ ભાવથી સર્વદા સેવા કરવી એ જ માત્ર કર્તવ્ય ન અન્ય **ક્વાપિ કદાચન** કોઈ પણ સમયે કોઈ પણ સંજોગોમાં સેવાથી બીજું કર્તવ્ય નથી, નથી અને નથી જ. તેમ ભારપૂર્વક ઉદ્‌બોધ કર્યો છે. તેમજ સેવાને પોષક સ્મરણનો પણ સાથે જ આદેશ કર્યો છે. **સ્મરણમ્ ભજનમ્ ચાપિ નત્યાજ્યં ઇતિ મે મતિ :** અને નિરોધ લક્ષણ ગ્રંથમાં જણાવ્યું–એકાદશ ઇન્દ્રિયોના નિરોધપૂર્વક શ્રી ઠાકોરજીની સેવા અને તેમની લીલાઓનું સ્મરણ થવું જોઇએ. સાથે–સાથે જણાવ્યું કે તે બંને–લીલાના અનુસંધાન પૂર્વક અને તત્ત્વ નિર્ધાર સહિત થાય તો જ ફલરૂપ બને છે. અને તે જ ધ્યેય આપણ સર્વનું હોવું જોઇએ.

આ ધ્યેયની પ્રાપ્તી માટે શ્રી હરિરાય મહાપ્રભુજીએ આપણા ઉપર અનહદ કૃપા કરી સ્વરૂપ ભાવના–લીલા ભાવના, ભાવ ભાવનાના ગ્રંથો રચી આપણને તે મૂડી સોંપી છે. અને તેના સમર્થનમાં આપશ્રી એ ખુબ શ્રમ લઈ **"સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના"** ગ્રંથનું દાન કર્યું છે. તેના અધ્યયનથી આઠે પહોરની સેવા અને તેનું રહસ્ય સમજાય –સેવા રસાસ્વાદ પ્રાપ્ત થાય અને સેવામાં તન્મનસ્કાઃ તત્‌ચિત્તાઃ બની રહે તો જ તન્મહોધ્યા : થવાય એટલે મન અને ચિત્તને સેવામાં રોકી તેનો રસાનંદ લેવાથી સેવાનું ફળ પ્રાપ્ત કર્યું લેખાય. અને તેજ જીવનની કૃતાર્થતા. આજ હેતુની સિદ્ધિ માટે ભાવુક વાંચકોને સેવારસથી પ્લાવિત કરે તેવો ગ્રંથ હાલ ઉપલબ્ધ ન હોવાને કારણે આ ગ્રંથનું પુનર્મુદ્રણ આ ટ્રસ્ટે સ્વીકાર્યું છે.

આ અગાઉ પુરુષોત્તમ સહસ્ત્ર સ્તોત્ર–ત્રિવિધ લીલા નામાવલી નામ રત્નાખ્ય સ્તોત્ર –વલ્લભાખ્યાન અને સર્વોત્તમ સ્તોત્રના પ્રકાશનથી સ્મરણ પોષક ગ્રંથો આપી હવે ભગવત્ સેવાઅનુરાગી ભક્તો સેવા ફલ પ્રાપ્ત કરે તે હેતુથી આ–ગ્રંથના પ્રકાશનનો પ્રયાસ થયો છે. તે રીતે ટ્રસ્ટ યત્‌કિંચિત શ્રી હરિરાયજીની કૃપાથી કૃતાર્થતાનો સંતોષ માને છે.

સર્વ સેવાસ્મરણઅનુરાગી ભક્તોને અનંત લીલા વિશિષ્ટ પ્રભુ પોતાના લીલા રસથી પ્લાવિત કરે તેવી વિનંતિ સહ. દંડવત્ પ્રણામ.

આભાર દર્શન

૧. પૂ. પા શ્રી વલ્લભ કુલાવતંસ પંચમ ગૃહના બાળકો પૂ. પા શ્રી ગિરધરલાલજી તથા પૂ. પા. શ્રી દ્વારકેશલાલજી બન્નેએ આ ગ્રંથના પ્રકાશનની આશીર્વાદ સહ આજ્ઞા આપી તે માટે બન્ને શ્રીમાનોને અનેકશઃ સાદર આભાર સહિત દંડવત્ પ્રણામ.

૨. શુદ્ધાવૈત તૃતીય ગૃહાધીશ પૂ.પા.ગો શ્રી વ્રજેશકુમારજીએ તેઓશ્રી અનેક સેવા પ્રવૃત્તિમાં વ્યક્ત હોવા છતાં સત્વરે ગ્રંથમાટે લેખ લખી મોકલ્યો તે કૃપાદાન માટે તેઓશ્રીનું ઋણ સ્વીકાર કરતાં અનહદ આનંદ થાય છે આપશ્રીના ચરણ કમલમાં કોટિશઃ દંડવત પ્રણામ.

૩. રસેશની રસભરી લીલા ભાવનાના શિર્ષક હેઠળ માર્ગીય પ્રચાર સેવા નિષ્ઠ પ્રા.પ.ભ. શ્રી રમેશભાઈ પરીખ તરફથી–તેઓ અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં કૃપા વિચારી વિસ્તૃતઅવગાહનીય લખાણ પ્રાપ્ત થવાથી તેમનો હાર્દિક આભાર. તેઓ ઉંમરે વન પ્રવેશ કરે છે, તે પ્રસંગે તેમની ભવિષ્યના આધિદૈવિક જીવનની સફળ પરિચર્યા માટે અને તંદુરસ્ત દીર્ઘાયુ માટે શ્રી ના ચરણોમાં અભ્યર્થના.

૪. સૌ પ્રથમ **પૂ. પા. શ્રી શ્યામમનોહરજીના કૃપાપાત્ર રજનીકાન્ત જેસીંગભાઈ** પટનીજીનો તેમજ **શ્રી ભોગીલાલ રમણલાલ** મારફત શ્રી જેઠીમલ અને આસનમલ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત ગ્રંથ પ્રેસ કોપી તરીકે મેળવી આપવા બદલ બન્નેનો અત્રે આભાર માનીએ છીએ.

સત્સંગ માસિકના વ્યવસ્થાપકોએ તેમજ શ્રી જીવણલાલ ત્રિ. પરીખે તેમની સત્સંગ માસિક પ્રકાશિત નકલ મોકલી આપી હતી તે માટે તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી ગુરુદેવના કૃપાપાત્ર શ્રી ડાહ્યાભાઈ સોમાભાઈ (કાપડના વહેપારી ઉમરેઠ) ચિત્ર દાન અને નિત્યલીલા ધોળપદની પ્રકાશન મદદ તેમજ શ્રી પ્રદયુમન પૂનમચંદ તલાટીએ બીજા ચિત્ર દાન માટે ફાળો આપ્યો છે તે બદલ તે બંને દાતાઓને અનેકશઃ ધન્યવાદ ગુજરાત ઓફસેટના માલિક શ્રી યોગેશભાઈએ શ્રીહરિરાયજીના ચિત્ર માટે નેગેટીવ સ્લાઈડ ઉદારતાથી આપી ચિત્ર માટે કાર્ય સહેલું કરી આપ્યુ છે. તેમને ધન્યવાદ

ન્યુ. મોહન પ્રીન્ટર્સના માલિક શ્રી હરિવલ્લભાઇ તેમજ તેમના પુત્ર શ્રી મુકેશભાઇએ પ્રકાશન કાર્યમાં ખૂબ રસ લઇ કાળજી પૂર્વકની સેવા આપી છે તે માટે તેમને ધન્યવાદ અને તેમની સેવા ભાવના વૃદ્ધિ પામે તેવી શુભેચ્છાઓ.

સમય અનુસાર ટ્રસ્ટે સુધારેલા નિયમ પ્રમાણે પ્રથમ રૂા ૨૫૧ ટ્રસ્ટ દાન આપેલ તેમાં ઉમેરવા બીજા રૂા. ૧૫૦ આપી રૂા. ૪૦૧ પૂરા કરવા બદલ તે ગૃહસ્થોનો આભાર માનીએ છીએ. સ્વ **નટવરલાલ** મંગુભાઇ નંદરબાર (૨) સ્વ પુરુષોત્તમદાસ સુતરીઆના

સુપુત્રો શ્રી જમનાદાસ, શ્રી મંગુભાઈ, અને શ્રી જેઠાલાલભાઇ (૩) તેમજ શ્રી એમ. આર. શાહ અમદાવાદ હૈદરાબાદ.

શ્રી ચીમનલાલ પૂજાભાઇ શાહે સ્વેચ્છાએ વગર માગે રૂા. ૧૨૫૧ અંકે એક હજાર બસો એકાવન ટ્રસ્ટ દાન મોકલી આપી તેમની ગ્રંથ પ્રકાશન પ્રોત્સાહન રુચિ દાખવી આભારી કર્યા છે તે માટે ધન્યવાદ અને તેમના સર્વ પાઠકવંદને **જયશ્રી કૃષ્ણ.**

શ્રી ભોગીલાલ રમણલાલ શાહે પોતાના ગ્રંથ વિતરણ સેવા ધંધાકીય સમય દરમીયાન પણ ખૂબ જ શ્રમ લઈ નિષ્કામ ભાવે ગ્રંથ વિતરણ અને પ્રચારમાં સારો રસ દાખવવા બદલ તેમને ધન્યવાદ તેમજ તેમની સેવાવૃત્તિ વૃદ્ધિ પામે તેવી શુભેચ્છાઓ, ઇનર ટાઈટલ નંબર ૨ ઉપર જણાવેલ ગૃહસ્થોએ પણ તેવી જ રીતે વિતરણ સેવાઓમાં સાથ સહકાર આપ્યો છે તે માટે તેમનો પણ આભાર વ્યકત કરતા આનંદ થાય છે. એક યા બીજી અનેક રીતે પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર ગૃહસ્થોનો હાર્દિક આભાર માની ઇચ્છીએ છીએ કે તેઓ તેનની ભલી લાગણી વિકસાવે.

રૂા. ૪૦૧ ટ્રસ્ટ દાન આપી જે–તે વર્ષના પ્રકાશનો અને ત્યારબાદ થતાં પ્રકાશનોની એકે–એક નકલ ભેટ મેળવો રૂા. ૨૦૦૧ ટ્રસ્ટ દાન આપી પોતાના એક કુટુંબીજનનું કે શ્રી ગુરુદેવનું ચિત્ર પધરાવી જયશ્રી કૃષ્ણ પાઠવો. અને ગ્રંથની યોગ્ય નકલ ભેટ મેળવો કરમુક્તિનો લાભ પણ સાથે મળે છે જ તે ધ્યાનમાં રાખવું.

ચારગ્રંથોની ન્યોછાવર આપી પાંચ ગ્રંથો–વલ્લભકુળ બાળકોને–વિદ્વાનોને પ્રચારકોને શાસ્ત્રીઓને કે સત્સંગ મંડળમાં પધરાવો.

પુષ્ટિમાર્ગ ખાંડાની ધાર પર ચાલવાનો માર્ગ છે. હસ્તે ફરતે સાહિત્ય પર દૃષ્ટિ ફરવાનો માર્ગ નથી. **પ્રથક્‌શરણમાર્ગોપદેષ્ટા** શ્રી મહાપ્રભુજીના સાહિત્યને સમજવા મહાનુભાવોની કૃપા બળે મગજને સહેજ કસવું પડશે. સેવા સ્મરણના વિધ–વિધ પાસાને સ્પર્શતુ સાહિત્ય મનન્ ચિંતન માંગી લે છે. તે માટે મૂળ ગ્રંથો **શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી – શ્રી ગોકુલનાથજી – શ્રી પુરુષોત્તમજી શ્રી હરિરાયજી** વિગેરે મહાનુભાવો રચિત સાહિત્ય યથા સમય વિચારવા કૃપાનિધિ શ્રી વાક્પતિજીની કૃપાદૃષ્ટિનાં સુધા કિરણો સર્વ વૈષ્ણવો પ્રાપ્ત કરે તેવી અભ્યર્થના.

પૂ. પા. શ્રી ઈન્દિરા બેટીજી આદિ વલ્લભકુળ પરિવાર, ભાગવત પ્રવકતા પૂ. પા. શાસ્ત્રીજી શ્રી યોગેશભાઈ, પુષ્ટિ પ્રચાર નિષ્ઠ શ્રી રમેશભાઇ પરીખ, પુષ્ટિ પરાગ ડૉ. શ્રી કૃષ્ણજીવન ગાંધી–ગોધરા શ્રી પી. સી. શાહ મોડાસા આદિ ભગવદીયો આવા આકાર ગ્રંથોને સમજાવવા વૈષ્ણવ સૃષ્ટિને અતિ વિશેષ લાભ આપે તેવી હાર્દિક અભિલાષા સાથે. દાસાનુદાસ ભાવભાવુક **સોમાલાલ ગાંધીના સદૈન્ય ભગવત્ સ્મરણ.**

શ્રી વલ્લભાચાર્ય-કુલાવતંસ-તૃતીય ગૃહાધીશ પૂ. પા. ગો. શ્રી ૧૦૮.
શ્રીવ્રજેશકુમાર (કાંકરોલી-વડોદરા) મહારાજ શ્રીનું
કૃપાદાન

। શ્રી હરિ: ।

પુરોવાક્

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુ ચરણ કા હમ સબ જીવો પર અસીમ અનુગ્રહ ઔર કરુણા કોમલ ભાવ હી શ્રી પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ કો દૈવી જીવો પર કરુણા-કૃપા કટાક્ષ કી અભિવર્ષા કે લિયે ભાવા વિર્ભૂત કર સકતા હૈ.

શ્રી પુરુષોત્તમ કો કોઇ મંત્રાદિ કર્મ બાંધ નહીં શકતે, વે ભક્તોં કે ભક્તિ કે હી વશીભૂત હોતે હૈ. અતઃ શ્રીમદાચાર્યજી મહાપ્રભુ ચરણ મનશ્ચિન્તન સે લોગો કો પૂજા, આદિ કા બાહ્યાભ્યન્તર ભેદ સમઝાકર સેવા-સ્નેહ કા સ્વરુપ સમઝાતે હૈ.

યથાસ્થિતોજ્ઞાનદશ્ચ સ્નેહાદ્ વશ્યો ભવેદ્ધ્રુવમ ।
પૂજાપિદ્વિવિધા પ્રોક્તા બાહ્યાભ્યન્તર ભેદતઃ ।

જો કી "કૃષ્ણ સેવા પરં કાર્યા-માનસી સા પરામતા ચેતસ્તત્પ્રવણં સેવા," ઇત્યાદિ રુપ સે આજ જન માનસ પર મુદ્દા રુપ મેં અંક્તિ હો ચુકે હૈ.

શ્રી પ્રભુ કી સેવા જો સાધન રુપ હોતે હુએ ભી ફળ રુપ મેં પરિણત હોતી હૈ, વહ મનોયોગ બિના કેવલ ક્રિયાત્મક રુપ મેં આજ નજર આતી હૈ. જો ભગવદ્ ભક્ત જન સેવા કરના ચાહતે હૈ-ઉન્હે સેવા કી ક્રિયા સે અધિક ભાવ પર ધ્યાન કેન્દ્રિત કરના ચાહીએ. ઇસ ઉદ્દેશ્ય કી પૂર્તિ કે લીયે સેવા પદ્ધતિ દર્શક ગ્રંથ ઔર ભાવના ગ્રંથ દોનો પરસ્પર પૂરક રુપ મેં હોતે હૈ. દોનો કા સંતુલન ઔર ઉપયોગ હી સેવા કો ફલવતી બનાતા હૈ અન્યથા ભગવદ્ ભાવ ઔર અનુભૂતિ દોનોં હી કેવલ ક્રિયા સે કભી હાથ નહીં આતી ઔર ચિત્તકી શાન્તિ ભી કોસોં દૂર નજર આતી હૈ.

વૈષ્ણવોં કે નિત્યનિયમ-દિનચર્યા પર વર્ષો પૂર્વ કુછ પુસ્તકે છપી થી. વે ભી વર્તમાન કાલ સંદર્ભ સહિત પુર્નમુદ્રણ સમપેક્ષ્ય હૈ. ભાવ-ભાવના પર શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી દ્વારકેશજી, શ્રી વ્રજભૂષણજી આદિ પૂર્વાચાર્યો કી કૃતિયાં ભી અપ્રાપ્ત પ્રાય અવસ્થા મેં હૈં. ઈસી ક્રમ મેં સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના એક વિશિષ્ટ કૃતિ હૈ, પરંતુ ભાવકી ગંભીરતા સહજ હી ઇસે દુર્બોધ બના દેતી હૈ.

રસેશ્વર ભગવાન શ્રી કૃષ્ણ કા વ્યક્ત જગદ્રૂપ ભી રસાત્મક હી હૈ, પરન્તુ ઇસકી અનુભૂતિ ભી ઉસે હી હોતી હૈ જીસે સર્વાત્મભાવ કી પ્રતીતિ હો જાતી હ. શ્રીમદ્

આચાર્યજી મહાપ્રભુચરણ આજ્ઞા કરતે હૈ કિ—“સભી પદાર્થોં મેં રસ હૈ, પરન્તુ વહ રસજ્ઞ કે સામને હી અભિવ્યક્ત હોતા હૈ. ભગવાન કે રસરુપ કર્મ તો અભિવ્યક્ત હૈં હી, પરન્તુ ઉન્હે સમઝને વાલે રસજ્ઞ કી અપેક્ષા રહતી હૈ.” (શ્રી સુબોધિની–૩–૨૦–૬) ઈસ ઉક્તિ કે અનુસાર ઇન ભાવના ગ્રંથો મેં રસ–રાજ કી રસ રુપ લીલા ભાવનાએ વ્યક્ત હોતે હુએ ભી કેવલ રસમર્મજ્ઞ કે હી લીયે અપેક્ષાકૃત રુપ મેં ગ્રાહ્ય હૈ. લોકાભિમુખ વ્યક્તિ કે લીયે ન તો ગ્રાહ્ય હી હૈ ઔર ન ઉપકારક હી. ક્યોંકી અલૌકીક ઓર લૌકિક કા ભેદ ન સમઝને વાલા ઉસકે સ્વારસ્થ કો ન જાન રસાભાસકા કારણ બન જાતા હૈ ઔર રસ મર્મજ્ઞ ઉસમેં સે **દિવ્ય રસકા આનંદ પ્રાપ્ત કર પરમાનન્દ કા અનુભવ કરતા હૈ.**

પરમ ભાગ્યવાન વૈષ્ણવ જો શ્રી પ્રભુ કે અનુગ્રહ સે પુષ્ટિ સૃષ્ટિ મેં સમુત્પન્ન હૈં, ઈન ભગવદ્‌ભાવોં કો સ્વાન્તઃકરણમેં અનુભવ કર કૃતાર્થ હોંગે. ક્યોંકી, “દૃષ્ટવ્યજીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવં ન સંશયઃ. ભગવદ્ રુપ સેવાર્થતત્સૃષ્ટિર્નોન્યથા ભવેત્. સ્વરુપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ. તારતમ્યં ન સ્વરુપે દેહેવા તત્ક્રિયાસુવા (પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ–૧૨–૧૩);” પુષ્ટિજીવ નિશ્ચિત હી દુસરો સે ભિન્ન હૈ. ઔર ભગવદ્ સેવા હી ઉનકા લક્ષ્ય હૈ તથા રુપ ગુણાદિ સે ઉન મેં ભિન્નતા દીખાઈ દેતી હૈ બાકી આકૃતિ, દેહાદિ સે તો સબકે સમાન હી હોતે હૈ.

યે ભાવના ગ્રંથ ઐસે હી રસજ્ઞ કી અપેક્ષા સે પ્રકાશીત કીયે જાતે હૈં. રસ ભાવ પુષ્ટિ હી પુષ્ટિ સૃષ્ટિ મેં હોને સે ઇસ ગ્રંથ કે પ્રકાશન મેં પરિશ્રમ કરનેવાલે પ્રકાશક કૃતાર્થ હોંગે.

* * *

–: શ્રીમદ્‌ગોકુલચંદ્રમાષ્ટકમ્ :–

શ્રીમદ્‌ગોકુલચંદ્રે ત્રિભંગસંદર્શિતાંગમાધુર્યે ।
ગોપીનયનચકોરે નન્દકિશોરે મતિર્મેંઅસ્તુ ॥ ૧

ભાવાર્થ—અપને શરીરકો તીન ભાગસે વક્ર કરકે જિન્હોંને શ્રીઅંગકા માધુર્ય પ્રદર્શિત-કિયા હૈ ઐસે ગોપાંગનાઓંકે નયનચકોર નંદકિશોર શ્રી ગોકુલચંદ્રમાજી મે મેરી બુદ્ધિ રહે ॥ ૧ ॥

શ્રીમદ્‌ગોકુલજલદે અધરસુધયા પુષ્ટિપૂરણૈકપરે ।
વિદ્યુન્નિભત્રિરેખા સુવર્ણતિલકે મતિર્મેં અસ્તુ ॥ ૨

ભાવાર્થ—શ્રી મદ્‌ગોકુલકે મેઘરૂપ ઔર અધરસુધા દ્વારા કેવલ પૂર્ણવૃષ્ટિ કરનેવાલે ઔર વિદ્યુતકી કાન્તિયુક્ત ભાલપ્રદેશ મેં સ્થિત ત્રિવલીમેં સુવર્ણતિલકવાલે શ્રી ગોકુલચંદ્રમાજી મેં મેરી બુદ્ધિ રહે ॥ ૨ ॥

ચિબુક બિરાજિત ચિબુકે શોભિતનાસાવિભૂષણે મધુરે ।
તિલક સુભાલિત ભાલે અલકવૃત,ભાલે મતિર્મૈ અસ્તુ ॥ ૩

ભાવાર્થ—ચિબુકભાગ મેં સુશોભિત ચિબુકવાલે, નાસિકામેં સુશોભિત મધુર નકવેસરવાલે, તિલકસે સુંદર દૃશ્યમાન ઔર ઘુંઘરાલે કેશોંસે આચ્છાદિત ભાલ-પ્રદેશવાલે શ્રી ગોલકુલચંદ્રમાજીમેં મેરી બુદ્ધિ રહે ॥ ૩ ॥

વક્રિતદક્ષિણભાગોષ્ણીષે વામૈકચંદ્રિકાદેશે ।
ગુંજામાલાવિશદે ભૂષિતભૂષે મતિર્મેં અસ્તુ ॥ ૪

ભાવાર્થ—દક્ષિણ ભાગ પર વક્ર પાઘવાલે ઔર વામ ભાગ પર એકમાત્ર ચન્દ્રિકાવાલે, ગુંજાકી માલાસે પ્રફુલ્લિત એવં સુંદર જિન્હોંને શૃંગાર ધારણ કિયા હૈ ઐસે શ્રી ગોકુલચંદ્રમાજીમેં મેરી બુદ્ધિ રહે ॥ ૪ ॥

મુખરિત નૂપુર ચરણે કટિબદ્ધ ક્ષુદ્રઘંટિકા વરણે ।
ત્રિવલીભૂષણરચિતશ્રીકંઠે મે મતિર્ભૂયાત ।। ૫

ભાવાર્થ—સુંદર શબ્દાયમાન નૂપુર જિન્હોંને ચરણ મેં ધારણ કિયા હૈ, કટી, પર બધે હુવે છોટી છોટી કિકિનીવાલે, કણુધની આભરણવાલે ઔર તીન લરકી માલાસે શૃંગારિત કંઠવાલે શ્રી ગોકુલચંદ્રમાજીમેં મેરી બુદ્ધિ રહે ।। ૫ ।।

ચોરિત દુગ્ધમ્ વદને ભૃત્વા ગોપાંગના વદને ।
કૃતગંડૂષં ચલિતં ગોકુલચંદ્ર ભજામ્યહં સતતમ્ ।। ૬

ભાવાર્થ—ચોરી કિયા હુઆ દુગ્ધ મુખારવિન્દમે ભરકર ગોપાંગનાઓંકે મુખમે ધરકર ભગનેવાલે શ્રી ગોકુલચંદ્રમાજીકા મૈં સદા ભજન કરતા હું ।। ૬ ।।

ગોદોહન સમયાત્પ્રાગ વત્સાનુન્મુચ્યત્દામતઃ ક્ષુધિતાન્ ।
ઉચ્છાલયન્ન પ્રભુર્મે ધાવશ્ચિતં તથા નયતુ ।। ૭

ભાવાર્થ—ગોદોહન સમય કે પૂર્વ હી ક્ષુધિત વછડોંકો રસ્સીસે ખોલકર ભગનેવાલે મેરે પ્રભુ મેરે ચિત્તકો અપને સ્વરૂપ મેં આકર્ષિત કરે ।। ૭ ।।

દેવાંગનાદર્શનીયકુમારે વ્રજસુંદરે ।
વત્સપુચ્છાવલમ્બે અસ્મિન્મનો મેં સમ્પ્રધાવતુ ।। ૮

ભાવાર્થ—દેવાંગનાઓંકે દર્શન યોગ્ય, વત્સપૂછોંકા અવલમ્બન કરનેવાલે વ્રજસુંદર ઇસ નન્દકુમાર (શ્રી ગોકુલચંદ્રામાજી) મેં મેરા ચિત્ત શીઘ્ર લગ જાય ।। ૮ ।।

(ઇતિ શ્રી હરિરાયવિરચિતં શ્રીમદ્ગોકુલચંદ્રાષ્ટકં સંપૂર્ણમ્)

अखण्ड भूमण्डलाचार्य जगद्गुरु महाप्रभु श्री वल्लभाचार्य कुलावतंस चतुर्थ-पंचम गृहाधीश गोस्वामी १०८ श्री वल्लभलालजी महाराज (गोकुल कामवन)

श्रीमद्गोस्वामि १०८ वल्लभाचार्य्यजी
कामवन

पुष्टिमार्गीय सर्वस्व करुणारस पूरित: श्रेष्ठफल प्रदाता च तस्मै श्री गुरुवे नम: ॥
ગો.વા. શ્રી પુનમચંદ નાથજીભાઈ તથા ગો.વા. રૂક્ષ્મણીબેન પુનમચંદ તલાટીની સ્મૃતિમાં પ.ભ. શ્રી પદ્મકુમાર પુનમચંદ તલાટી અને તેમના પરિવારના શ્રી ગુરુદેવના ચરણોમાં સાષ્ટાંગ દંડવત સહ સર્વ પાઠકવૃંદને સદૈન્ય જયશ્રી કૃષ્ણ.

રસેસની રસભરી લલિત લીલાભાવના

પ્રા. રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા)

શ્રી હરિરાયચરણે 'સહસ્રીભાવના' નામનો સુંદર ગ્રંથ સંસ્કૃત ભાષામાં રચેલો છે. આ ગ્રંથમાં શરુઆતના પ્રથમ શ્લોકમાં ગ્રંથકાર મંગલાચરણ કરતાં શ્રી મહાપ્રભુજીનાં ચરણોનું સ્મરણ કરી, એ ચરણોને પોતાના મસ્તક પર બિરાજવા વિનંતી કરે છે. બીજા શ્લોકમાં આ ગ્રંથનું સ્મરણ-ચિંતન કરવાથી શી ફળપ્રાપ્તિ થાય તેનું નિરુપણ કરે છે. ત્યારબાદ ત્રીજા શ્લોકથી લઈને ૧૦૯૬ શ્લોક સુધીમાં વ્રજલીલામાં શ્રી ઠાકોરજીના જાગવાથી લઇ પોઢવા સુધીની નિત્યલીલાનું નિરુપણ કરવામાં આવ્યું છે. આમ, કુલ ૧૦૯૪ શ્લોકોમાં શ્રી ઠાકોરજીની અષ્ટપ્રહરની નિત્યલીલાનું સુંદર વર્ણન છે. અંતમાં ૧૦૯૭થી ૧૧૦૬ એટલે ૧૦ શ્લોકમાં ગ્રંથકાર આ ગ્રંથનો ઉપસંહાર કરે છે. આમ, આ ગ્રંથમાં લગભગ ૧૧૦૦ શ્લોકોમાં પ્રભુની નિત્યલીલાભાવનાનું નિરુપણ થયું હોવાથી ગ્રંથકારે આ ગ્રંથને 'સહસ્રી ભાવના' એવું નામ આપ્યું છે.

સહસ્રીભાવના શબ્દનો અર્થ બે રીતે થઈ શકે. એક અર્થ એવો થાય કે લગભગ ૧૦૦૦ શ્લોકમાં વર્ણવેલી નિત્યલીલાભાવના. બીજી રીતે વિચાર કરીએ તો આ ગ્રંથમાં શ્રી ઠાકોરજીની અષ્ટ સમય પૈકી દરેક સમયની વિવિધ પ્રકારની લીલાઓનું નિરુપણ કર્યું છે. તેથી ગ્રંથકાર સહસ્રીભાવના દ્વારા એમ પણ સૂચન કરતા હોય કે શ્રી ઠાકોરજીની નિત્યલીલા એક જ પ્રકારની નથી, પણ સહસ્ર પ્રકારોની છે. તેમાંથી થોડાક પ્રકારોનું નિરુપણ આ ગ્રંથમાં થયું છે. કારણ કે 'શ્રી વલ્લભાખ્યાન'માં પણ ગાયું છે કે 'નિત્ય નૌતમ નિત્યલીલા'. શ્રી ઠાકોરજીની લીલાઓ નિત્ય છે; એટલું જ નહીં પરંતુ દરરોજ પણ એકની એક લીલા કરવાને બદલે દરરોજ નવી નવી લીલાઓ થાય છે. આમ, લીલાની નિત્ય નૂતનતાની દૃષ્ટિએ વિચારતાં 'સહસ્રીભાવના' નામ સાર્થક જણાય છે.

'સહસ્રીભાવના' ગ્રંથના બધા જ શ્લોકો સરળ અનુષ્ટુપ છંદમાં છે. છતાં સંસ્કૃત ન જાણતા સામાન્ય વૈષ્ણવોને મૂળ ગ્રંથ સમજવો જરુર મુશ્કેલ પડે, તેથી આ ગ્રંથનું ભાષાંતર ગુજરાતીમાં અગાઉ પણ પ્રકાશિત થયેલું છે. અને તેનું આજે ફરીથી પુનર્મુદ્રણ થઈ રહ્યું છે. આ માટે તેના પ્રકાશકોને અને ખાસ કરીને અમારા સ્વજન ડૉ. સોમાલાલ ભાઇ ગાંધીને હું ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

આજે આપણા સૌ માટે એક શુભ ચિન્હ છે કે વૈષ્ણવ ભાઇબહેનો શ્રીઠાકોરજીની ગૃહસેવામાં વિશેષ રૂચિ ધરાવે છે. ઘણા યુવાન વૈષ્ણવ ભાઇબહેનો ઘરની ઘણી મુશ્કેલીઓ વચ્ચે પણ, સ્વજનોના પ્રતિબંધો હોવા છતાં પણ પોતાના માથે બિરાજતા પોતાના સેવ્ય પ્રભુની તનુવિત્તજા સેવા કરી, તેમને સખડી ભોગ આરોગવી, પોતાનું જીવન જીવે છે.

એક બાજુ વૈષ્ણવોમાં સેવા માટેનો રસ, રુચિ, વલણ વિકસી રહ્યાં છે, બીજી બાજુએ એ વૈષ્ણવોના મનમાં કેટલાક પ્રશ્નો પણ છે–કયાંક એવી વાત સંભળાય છે કે અમે સેવા કરીએ છીએ, પણ તેમાં ચિત્ત લાગતું નથી. કયાંક એવી ફરિયાદ થાય છે કે અમે સેવા કરીએ છીએ, પરંતુ મશીનની જેમ બધી ક્રિયા થાય છે. તેમાં આનંદ આવતો નથી. કયાંક એવી ફરિયાદ થાય છે કે મંગળા, શૃંગાર, રાજભોગ વગેરે પાછળનું રહસ્ય અમે જાણતા નથી. કયાંક વૈષ્ણવો એક એવો પ્રશ્ન પૂછે છે કે સેવા ભાવપૂર્વક કરવી જોઇએ. તો 'ભાવ' એટલે શું ? અમારે કયા ભાવથી સેવા કરવી ? કયાંક કેટલાક વૈષ્ણવો સેવાની ભાવભાવના, લીલાભાવના વિષે પણ પ્રશ્નો કરે છે.

આવા પ્રશ્નો થવા, આવી ફરિયાદો થવી એ સુખદ ચિન્હ છે, કારણ કે જેના મનમાં પ્રશ્ન અને ફરિયાદ છે તેને તે જાણવાની જિજ્ઞાસા પણ છે. જ્યાં જિજ્ઞાસા છે ત્યાં રસ અને રુચિ પણ છે. જ્યારે આવી જિજ્ઞાસા સંતોષાય છે ત્યારે તેને લઈને તે વ્યક્તિનાં રસ–રુચિ વધે છે. સેવાની રીત અને પ્રીત બંને સમજવી જરૂરી છે. તે સમજવવા માટે શ્રી મહાપ્રભુજીથી લઈને આપણા પૂ. શ્રી આચાર્યચરણોએ વિવિધ સાહિત્યની રચના કરી છે. તેમાં શ્રી હરિરાયચરણનું પ્રદાન અનોખું છે.

શ્રી મહાપ્રભુજીએ એમ સમજાવ્યું કે ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે. ભાવ સિદ્ધ થતાં આ દેહથી અને આ જ ઇન્દ્રિયોથી, આ જ જગતમાં સાક્ષાત અલૌકિક ભગવદ્ સ્વરૂપની પણ પ્રાપ્તિ થાય છે. ભાવ સિદ્ધ કરવા માટે ભાવના વિચારવી ખૂબ જરૂરી છે. ભાવનાના ત્રણ પ્રકારો બતાવવામાં આવ્યા. (૧) સ્વરૂપ ભાવના (૨) ભાવ–ભાવના (૩) લીલાભાવના. જે પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુને પ્રાપ્ત કરવા છે તેમણે સારસ્વત કલ્પમાં યશોદાજીના ત્યાં પ્રગટ થઈ, વ્રજમાં રસરૂપ લીલાઓ કરી તે સ્વરૂપને જાણવું. જ્યાં સુધી સ્વરૂપને સરખી રીતે ન જાણીએ ત્યાં સુધી તેમાં આપણું ચિત્ત આસક્ત થતું નથી. સ્વરૂપને જાણવું એટલે સ્વરૂપના રૂપ અને ગુણોને જાણવા. એનું જ બીજું નામ માહાત્મ્ય જ્ઞાન છે. ભગવદ્ સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન ભક્તોએ સતત સાંભળવું અને તેનું મનન–ચિંતન કરવું જરૂરી છે. તેમ કરતાં પ્રભુના સ્વરૂપમાં પ્રેમ થાય છે.

પ્રભુમાં પ્રેમ થતાં પ્રભુની સેવા કરવા આપણે તત્પર બનીએ છીએ. ક્યારેક સેવામાં તત્પર બનતાં તેના પરિણામે પણ પ્રભુમાં પ્રેમ જાગે છે. આપણે સેવામાં તત્પર બનીએ ત્યારે પ્રભુની અષ્ટપ્રહરની સેવા કરીએ છીએ; જેમાં શ્રી ઠાકોરજી સવારે જાગે ત્યારથી લઈને રાત્રે પોઢે ત્યાં સુધીનો નિત્યનો લીલા પ્રકાર સંમિલિત હોય છે. નિત્યલીલા ઉપરાંત શ્રી ઠાકોરજી વર્ષ દરમ્યાન વિવિધ ઉત્સવો પણ અંગીકાર કરે છે. આમ, શ્રી ઠાકોરજીની લીલા બે પ્રકારની છે. (૧) નિત્યલીલા (૨) વર્ષોત્સવની લીલા. આ બંને લીલાઓની ભાવના શ્રી હરિરાયચરણે પોતાના ગ્રંથોમાં વર્ણવી છે; જેમાં નિત્યલીલાની ભાવના 'સહસ્રીભાવના' ગ્રંથમાં પ્રગટ કરી છે, જ્યારે વર્ષોત્સવની લીલાની ભાવના વ્રજ ભાષામાં લખાયેલ 'વર્ષોત્સવની ભાવના' ગ્રંથમાં પ્રગટ કરેલ છે, જે ગ્રંથ આજે પણ હસ્તલિખિત સ્વરૂપમાં પ્રાપ્ય છે. શ્રી ઠાકોરજીએ નિત્યની દરેક લીલા કરી તેની પાછળ કઈ ભાવના રહી છે એ જાણવું ખૂબ જરૂરી છે. એ ભાવનાને મનમાં વિચારતાં જો આપણે નિત્યની સેવામાં તત્પર બનીએ તો આપણી સર્વ ઇન્દ્રિયો અને મન સેવામાં એકાગ્ર થાય, એટલું જ નહીં પણ, સેવાનો આનંદ પણ અવશ્ય પ્રાપ્ત થાય.

સામાન્ય રીતે આપણે સેવાની વિવિધ ક્રિયાઓ કરીએ છીએ, જેમ કે ત્રણ તાલી પાડી શ્રી ઠાકોરજીને જગાવવા, મંગળભોગ ધરવો વગેરે. પરંતુ શ્રી ઠાકોરજી ક્યાં જાગે છે, તેમને કોણ જગાવે છે, કેવી રીતે જાગે છે, વ્રજમાં શ્રી ઠાકોરજીની મંગળા સમયની લીલા ક્યાં-ક્યાં, કેવા-કેવા પ્રકારે થાય છે એ બધી ભાવનાઓનું મનમાં રટણ-ચિંતન ચાલવું ખૂબ જ જરૂરી છે.

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે નિત્યની અષ્ટ પ્રહરની લીલા ગોકુળમાં નંદાલયમાં જ થાય છે. પણ એવું નથી, વિવિધ પ્રકારના ભક્તોના ભાવ પ્રમાણેનાં સ્વરૂપ ધારણ કરી, શ્રી ઠાકોરજી દરરોજ એક જ લીલા વિવિધ સ્થળોએ, વિવિધ પ્રકારે કરે છે. આવું વૈવિધ્ય કેટલું રસભર્યું, લલિત, મનોહર છે તે 'સહસ્રીભાવના' વાંચતાં તરત જ સમજાય છે.

શ્રી હરિરાયચરણે પ્રથમ 'શિક્ષાપત્ર'ના બીજા શ્લોકમાં જ આજ્ઞા કરી છે કે, વૈષ્ણવોએ અતિ આવશ્યક હોય એટલો જ જીભનો ઉપયોગ બોલવા માટે કરવો, બાકી, સર્વથા મૌન રહી, મનમાં ક્રમપૂર્વક શ્રી ઠાકોરજીની નિત્યની અને વર્ષોત્સવની સર્વ લીલાઓનું ભાવન-ચિંતન કરવું. શ્રી ગોપેશ્વરજીએ તે શ્લોકની ટીકામાં શ્રી ઠાકોરજીની લીલાભાવનાનું ભાવન-ચિંતન કરવાના ઉત્તમ અને મધ્યમ એવા બે પ્રકારો પણ બતાવ્યા છે. જિજ્ઞાસુ વૈષ્ણવોએ ત્યાંથી એ બંને પ્રકારોને સમજી લઈને તે પ્રકારે નિત્યની લીલાનું સેવા સમયમાં મનમાં ભાવન-ચિંતન કરવું જોઈએ.

આ લીલાઓ સાક્ષાત રસરુપ પ્રભુની લીલાઓ છે. જેમ પ્રભુ રસરુપ છે તેમ તેમની લીલાઓ પણ અલૌકિક રસરુપ છે. જેમ રાસપંચાધ્યાયીની લીલાઓ હૃદયમાં રહેલા લૌકિક કામનો નાશ કરનારી અને પ્રભુમાં અલૌકિક કામ પ્રગટાવનારી છે તેમ આ લીલાઓ પણ અશુદ્ધ હૃદયને શુદ્ધ કરી, હૃદયમાં પ્રભુ પ્રત્યે અલૌકિક ભાવ પ્રગટાવનારી છે. શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે આપણા પ્રભુ લૌકિક નથી. માટે તેમનો લૌકિક બુદ્ધિથી, લૌકિક રીતે વિચાર ન કરવો જોઇએ. તે જ પ્રમાણે લીલાઓના વાંચન-મનન-ચિંતનમાં લૌકિક બુદ્ધિ ન આવી જાય તેનું ખાસ ધ્યાન રાખવું જરુરી છે. તેનો વિચાર લૌકિક રીતે કરવાથી આપણું દુષિત મન વધુ દુષિત બનશે અને આપણે પ્રભુથી વિમુખ થઇશું. શ્રી મહાપ્રભુજી પ્રપષ્ટ સમજાવે છે કે, જેના હૃદયમાં લૌકિક કામવાસના છે તેના હૃદયમાં અલૌકિક રસરુપ પ્રભુ કદી પણ પધારતા નથી. માટે, પ્રભુની આ અલૌકિક, નિષ્કામ, નિર્દોષ લીલાઓને લૌકિક પ્રકારે બુદ્ધિથી, લૌકિક પ્રકારે ઘટાવવાની ભૂલ આપણે સ્વપ્નમાં પણ ન કરીએ તેની ખાસ સાવચેતી રાખવી ખૂબ જ જરુરી છે. આથી જ આપણે ત્યાં શ્રી મહાપ્રભુજીના સમયથી એવી પરંપરા છે કે વિવિધ પ્રકારની ભાવનાઓ જાહેરમાં પ્રકાશિત કરવી નહીં, તેમને ગુપ્ત રાખવી અને યોગ્ય અધિકારી પાસે જ પ્રગટ કરવી. આથી શ્રી હરિરાયજી આ ગ્રંથના અંતમાં આ લીલાભાવનાઓ પ્રગટ કરવા માટે શ્રી મહાપ્રભુજીની ક્ષમા માગે છે. આપણે પણ આ બાબતમાં વિશેષ સજાગ રહેવાથી, હૃદયમાં શુદ્ધ રીતે ભાવનાઓનું ભાવન કરી શકીશું. તેનાથી આપણા ભગવદ્‌ભાવની વૃદ્ધિ શ્રી મહાપ્રભુજીની કૃપાથી થશે અને આપણી સેવા, જે હાલ સાધનરુપા છે તે સાધ્યરુપા બનતાં, ફલરુપા માનસી થશે.

આટલી લાલબત્તી નજર સામે રાખીને આ ગ્રંથનું સૌ મનન-ચિંતન જરૂર કરીએ. જોઓ સેવા કરે છે તેમને તેનાથી સેવાની પ્રત્યેક સમય ભાવનાનું અનુસંધાન રહેશે. જેઓથી આજ સુધી સેવા નથી બની તેમને સેવામાં રસ-રુચિ જાગતાં, સેવા પ્રત્યે તેમના મનનું વલણ થશે. જેમનાથી સેવા નથી બનતી એવા વૈષ્ણવો પણ આ ગ્રંથનું મનમાં રોજ મનન કરશે તો પ્રભુની લીલાઓનું સ્મરણ કરવાનો આનંદ પણ તેમને જરૂર પ્રાપ્ત થશે. આમ, આ ગ્રંથ માર્ગમાં પ્રવેશતા અને સેવાના માર્ગે આગળ વધેલા સૌને માટે એક સરખો ઉપયોગી અને બહુમૂલ્ય છે.

આવા ગ્રંથનું પ્રકાશન-કાર્ય આવકારપાત્ર છે. તેનો હું આનંદપૂર્વક સમાદર કરી, તેના પ્રકાશન-કાર્યમાં સહયોગી અને સહભાગી બનેલા સૌને હાર્દિક ધન્યવાદ આપું છું.

* * *

चिन्तामणयः ।

१. गोपिका गुरवः प्रोक्ताः साधनं च तत् । भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते (सं. नि.) આ માર્ગમાં ગોપિકાઓ ગુરુ છે, તેમણે કરેલું સાધન તેજ સાધન છે. ભાવનાથી સિદ્ધ થયલો ભાવ જ સાધન છે. બીજા સાધનની અપેક્ષા નથી. પુષ્ટિમાર્ગ પ્રેમપ્રધાન છે; જપ, તપ વગેરે પ્રેમશૂન્ય કર્મોને તેમાં સ્થાન નથી. કર્મમાર્ગમાં વિધિ પ્રધાન છે. પુષ્ટિમાર્ગમાં પ્રેમ ને નેમ (નિયમ) નથી. પ્રભુ સર્વત્ર છે, સર્વરૂપ છે, सर्वं खल्विदं ब्रह्म વગેરે જ્ઞાન પણ બાધક છે, કેમકે તેમાં સંયોગ અને વિપ્રયોગ પ્રેમની અવસ્થાઓ સંભવિતજ નથી. તેથી પ્રભુએ શ્રીયશોદામાતાને પોતાના મુખમાં બ્રહ્માંડ, સૂર્ય, ચંદ્ર, તારા, દેશ, કાલ સર્વનું દર્શન કરાવી પાછી વૈષ્ણવી માયા ફેરવી દીધી; નહિ તો લીલા જ થઈ શકે નહિ. શ્રીગોપીજન ગુરુ છે, પણ તે ઉપદેશ કરતાં નથી; તેમની એજ અવસ્થા, સંયોગ અને વિપ્રયોગ હોવાથી ઉપદેશ તેમનાથી થઈ શકતો જ નથી. માટે તેમના જેવો ભાવ પ્રભુપર કરવો એજ પુષ્ટિમાર્ગીય સાધન. એ ભાવ ભાવનાથી જ થાય, તેથી આ ભાવના નિરંતર કર્યા કરવી.

२. स्त्रीभावो गूढः पुष्टिमार्गे तत्त्वम् (वे. गी.) ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે. તે રસ છે, તે જ શ્રીકૃષ્ણ છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં તેનું વર્ણન છે. ત્યાં આનંદની ગણન કરી છે, તે અમે વિસ્તારથી આગળ જણાવી છે. રસ તે શૃંગાર. તેની દશ અવસ્થા છે. સ્ત્રીહૃદયને તે સહજ છે. પુરુષમાં તો પ્રભુનો અથવા કાત્યાયની શક્તિનો પ્રવેશ થાય તો જ તે રસને યોગ્ય થાય. માટેજ કૃષ્ણ स्त्रीषु रमे ह्यहर्निशम् એમ કહ્યું છે. પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓ મુખ્ય છે, તેનું કારણ પણ એજ. તે સ્ત્રીઓ લૌકિક નહિ, પણ સંસારથી વિરક્ત હોઈ પ્રભુમાં પ્રેમ, આસક્તિ ને વ્યસનવાળી.

३. न लौकिकः प्रभुः कृष्णो, मनुते नैव लौकिकम् । भावस्तत्राप्यस्मदीयः सर्वस्वं चैहिकश्च सः, परलोकश्च, तेनायं सर्वभावेन सर्वथा सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः । પ્રભુ કૃષ્ણ લૌકિક નથી, લૌકિક કદાપિ સ્વીકારતા નથી. તેમનામાં આપણો ભાવ જોઈએ. આપણું **સર્વસ્વ, ઐહિક, પારલૌકિક શ્રીકૃષ્ણજ** છે. માટે સર્વભાવથી સર્વથા તે ગોપીશની સેવા કરવી. આપણું સર્વ તેજ સિદ્ધ કરશે. (શિક્ષાશ્લોકો)

४. सर्वमाश्रयतो भवेत् । ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः । दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे, भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते । अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः । अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे, पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे, अलौकिकमनःसिद्धौ, सर्वार्थे शरणं हरिः । (वि. धै. आ.) **સર્વ આશ્રયથી સિદ્ધ થાય છે. આ લોક તથા પરલોકની બાબતમાં સર્વથા હરિનું જ શરણ રાખવું.** દુઃખ દૂર કરવામાં, પાપ થયું હોય તેમાં, કામ વગેરે પૂર્ણ ન થયા હોય તેમાં, ભક્તદ્રોહમાં, ભક્તિ ન હોય તેમાં, ભક્તો અતિક્રમ કરે ત્યાં, **અશક્ય અને સુશક્ય સર્વ બાબતોમાં, સર્વથા હરિનું શરણ રાખવું.**

અહંકારમાં, આપણાપર પોષણનો આધાર રાખતા હોય તેના રક્ષણને માટે, આપણે આધારે રહેલા આપણી વિરુદ્ધ થાય તેમાં, શિષ્ય આપણો અતિક્રમ કરે તેમાં, અલૌકિક મનની સિદ્ધિ થવામાં, સર્વ બાબતમાં હરિનુંજ શરણ રાખવું.

આ બહુજ શાંતિ આપનારાં વાક્યો છે. જીવો સમજે છે કે જે સારું થાય છે તે પોતાનાજ બલથી થાય છે. આ તેમની ભૂલ છે. સર્વકર્તા ભગવાન્જ છે. શકટનો ભાર શ્વાન માને કે હું તાણું છે, તેમ જીવ જાણે છે કે હું બધું ચલાવું છું. ભાર-સર્વ ભાર-માથાપરથી ઉતારી, જેમ હરિ કરે છે તેમ થાય છે, અને ભવિષ્યમાં હરિ કરશે તેમજ થશે, એવી મનની સ્થિતિ શાંતિ આપે છે, ને સુખથી ભગવદ્ભજન કરવા દે છે.

૫. सर्वं भगवदधीनम् । स यथा करिष्यति तथा भविष्यतीति केवलं तदाश्रयतया स्थातव्यम् । सु. १-१२-१. સર્વ ભગવાન્‌ને અધીન છે. તે જેમ કરશે તેમ થશે. તેથી કેવલ તેના આશ્રયમાંજ રહેવું.

૬. हरिर्यद्यत् करिष्यति तथैव तस्य लीलेति मत्वा चिंतां द्रुतं त्यजेत् । नवरत्न । હરિ જે જે કરશે તે તે તેની લીલા છે, એમ માની ચિંતાનો તરત ત્યાગ કરવો.

જીવ સંસારની ખોટી ચિંતાનો ત્યાગ કરે, તો એનો બેડો પાર થઈ જાય. પણ જીવને ભગવાન્પર વિશ્વાસ નથી, અને ભગવાન્ જે આપે તે સારૂં છે એમ સમજી પ્રસન્નતાથી ગ્રહણ કરતો નથી. અને સર્વ ચિંતા ત્યજી પ્રભુને પ્રેમથી સેવતો નથી. હું તો સેવક છું, ભગવાન્ જ ધણી છે, માટે જેમ ચાકર ઘર ધણીનું સમજી તેની ઇચ્છા પ્રમાણે ચાલે છે, તેમ આપણે ઘરમાં ભગવાન્‌ના સેવકની માફક સ્થિતિ કરીએ તો જરૂર આપણું કલ્યાણ થાય.

૭. यत् कर्तव्यम्, भगवतैव तच्चेत् क्रियेत, कृपया, स्वव्रतविचारेण, अस्मद्भाग्येन, तस्यैव वा कार्यार्थम्, तदैव निस्तारो, नान्यथा । सर्वथा अशक्यसाधनः दीनतया शरणं प्रविष्टः इदानीमस्मि, एतदपि शरणागमनमपि असतां दुरापम्, विवेकेन त्वेतावत् संपाद्यत इति । भगवदनुग्रहमेव तद् मन्ये, अन्यथा शरणागतो न भवेत्, शरणागतो जात इति वा न भवेत् । सृष्टिसमये हि भगवान् सर्वानेव विचारयति इममित्थं करिष्यामीति । तत्र यं मोचयिष्यामीति मन्यते तत्र जन्मानि अवधिमन्ति करोति, तथा सति यदैवान्तिमं जन्म भवति, स संसरणापवर्ग उच्यते । सत्सेवारुचिः भगवत्स्वरूपज्ञानेच्छा भगवच्छास्त्रपरत्वं च अन्तिमजन्मज्ञापकम् । सु. १०-२७-२८.

જે કરવાનું છે તે કૃપાથી, ભગવાન્‌ના પોતાના શરણાગત દીનના રક્ષણના વ્રતના વિચારથી, અમારા ભાગ્યથી, અથવા પ્રભુના કાંઈક કાર્યને માટે, ભગવાન્ પોતે જ જો કરે, તો જ આરો આવે, નહિ તો નહિ. સર્વથા નિઃસાધન હું દીનતાથી હવે એમને શરણ પ્રાપ્ત થયો છું. આ શરણ જવું તે પણ અસત્ જનોથી થઇ શકતું નથી. વિવેકથી આટલું જ-શરણાગતિ જ-સંપાદન કરી શકાય છે. તે પણ ભગવાનનો અનુગ્રહ જ હું માનું છું. નહિ તો શરણે જવાય નહિ, અથવા શરણ પ્રાપ્ત થયું એવું ન થાય. સૃષ્ટિસમયે ભગવાન્ સર્વનો વિચાર કરે છે કે આનું આમ કરીશ. તેમાં જેને મુક્તિ આપવાનું ધારે છે, તેના જન્મોનો

અંત રાખે છે. તેથી જ્યારે અંતિમ જન્મ થાય, તે જ સંસારથી છુટકો-મોક્ષ. સત્પુરૂષોની સેવાની રુચિ, ભગવાનૂના સ્વરૂપના જ્ઞાનની ઈચ્છા, ભગવતૂશાસ્ત્રપરાયણતા, અંતિમ જન્મને જણાવનારાં છે.

—૮. नायमात्मा प्रवचनेन लभ्यः, न मेधया, न वहुना श्रुतेन, यमेवैष वृणुते, तेन लभ्यः, तस्यैव आत्मा विवृणुते तनूं स्वाम् (कठ.उ.१-२-२२)આ આત્મા-ભગવાન્ પ્રવચનથી પ્રાપ્ત થતા નથી, બુદ્ધિથી પ્રાપ્ત થતા નથી, બહુશ્રુત થવાથી પ્રાપ્ત થતા નથી, જેને તે વરે છે, તેનાથી જ તે પ્રાપ્ત થાય છે, તેને એ આત્મા પોતાનું તનુ પ્રકટ કરે છે.

આપણે ગમે તેટલું તપ કરીએ, તેમાં ભગવાન્‌ને શું લાભ? સારાં કર્મો કરીએ, જ્ઞાન ભક્તિ પ્રાપ્ત કરીએ, તેમાં ભગવાન્‌ને શું લાભ? ભગવાનને શેની અપેક્ષા છે? એને શું ન્યૂન છે? જે સર્વદા પૂર્ણ છે, જેને સેવાની પણ અપેક્ષા નથી, તેને માટે જીવ શું કરી શકશે? સાર એ કે અત્યંત દીનતાથી, પોતાની તુચ્છતા સમજી, ચાતકની માફક કૃપાની વાટ જોયા કરવી.

૯. एष उ एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते । एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषते. (कौ. उ. ३-९) જેને આ લોકમાંથી ઉંચે લઈ જવા માંગે છે, તેની પાસે ભગવાન્ સારૂં કર્મ કરાવે છે, જેને નીચે લઈ જવાની ઈચ્છા કરે છે, તેની પાસે નઠારૂં કર્મ કરાવે છે.

આ શ્રુતિથી સ્પષ્ટ સમજાય છે કે ભગવાન્ પોતે જ ખેલ માંડી બેઠા છે. જીવના હાથમાં કશું નથી. જીવ તો ભગવાન્‌ના હાથમાં રમકડું છે. માટે આપણી તેવી સ્થિતિ સમજી, તેની ઈચ્છાને પ્રસન્નતાથી આધીન થઈ, તેના ખેલમાં, તેણે આપેલા સુખ દુઃખમાં, પ્રસન્નતાથી રહીએ, તો તેની લીલામાં આપણે પણ ભાગ લેતા થઈએ.

૧૦. सत्यं ज्ञानमनंतं ब्रह्म यो वेद निहितं गुहायाम्, सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता. (तै. उ. २-१) જે હૃદયગુહામાં રહેલા સત્ય, જ્ઞાન, અનંત બ્રહ્મને જાણે છે, તે ચતુર બ્રહ્મની સાથે સર્વ કામનો ભોગ કરે છે.

११. मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान् ।
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः ॥
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनाम् ।
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः ॥ भा. १०–४०–१७.
प्रमेयेण निरोधोत्र कर्तव्यो हरिणा भृशम् ।
लोकाश्च दशधा भिन्नास्ततो दशविधोऽभवत् ॥
यस्य भावो यथा लोके तस्यानुसरणे कृते ।
निरोधो जायते सम्यक् अन्यथा वंधनं भवेत् ॥
रौद्रोऽद्भुतश्च शृंगारो हासो वीरो दया तथा ।
भयानकोऽपि बीभत्सः शान्तो भक्तिरसस्तथा ॥

एतान् दर्शयितुं भावान् हरिरेवं बभौ महान् ।
अतस्तस्मिन् गुणा एव सर्वे भावा न चान्यथा ॥ ,, कारिका: ।

રંગમંડપમાં બલદેવજી સહિત પ્રવિષ્ટ થયલા ભગવાન્ મલ્લોને વજ્રજેવા જણાયા, (રૌદ્રરસ), પુરુષોને પુરુષોમાં શ્રેષ્ઠ જણાયા, (અદ્‌ભુત રસ), સ્ત્રીઓને મૂર્તિમાન્ કામદેવ જણાયા, (શૃંગારરસ), ગોપોને સ્વજન જણાયા, (હાસ્યરસ), દુષ્ટ રાજાઓને શિક્ષા કરનારા જણાયા, (વીરરસ), પોતાના માબાપ વસુદેવ દેવકીને બાલક જણાયા, (કરુણરસ), ભોજપતિ કંસને મૃત્યુરૂપ જણાયા, (ભયાનક રસ), ભગવલ્લીલા નહિ જાણનાર અજ્ઞાની મનુષ્યો, જે ભગવત્સ્વરૂપનિષ્ઠ ભક્ત હતા, તેમને રુધિર મદબિન્દુ વગેરેને લીધે શોભાવિનાના જણાયા, (બીભત્સરસ), યોગીઓને પરમતત્ત્વ રૂપ જણાયા, (શાંત રસ), વૃષ્ણીયાદવોને પરદેવતારૂપ જણાયા, (ભક્તિરસ).

અહીં ભગવાન્ સ્વરૂપબલથી લોકોનો નિરોધ એટલે પોતામાં તેમના ચિત્તની આસક્તિ કરવા ઇચ્છે છે. લોકોના સાત્વિક વગેરે ગુણોથી દશ ભેદ છે, તેથી તે સર્વેનો નિરોધ કરવાને માટે **પોતે દશ રસરૂપે થયા.** કેમકે **લોકમાં જેનો જેમાં ભાવ હોય તેનું અનુકરણ કરવાથી તેના ચિત્તનું આકર્ષણ સારી રીતે થાય,** નહિ તો બંધન થાય. સાત્વિક સાત્વિક, સાત્વિક રાજસ, વગેરે નવ ગુણ, અને એક નિર્ગુણ, એમ દશ ભેદ છે, તેમના નિરૂપક શૃંગારાદિ રસ છે. પહેલા ત્રણ તામસ, આધિભૌતિક, પછી ત્રણ આધ્યાત્મિક, પછી ત્રણ આધિદૈવિક, અને પછી નિર્ગુણ એમ નિરૂપણ કર્યું છે. રૌદ્ર, અદ્‌ભુત, શૃંગાર, હાસ્ય, વીર, કરુણ, ભયાનક, બીભત્સ, શાંત અને ભક્તિ એમ દશ રસ છે. તે ભાવો દર્શાવવાને મહાન્ હરિ દશ રસરૂપ થયા. તેથી તે રૂપને વિશે સર્વે ભાવ ગુણ છે, દોષરૂપ નથી.

१२. धिग् जन्म नस्त्रिवृद्विद्यां धिग् व्रतं धिग् वहुज्ञताम् ।
धिक् कुलं धिक् क्रियादाक्ष्यं विमुखा ये त्वधोक्षजे ॥ भा. १०-२०-३९

स्वस्मिन् विद्यमानानां सत्त्वेन प्रतिभासमानानां वीजाभावादसत्त्वमेवेति ख्यापयन्ति धिग्जन्मेति । धिक्कारो दह्यतामित्यर्थे । प्राणे गते शरीरं दह्यत एव । तथा जन्मादीनां प्राणभूता भक्तिः । तदभावे दाह एव उचितः । त्रिवृज्जन्म शुक्रसावित्रयाज्ञिकरूपं, विद्यामपि धिक् । सापि त्रिवृद्विद्या वेदत्रयसहिता । व्रतं न देयं इत्यादि । तदपि धिक् ।.... अथ कुलीना इति वंशे कलंकसंवंध इति स्त्रीणां निवारणम्, तत् कुलमपि धिक् । क्रियादक्षतामपि धिग्, यया भगवति अवहेला भवति, अन्यथा पुरुषार्थं साधयिष्यामः, अशक्तपरैव हि भक्तिरिति । यथा अन्धपंग्वादयः क्रियायामसमर्था अन्यत्र युज्यन्ते तथा भक्तावपीति । एवं यत् क्रियादाक्ष्यम्, तदपि धिक् । तत्र वीजाभावं हेतुमाह ये वयमधोक्षजे विमुखाः । ....तत्र हेतुरधोक्षज इति । अधोक्षजं यस्मादिति । ज्ञानेप्यात्मसाक्षात्कारः । कर्मणि च क्रियारूपेऽलौकिके च रूपे ज्ञानवताम् । भक्तौ तु न साक्षात्कारः फलम्, जायमानमपि संगतामापद्यते । केवलरसभक्षका इक्षुभक्षकेभ्योपि सरसाः, अत एतादृशो भक्तिमार्गो भगवता प्रकटित इति रूपान्तरपुरःसरं ये पक्षाः ते सर्वे एव पूर्वपक्षाः ।

અમારા શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિકરૂપ ત્રણ જન્મને ધિક્કાર છે. અમારી ત્રણ વેદની વિદ્યાને ધિક્કાર છે, યજ્ઞનું દ્રવ્ય ન આપવું વગેરે અમારા વ્રતને ધિક્કાર છે, અમારા મોટા જ્ઞાનીપણાને ધિક્કાર છે, અમારા ઉચ્ચ કુલને ધિક્કાર છે, અમારી યજ્ઞક્રિયાની દક્ષતાને ધિક્કાર છે, કારણ કે જેને ઇન્દ્રિય જ્ઞાન પહોંચી શકતું નથી, એવા ભગવાન્‌થી અમે વિમુખ છીએ.

અમારે વિષે રહેલા સારા દેખાતા ગુણો બીજ એટલે **ભગવત્સાંમુખ્યના અભાવને લીધે દુર્ગુણો જ છે.** તે જણાવે છે કે અમારા જન્મને ધિક્કાર છે. બળ્યો અમારો જન્મ ! પ્રાણ ગયા પછી શરીરને તો બાળી નાંખવાનું જ હોય છે, તેજ પ્રમાણે જન્મ વગેરેના પ્રાણ તો ભક્તિ છે. તે તો અમારામાં છે નહિ ! માટે અમારો જન્મ બળી જાય એજ ઉચિત છે ! ત્રિવૃત્‌જન્મ શુક્લ, સાવિત્ર, યાજ્ઞિકરૂપ. વિદ્યાને પણ ધિક્કાર છે ! તે પણ ત્રણ વેદની વિદ્યા સહિત એવી ! યાજ્ઞિક વસ્તુનું દાન ન અપાય, તેવા વ્રતને પણ ધિક્કાર છે ! ધર્મના ઝીણા જ્ઞાનવાળા મોટા વિદ્વાનો લોકવિરુદ્ધ આચરણ પણ કરે છે, એમ સમજી અમે આ કર્યું માટે અમારા એવા મોટા જ્ઞાનીપણાને પણ ધિક્કાર છે. અમે તો કુલીન કુલને કલંક લાગે એમ સમજી સ્ત્રીઓને અટકાવી, એ કુલને પણ ધિક્કાર છે. અમારી યજ્ઞક્રિયાની ચતુરાઈને પણ ધિક્કાર છે, કે જેને લીધે અમે ભગવાન્‌ની અવજ્ઞા કરી. ‘ અમે તો બીજી રીતે જ પુરુષાર્થ સિદ્ધ કરીશું. ભક્તિ તો બાયલાઓને માટે જ છે ! આંધળા પાંગળા કે નકામા હોય તેને જેમ હલકા કામ અપાય છે, તેમ પુરુષાર્થ સ્વબલથી સિદ્ધ ન કરી શકે તેમને માટે જ ભક્તિ છે,’ એવી અમારી ક્રિયાની ચતુરાઈને પણ ધિક્કાર છે. યજ્ઞમાં પરાયણ થયલાઓ પણ ભગવાન્‌થી વિમુખ હોવામાં હેતુ કહે છે કે અમને ભગવાન્ કે જેને ઇંદ્રિયજ્ઞાન પહોંચી શકતું નથી તેના સાંમુખ્યનો અભાવ છે. એમ કેમ ? યજ્ઞ પણ ભગવાન્ જ છે, માટે જે યજ્ઞમાં પરાયણ હોય તે ભગવાન્‌થી વિમુખ કેમ ? તુ પદથી ઉત્તર આપે છે કે **ઇંદ્રિયજ્ઞાન ભગવાનૂથી નીચું જ રહે છે, ભગવાનૂને પહોંચતું જ નથી. જ્ઞાનમાર્ગમાં પણ આત્મસાક્ષાત્કાર જ થાય છે, (ભગવાનૂનો સાક્ષાત્કાર થતો નથી.) કર્મમાર્ગમાં ક્રિયારૂપ (ભગવાનૂનો) અને કર્મ કરનાર જ્ઞાની હોય તો અલૌકિક રૂપનો સાક્ષાત્કાર થાય છે. ભક્તિમાર્ગમાં તો માત્ર સાક્ષાત્કાર ફલ નથી.** સાક્ષાત્કારરૂપ ફલ થવા છતાં તે ગૌણ થઈ જાય છે. કેવલ રસનો ભોગ કરનાર શેરડી ખાનાર કરતાં પણ રસિક હોય છે. માટે એવો ભક્તિમાર્ગ ભગવાને હમણાં પ્રકટ કર્યો છે, તેથી અન્ય રૂપપુરઃસરના બધા પક્ષો, કર્મ (યજ્ઞ), જ્ઞાન વગેરે હવે નકામા છે. સુ. ૧૦–૨૦–૩૯.

१३. इन्द्रियजन्यज्ञानस्य पुरुषोत्तमाविषयत्वं प्रदर्शयन्ति ज्ञानेपीत्यादि। मनोजन्यात्मसाक्षात्कारफलकज्ञानमार्गस्यात्ममात्रपर्यवसायित्वम् । कर्ममार्गस्याधिकारिभेदेन द्वैविध्यम्। वहिर्मुखानां तु क्रियारूपे भजनम, तेनैवादृष्टद्वारा फलसिद्धिरिति यतस्तन्मतम्। श्रुतितात्पर्यज्ञानवतां त्वलौकिके यज्ञरूपे भजनम्, इति इन्द्रियजज्ञानकृत्याविषयत्वेन अधोक्षजत्वं सिद्धमित्यर्थः। भक्तिमार्गे भगवत्साक्षात्कारो “नाहं वेदैः,” “न तु मां शक्यसे द्रष्टुं,” इत्यादि वाक्यैः न इन्द्रियजन्य इति भावः। दृष्टेपि भगवति यावत् सर्वेन्द्रियैः साक्षान्नानुभूयते, न तावत् स्वास्थ्यमिति न साक्षात्कारमात्रं फलम्। ‘दर्शयन् मुहुर्मनसि

स्मरं यच्छसी’ति वाक्याद् दर्शनस्य अग्रेतनभोगोपयोगित्वेन अङ्गत्वम्। यथा इक्षुदण्डस्य
रससंबंधाद् भक्ष्यत्वम्, तथा भगवदानन्दलेशसंबंधेनान्येषां रूपाणां भजनीयत्वमित्या-
शयेनेक्षुदृष्टान्तः ! केवलरसात्मकः स्वयमधुनैव प्रकट इतीतः पूर्वमेव ते पक्षाः कर्तव्यत्वेन
स्थिताः, न तु अतः परमपीत्याहुः अत एतादृश इत्यादि। टिप्पणी १०–२०–२९.

ઇંદ્રિયોથી પ્રાપ્ત થતું જ્ઞાન પુરુષોત્તમને પ્રાપ્ત કરતું નથી, તે જણાવે
છે. જ્ઞાનમાર્ગમાં મનથી થતો આત્મસાક્ષાત્કાર ફલ છે. તે આત્મા એટલે
જીવનો જ સાક્ષાત્કાર કરાવે છે, ભગવાન્નો નહિ. કર્મમાર્ગ અધિકારીભેદથી
બે પ્રકારનો છે. બહિર્મુખ કર્મમાર્ગીઓ ક્રિયારૂપનું જ ભજન કરે છે, કેમ કે તે
વડે જ અદૃષ્ટદ્વારા ફલસિદ્ધિ તેમને થાય છે, એવો તેમનો મત છે. શ્રુતિના તાત્પર્યને
જાણનારા કર્મમાર્ગીઓ તો અલૌકિક યજ્ઞરૂપનું ભજન કરે છે, તેથી ઇન્દ્રિયજન્ય
જ્ઞાન અને કૃતિનો વિષય યજ્ઞ તેમને નહિ હોવાથી ભગવાન્ જે અધોક્ષજ છે તે
તેમને સિદ્ધ થાય છે. ભક્તિમાર્ગમાં ભગવત્સાક્ષાત્કાર થાય છે, તે
ઇન્દ્રિયજન્ય નથી, કેમકે ગીતામાં કહ્યું છે કે “ જેવો મારો સાક્ષાત્કાર તને થયો
છે તેવો વેદ, તપ, જ્ઞાન, યજ્ઞથી પ્રાપ્ત થતો નથી.” “ આ તારા પોતાના ચર્મચક્ષુથી
મને તું જોઈ શકીશ નહિ. તને દિવ્ય ચક્ષુ આપું છું. મારા યોગ અને પ્રભાવને જો.”
ભગવાન્ના દર્શન થયા પછી પણ જ્યાંસુધી સર્વ ઇંદ્રિયોથી સાક્ષાત્કારનો
અનુભવ થતો નથી, ત્યાંસુધી સ્વાસ્થ્ય થતું નથી, તેથી માત્ર સાક્ષાત્કાર
કોઈ ફલ નથી. “ વારંવાર દર્શન આપીને અમારા મનમાં કામ જાગ્રત કરો છો.”
એ વાક્યથી દર્શન, આગળ થવાના ભોગને ઉપયોગી હોવાથી, ગૌણ છે. જેમ શેરડી
રસના સંબંધને લીધે ભોગ્ય છે, તેમ ભગવાન્ના આનંદના એક અંશમાત્રના સંબંધને
લીધે જ બીજાં રૂપો ભજન કરવા યોગ્ય છે, એ આશયથી શેરડીનો દૃષ્ટાંત આપ્યો છે.
કેવલ રસાત્મક સ્વયં પ્રભુ હમણાં જ પ્રકટ થયા છે, તેથી હમણાંની
પહેલાંના તે પક્ષો કર્તવ્ય તરીકે હતા, પણ હવે પછી તો કર્મમાર્ગ, યજ્ઞ,
જ્ઞાનમાર્ગ વગેરે કર્તવ્ય રહ્યા નથી.

૧૪ भावैरंकुरितं महीमृगदृशामाकल्पमासिञ्चितैः ।
प्रेम्णा कंदलितं मनोरथमयैः शाखाशतैः संभृतम् ॥
लौल्यैः पल्लवितं मुदा कुसुमितं प्रत्याशया पुष्पितम् ।
लीलाभिः फलितं भजे व्रजवनीशृंगारकल्पद्रुमम् ॥ श्रीमत्प्रभुचरणाः ।

પૃથ્વિપર સુંદર ચપલ વિશાલ નેત્રવાળાં વ્રજવનિતાઓના કલ્પપર્યંત વ્યાપીને
સારી રીતે સિંચાયલા ભાવોથી–ક્યારે ભગવાન્ પ્રકટ થશે એવા ભાવોથી–શ્રીયશોદામાં
ગર્ભરૂપ અંકુરિત થયલા અથવા આવિર્ભાવ પામેલા; પ્રેમથી, એટલે ગૃહ, દેહ વગેરેમાં
રાગનો નાશ કરનાર, અને રુચિ ઉત્પન્ન કરનાર દિદૃક્ષા (જોવાની ઇચ્છા) રૂપ પ્રથમ
ભાવથી જે કન્દલિત એટલે પુષ્ટ ગર્ભરૂપ થયલા; વિવિધ પ્રકારના મનોરથો રૂપ સેંકડો
શાખાઓથી સંભૃત એટલે પુષ્ટ થયલા; બાલલીલા વગેરેમાં મુગ્ધભાવથી જોવાને લીધે
સ્વામિનીઓના પોતાને અનુરૂપ કૃતિ પ્રકટ કરવારૂપ સર્વ અંગોના ચાપલ્યથી ભગવાનના

અંગોમાં લૌહયના સંબંધથી પલ્લવિત એટલે અવયવોને શોભા આપનાર થયેલા, ઢ ઉત્પન્ન કરનાર ક્રીડાથી કલિકારૂપ કુસુમ યુક્ત થયેલા; ભગવાન્ પોતાના સર્વ રથ પૂર્ણ કરશે એવા વ્રજવનિતાની આર્તિરૂપ તાપના સંબંધથી પુષ્પરૂપે વિકાસ લા; વનમાં અને ભવનમાં નિલાયન વગેરે લીલાઓથી શરૂ કરીને રાસપર્યન્તની થી ફલયુક્ત થયેલા; એવા વ્રજવનિતાઓમાં રહેલા શૃંગાર રસાત્મક કલ્પદ્રુમની તસ્તત્પ્રવણરૂપ સેવાથી નિરંતર ભાવના કરૂં છું, હૃદયમાં અનુભવ કરૂં છું.

१५. इयं च भक्तिः पाषण्डे न भवतीति ज्ञापयितुं नग्नजिद्राज्ञः कन्यात्वेन सा निरूप्यते। न् वेदरहितान् जयतीति। न केवलं विपक्षानेव दूरीकरोति, किन्तु श्रौतस्मार्तादिसर्व- रः। स्वरूपतः फलतः साधनतश्चेयं भक्तिः सत्येति। अत एव वेदविरुद्धमतेषु अधर्मेषु विहीनेषु भक्तिः सत्या न भवतीति द्योतितम्। भगवत्साक्षात्कारात् पूर्वमेवैषा व्यवस्था।

विष्णुर्व्यापकः पुरुषोत्तमो यो वेदान्ते ब्रह्मशब्देनोच्यते, तस्य सर्वत्रैव विद्यमानत्व त् मांशो भाक्त इत्याशंक्य सर्वव्यापकत्वेपि यः सर्वान्तरः सर्वान्तर्यामी सोन्तःस्थितो गत इति वक्तुं सर्वेषां गुहा हृदयाकाशं तस्मिन्नासमन्ताच्छेतेधितिष्ठतीति गुहाशय क्रम्। अनेन सर्वेषां भजनार्थं स्वयं हृदि स्थित्वा तत्पराः कृतार्था भविष्यन्तीति यितुं वेदांश्चकार स इदानीमत्रैव प्रकटीभूत इति न पूर्वप्रक्रिया अतः परमुपयुज्यते, त्रयमेव बहिः सेव्य इति निरूपितम्। सु. १०-३-८.

આ ભક્તિ પાખંડ ધર્મમાં થતી નથી, તે જણાવવાને નગ્નજિત્ રાજાની કન્યા કે તેનું, નિરૂપણ કરવામાં આવે છે. નગ્ન એટલે વેદરહિતો તેમને જે જિતે છે ગ્નજિત્. વિપક્ષીઓને દૂર કરે છે એટલું જ નહિ, પણ શ્રૌત, સ્માર્ત સર્વ ધર્મ બર એ રાજા પાળે છે. સ્વરૂપથી, ફલથી અને સાધનથી આ ભક્તિ સત્ય છે. જ વેદવિરુદ્ધ મતોમાં, અધર્મોમાં અને કર્મવિહીનોમાં ભક્તિ સત્ય હોતી નથી જણાવ્યું. ભગવાન્‌ના પ્રાકટ્યની પહેલાં આ વ્યવસ્થા હતી. સુ. ૧૦ ઉ. ૯-૩૨.

વિષ્ણુ એટલે વ્યાપક, પુરુષોત્તમ, જે વેદાન્તમાં બ્રહ્મ શબ્દથી કહેવાય છે, તે ત્ર વિદ્યમાન હોવાથી તેનું પ્રાકટ્ય ગૌણ હશે એવી શંકા થાય, તેના ઉત્તરમાં કહે કે જે સર્વત્ર વ્યાપક હોવા છતાં સર્વની અંદર છે, સર્વના અંતર્યામી છે, તે અંદર ક્ષા બહાર પધાર્યા, તે કહેવાને સર્વેના હૃદયાકાશમાં સારી રીતે રહે છે એમ . આથી સર્વે ભજન કરી શકે તેને માટે પોતે હૃદયમાં રહીને તેને પરાયણ **ર્થ થશે એ હેતુથી જેણે વેદો કર્યા, તે હાલ અહિં જ બહાર પ્રકટ થયા, ી હવે પહેલાંની વૈદિક પ્રક્રિયાનો ઉપયોગ રહ્યો નથી, પરંતુ આની જ કાર સેવા કરવી એમ નિરૂપણ કર્યું.**

આમાં સ્પષ્ટ કહ્યું કે ભગવાન્‌ના પ્રાકટ્ય પહેલાં વૈદિક અને સ્માર્ત પ્રક્રિયાઓની ક્ષા હતી, અને ભગવદ્ભજન માટે શ્રૌત સ્માર્ત ધર્મોની અપેક્ષા હતી; પણ વાન્‌ના પ્રાકટ્ય પછી ભગવાન્‌નું કીર્તન, ગુણગાન, સેવા વગેરે બહાર જ કરવાની . તેથી નિરંતર પુષ્ટિસંપ્રદાયમાં બહાર પ્રકટ કૃષ્ણની સેવા પ્રાતઃકાલથી રાત્રિપર્યન્ત

ચાલે છે. कलौ हरिकीर्तनात्‌નું મર્મ પણ આજ છે, વૈદિક અને સ્માર્ત ક્રિયા હવે શુદ્ધ થઈ શકતી નથી, અને તેનો ઉપયોગ પણ રહ્યો નથી.

१६. भगवान् हि सर्वभक्तसम्बन्धिनीः सर्वाः लीलाः कुर्वन् सदा विराजते, न तु तस्य स्वाभाविकं जन्मास्ति, नापि लीलानां कादाचित्कत्वमिति सिद्धान्तात् सर्वक्रीडायुक्तस्य हरेः सर्वलोकदर्शनार्थं समुदाय एकीभावो वहिर्यः सोवतारसमये जन्मोच्यते, तादृशे आसक्त्या तदानीन्तनानां यथा प्रपञ्चविस्मृत्योद्धारः, एवमनवतारसमये भक्तस्य निरोधश्चिकीर्षितस्तद्धृदये तस्यैव दर्शनार्थं सर्वक्रीडायुक्तस्य हरेः समुदायो जन्म वक्तीत्यर्थः; ततो हृदि प्रादुर्भूतरूपस्यैव सर्वलीलायुतस्य यदा निरन्तरचिन्तनध्यानादिना योगारूढत्वम्, तदा तस्य रूपस्य समुदायो भक्तेन सहैकीभवनम्, स एव प्रपञ्चविस्मृतिपूर्वकभगवदासक्तिरूपो निरोध उच्यते, तथा च निरुद्धसायामनेकैकविषयत्वकृतो दर्शने च वाह्याभ्यन्तरकृतश्चैव विशेषोवतारानवतारदशायाम्, नान्योपि कश्चिदिति न कोपि शंकालेशः; एवं सति भगवतोन्यलीलावज् जन्माख्यैका लीला, सापि नित्यैवेति जन्माष्टम्यां तदभिनयः सूपपन्न एवेति ज्ञेयम् ॥ भा. नि. कठिनांशविवेचनम् स्कं. १० का. २०.

ભગવાન્ સર્વ ભક્તસંબંધી સર્વ લીલા કરતા નિત્ય બિરાજે છે. તેમનો સ્વાભાવિક જન્મ છેજ નહિ; તેમજ લીલા પણ અમુક કાલસુધીની અનિત્ય નથી. આવો સિદ્ધાન્ત હોવાથી સર્વક્રીડાયુક્ત હરિનો, સર્વ લોક દર્શન કરી શકે એવો સમુદાય એટલે બહાર એકીભાવ તે અવતાર સમયે જન્મ કહેવાય છે. એવા બહારના એકીભાવ અથવા અવતારમાં આસક્તિ કરવાથી તે સમયના ભક્તોનો પ્રપંચવિસ્મૃતિપૂર્વક જેમ ઉદ્ધાર થયો, તેમજ હાલ જ્યારે અવતાર નથી તેવા સમયમાં પણ જે ભક્તનો નિરોધ કરવાની ઇચ્છા છે તેના હૃદયમાં, તેના જ દર્શન માટે સર્વક્રીડાયુક્ત હરિના સમુદાયને જન્મ કહે છે. પછી હૃદયમાં પ્રકટ થયલા સર્વ લીલાયુક્ત રૂપનાજ નિરંતર ચિંતન, ધ્યાન વગેરેથી યોગારૂઢપણું થાય છે, ત્યારે તે રૂપનો સમુદાય એટલે ભક્તની સાથે એકીભાવ થાય છે; તેજ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ કહેવાય છે. સાર એ કે ભગવાન્‌ને નિરોધ કરવાની ઇચ્છા થાય ત્યારે અવતાર અને અનવતાર દશામાં ફેર એટલો જ કે અવતાર દશામાં બાહ્ય દર્શન, અને તે પણ અનેક ભક્તોને થાય છે; અને અનવતાર દશામાં આંતર દર્શન, અને તે પણ એક જ ભક્તને. બીજો કાંઈ પણ ફેર નથી. તેથી અવતાર કોઈ જૂદું રૂપ છે વગેરે શંકા લાવવી નહિ. આમ હોવાથી ભગવાન્‌ની બીજી લીલાઓની માફક જન્મ પણ એક લીલા જ છે, અને એ જન્મલીલા પણ નિત્યજ છે, તેથી જન્માષ્ટમીમાં તેનો અભિનય (દર્શન કરાવવું તે) સારી રીતે ઘટી શકે છે.

१७. ननु केषांचिन्मते सगुणादपि सृष्टिः सम्भवति । ब्रह्मविदामुपास्यः स न भवति । तस्माद्ब्रह्मविदुपास्यत्वेनैव ब्रह्मत्वनिश्चयः । स च समाधिना उपास्य आन्तर आत्मा, न तु वाह्य इत्याशङ्क्य स एवाऽयमित्याह । स एव वै निश्चयेन अयम् । वाह्याभ्यन्तरदोषाभावः पूर्वमेव निरूपितः । वहुकालं समाधौ स्थित्वा, तत्र भगवन्तमनुपलभ्य, कुत्राऽयमात्मा भगवान् प्रकट इति विचार्य, योगजधर्मेणावगत्य भगवान् साम्प्रतं कृष्णरूपेणैव प्रकटो नः व्रजेति निश्चित्य, समाधिफलं भगवच्चरणारविन्दमत्रैवागत्य पश्यन्ति अतस्तद्वाक्यादवगम्यते अयमेव भगवानिति । ननु तेषां पूर्णसाधनाभावात्समाधौ नाऽऽत्मसाक्षात्कार इति चेत् ? तत्राह–

सूरयो जितेन्द्रिया निर्जितमातरिश्वन इति । ते ह्युपनिषदर्थं विचारपूर्वकं गुरुमुखात्सम्यगवगत्य सूरयो भूत्वा, पश्चाद् ब्रह्मचर्यादिना जितेन्द्रिया भूत्वा अपहतपाप्मानो, यमादिक्रमेण निर्जितो मातरिश्वा यैस्तादृशाः । तस्मान्न तेषां साधनाभावः । ननु चक्षुर्ग्राह्यः कथं भगवान् ? तत्राह–भक्त्युत्कलितामलात्मनेति ।। न हि ते चक्षुषा भगवन्तं पश्यन्ति । किन्त्वन्तःकरणेन । यथा आत्मसाक्षात्कारे–" पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ् पश्यति नाऽन्तरात्मन् । कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन्नि " ति श्रुतौ प्रत्याहारेणाऽन्तर्नीतेन चक्षुषा हृदयं प्रविष्टेन स्वात्मानं पश्यति तथा बहिःस्थिते भगवति भक्त्या उत्कलितेनाऽन्तःकरणेन ऊर्ध्वं कलितेन बहिरागतेन चक्षुःप्रविष्टेन भगवन्तं पश्यन्तीत्यर्थः । ननु तथापि तत्त्वमस्यादिवाक्यैरनुपदिश्यमानः कथमात्मा भवेत् ? तत्राह–नन्वेष स त्वमिति । नन्विति कोमलसम्बोधने । एष एव स आत्मत्वेनोपदिष्ट इत्यर्थः । कुत एतत् ? तत्राऽऽह–स त्वमिति । स एव त्वमित्यर्थः । नन्वेवं जीवात्मत्वेन भगवत्युपदिष्टे किं प्रयोजनम् ? तत्राह–परिमार्ष्टुमर्हतीति । आत्मनि प्रकृतिसम्बन्धेन योऽयमनात्मवर्ग उल्लिखितस्तं परितः सर्वतः सवासनं मार्ष्टुं दूरीकर्तुमर्हति । आत्मत्वेनोपदिष्टो भगवान् सवासनं प्रकृतिकार्यं नाशयतीत्यर्थः ॥ २२ ॥ स्तु. १–१०–२२.

કેટલાકના મતમાં સગુણમાંથી પણ સૃષ્ટિ સંભવે છે. તે સગુણની ઉપાસના બ્રહ્મવિદ્ કરતા નથી. માટે બ્રહ્મવિદ્ જેની ઉપાસના કરે તેજ બ્રહ્મ એમ નિર્ણય થાય. તે બ્રહ્મ તો સમાધિમાં ઉપાસના કરવા યોગ્ય આંતર આત્મા છે, બાહ્ય હોય જ નહિ, અને આ તો બહાર છે, એમ શંકા થાય તો કહે છે કે તે જ આ છે. જેની સમાધિમાં ઉપાસના કરવા યોગ્ય છે, તે જ આ છે, એ નિશ્ચય છે. બાહ્ય આંતર દોષનો અભાવ પહેલેથી જ નિરૂપણ કર્યો છે. બહુ કાલ સમાધિમાં રહીને ત્યાં ભગવાન્ પ્રાપ્ત નહિ થતાં આ આત્મા ભગવાન્ ક્યાં પ્રકટ થયા હશે એવો વિચાર કરીને, યોગના ધર્મથી તેનું જ્ઞાન થતાં ભગવાન્ હાલ કૃષ્ણ રૂપેજ પ્રકટ થયા છે. બીજે કોઈ સ્થલે નથી એવો નિશ્ચય કરીને, સમાધિનું ફલ, ભગવાન્‌નું ચરણારવિંદ અહિ આવીને જ દર્શન કરે છે. માટે તેમના વાક્યપરથી જણાય છે કે આ જ ભગવાન્ છે. જો એમ શંકા થાય કે તેમને પૂર્ણ સાધનના અભાવને લીધે સમાધિમાં આત્મસાક્ષાત્કાર નહિ થયો હોય, અને તેથી જ અહિ આવી બહારથી દર્શન કરતા હશે, તો ઉત્તરમાં કહે છે કે તેઓ સૂરિ, વિવેકી છે, જિતેન્દ્રિય અને પ્રાણવાયુના જય કરવાવાળા છે. તેઓ ઉપનિષદ્‌નો અર્થ ગુરુમુખથી વિચારપૂર્વક સમજ્યા છે, વિવેકી થયા છે, પછી બ્રહ્મચર્ય વગેરેથી જિતેન્દ્રિય થયા છે. સર્વ પાપનો તેમણે નાશ કર્યો છે, યમ, નિયમ વગેરે ક્રમથી વાયુનો જય કર્યો છે, એવા તેઓ હોવાથી તેમને પૂર્ણ સાધનનો અભાવ છે એમ કહી શકાય જ નહિ. શંકા–ચક્ષુથી ભગવાનૂનું દર્શન કેમ થાય? ઉત્તર–ચક્ષુથી તેઓ ભગવાનૂના દર્શન કરતાં નથી, પણ અંતઃકરણથી દર્શન કરે છે. જેમ આત્મસાક્ષાત્કારમાં બ્રહ્માએ ઈંદ્રિયો બહાર જોનારી કરેલી હોવાથી ઈંદ્રિયો બહાર જુએ છે, અંતરાત્માનું દર્શન કરી શકતી નથી, કોઈક ધીર પુરુષ ઈંદ્રિયોનો નિગ્રહ કરીને અમૃતની ઈચ્છાથી

ાત્માનું દર્શન કરે છે, એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પ્રત્યાહારથી અંદર ક્ષા ચક્ષુથી, ચક્ષુના હૃદયમાં પ્રવેશથી, આત્માનું દર્શન કરે છે, તેમ ે ભગવાન્ બહાર બિરાજતા હોય ત્યારે ભક્તિથી ઉભરાયલું હૃદય ર આવીને ચક્ષુમાં પ્રવેશ કરે છે, અને તે હૃદય ભગવાન્‌ના દર્શન છે. શંકા—તો પણ तत्त्वमसि વગેરે વાક્યોથી જેનો ઉપદેશ કર્યો હોય તે જ કહેવાય. આ કેમ બ્રહ્મ કહેવાય? ઉત્તર—અરે ભાઈ, तत्त्वमसिथी જેનો ઉપદેશ જ આ છે. એ કેમ બને? શ્લોકમાં કહ્યું છે કે એ જ તું છે. શંકા—આ ણે જીવના આત્મા તરીકે ભગવાનનો ઉપદેશ કરવાનું શું પ્રયોજન? ઉત્તર— માની સાથે પ્રકૃતિનો સંબંધ થવાથી જે અનાત્મ વર્ગ ઉભો થયો છે, તે તો સર્વ ે વાસના સહિત સાફ કરવાને યોગ્ય છે. આત્મા તરીકે ઉપદેશાયલા ભગવાન્ નાસહિત પ્રકૃતિના કાર્યનો નાશ કરે છે.

સાર—આમાં ઘણી અગત્યની બાબતો કહી છે, તેમાં એક એ છે કે માત્ર ચક્ષુથી વાન્‌નાં દર્શન થતાં નથી-ભગવાન્ બહાર પ્રકટ હોય ત્યારે પણ હૃદય થી ઉભરાય, અને તે હૃદય ચક્ષુદ્વારા દર્શન કરે, ત્યારે જ ભગવાનના ર્ન થાય. ત્યાં સુધી દર્શન, સેવા સર્વ સાધનરૂપ છે. એ સાધનમાં ભાવની મેલવણી જ જોઇએ. ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ જ ભગવત્પ્રાપ્તિનું સાધન છે, કોઈ સાધનની અપેક્ષા નથી, એમ संन्यासनिर्णयमां કહ્યું છે, તેનો આશય પણ જ છે. शिक्षाश्लोकीમાં પણ भावस्तत्राप्यस्मदीयः सर्वस्वं વગેરેમાં છેલ્લે એ જ રી શિખામણ આપી છે. પચાસવાર શ્રીનાથજી નિરખો, પચાસ વર્ષ સેવા કરો, દર્શન કરો, પુષ્કલ દ્રવ્ય, સામગ્રીનો વિનિયોગ કરો, તેની ના નથી, પણ યાદ વું કે એ સર્વનો ઉપયોગ માત્ર ભાવની વૃદ્ધિમાંજ છે, ભગવાન્ એ સર્વથી ન્ન થઈ દર્શન દેશે, એમ સમજવું નહિ. ભગવાન્ કાંઈ લૌકિક મનુષ્ય ી, કે સોના, ચાંદી, ઝવેરાતથી છેતરાય, કે પુષ્કલ સામગ્રીથી લોભાય, સર્વેથી ભાવની ઉન્નતિ થવી એ આવશ્યક છે. માટે ભાવની વૃદ્ધિ થાય નહિ, સુધી સંતોષ માનવો નહિ, આપણે કૃતકૃત્ય થયા એમ સમજવું નહિ. આથી ંગી સુધી વૈભવ અને ઠાઠમાઠથી સેવા કરતા કરાવતા મનુષ્યો મળશે, પણ ભાવનો ે જેનામાં થયો હોય, એવા ભક્તો મળવા દુર્લભ છે, આથી જ શ્રીગુસાંઈજીએ કે व्रजाधीशवियोगाग्निमग्नः कोपि न दृश्यते. માટે જ્યાં સુધી હૃદય અનન્ય થઈ, ીવ્રતા સ્ત્રીની માફક ભગવાનનું થયું નથી, ત્યાં સુધી સર્વ નકામું. ભગવાન્ તો વ્રતાપતिः છે, अनन्याधिपति છે, लक्ष्मीकलत्राय किमस्ति देयम्? हृदयम्। માટે જ ોપીજને કહ્યું કે અમારૂં ચિત્ત તો તમે સુખેથી સર્વ પ્રકારે હરી લીધું છે, હવે જઇને શું કરીએ?

१८. भगवद्धर्माणां श्रवणानुष्ठाने कर्तव्ये इति सर्वशास्त्रार्थनिर्णयोयमिति च भग- ार्गेन्यस्य कर्तव्यत्वाभावात् ॥ सु. ३२-२-३३ ॥

ભગવદ્ધર્મોનું શ્રવણ અને અનુષ્ઠાન કરવું એજ સર્વ શાસ્ત્રાર્થનો ર્ણય છે, આજ નિર્ણય છે, કેમ કે ભગવન્માર્ગમાં અન્ય કર્તવ્ય

કરવાનું નથી. (વર્ણાશ્રમ ધર્મ, યજ્ઞ, વગેરે સર્વ અન્ય ધર્મો ભગવન્માર્ગમાં કર્તવ્ય નથી એ સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય છે.)

૧૯. दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥ १०-४४-२४. मन्त्रोपासनवैदिकतान्त्रिकदीक्षार्चनादिविधिभिर्यः । अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥ भक्तिहंसः । દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ, બીજા વિવિધ પ્રકારના સુકૃતથી કૃષ્ણને વિષે ભક્તિ સિદ્ધ થાય છે; મંત્ર, ઉપાસના, વૈદિકતાંત્રિકદીક્ષા, પૂજા વગેરે જેને સ્પર્શ કરતા નથી, અને જે પોતાના ભક્તોમાં રમે છે, તે મારૂં સર્વસ્વ હો.

૨૦. भगवति उत्तमश्लोके भवतीभिरनुत्तमाः । भक्तिः प्रवर्तिता दिष्ट्या मुनीनामपि दुर्लभा ॥ १०-४४-२५. ઉત્તમ પુરુષો પણ જેના માત્ર વાણીથી ગુણગાન કરી શકે છે; એવા ભગવાન્‌ને વિષે તમે **સૌથી શ્રેષ્ઠ પ્રકારની ભક્તિ, જે મુનિઓને પણ દુર્લભ છે, તે પ્રવર્તાવી છે**, તે મારા જેવાના ભાગ્યને લીધેજ, કે મારા જેવા સર્વદા ભગવાન્‌ની પાસે રહેનારને પણ ખબર પડી કે આવી ભક્તિ પણ હોઈ શકે છે. આ ભક્તિ તો શાસ્ત્રમાં પણ પ્રસિદ્ધ નથી.

૨૧. दिष्ट्या पुत्रान् पतीन् देहान् स्वजनान् भवनानि च । हित्वा वृणीत यूयं यत् कृष्णाख्यं पुरुषं परम् ॥ १०-४४-२६. તમારૂં ભાગ્ય છે કે તમે પ્રપત્તિમાં બાધક પુત્રો, પતિઓ, દેહની વિવિધ અવસ્થા, સખીઓરૂપ સ્વજનો, આધારરૂપ ઘર, લોક, એ સર્વનો ત્યાગ કરીને કૃષ્ણ, **પુરુષોત્તમને** વર્યાં છો.

૨૨. सरिच्छैलवनोद्देशा गावो वेणुरवा इमे । संकर्षणसहायेन कृष्णेनाचरिताः प्रभो ।
पुनः पुनः स्मारयंति नन्दगोपसुतं बत । श्रीनिकेतैस्तत्पदकैर्विस्मर्तुं नैव शक्नुमः॥

જલ ભરવા તો જવુંજ જોઈએ, ત્યાં યમુનાના દર્શન થાયજ, ઉંચા ગોવર્ધનના પણ દર્શન થાય જ, વિહારને માટે વૃંદાવનના પણ દર્શન થાયજ. ગાયો તો ઘરમાંજ, આ વેણુના રણકારના તો હજુ પણ કાનમાં ભણકારા વાગે છે. લીલામાં નિર્ભયતાને માટે સંકર્ષણ સાથે હોય જ. બહાર વૃત્તિનિરોધ હોય ત્યારે પણ માખણની ચોરી, દૈત્યોને મારીને રક્ષણ કરેલું તે, અને સ્વચ્છન્દ રમણ એ સર્વે ફરી ફરીને નંદગોપસુતનું સ્મરણ અમને કરાવે છે. વળી લક્ષ્મીના સ્થાનરૂપ અતિ સુંદર ઠેર ઠેર પડેલાં પગલાં, અને અમારા હૃદયમાં સંબંધથી સ્થપાયલાં-આને લીધે અમે એને ભૂલવા મથીએ, તો એ ભૂલી શકતાજ નથી. (૧૦-૪૪-૫૧)

૨૩. ब्रह्मप्राप्तिः तपोज्ञानादिभिः, किं स्तोत्रेणेति चेत्, तत्राह, नास्माकं फलं शब्दविषयकं ब्रह्म, किंतु एतदेव प्रत्यक्षतो दृश्यं तदपि प्राकृतचक्षुषैव, तत्रापि सर्वाभरणभूषितं, तत्रापि प्राकृतालंकारसहितं, तत्राप्येतदवस्थापन्नमिति । लौकिके प्राकृते भावे यस्य भावः स भक्तिमान् । हीनभावं तं विदित्वा योऽन्यथा वेद सोऽधमः । यद् गृह्णाति यथैवार्थं बोधयत्यत्र लौकिके । तत् प्रमाणमिहास्माकं नान्यद् भिन्नाधिकारतः । १०. प्र. ३. १ सु બ્રહ્મપ્રાપ્તિ તપ જ્ઞાન વગેરેથી થાય, સ્તોત્ર કરવાથી શું ફલ ? ઉત્તરમાં બ્રહ્મા કહે છે કે શબ્દવિષયક-વેદવિષયક-બ્રહ્મ અમને ફલરૂપ નથી, પરંતુ આ પ્રત્યક્ષ દર્શન આપે છે તે જ; તે પણ પ્રાકૃત ચક્ષુવડે જ જેના દર્શન થાય છે, તે પણ સર્વ આભૂષણથી

શણુગારેલું, તે પણ પ્રાકૃત અલંકાર, ગુંજા મોરપિચ્છથી શોભતું, તે પણ આ ગોપબાલની આ અવસ્થાવાળું. લોકમાં પ્રસિદ્ધ પ્રાકૃત જેવા સ્વરૂપમાં જેનો ભાવ તે જ ભક્તિમાન. એ પ્રાકૃત ભાવને જે હીન જાણીને અન્યથા જાણે છે તે અધમ. આજ रसो वै सः છે, વેદિયા અક્ષરજ્ઞાનીને રસનું શું ભાન? આ ભગવાન્ લોકમાં જે રૂપ ગ્રહણ કરે છે, જેવો બોધ કરે છે, જેવો અનુભવ કરાવે છે, તે જ અમને પ્રમાણ. આ ભક્તિમાર્ગમાં તો એમ જ છે. જગત્કર્તા, વ્યાપક, વેદપ્રસિદ્ધ રૂપ અમને ફલરૂપ નથી, કેમ કે ભક્તિનો અધિકાર જ ભિન્ન છે. જ્ઞાનમાર્ગીઓ ભલે વેદપ્રસિદ્ધ રૂપને ફલરૂપ માને.

२४. दृष्ट्वैवमादिगोपीनां कृष्णावेशात्मविक्लवम् । उद्धवः परमप्रीतस्ता नमस्यन्निदं जगौ ॥ एताः परंतनुभृतो भुवि गोपवध्वो गोविन्द एवमखिलात्मनि रूढभावाः । वांछंति यं भवभियो मुनयो वयं च किं ब्रह्मजन्मभिरनंतकथारसस्य. भा. १०-४४-५८-५९.... अंतर्निष्ठा वा विरहो वा इयमेव, न तासां अन्या लौकिकी अवस्था, एवं दृष्ट्वा परमप्रीतो जातः, एवमेव हि स्थातव्यं भक्तेनेति ।....मुमुक्षवः, मुक्ताः, वयं भक्ताः, सर्वे एव धर्ममार्गपराः । सर्वेषां विदेहकैवल्यपर्यंतं बहिः संवेदना अस्त्येव, तत्र लौकिक एव भावः सर्वेषां जायते । नारदादीनामपि कदाचित् प्राकृतवद् व्यवस्था । प्रह्लादस्यापि राज्यादिकरणात् तथावसीयते । ननु एतदपेक्षया ये श्रोत्रिया ब्रह्मविदो ब्राह्मणाः वसिष्ठादयः ते महान्तो भविष्यन्ति इत्याह किं ब्रह्मजन्मभिः । ब्रह्मभावापन्नानां जन्मभिः शौक्लसावित्रयाज्ञिकैः न किंचित् । ....अनन्तकथायां रसयुक्तस्य ब्रह्मजन्मभिः न कोपि पुरुषार्थः साधनीयः । १०-४४-५८.

આ પ્રમાણે દરરોજ ઉપદેશ છતાં દરરોજ વૈક્લવ્ય, આમ બન્ને જોઈને, જો કે આત્મરૂપ હોવા છતાં જેવું બહારનું ભાન થાય કે તરતજ ભગવદાકાંક્ષા–તે નિર્દોષ–જોઈને કૃષ્ણના આવેશથી દેહનું વૈક્લવ્ય જોઈને, ઉદ્ધવ બહુ પ્રસન્ન થયા, અને તેમને પ્રણામ કરીને નીચે પ્રમાણે ગાયું. ભૂતલ પર જો કોઈ ખરા દેહધારી હોય, પુરુષાર્થ સિદ્ધ કરનાર હોય, તો તે ગોપીજન જ છે, કેમકે એમનો સર્વના આત્મારૂપ ભગવાનમાં ભાવ આરૂઢ થઈ ગયો છે. એ ભાવ તો મુમુક્ષુ, મુનિઓ, અને અમારા જેવા ભક્તોમાં પણ નથી. જેને ભગવાનની કથાના રસની લગની લાગી છે, તેને બ્રહ્મજન્મથી શું લાભ? જેમને ભગવાન્ની કથામાં રસ પડતો નથી, તેમને બ્રહ્મજન્મથી શું ફલ? આ ગોપીજનને તો અંતર્નિષ્ઠા–હૃદયમાં ભગવાનની જ લગની, બહારનું જ્ઞાન થાય કે ભગવાન્ ક્યાં? એમ વિરહથી આતુર,–આ બે સિવાય બીજી કોઈ અવસ્થા જ એમના મનની નથી. સંસાર તો એમને સાંભરતો જ નથી. આવું જોઈને ઉદ્ધવ બહુ પ્રસન્ન થયા કે ભક્તે તો આમજ રહેવું જોઇએ. પોતામાં પણ આવા વિરહનો અભાવ જોઈ, પોતાથી એમને અધિક માનીને તેમને નમન કરીને તેમની સ્તુતિ કરી–ખરા દેહધારીઓ તો આ જ, જ્ઞાનીઓએ નહિ. લૌકિકો તો નહિ જ, અને ભક્તો પણ નહિ. લૌકિકોનું જીવન તો વ્યર્થ છે. જ્ઞાનીઓને જ્ઞાનપ્રાપ્તિપર્યંત શરીરનો સાધન તરીકે ઉપયોગ, પછી તો દેહ ભારરૂપ. ભક્તો

મૂઢતાથી દેહને જ આત્મા માને, બહિર્મુખ. મારા જેવા ભક્ત, જ્ઞાનવાળા, તોપણ આવો ઉત્કટ વિરહ મારામાં ક્યાં છે ? વળી વિદેહકૈવલ્યપર્યંત સર્વને બહારનું ભાન હોય છે જ; જીવન્મુક્તોને પણ એમ જ હોય છે. તે સમયે તેમને લૌકિક ભાવ જ હોય છે. નારદ પણ કોઈ કોઈ સમયે સંસારથી લોભાઈ જાય છે ! પ્રહ્લાદે પણ રાજ્ય વગેરે કર્યું. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો, વસિષ્ઠ, શૌક્લ, સાવિત્ર, યાજ્ઞિકો, એ સર્વે આ ગોપીજન આગળ હિસાબમાં નથી. જ્યારે તેમને બહારનું ભાન હોય છે ત્યારે તેઓ વેદનું અનુષ્ઠાન કરે છે, દીર્ઘસત્રો કરે છે, અંતર્નિષ્ઠ હોય છે ત્યારે બ્રહ્મપરાયણ હોય છે, એમ શ્રીગોપીજનની માફક તેમને પણ સંસાર નથી, તો પણ કર્મ કરતાં ભક્તિ શ્રેષ્ઠ એ તો નિર્વિવાદ છે. કર્મ પ્રપંચમાં સ્વાસ્થ્ય સંપાદન કરાવે છે. ભક્તિ ભગવાનના વિરહથી વિકલતા કરે છે.

२५. वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः। यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम्। १०-४७-६३. तासां नमस्कारेऽपि नास्माकमधिकारः, किन्तु नन्दव्रजस्य स्त्रीमात्रस्य पादरेणुमेवैकमभीक्ष्णशो वन्दे, अस्मदपेक्षया स रेणुः महानेव, उत्कृष्टः फलरूपश्चेत्यादरेण वन्दे।....हरिकथापेक्षयापि हरिकथया वा सह ऊर्ध्वं गीतं यासां संबंधि गीतं भुवनत्रयमेव पुनाति। सु.। न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः। या माभजन् दुर्जरगेहशृङ्खलां संवृश्च्य तद्वः प्रतियातु साधुना॥ १०-२९-२२. भवतीनां भजनं निष्कपटम्, अस्मद्भजनं सकपटमिति। नह्यल्पजलस्यापि तुल्यं बह्वपि मरुमरीचिकाजलं भवति।.. सु.।

શ્રીનંદરાયજીના વ્રજની સ્ત્રીઓની ચરણરજને હું વારંવાર પ્રણામ કરૂં છું. એમણે ઉંચેથી કરેલા હરિકથાના ગાનથી ત્રણ ભુવન પવિત્ર થાય છે. તેમને નમસ્કાર કરવાનો અધિકાર પણ મને નથી, પરંતુ નંદરાયજીના વ્રજની સ્ત્રીઓની એક ચરણરજમાત્રને હું વારંવાર વંદન કરૂં છું. મારા કરતાં એ રજ મ્હોટી છે, ઉત્કૃષ્ટ છે, ફલરૂપ છે, તેથી આદર સહિત તેને વંદન કરૂં છું. હરિકથાની અપેક્ષાએ પણ, અથવા હરિકથાની સાથે, જેમનું ઉંચેથી ગાયલું ગીત ત્રણ ભુવનને પવિત્ર કરે છે. તમે જે નિર્મલ રીતે મારા સંયોગમાં આવ્યાં છો, તેમના સુંદર કૃત્યનો બદલો હું બ્રહ્માના આયુષ્યથી પણ વાળી શકું એમ નથી. નહિ તોડી શકાય એવી ઘરની સાંકળને તોડીને તમે મારૂં ભજન કર્યું છે, તેનો બદલો તમારા એ સત્કૃત્યથી જ વળો, તમારૂં ભજન નિષ્કપટ છે, મારૂં ભજન તો કપટવાળું છે. (કેમકે ભગવાન્ જીવનું ભજન કરી શકતાજ નથી.). અલ્પ જલની પણ બરોબર ગમે તેટલું વધારે ઝાંઝવાનું ખોટું જલ આવી શકતું નથી.

२६. सर्वे भक्ता गोपिकावधयः, सर्वं फलं गोपिकाफलावधीत्यस्मिन् संदर्भे निश्चितं, विद्या भागवतावधिरित्यादिवदित्यर्थः।.... संसारो भगवांश्चैव विरुद्धं द्वितयं फलम्। उभयैर्यत्सुखं तद्धि तासां पुष्ट्याऽभवत् तदा। तथैव प्रार्थितं ताभिः सम्मतं चापि वै हरेः॥ 'न ज्ञानं न च वैराग्यं' यतः प्राह हरिः स्वयम्॥ 'अव्यक्ता हि गतिर्दुःखं,' 'ये तु सर्वाणि' चोक्तवान्। जीवतश्च स्थितिर्मृग्या तथा वृत्त्यादि सर्वथा॥ स्वाभाविकं न दुःखाद्य परत्रेह च निश्चितम्॥ एकादशे विंशाध्याये भक्तिप्रकरणे इदं वाक्यम्, "तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः, न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह"।

अत्र स्नेहात्मकभक्तियोगादेव योगित्वं, न त्वष्टांगयोगेन, 'मद्दात्मन' इत्यत्र मय्यात्मान्तःकरणं यस्य, अहङ्चान्तःकरणे यस्येत्यर्थः, द्वयमप्यभिप्रेतम्, तादृशे भक्ते ज्ञानवैराग्ययोरभावेपि फलविलम्बः फलाभावश्च नेति तयोरसाधनत्वमुक्तम्, तथा सति ज्ञानाभावादहन्ता वैराग्याभावान् ममता चोक्तेति पूर्वश्लोकोक्तसंसारो ज्ञापितः। इतः पूर्वमेकादशस्कन्धवाक्येषु 'मयि हृदि स्थित' इत्युक्तत्वात् फलरूपो भगवान् प्राप्त एव इत्युक्तम्। भगवत्प्राप्तावपि भगवत अनन्तानि रूपाणि सन्ति। तत्र कस्य रूपस्य प्राप्तिरितिसन्देहवारणार्थमक्षरपर्यन्तस्य निरासं वक्तुं 'अव्यक्ता हि गतिर्दुःख'मिति गीतावाक्यमुपन्यस्तम्। अक्षरप्राप्तौ साधनकाले भूयान् क्लेशः, फलकाले च भगवत औदासीन्यरूपं भक्तानां महद्दुःखम्, अतोऽक्षरप्राप्तिर्भक्तानां नाभीप्सिता, नापि पूर्णपुष्टिमार्गे भगवता दीयते। ... येषां मदर्थे लौकिकवैदिककर्मपरित्यागपूर्वकं मत्परत्वं, भगवत एव फलत्वेन ध्यानपूर्वकमनन्यतया भगवदुपासनम्, तदा मृत्युसंसारसागरादुद्धारकत्वस्वभावोहमक्षरात् परस्तेषां भवामीति तद्वश्यो भवामीत्यर्थः। अत्राक्षरात् परत्वेन फलस्य सर्वोत्कृष्टत्वं वश्यत्वेन पूर्णत्वं च ज्ञापितम्। तथा सति एतादृशभगवद्वचनैर्गोपिकाप्रार्थितं भगवतः सम्मतमिति सिद्धम्, अन्यथा एतादृशभक्तेभ्योप्येतादृशफलादाने भगवतोनृतवादित्वं स्यादिति। अतः परं ज्ञानवैराग्याभावसूचिताहम्ममत्वेन जीवतामेव भक्तानामीदृशं फलं सूचितमिति तद्विवेचनायाहुः जीवत इत्यादि। अहम्ममाभिमानेन जीवतां स्थित्यर्थं गृहं जीवनार्थं वृत्त्यादिकं च सर्वथापेक्षितम्, तत्रेहलोके मनुष्याणां परलोके इन्द्रादीनां च स्वस्वगेहेषु स्थितानां स्वस्ववृत्त्या जीवतामेव परमं सुखं नान्यत्र, अतः स्वाभाविकं गृहवित्तादिकं न दुःखाय, अतो भगवानपि परतन्त्रत्वदुःखं निवारयितुं स्वतन्त्रत्वसुखं च संपादयितुं गोपिकानामेव गेहेषु गोपरूपेणैव स्थित्वा मनोरथान्तमानन्दं ताभ्यः प्रयच्छति, न तु ताः स्वगेहेषु स्थापयित्वा स्ववृत्त्या च जीवयन्निति। तथा सति रुक्मिण्यादिमहिषीतुल्यतया भक्तावधित्वं फलावधित्वं च न स्यात्। भगवतो व्यापिवैकुण्ठेपि गोपरूपत्वं, तत्रत्यभक्तानां गोपीत्वं च बृहद्वामनीयकथासंदर्भे स्फुटमिति तद्गृहं स्वाभाविकमिति न परतन्त्रतादुःखम्, किन्तु परमसुखमेवेति तादृशं गोपिकाभिर्याचितमित्यर्थः। भा. नि. पृ. ५०९

સર્વે ભક્તોની અવધિ, હદ, શ્રીગોપીજન છે, એટલે શ્રીગોપીજન સૌથી શ્રેષ્ઠ ભક્તો છે; સર્વ ફલની અવધિ, હદ, શ્રીગોપીજનનું ફલ છે, એટલે શ્રીગોપીજનને જે ફલ મળ્યું, તેવું શ્રેષ્ઠ ફલ કોઈને મળ્યું નથી. આ સ્થલે એનો નિર્ણય કર્યો છે; જેમ વિદ્યામાં સૌથી શ્રેઠ ભાગવત છે, તેમ સંસાર અને ભગવાન્ એ-બંને એકેકથી વિરુદ્ધ ફલ શ્રીગોપીજનને મળ્યું. સંસાર અને ભગવાન્ તેથી જે સુખ મળે તે તેમને તે વખતે કૃપાથી મળ્યું, કેમકે તેમણે તેવીજ પ્રાર્થના કરી હતી, અને શ્રીહરિએ તેને સમ્મતિ આપી! તેથી જ ભગવાને પોતે કહ્યું કે "જ્ઞાન અને વૈરાગ્ય બંને ઘણું ખરૂં અહિં પુષ્ટિમાં કલ્યાણ કરનાર નથી." "અવ્યક્ત એટલે અક્ષર બ્રહ્મની ગતિ તો દેહવાળાઓથી દુઃખથી પ્રાપ્ત થાય છે," આ સર્વ પોતે જ ગીતામાં કહ્યું છે. હું અને મારૂં એવા અભિમાનથી જીવનારાઓને રહેવાને ઘર અને જીવનને માટે વૃત્તિ વગેરે અવશ્ય જોઈએ, તેથી આ લોકમાં મનુષ્યોને, અને પરલોકમાં ઈંદ્ર વગેરેને પોતપોતાને ઘેર રહીને સ્વવૃત્તિથી સ્વાભાવિક રીતે જીવતાં દુઃખ થતું નથી એ નક્કી છે.

એકાદશ સ્કન્ધના વિશમા અધ્યાયમાં ભક્તિપ્રકરણમાં આ વાક્ય છે, "તેથી મારી ભક્તિવાળાને, અથવા મદાત્મક યોગીને જ્ઞાન અને વૈરાગ્ય ઘણું ખરું અહિં શ્રેયસ્કર નથી." અહિં યોગીપણું સ્નેહાત્મક ભક્તિયોગથી સમજવું, અષ્ટાંગયોગથી નહિ. **મદાત્મક** એટલે મારામાં આત્મા એટલે અંતઃકરણ જેનું છે, અને હું જેના અંતઃકરણમાં છું તે **મદાત્મા**, એમ બંને અભિપ્રેત છે. એવા ભક્તને જ્ઞાન અને વૈરાગ્ય ન હોય તોપણ ફલમાં વિલંબ કે ફલનો અભાવ થતો નથી, તેથી જ્ઞાન અને વૈરાગ્ય બંને સાધનરૂપ નથી એમ કહ્યું. એમ હોવાથી જ્ઞાનના અભાવથી અહંતા અને વૈરાગ્યના અભાવથી મમતા પણ કહી. તેથી પૂર્વ શ્લોકમાં કહેલો સંસાર જણાવ્યો. આની પહેલાના એકાદશ સ્કંધના વાક્યોમાં "હૃદયમાં રહેલો હું" એમ કહેલું હોવાથી ફલરૂપ ભગવાન્ પ્રાપ્ત થયા છે જ એમ કહ્યું, ભગવાન્‌ની પ્રાપ્તિ છતાં ભગવાન્‌ના અનંતરૂપ છે, તેમાં કયા રૂપની પ્રાપ્તિ? એ સંદેહ દૂર કરવાને અક્ષરપર્યન્ત રૂપો દૂર કરવાને ગીતાનું વાક્ય કહ્યું કે, "અક્ષરની ગતિ દુઃખથી પ્રાપ્ત થાય છે." અક્ષરપ્રાપ્તિમાં સાધનકાલમાં બહુક્લેશ થાય છે, અને ફલસમયમાં ભગવાન્‌નું ઔદાસીન્યરૂપ મ્હોટું દુઃખ થાય છે. તેથી અક્ષરપ્રાપ્તિ ભક્તોને અભીપ્સિત નથી, અને પૂર્ણ પુષ્ટિમાર્ગમાં ભગવાન્ તે આપતા પણ નથી. આથી ફલમાં દુઃખ ભળેલું હોતું નથી એમ કહ્યું. જ્યાં અક્ષરપ્રાપ્તિરૂપ દુઃખ પણ નથી, ત્યાં બીજા દુઃખની તો વાત જ ક્યાં? ભા. નિ. દ. કા. ૩૯૪ કઠિનાંશ વિવેચન.

હવે ફલ પરમ ઉત્કૃષ્ટ અને પૂર્ણ છે તે જણાવવાને એની આગળના ગીતાના વાક્યો ટાંકે છે. 'ये तु सर्वाणि' चेति એ બે શ્લોક. તુ પદથી પૂર્ણપુષ્ટિસ્થ ભક્ત શિવાયના બીજા ભક્તોનો નિરાસ કર્યો. જેઓ મારે માટે લૌકિક, વૈદિક કર્મોનો ત્યાગ કરીને મને પરાયણ થઈને રહે છે; ભગવાન્ જ ફલરૂપ હોવાથી ધ્યાનપૂર્વક, અનન્ય થઈને ભગવાન્‌ની સેવા કરે છે, ત્યારે મૃત્યુરૂપ સંસારસાગરમાંથી ઉદ્ધાર કરવાના સ્વભાવવાળો હું, જે અક્ષરરૂપથી પર છું, તે તેમને વશ થઈને રહું છું. અહિં અક્ષરથી પર કહેવાથી સર્વોત્કૃષ્ટ ફલ, અને વશ થઈને રહેવાથી પૂર્ણપણું જણાવ્યું. એમ હોવાથી ભગવાન્‌નાં આવાં વચનો હોવાથી ગોપિકાઓએ જે માગ્યું, તેને ભગવાને સંમતિ આપી! એમ સિદ્ધ થયું. જો એમ ન કરે, તો આવા અનન્ય ભક્તોને પણ આવું ફલ ન આપે તો ભગવાન્ જુઠ્ઠાબોલા કહેવાય!

હવે જ્ઞાનવૈરાગ્યના અભાવથી સૂચિત અહંતામમતાને લીધે **જીવતાં** જ (મરણ પછી નહિ), ભક્તોને આવું ફલ કહ્યું, તેથી તેનું વિવેચન કરવાને કહે છે કે **જીવતઃ** વગેરે. અહંતા મમતાના અભિમાનથી જીવતા ભક્તોને રહેવાને માટે ઘર, અને જીવનને માટે વૃત્તિ વગેરેની અપેક્ષા રહે જ. તેમાં આ લોકમાં મનુષ્યોને, અને પરલોકમાં ઇન્દ્ર વગેરેને પોતપોતાના ઘરમાં રહીને સ્વવૃત્તિથી જીવતાં જ પરમ સુખ થાય છે, બીજી રીતે નહિ, તેથી સ્વાભાવિક ઘર, દ્રવ્ય વગેરે દુઃખરૂપ નથી. તેથી ભગવાન્ પણ પરતન્ત્રતાનું દુઃખ નિવારણ કરવાને અને સ્વતંત્રતાનું સુખ સંપાદન કરવાને ગોપિકાઓનાં જ ઘરોમાં ગોપરૂપે રહીને તેમના મનોરથ પૂર્ણ કરે એવો આનંદ તેમને આપે છે, તેમને પોતાને ઘેર લાવીને, તેમને પોતે વૃત્તિ આપીને તેમનું

જીવન સંપાદન કરતા નથી. જો તેમ કરે તો રુક્મિણી વગેરે મહિષીઓની સમાનતા થાય, તો ભક્તોમાં ગોપિકાઓ શ્રેષ્ઠ અને તેમનું ફલ ઉત્તમોત્તમ ન કહેવાય. ભગવાન્ વ્યાપિ-વૈકુંઠમાં પણ ગોપરૂપ છે, અને ત્યાંના ભક્તો ગોપીરૂપ છે, તે વાત બૃહદ્વામન પુરાણની કથામાં સ્પષ્ટ છે; માટે તે ઘર પણ સ્વાભાવિક છે, અને ત્યાં પરતંત્રતાનું દુઃખ નથી, પરંતુ પરમ સુખ છે, તેથી તેવાની જ ગોપીકાઓએ માગણી કરી.

૨૭ कृष्णावतारः पतिः, सु. १-१-१. दासीनां सर्वरक्षार्थं आविर्भूतो मम स्वामी सु. १०-३-८. तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रहः, रासलीलैकतात्पर्यः, प्रतिक्षणनिकुंजस्थलीलारससुपूरितः, तद्विस्मृतान्यः, लीलामृतरसार्द्रार्द्रिकृताखिलशरीरभृत्। सर्वोत्तमस्तोत्र.

શ્રીમહાપ્રભુજી પણ વસ્તુતઃ **સ્ત્રીભાવાત્મક** જ છે. સુ. ની શરૂઆતમાં ભગવાન્‌ને કૃષ્ણાવતારઃ પતિઃ એમ પોતે કહે છે. ભગવજ્જન્મ સમયના સુબોધિનીમાં પોતે કહે છે કે મારા **સ્વામી** પ્રકટ થયા. શ્રીગુસાંઈજી કહે છે કે શ્રીભાગવતના સારભૂત **રાસસ્ત્રીભાવથી** ભરપૂર એમનું શ્રીઅંગ છે; **રાસલીલા** એજ એમનું એક તાત્પર્ય છે, પ્રતિક્ષણ **નિકુંજની લીલાના રસથી** સારી રીતે પૂર્ણ છે, તેનાથી બીજું સર્વ ભૂલી જાય છે, લીલામૃતના રસથી આર્દ્રાર્દ્ર થયલું એમનું આખું શરીર છે. એમ હોવાથી ગદ્યમંત્રદ્વારા હજારો વર્ષથી કૃષ્ણથી વિખુટા પડેલા પોતાના ભક્તોને પોતાના સાન્નિધ્યમાત્રથી સંસારને ભૂલાવી કૃષ્ણવિયોગજનિત તાપક્લેશના આનંદનું દાન કરી તેમને કૃતાર્થ કરે છે. પોતે રાસલીલામધ્યપાતી હોવાથી પોતાના ભક્તોને તેના દર્શન કરાવવા એમાં શું શ્રમ પડે?

२८. ननु देहाद्यध्यासवानात्मा प्रतीयते इति कथं भगवदात्मकत्वमिति चेत्तत्राह आत्मा ज्ञानमय इति। ज्ञानप्रचुर इत्यर्थः। लीलासंबंधिदेहानामपि तदात्मकत्वात् तत्राहमिति ज्ञानं वास्तवमेव, न त्वविद्याकृतम्, यतः शुद्धोऽविद्यासंबंधरहितः। अत्र हेतुः व्यतिरिक्तः प्रापंचिकेभ्यो जीवेभ्यो इति शेषः। तत्र हेतुः **गुणाश्रयः** इति। पुरुषोत्तमगुणाश्रयत्वात् तथा। न हि प्राकृतेषु लीलां स्वयं करोतीति भावः। स्वापाद्यवस्थावत्त्वेनापि प्राकृतत्वं न शंकनीयम्। यतः सुषुप्त्यादयो लीलोपयोगिन्या मायया संपादिता या वृत्तयस्ताभिः स संबध्यते। 'लोकवत्तु लीला कैवल्य'मिति न्यायेन लोकमध्ये क्रियमाणा लोकसमानाकारा चेन्न भवेत्, तदा लीलारसो न भवेत्। अत एव व्यासैरपि लोकसमानाकारत्वम्, न तु लोकमध्यपातित्वमिति ज्ञापनाय लोकवदित्युक्तम्! टि. १०-४४-३२.

सुषुप्त्यादितिसृष्वपि वक्ष्यमाणरीत्या परमानन्दस्फूर्त्यादि अलौकिकसामर्थ्यं मायाया एव इति ज्ञापनाय मायाग्रहणम्। मायाप्यत्र लीलोपयोगिनी ज्ञेया। अतः सुषुप्तौ आंतररमणेन परमानन्दस्फूर्तिं गोपिकानामेव सा करोतीति ज्ञायते। तथा स्वप्ने लीलोपयोगिनानाविधपदार्थानां स्फूर्तिमपि तासामेव करोति। तथा जागरणदशायां चतुर्विधपुरुषार्थसिद्धिः वृत्रचतुःश्लोकीव्याख्याने कारिकासु श्रीमदाचार्यचरणैः पुष्टिमार्गीया उक्ता। 'पुष्टिमार्गे हरेर्दास्यं धर्मोर्थो हरिरेव हि। कामो हरेर्दिदृक्षैव मोक्षः कृष्णस्य चेद् ध्रुवम्' इति। तानपि माया करोतीति तत्रैव 'त्वन्माययात्मात्मजदारगेहेष्वासक्तचित्तस्ये'ति उक्तम्।

આત્મા તો દેહાદિ અધ્યાસવાળો જણાય છે, તો તે ભગવદાત્મક કેમ કહેવાય ? ઉત્તર. આત્મા જ્ઞાનપ્રચુર છે. લીલાસંબંધિ દેહો પણ આત્મરૂપ હોવાથી તેમાં અહમ્ એવું જ્ઞાન વાસ્તવજ છે, અવિદ્યાકૃત નથી. કેમ કે આત્મા શુદ્ધ, અવિદ્યાના સંબંધ-રહિત છે. તેનું કારણ કે તે પ્રપંચના જીવોથી જૂદો છે. જૂદો છે કેમ કે તેણે પુરુષોત્તમના ગુણોનો આશ્રય કર્યો છે. પ્રાકૃતોને વિષે ભગવાન્ સ્વયં લીલા કરતા નથી એવો ભાવ છે. જો કે (ગોપીજનનો) આત્મા સ્વાપ આદિ અવસ્થાવાળો છે, તોપણ **તેનામાં પ્રાકૃતત્વની શંકા કરવી નહિ**, કેમકે સુષુપ્તિ વગેરે લીલોપયોગિની માયાએ સંપાદન કરેલી વૃત્તિઓનો તેને સંબંધ થાય છે, 'લોકના જેવી લીલા તેજ કૈવલ્ય,' એ ન્યાયથી લોકની અંદર કરાતી લીલા લોકસમાન આકારવાળી જો ન હોય, તો લીલારસ જ ઉત્પન્ન થાય નહિ. તેથી જ વ્યાસજીએ **લોકસમાન આકારવાળી, લોકમધ્યપાતી નહિ**, એમ જણાવવાને લોકવત્ કહ્યું.

સુષુપ્તિ વગેરે ત્રણે અવસ્થાઓમાં, હવે કહેવામાં આવશે તેમ, પરમાનંદની સ્ફૂર્તિ વગેરે અલૌકિક સામર્થ્ય માયાનું જ છે, તે જણાવવાને માયાનું ગ્રહણ કર્યું છે. માયા પણ અહિં લીલામાં ઉપયોગી માયા સમજવી. તેથી સુષુપ્તિમાં આંતર રમણથી પરમાનંદની સ્ફૂર્તિ ગોપિકાઓને જ એ માયા કરાવે છે, એમ જણાય છે. તેમ સ્વપ્નામાં લીલામાં ઉપયોગી નાના પ્રકારના પદાર્થોની સ્ફૂર્તિ પણ ગોપિકાઓને જ કરાવે છે. તેમ જાગરણ દશામાં ચાર પ્રકારના પુષ્ટિમાર્ગીય પુરુષાર્થની સિદ્ધિ સૂત્ર-**ચતુઃશ્લોકીના** વ્યાખ્યાનમાં કારિકાઓમાં જે **શ્રીમદાચાર્યચરણે** કહી છે, કે 'પુષ્ટિમાર્ગમાં **હરિનું દાસ્ય** એ ધર્મ છે, **અર્થ હરિ જ છે, હરિના દર્શનની ઈચ્છા તે કામ છે**, સર્વદા **હરિનો** થઈને રહે તે **મોક્ષ** છે,' તે ચાર પુરુષાર્થની સિદ્ધિ માયા જ કરે છે એમ ત્યાં કહ્યું છે, કે 'તારી માયાથી આત્મા, પુત્ર, દાર, ગૃહ વગેરેમાં ભક્તનું ચિત્ત આસક્ત થાય છે.'

૨૯. (૧) रूप**થી ભગવાન્ મોક્ષ આપે છે**, (૨) रस**થી આનંદ આપે છે**, (૩) गंध**થી ભક્તિ આપે છે**, (૪) स्पर्श**થી સર્વ પાપ દૂર કરે છે**, (૫) नाद**થી મન હરે છે**, (૬) योगથી આત્મામાં પ્રવેશ આપે છે, (૭) द्वैत**કરવાથી** ભગવાન્ કાલમાંથી **મોક્ષ** આપે છે, (૮) स्वामी તરીકે સર્વ સુખનું દાન કરે છે, (૯) પ્રભુને હીન માનવાથી દુઃખ આપે છે, (૧૦) केवल, માયા વિનાના માનવાથી સકલ અર્થનું દાન કરે છે, (૧૧) मित, માપી શકાય એમ માનવાથી યોગનું દાન આપે છે, (૧૨) भिन्न માનવાથી મૃત્યુ આપે છે, (૧૩) यथास्थित, બધું બ્રહ્મ છે એમ માનવાથી જ્ઞાન આપે છે, અને (૧૪) **સ્નેહથી નક્કી વશ થાય છે.** ભા. નિ. સ્કં. ૬. કા. ૭ થી ૧૧.

૩૦. रसो वै सः એ શ્રુતિથી બ્રહ્મ જ रस છે એમ બોધ થાય છે. रस શબ્દના અર્થ રસનાથી ગ્રાહ્ય ગુણ, દ્રવત્ દ્રવ્ય, સારભૂત અર્થ અને આસ્વાદ્ય આનંદજનક એટલા છે. તેમાં અહિં કયો અર્થ લેવો ? શ્રુતિ કહે છે કે 'આ રસના લાભથી આનંદિત થાય છે, જો આ આકાશ આનંદ ન હોત, તો કોણ શ્વાસ ધારણ કરત ? કોણ પ્રાણ ધારણ કરત ?'...તેથી હૃદયમાં રહેલો, પ્રાણીઓને પ્રાણ ધારણ કરાવનાર, આનંદ આપનાર, જે આનંદ, તે रस છે. (વેણુગીત પ્રકાશ).

શ્રુતિમાં કહ્યું છે કે ‘ આ અગ્રે નક્કી असद् હતું, તેમાંથી નક્કી सद् થયું, તેણે આત્માને પોતાને કર્યો, માટે તે सुकृत કહેવાય છે. આ સુકૃત છે, रस છે, રસને પ્રાપ્ત કરીને જ આ આનંદી થાય છે.’ આમ સૃષ્ટિની પૂર્વે અસાધુપણું, સૃષ્ટિ પછીનાનું સાધુપણું કહ્યું, તેનો હેતુ आत्मत्व કહ્યો. તેને સુકૃતપણું; અને સુકૃતને रस કહ્યો, અને રસની આનંદરૂપતાનો બોધ કર્યો.... જો रस **માત્ર મનોવિકાર** કે લૌકિક કહેવાની ઇચ્છા હોત, તો તેનું आत्मकरण અને તેની आनन्दरूपता ન કહેત...આ લૌકિક રસ પરિચ્છિન્ન છે, (સવિઘ્ન, અલ્પ અને ઘાતક છે), કેમકે ભગવદ્રસની માત્રાપર તેનું ઉપજીવન છે, ભગવદ્રસ અપરિચ્છિન્ન છે, કેમકે તે भूमा છે. સાર એ કે લોક માત્ર ભગવદ્રસનું અનુકરણ કરીને તેના આભાસને જ પ્રાપ્ત કરે છે, भूमा सुखनो અનુભવ થતો નથી, અને તે રસના લેશમાત્રનો પણ સંબંધ થતો નથી. ૧૦–૩૦–૧ પ્રકાશ.

*

શ્રીકૃષ્ણ, શ્રીગોપીજન, લીલાસામગ્રી, અને આનંદનાં સ્વરૂપ.

સિદ્ધાન્તમુક્તાવલિમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે कृष्णसेवा सदा कार्या, मानसी सा परा मता; चेतस्तत्प्रवणं सेवा. ચિત્ત પ્રભુમાં પરોવવું તે જ સેવા. ભાવના ચિત્ત પ્રવણ થયા વિના થાય નહિ, માટે સેવા અને ભાવના સમાન છે. ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે. દેવાદિમાં રતિ થવી તેનું નામ ભાવ. **કૃષ્ણ દેવ છે, મનુષ્ય નથી.** સિદ્ધાન્તમુક્તાવલિમાં કહ્યું છે કે यथा जलं तथा सर्वम्, यथा शक्ता, तथा बृहत्, यथा देवी तथा कृष्णः। જેમ ગંગાજીનું જલ છે; તેમ સર્વ જગત્ પ્રાકૃત છે, આધિભૌતિક છે. જેમ ગંગાજીમાં ભક્તોને વાંછિત ફલ આપવાની શક્તિ છે તે આધ્યાત્મિક છે, નું અક્ષર બ્રહ્મ છે. જેમ ગંગા દેવી છે, તેમ શ્રીકૃષ્ણ દેવ છે, પ્રભુ કૃષ્ણ લૌકિક નથી, અને લૌકિક સ્વીકારતા પણ નથી. આપણું સર્વસ્વ ઐહિક, પારલૌકિક કૃષ્ણ જ છે. એવો ભાવ એમનામાં હોવો જોઈએ. તે રીતે આ ભાવના કૃષ્ણમાં ભાવ ઉત્પન્ન કરનારી છે. તેમાં લેશ માત્ર પણ લૌકિક આવેશ થવો જોઈએ નહિ. સમસ્ત વ્રજ, વૃંદાવન, ગાયો, ગોપીજન સર્વ લીલાસામગ્રી આધિદૈવિક જ છે. બૃહદ્વામનપુરાણમાં કહ્યું છે કે શ્રીગોપીજન સ્ત્રીઓ નથી, એ તો વેદની શ્રુતિઓ છે, અને ઋષિરૂપા કુમારિકાઓ છે. પુષ્ટિપ્રવાહમર્યાદામાં કહ્યું છે કે “ जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः। भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्। स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ तथापि यावता कार्यम् तावत् तस्य करोति हि। ××× एवं सर्गस्तु तेषाम् हि फलमत्र निरूप्यते। भगवान् एव हि फलं स यथाविर्भवेद् भुवि ॥”

“ પુષ્ટિમાર્ગમાં જીવો ભિન્ન છે, એમાં કાંઈ સંશય નથી. ભગવાન્‌ના રૂપની સેવાને માટે તેમની સૃષ્ટિ છે. જો તેઓને સરજ્યા ન હોત તો ભગવાન્‌ની સેવા થઈ શકત નહિ. સ્વરૂપથી, અવતારથી, લિંગથી, ગુણથી, સ્વરૂપમાં, દેહમાં, તેમની ક્રિયાઓમાં ભગવાન્‌થી કાંઈ તારતમ્ય નથી. તોપણ લીલા સિદ્ધ કરવાને માટે જોઈતું તારતમ્ય ભગવાન્ રાખે છે. આવી તેમની સૃષ્ટિ છે. હવે તેમનું ફલ નિરૂપણ કરીએ છીએ. **ભગવાન્ ભૂતલપર પ્રકટ થાય તે જ તેમનું ફલ.”** આ પરથી સ્પષ્ટ છે કે ભગવાન્,

ભગવાન્‌ની લીલા અને લીલાસામગ્રી સર્વ આધિદૈવિક છે, છેક અંતરંગ હૃદયના ભાવરૂપ છે. જેમ પ્રકાશની એક કેન્ડલ પાવર કલ્પીને ચાલીશ કેન્ડલ પાવર, હજાર કેન્ડલ પાવર વગેરે ગણત્રી કરવામાં આવે છે, તેમ આનંદની ગણના તૈત્તિરીય ઉપનિષદ્‌માં કરી છે. વેદાદિનું અધ્યયન કરેલો, નીરોગી, ભોજન વગેરેની શક્તિવાળો, દૃઢ અંગવાળો, અતિશય બલવાન યુવાન્, આ સર્વ પૃથ્વી તેને માટે વિત્તથી ભરેલી, આ એક માનુષ આનન્દ એટલે આનન્દની એક પાવર. આથી સમજાશે કે એક પાવર જેટલો આનન્દ પણ મનુષ્યને મળવો મુશ્કેલ છે, અને ચિરકાલપર્યન્ત તો અશક્ય જ છે. આવા સો આનન્દ એકઠા કરીએ ત્યારે એક મનુષ્યગંધર્વનો શ્રોત્રિય નિષ્કામનો આનન્દ થાય. આવા સો મનુષ્યગંધર્વના આનન્દ એકઠા કરીએ, ત્યારે એક દેવગંધર્વનો આનન્દ થાય, એટલે માનુષ આનન્દ કરતાં દશ હજાર ગણો દેવગંધર્વનો આનન્દ થયો. આવા સો દેવગંધર્વના આનન્દ એકઠા કરીએ ત્યારે પિતૃઓનો એક આનન્દ થાય, એટલે માનુષ આનન્દ કરતા દસ લાખ ગણો પિતૃઓનો આનન્દ થયો. તેનાથી સો ગણો દેવનો એક આનન્દ થાય, એટલે માનુષ આનન્દ કરતાં દશ કરોડ ગણો થયો. તેનાથી સો ગણો, માનુષ આનન્દથી દશ અબજ ગણો કર્મદેવનો આનન્દ થાય. તેનાથી સો ગણો નિષ્કામ દેવનો આનન્દ. તેનાથી સો ગણો ઇન્દ્રનો આનન્દ, તેનાથી સો ગણો બૃહસ્પતિનો આનન્દ, તેનાથી સો ગણો પ્રજાપતિનો આનન્દ, તેનાથી સો ગણો અક્ષર બ્રહ્મનો આનન્દ. અર્થાત્ દશઅબજને દશઅબજે ગુણીએ, અને જે સંખ્યા આવે તેટલું તારતમ્ય સંપૂર્ણ માનુષ આનન્દ (જે કોઈ મનુષ્યને પ્રાપ્ત થતો જ નથી) અને અક્ષર બ્રહ્મના આનન્દમાં છે. અને પરબ્રહ્મ કૃષ્ણના આનંદની તો ગણના વેદથી પણ થઈ શકતી જ નથી. આ પરમ આનન્દ લીલાસૃષ્ટિના જીવોને સહજ છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર, ચોર્યાશી, બસોબાવન વૈષ્ણવો વગેરેએ એ આનંદ ભોગવ્યો છે, સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, ચતુર્ભુજદાસ વગેરે અષ્ટ સખા, તેમજ જયદેવ, નૃસિંહ, મીરાં, દયારામ વગેરેએ તે ગાયો છે, અને ગુજરાતને એ આનંદનો રસાસ્વાદ આપ્યો છે, અને આજે પણ એ નિર્દોષપૂર્ણગુણ આનંદના અનુભવી સાક્ષી ભૂતલપર બિરાજે છે.

પ્રેમની દશ અવસ્થા.

રસશાસ્ત્રમાં પ્રેમની દશ દશાઓ કહી છે. તેમાં પ્રથમ ચક્ષુઃપ્રીતિ એટલે ચક્ષુપ્રીતિથી પ્રભુ તરફ વળવું તે. પૂર્વનો સંબંધ એ પ્રીતિનો આંતર હેતુ છે. બહારની કોઈપણ ઉપાધિ, શરીરશોભા, વસ્ત્રાલંકાર વગેરેથી એ હૃદયની પ્રીતિ થતી નથી. જેનો સહસ્ર પરિવત્સરથી વિયોગ થયો છે, તેના સ્વરૂપ, ગુણ વગેરેના શ્રવણથી ચિત્ત તેને શોધવા ભમે છે, પછી બીજી અવસ્થામાં મનઃસંગ થાય છે, મન તેની જ ઝંખના

કર્યા કરે છે, પછી ત્રીજી અવસ્થામાં संकल्पोत्पत्तिः થાય છે, પોતે જે જે સુખો સંયોગમાં ભોગવ્યાં હોય તેનું સ્મરણ થાય છે, દર્શનને માટે નયન તપે છે, વચન શ્રવણ કરવાને કર્ણ તલ્પે છે, મળવાને હૈયું તલ્પે છે, જ્યારે આ ત્રણ અવસ્થા થાય, ત્યારે પ્રભુ તરફ પ્રેમ થયો, એમ કહેવાય. પછી ચોથી અવસ્થામાં निद्राच्छेद થાય છે, ચિત્ત ઉદ્વિગ્ન થઈ કશામાં લાગતું નથી, પછી પાંચમી અવસ્થામાં પ્રિયની અપ્રાપ્તિને લીધે શરીરમાં તનુતા થાય છે, હસ્ત, ચરણ વગેરે તદ્દન સુકલકડી થઈ જઈ, બંગડી, નૂપુર વગેરે અલંકાર ઢીલાં, સરકણાં થઈ જાય છે, વસ્ત્ર, ચોળી, ઢીલાં, કોથળા જેવાં થઈ જાય છે, જ્વર આવે છે, પછી છઠ્ઠી અવસ્થામાં, विषयेभ्यो व्यावृत्तिमां ચિત્ત વિષયોમાંથી વ્યાવૃત્ત થઈ જાય છે, ચંદ્રકિરણ વગેરે ઉદ્દીપન સામગ્રી જોઈ પ્રથમના આનંદની વાસનાથી તેમની તરફ જાય છે, પણ વિરહાનલથી દાઝી પાછું ફરે છે. પછી સાતમી અવસ્થામાં लज्जाप्रणाश થાય છે, સર્વના દેખતાં વિરહથી રડે છે. આ ચાર અવસ્થા आसक्तिनी સૂચક છે. પછી આઠમી અવસ્થામાં उन्माद થાય છે, પ્રિયની અપ્રાપ્તિને લીધે હૃદય અને શરીર જડ જેવાં થઈ જાય છે, વાળ જટા જેવા થઈ જાય છે, નખ વધી જવાથી બેડોળ દેખાય છે, ચિત્તભ્રમ થાય છે. પછી નવમી અવસ્થામાં મૂર્છા થઈ કાંઈ પણ ભાન રહેતું નથી. આ ત્રણ અવસ્થા व्यसननी સૂચક છે. પછી દશમી છેલ્લી અવસ્થા મરણ છે, જેમાં પોતે પોતાપણાનો, ભિન્નતાનો ત્યાગ કરી તન્મય થઈ જાય છે. શ્રીવલ્લભાચાર્યજી भक्तिवर्धिनी ग्रन्थमां કહે છે કે જ્યારે પ્રેમ, આસક્તિ અને વ્યસનની ઉપર કહેલી નવ અવસ્થા થાય ત્યારે જીવ કૃતાર્થ થાય. स्त्रीमात्रो नूढः पुष्टिमार्गे तत्त्वम् એમ વેણુગીતમાં કહ્યું છે, તેનું તાત્પર્ય આ પરથી સમજાય છે. પ્રેમાળ સ્ત્રીઓને આ ભાવ સહજ છે, નરદેહવાળાને પ્રભુ કૃષ્ણના પ્રવેશથી, અથવા કાત્યાયની શક્તિના પ્રવેશથી, આવો ભાવ સિદ્ધ થાય; તેથી આ માર્ગમાં શ્રીવ્રજરત્નો જ ગુરુ છે, અને તેમનું હૃદય, ભાવનાથી સિદ્ધ થયેલો ભાવજ સાધન છે, અન્ય સાધનની અપેક્ષા નથી. સ્ત્રીહૃદયદ્વારાજ એ કૃષ્ણભજનાનંદ પુરુષને પ્રાપ્ત થાય છે, અને એમ હોવાથીજ આ **સહસ્રી** ભાવના પુષ્ટિસંપ્રદાયમાં અત્યંત ઉપયોગી ગ્રન્થ છે.

પ્રેમ, યોગ અને જ્ઞાન બંને કરતાં બલવત્તર છે, તેથી જે મનુષ્ય યોગ ન સાધી શકે, જ્ઞાનપ્રાપ્તિ ન કરી શકે, તે પ્રેમમાત્રથી મોક્ષ પ્રાપ્ત કરી શકે જ. તેથીજ શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છે કે ये भक्ताः शास्त्ररहिताः, स्त्रीशूद्रद्विजबंधवः, तेषामुद्धारकः कृष्णः, स्त्रीणामत्र विशेषतः। જે ભક્તો શાસ્ત્રથી રહિત છે, સ્ત્રી, શૂદ્ર અને દ્વિજબંધુઓ, બામણભાઈ છે, તેમના ઉદ્ધારક શ્રીકૃષ્ણ છે, અને ખાસ કરીને સ્ત્રીઓના ઉદ્ધારક છે.

દર્શન

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં દર્શન કરવા આવનારા કેટલાક शांताकारं भुजगशयनं વગેરે શ્લોક શ્રીઠાકુરજી આગળ બોલી જાય છે; કેટલાક “હે ચૌદ લોકના નાથ, હે ત્રાધારાના આધાર, મારાં પાપ નાશ કરો” વગેરે પ્રાર્થના કરે છે. આમ દર્શનના ભિન્ન ભિન્ન પ્રકાર છે, તેમાંના ઘણા દર્શન શું તે સમજતા જ નથી. પુષ્ટિમાર્ગીય પ્રભુ એટલે ગોકુલમાં શ્રીનંદરાયજીને ઘેર પ્રકટ થયલા બાલકૃષ્ણ, ગોપાલકૃષ્ણ, શ્રીયશોદોત્સંગલાલિત, ગોકુલનું સર્વસ્વ, શ્રીવ્રજરત્નોનું સર્વસ્વ; ઘણાં ઘણાં વર્ષો પછી

વિરહાર્તિથી ભક્તોના મનોરથ પૂર્ણ કરવાને પ્રકટ થયલા પ્રભુ, શ્રીયશોદાની આર્તિ નહિ સહન થવાથી, શ્રીનંદ વગેરેની આર્તિ નહિ સહન થવાથી, સર્વ ગોકુલવાસીઓ, વ્રજવાસીઓની આર્તિ નહિ સહન થવાથી પ્રકટ થયલા પ્રભુ. એમના દર્શન એટલે ઘણાં ઘણાં વર્ષોથી વિખુટા પડેલા કોટિકંદર્પલાવણ્યપતિનું દર્શન, તે દર્શનથી થતો આહ્લાદ, હૃદયના સર્વ દુઃખોનો નાશ, સર્વ મનોરથોની પૂર્ણતા, આ લોક અને પરલોકનું સર્વસ્વ, એમના દર્શન એટલે હૃદયના ઉભરા ઉછળી નેત્રમાં આવી ઘણા વર્ષો પછી પ્રાપ્ત થયલા પ્રિયનો સંગમ, હૃદયના સર્વ દ્વારનું ખુલવું, તે પ્રિયના આશ્લેષની આકાંક્ષા, તેના વચન શ્રવણ કરવાની ઉત્કંઠા; વ્રજની સર્વ લીલાનું સ્મરણ, વૃંદાવનની સર્વ નિરંકુશ લીલાનું સ્મરણ, એ લીલામાં ચિત્તની તન્મયતા, તે લીલાસ્થલની પુનઃ પ્રાપ્તિની તીવ્ર ઈચ્છા, વિયોગથી થતી દીનતા, ઘણાં વર્ષો સુધી પરદેશ ભટકતા પરદેશવાસી જનની સ્વજનને મળવાની ઝંખના, તે મિલાપ દૂર હોવાથી હૃદયનાં આંસુ, વિયોગી જીવનની નિષ્ફલતાનું ભાન.

સાંખ્યમાર્ગીઓને, યોગમાર્ગીઓને, જ્ઞાનમાર્ગીઓને બહાર પ્રભુના દર્શન થતાં જ નથી, તેઓ માત્ર આંતર ચક્ષુથી હૃદયમાં દર્શન કરે છે. નારદ, ધ્રુવ, પ્રહ્લાદ વગેરે દેવ તરીકે, વિષ્ણુ તરીકે, સકલ બ્રહ્માંડના નાથ તરીકે દર્શન બહાર કરે છે. પુષ્ટિમાર્ગીઓ આગળ પ્રભુનું સ્વરૂપ વ્રજવૃંદાવનનું છે, બાલકૃષ્ણરૂપે, નવનીતપ્રિયરૂપે, રાધારમણરૂપે, મદનમોહનરૂપે, નટવરનાગરરૂપે, ગોકુલચંદ્રરૂપે, ગોવર્ધનધરરૂપે છે. બહાર ચક્ષુથી દર્શન થાય છે એ વાત ખરી છે, પણ જ્યાં સુધી હૃદયમાં ભાવ ન હોય, હૃદય તન્મય થયું ન હોય, સર્વ હૃદય તેને અધીન થયું ન હોય, ત્યાં સુધી હૃદયમાંથી ઉભરાઇ તે **रसो वै सः** બહાર પ્રકટ થતો નથી; હૃદયમાં ન માઈ શકે ત્યારે જ બહાર પ્રકટ થાય છે. એ રસની આકૃતિ–મૂર્તિ–તેજ વૃંદાવનના **आनन्दमात्रकरपादमुखोदरादिः** ફલરૂપે કૃષ્ણ–સંયોગસમયે બહિઃપ્રકટ, વિપ્રયોગ સમયે અંતઃકરણના સ્વામી. વિષયાવેશ–સંસારાવેશ–માં રસરૂપ પ્રભુ કૃષ્ણના દર્શન દુર્લભ, સંયોગ રસ દુર્લભ, અને વિપ્રયોગ રસ તો બહુ જ દુર્લભ. રસ વિષયનો વિરોધી છે, સંસારનો વિરોધી છે. **विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः ।** જેમના દેહ વિષયથી ભરપૂર છે તેમને સર્વદા હરિનો આવેશ થતો નથી. વિષયરૂપી કચરો હૃદયમાં હોય, પછી પ્રભુ ત્યાં કેવી રીતે પધારે? નારદ, ધ્રુવ, પ્રહ્લાદ વગેરેની શાસ્ત્રીય અથવા વિહિત ભક્તિ છે; નંદ, યશોદા, ગોપીજનની ભક્તિ અશાસ્ત્રીય અથવા અવિહિત છે,–અવિહિત ભક્તિનો આનંદ ઓર છે. બ્રહ્મા, મહાદેવ વગેરેને પણ તે દુર્લભ છે, તેનું દાન માત્ર પ્રભુની કૃપાથીજ થાય છે.

रसो वै सः

*ભારતનાટ્યશાસ્ત્રમાં ‘ **शृंगारहास्यकरुणा रौद्रवीरभयानकाः । वीभत्साद्भुतसंज्ञाश्चेत्यष्टौ नाट्ये रसाः स्मृताः** એ શ્લોકમાં શૃંગારનો પ્રથમ નિર્દેશ કરીને તેનું પ્રધાનત્વ સૂચવ્યું છે. ત્યાર પછી ‘ **श्यामो भवति शृंगारः** ’ એ વાક્યથી શૃંગારરસના અધિષ્ઠાત્રી દેવતા વિષ્ણુને વર્ણવ્યા છે. આ ઉપરથી એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે ઉપનિષદ્‌માં જે

---

*તેલીવાળાના શૃંગારરસમંડનના ઉપોદ્ઘાતમાંથી.

પરમ તત્ત્વને રસરૂપ કહ્યું છે, અને જેની પ્રાપ્તિથી નિરવધિ નિરુપધિ આનંદની પ્રાપ્તિ થાય છે એમ ઉપદેશ્યું છે, તે પરમ તત્ત્વ રસરૂપ શ્યામ વિષ્ણુ છે. પુરાણ માત્રને વેદના ઉપબૃંહણ વા અર્થવિસ્તારક કહેવામાં આવે છે. જે વાત સૂક્ષ્મ રીતે ઉપનિષદ્માં દર્શાવી હોય તેજ વાતને પુરાણમાં સ્પષ્ટ દૃષ્ટાન્તોથી સુદૃઢ કરી હોય છે. રસરૂપ-શૃંગાર રસરૂપ-શ્યામ વિષ્ણુની પ્રાપ્તિ એજ પરમાનંદની, એજ સકલ મનોરથની પૂર્તિ કરાવે છે. એ જ વાત શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધમાં શ્રીમદ્ગોપીજનોને થયલી મેઘશ્યામ ગોપવેશ વિષ્ણુની પ્રાપ્તિથી સ્પષ્ટ કહી છે. ત્યાં પણ કૃષ્ણને શૃંગારરસના અધિષ્ઠાતા વિષ્ણુ, રસાવિષ્ટ તરીકે વર્ણવ્યા છે. ગોપીજનોને પણ સંસારના સર્વ વિષયોનો ત્યાગ કરીને એમને શરણે ગયલા વર્ણવ્યા છે. અને સર્વ પ્રપંચના ત્યાગપૂર્વક પ્રભુને શરણે જવાથી નિરુપધિ નિરવધિ આનંદની પ્રાપ્તિ તેમને થયલી વર્ણવી છે.

આ પ્રકારે પરમ તત્વ જો ઉત્તમોત્તમ શૃંગાર રસના અધિષ્ઠાત્રી દેવતા હોય, અને તેનીજ પ્રાપ્તિ એ પરમ સુખમાં કારણ હોય, તો તે શૃંગાર રસરૂપ પરમ તત્ત્વનો આવિર્ભાવ કેમ થાય? અનુભવ કેમ થાય? તેને વાસ્તે ભરત, વાત્સ્યાયન વગેરે મુનિવરોની પ્રવૃત્તિ છે. કામસૂત્રના અધ્યયનનું સાફલ્ય ત્યારેજ થાય કે જ્યારે એનો વિનિયોગ લોકમાં નહિ થતાં પ્રેમપુંજરૂપ રસેશ પ્રભુમાં થાય. કામસૂત્રકાર સ્પષ્ટ રીતે સ્વગ્રન્થની અંતે જણાવે છે કેઃ-**विहितं लोकयात्रार्थं न रागार्थोऽस्य संविधिः अस्य शास्त्रस्य तत्त्वज्ञो भवत्येव जितेन्द्रियः ।** અર્થાત્ કામસૂત્રના જ્ઞાનથી જિતેન્દ્રિય થઇને રસાત્મક કૃષ્ણમાં શૃંગાર રસના પ્રેમપુંજમાં તેનો વિનિયોગ કરવાનો છે. ભરત નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, એટલું જ નહિ પણ સર્વ વિદ્યાઓનો યથાર્થ વિનિયોગ (પૂર્ણ ફલ, પૂર્ણ વિકાસ) ત્યારેજ થયલો કહેવાય કે જ્યારે શૃંગારરસરૂપ પ્રેમપુંજના પ્રાકટ્યમાં તે વિદ્યાનું જ્ઞાન ઉપયોગી થાય. લોકોમાં અનાસક્ત અને પ્રભુમાં પરમાસક્ત ઋષિઓનું તાત્પર્ય લોકમાં ન હોય એ સ્વાભાવિક જ છે. શ્રીમદ્વિઠ્ઠલેશ્વર-ચરણ ભરતાદિનાટ્યશાસ્ત્રનો શું ઉદ્દેશ છે તેને વાસ્તે સ્પષ્ટ જણાવે છે કેઃ-**लौकिकपुंसि नार्यां वा तदाभासो रसशास्त्रे निरूप्यते, तद्दृष्टान्तेन भगवद्भाववद् भक्तरीतिभावनार्थं, न तु ऋषीणां लौकिके तात्पर्यं भवितुमर्हति.** અર્થાત્ ઋષિઓનું કામસૂત્રાદિ ગ્રન્થો લખવામાં તાત્પર્ય લોકોને વ્યામોહ કરીને લૌકિકમાં પટકવાનું નથી, પરન્તુ એવા પ્રેમયુક્ત ભક્તને પ્રભુનું ભજન કેમ કરવું, રસાત્મક પ્રભુનો અનુભવ કેમ કરવો તે દર્શાવવાને વાસ્તે જ છે, અલંકારશાસ્ત્રનો પણ વિનિયોગ આ જ પ્રકારે સમજવાનો છે.

આ ઉપરના કથનથી શ્રીમદ્ગોપીજનવલ્લભ કૃષ્ણની પરમ ઉપાસ્યતા, પરમ આદરણીયતા, પ્રેમનિષ્ઠ આચાર્યોએ કેમ સ્વીકારી એ સ્પષ્ટ સમજાશે. બંગાલના ગૌડ સંપ્રદાયના રૂપગોસ્વામીએ રસશાસ્ત્રને કૃતાર્થ કરવાને તચ્છાસ્ત્રપ્રતિપાદક ઉજ્જવલનીલમણિનામક રસગ્રન્થ શ્રીકૃષ્ણમાં વિનિયોજ્યો, સૂરદાસ અને પરમાનંદદાસ વગેરે મહાભક્તોએ પોતાની પ્રભુદત્ત કીર્તનશક્તિનો વિનિયોગ લક્ષાવધિ પદો યોજીને પ્રભુના ગુણગાનમાં કર્યો, અને શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણે નિજ સંગીત-સાગરત્વ અને પરમ કવિત્વનો વિનિયોગ શૃંગારરસમંડનદ્વારા શ્રીમદ્ગોપીજનવલ્લભમાં કર્યો.

જે પરમ તત્ત્વને તૈત્તરીય ઉપનિષદ્માં રસરૂપ કહ્યું, તેને આ પ્રેમનિષ્ઠ

આચાર્યોએ શ્રીમદ્‌ગોપીજનવલ્લભ તરીકે સ્વીકાર્યું. શ્રીમદ્‌ગોપીજનવલ્લભ એ માત્ર દેહધારી લૌકિક શરીરવાન્ જીવ નહિ, પરન્તુ શ્રીમદ્‌ગોપીજનોના હૃદયમાં સ્થિત અને બહાર નિરંતર અનુભવાતા પ્રેમભાવપુંજની મૂર્તિ છે. સંગીતનું જેઓને જ્ઞાન હશે તેઓને તો ખબર છે કે જ્યારે સારંગ વિલાસ ઈત્યાદિ કોઈ પણ રાગનું યથાર્થ ગાન થાય છે, ત્યારે તેઓ કહે છે કે તે રાગનું સ્વરૂપ ખડું થયું. અર્થાત્ જે રાગ અનભિજ્ઞ લોકને અમૂર્ત લાગે છે તે જ તદભિજ્ઞને સ્પષ્ટ મૂર્તિમાન્ અનુભવમાં આવે છે. એટલું જ નહિ પણ તેમનું સ્વરૂપવર્ણન તથા તેનાં ચિત્રો પણ સુંદર જોવામાં આવે. તેવી જ રીતે પરમ પ્રેમરૂપ આનંદરૂપ શૃંગારરસના અધિષ્ઠાતાનો સાક્ષાત્કાર પણ તદ્રસાભિજ્ઞને જ થાય છે, અને તેવા તદ્રસાભિજ્ઞ વા તન્નિષ્ઠાવાન્‌ને શૃંગારરસમંડનાદિ ગ્રન્થો પરમ ફલરૂપે સ્ફુરે છે.

લીલાનિત્યત્વ.

(લેખકઃ-પ. ભ. નાનુભાઈ નારાયણદાસ ગાંધી. એમ. એ., એલ્. એલ્. બી.)

श्रीकृष्णं परमानंदं दशलीलायुतं सदा ॥ सर्वभक्तसमुद्धारे विस्फुरंतं परं नुमः ॥ १ ॥

ભગવાનની લીલા નિત્ય છે.

સર્વ ભક્તોનો સારી રીતે ઉદ્ધાર કરવા સદા પ્રકાશતા, સદા દશ લીલાવાળા, (સર્વથી) પર, પરમાનંદ શ્રીકૃષ્ણને અમે નમન કરીએ છીએ. તત્ત્વદીપ. ભા. ૧-૧.

પૂઃ—ભગવાન શ્રીકૃષ્ણ સદા દશ લીલાઓવાળા છે, એટલે સદા દશે લીલાઓ કરે છે એવો અર્થ થયો. એક જ શ્રીકૃષ્ણ એક જ વખતે એકથી વધારે લીલાઓ શી રીતે કરી શકે ?

સિઃ—ભગવાન સદા વિદ્યમાન (નિત્ય) છે, તેમ તેમની બધી લીલાઓ પણ નિત્ય છે, દરેક લીલા કરનાર ભગવાનનું સ્વરૂપ નિત્ય છે, અને તે નિત્ય તે લીલા કર્યા કરે છે.

પૂઃ—ભગવાનની લીલાને તો ગોવર્ધનગિરિ, વૃંદાવન જેવાં વન, શ્રીયમુનાજીના તટ, પશુઓ, પક્ષિઓ, ગોપો વિગેરે સાથે સંબંધ છે. આ બધા ગિરિ, વન, વિગેરે અનિત્ય (અમુક સમય સુધી જ રહેનારાં) છે, ત્યારે તેમની જેમાં જરૂર છે તેવી ભગવાનની લીલા નિત્ય કેમ હોઈ શકે ? ગિરિ વિગેરે ન હોય ત્યારે એમના સંબંધવાળી લીલા કેમ હોઈ શકે ?

સિઃ—ભગવાનની લીલા નિત્ય છે એ નીચેના પ્રમાણથી જ સિદ્ધ છે.

जयति जननिवासो देवकीजन्मवादो । यदुवरपरिषत्स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ॥
स्थिरचरवृजिनघ्नः सुस्मितश्रीमुखेन । व्रजपुरवनितानां वर्धयन् कामदेवम् ॥ १ ॥

શ્રીમદ્‌ભાગવત ૧૦.૮૭.૪૮.

જનોમાં જેમનો નિવાસ છે, દેવકીથી જેમનો જન્મ થયાનું (માત્ર) કહેવાય છે, જે સ્થાવર અને જંગમ (પ્રાણીઓના) પાપનો નાશ કરે છે, તે (ભગવાન) ઉત્તમ યદુઓની સભામાં (પોતાના) સેવકોથી (તેઓના) બાહુદ્વારા અધર્મનો નાશ કરતા અને સુંદર સ્મિતવાળા પોતાના શ્રીમુખથી વ્રજ અને પુરની સ્રીઓના કામદેવની વૃદ્ધિ કરતા જય પામે છે.

આ શ્લોકમાં દ્વારકા, મથુરા અને ગોકુલમાં ભિન્ન ભિન્ન સમયે કરેલી લીલાના કર્તા ભગવાનની ઉત્કૃષ્ટ સ્થિતિ જ્યારે શ્રીશુક આ શ્લોક બોલે છે ત્યારે પણ છે, એમ 'જય પામે છે' એ વર્તમાન કાળથી કહેલું છે. વળી તે આ વાક્ય બોલે છે ત્યારે આ બધી લીલાઓ પણ ચાલુ છે એમ જણાવવા (અધર્મનો) નાશ કરતા અને (કામદેવની) વૃદ્ધિ કરતા એમ 'अस्यन्' અને 'वर्धयन्' એ બે વર્તમાન કૃદંતો યોજેલાં છે. તેથી જ્યારે શ્રીશુક આ વાક્ય કહે છે ત્યારે પણ (૧) ભગવાન જય પામે છે, (૨) પોતાના સેવકોથી અધર્મનો નાશ કરતા હોય છે, અને (૩) વનિતાઓના

કામની વૃદ્ધિ કરતા હોય છે. આ બધી લીલાંઓ ભગવાને ભૂતકાળમાં કરેલી એમ સર્વ માનતા હતા, પરંતુ શ્રીશુક આ વાકય કહે છે ત્યારે પણ તે બધી લીલાઓ ચાલુજ હતી, એમ આ વાકય કહે છે. જો ભગવાનની લીલાઓ નિત્ય હોય તો જ આ સંભવે, બીજી કોઈ રીતે આ સંભવે નહિ.

શ્રીમદાચાર્યચરણ પણ આ શ્લોકનો અર્થ કરતાં શ્રીસુબોધિનીમાં કહે છે કે ‘ઉત્તમ યદુઓની સભામાં પણ જે ‘સ્વકીય’ સેવકો છે તેઓ વડે પણ દૈત્યાદિરૂપ સર્વ અધર્મનો (अस्यन्) નાશ કરતાં હજી પણ ભગવાન દ્વારકામાં યાદવસભામાં વિરાજે છે. જો કોઈ દૈત્ય એમાં પ્રકટ થાય તો ત્યાંથીજ કોઈને મોકલીને તેને મારે છે એવો અર્થ છે’ .... ‘આ બધી પહેલાની કથા છે. પહેલાં જેવી હતી તેવીજ હજી પણ છે. તે સ્થલોમાં તેવીજ રીતે (લીલા) કરે છે.’ તેથી આ વાકયથી ભગવાનની સર્વ લીલા નિત્ય છે એમ સંદેહ રહે નહિ તેવી રીતે સિદ્ધ થાય છે.

જો શ્રીશુકને એમ કહેવું હોત કે જ્યારે આ શ્લોક તે કહે છે ત્યારે એ લીલાઓના કર્તા ભગવાનજ હતા, પરંતુ લીલાઓ ન હતી, તો તે એ લીલાઓનું વર્ણન જ ત્યાં ન કરત; કદાચ લીલાઓના કર્તા ભગવાનને ઓળખાવવા એ લીલાઓનું ત્યાં વર્ણન કર્યું છે એમ માનો, તોપણ ત્યાં ‘એ લીલાઓ કરતા’ (ભગવાન જય પામે છે) એમ વર્તમાન કૃદંત તો નજ વાપરત, તેથી શ્રીશુક એ શ્લોક કહે છે ત્યારે પણ ભગવાન એ લીલાઓ કરતા જ હતા એમ એ વર્તમાન કૃદંતના પ્રયોગથી નિઃસંદિગ્ધ સિદ્ધ થાય છે.

પૂઃ—‘अस्यन्’ ‘वर्धयन्’ એ બે વર્તમાન કૃદંતોથી તે સમયે લીલા ચાલુ હતી એમ કહે છો, પરંતુ વર્તમાન કૃદંતો વિશેષણ તરીકે યોજાયેલાં છે, અને વિશેષણો કયાંય વાકયનો મુખ્ય અર્થ કહેતાં નથી, તેથી આ લીલાઓ તે સમયે ચાલુ હતી એવો આ વાકયનો મુખ્ય અર્થ નથી.

સિઃ–વિશેષણો વાકયનો મુખ્ય અર્થ કહે છે. ‘दण्डी प्रैषानन्वाह’ ‘लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति’ એ વાકયોમાં ક્રિયાપદોથી વાકયનો મુખ્ય અર્થ કહેલો નથી, કારણ કે તે અર્થ પહેલાં કહેવાઈ ગયેલો છે, પરંતુ ‘दण्डी’ અને ‘लोहितोष्णीषाः’ એ વિશેષણોથી જ મુખ્ય અર્થ કહેલો છે, કારણ કે એ અર્થ પહેલાં કહેલો ન હતો. તેવી જ રીતે અહિં પણ શ્રીશુક જ્યારે એ વાકય કહે છે ત્યારે ભગવાનના અસ્તિત્વ વિષે કોઈને શંકા નથી, તેથી ભગવાનની લીલાઓ તે સમયે ચાલુ હતી એ જ આ વાકયથી કહેલું છે એમ માનવું જ યોગ્ય છે.

ભગવાનનાં નામ પણ નિત્ય છે.

વળી સર્વજ્ઞ ગર્ગાચાર્ય નામકરણ સંસ્કાર કરવા આવે છે ત્યાં નીચે પ્રમાણે કહે છેઃ–

वहूनि सन्ति नामानि रूपाणि च सुतस्य ते ।
गुणकर्मानुरूपाणि तान्यहं वेद नो जनाः ॥ भा. १०.८.१६.

તમારા પુત્રના ગુણ અને કર્મને અનુરૂપ ઘણાં નામો અને રૂપો છે. હું તેઓને જાણું છું, માણસો જાણતા નથી.

જ્યારે ગર્ગાચાર્ય આ વાક્ય કહે છે ત્યારે પણ ભગવાનનાં ઘણાં નામો અને રૂપો 'છે', અને તે સર્વ ગુણ અને કર્મને અનુરૂપ છે. તેથી ગર્ગાચાર્ય આ વાક્ય કહે છે ત્યારે પણ ભગવાનના ઉદારતા વિગેરે ગુણો અને કાલીયદમન વિગેરે કર્મોને અનુરૂપ તેમનાં નામો અને રૂપો છે એવો અહિં બોધ કરેલો છે, ગુણ અને કર્મને અનુરૂપ એટલે તે સમયને યોગ્ય આકાર, ક્રિયા અને ગુણવાળાં. જેમકે ભગવાને ગોવર્ધન ધારણ કર્યો તે સમયે ભગવાન ઊભા હતા, તેમનો શ્રીહસ્ત ઉંચો કરેલો હતો, પોતે ગોવર્ધનને ધારણ કરવાની ક્રિયા અને ગોકુલના સર્વ લોકોનું રક્ષણ કરતા હતા. આ ઉપરથી ભગવાનનું 'ગોવર્ધનધારી' નામ છે. ગર્ગાચાર્યે જ્યારે ઉપરનું વાક્ય કહ્યું ત્યારે પણ ભગવાનનું તે નામ હતું. જો એ નામને અનુરૂપ રૂપ અને ક્રિયા તે સમયે ન હોય તો તે નામ પણ ન હોય. તેથી ગર્ગાચાર્યે એ વાક્ય કહ્યું ત્યારે ભગવાનનું 'ગોવર્ધનધારી' નામ હતું, અને તે નામને અનુરૂપ તે નામના પ્રયોજક ભગવાનનું તે રૂપ અને ક્રિયા પણ હતી. આ સર્વ તે નામ, રૂપ અને ક્રિયા (લીલા) નિત્ય હોય તો જ સંભવે છે. જો કોઈ સમયે ભગવાન એ ગોવર્ધનને ધારણ કરવાની ક્રિયા કરતા ન હોય, તો તે સમયે એ નામ પણ ન રહે. જેમ કોઈ રસોઈ કરતો હોય અથવા પાઠ કરતો હોય, ત્યારે તેને પાચક અથવા પાઠક કહેવાય, પરંતુ તે કાર્ય કરતો ન હોય ત્યારે તેને પાચક અથવા પાઠક ન કહેવાય; તે પ્રમાણે ભગવાન ગોવર્ધનને ધારણ કરવાની ક્રિયા કરતા ન હોય તો તેમને તે સમયે 'ગોવર્ધનધારી' ન કહેવાય.

પૂ:—કોઈ વાર રસોઈ કરતો હોય તેને તે રસોઈ ન કરતો હોય તેવા સમયે પણ ઉપચારથી રસોઇઓ (પાચક) લોકમાં કહેવાય છે; જેમકે 'રસોઇઆને બોલાવી લાવ;' તે પ્રમાણે ભગવાને કોઈ વાર ગોવર્ધન ધારણ કરેલો, તેથી જ્યારે તેમણે તે ધારણ ન કરેલો હોય તેવે સમયે પણ 'ગોવર્ધનધારી' એમ ઉપચારથી કહેવાય. ગર્ગાચાર્યે પણ એવીજ રીતે 'તમારા પુત્રનાં ઘણાં નામો છે' એમ કહેલું છે; તેથી તેમના વચનથી ભગવાનનાં નામ વિગેરે નિત્ય સિદ્ધ થતાં નથી.

સિ:—જે પ્રયોગ ઉપચારથી કરવામાં આવે તે 'નામ' કહેવાય નહિ. નામ તો પોતાની મુખ્ય વૃત્તિથીજ* પોતાનો અર્થ જણાવે છે. લોકમાં અમુક નામ (નરસિંહ) તે નામવાળા પુરુષનો બોધ કરે છે, તે ઉપચારથી બોધ કરતું નથી, પણ રૂઢિથીજ બોધ કરે છે. જો ઉપચારથી બોધ કરતું હોય તો તેમાં તેના જેવા ગુણો જોઇએ. 'નરસિંહ' માં બહાદુરી જોઇએ, મોટા નખ વિગેરે આકાર જોઇએ, તેવું કાંઈ ન હોય, જે માત્ર ભીરૂ હોય તેનું પણ લોકમાં 'નરસિંહ' નામ હોય છે, તેથી તે નામ તે પુરુષનો રૂઢિથી જ બોધ કરે છે. 'ડિત્થ,' 'કપિત્થ' એવાં અર્થ વગરનાં નામો પણ રૂઢિથી તે નામવાળા માણસનો બોધ કરે છે, તેમ 'નરસિંહ' પણ રૂઢિથી જ તે નામવાળા માણસનો બોધ કરે છે, તેથી જ લોકમાં 'શ્રીકૃષ્ણ' 'પરમાનંદ' એવાં નામો હોય છે તે ભગવાનનાં નામો નથી, કારણ કે ભગવાનનાં એ નામોનો 'સદાનંદ' 'પરમ આનંદ' વિગેરે જે અર્થ છે, તે અર્થ એ નામવાળા લૌકિક

---

* પોતાનો અર્થ જણાવવાની શબ્દની શક્તિ.

પુરુષોમાં નથી; તેથી એ લૌકિક નામ તો માત્ર અર્થ વગરના, ભગવાનનાં નામ જેવા શબ્દોજ છે. ભગવાનનાં નામો તો અખંડ શબ્દબ્રહ્મરૂપ છે. તેથી જ શ્રીમહાચાર્યચરણે આ વાક્યપરના શ્રીસુબોધિનીમાં કહેલું છેકે જેમ ભગવાનનાં સ્વરૂપમાં 'આ લૌકિક શરીર છે' એવું ભાન જોનારને પોતાના દોષથી થાય છે, તેમજ ભગવાનનાં નામમાં 'આ લૌકિક શબ્દ છે' એવું ભાન પોતાના દોષથી જ થાય છે. તેથી જેમ ભગવાનનાં સ્વરૂપ નિત્ય છે, તેમજ ભગવાનનાં સર્વ નામો પણ નિત્ય જ છે.

પ્રઃ—ભગવાનનાં નામો અખંડ શબ્દબ્રહ્મરૂપ છે, અને તે ભગવાનનાં ગુણ અને કર્મોને અનુરૂપ છે એમ તમે કહો છો. ભગવાન એવાં (ગોવર્ધન ધારણ કરવા જેવાં) કર્મો કરે અને તેવા ગુણો તેમનામાં જણાય ત્યારે તેવાં તેમનાં નામો પડે, તે પહેલાં તેમનાં તેવાં નામો હોઈ શકે નહિ, અને બ્રહ્મ તો નિત્ય હોવાથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાલમાં હોવું જ જોઇએ, તેથી નામને અનુરૂપ ક્રિયા પછી પડેલાં ભગવાનનાં નામો, તે પહેલાં તેમનું અસ્તિત્વ નહિ હોવાથી, બ્રહ્મ કેમ હોઈ શકે?

સિઃ—ભગવાનનાં નામો પણ તે નામને અનુરૂપ ક્રિયા પછી ઉત્પન્ન થતાં નથી, પરંતુ જેમ ભગવાનનું સ્વરૂપ નિત્ય છે તેમ તેમનાં નામો પણ નિત્યજ છે. જેમ ભગવાનનું સ્વરૂપ નિત્ય હોવા છતાં અમુક સમયે આવિર્ભાવ પામે છે, તેમ ભગવાનનાં કર્મો પણ નિત્ય હોવા છતાં અમુક સમયે પ્રાદુર્ભાવ પામે છે, અને તેથી તેને અનુરૂપ નામો પણ નિત્ય હોવા છતાં અમુક સમયે પ્રાદુર્ભાવ પામે છે, પણ તેમની ઉત્પત્તિ થતી જ નથી. તેથી જ ભગવાને સાત વર્ષની વયે ગોવર્ધન ધારણ કર્યો, અને ત્યારપછી સુરભિએ તેમનો અભિષેક કરી તેમને 'ગોવિંદ' કહ્યા,× એટલે સાત વર્ષની વય પછી ભગવાનનાં 'ગોવિંદ' સ્વરૂપ અને નામનું પ્રાકટ્ય થયું, છતાં ભગવાન જ્યારે તદ્દન નાના હતા ત્યારે 'ક્રીડા કરતા હો ત્યારે ગોવિંદ (તમારું) રક્ષણ કરો'† 'ગોવિંદના વેણુ અનુસાર મત્તમયૂરના નૃત્યને જોઇને'+ એમ ગોપીઓએ તે નામ કહેલું છે. તેથી ભગવાનનાં કર્મ, રૂપ અને નામ સર્વ નિત્ય છે, જે કર્મવાળા જે રૂપનું જે નામ છે તે કર્મવાળું તે રૂપ પણ નિત્ય છે, પરંતુ જૂદા જૂદા ભક્તોને જૂદા જૂદા રસનો અનુભવ કરાવવા ભગવાન કોઈ રૂપનો ક્રમથી આવિર્ભાવ કરે છે, અને કોઈ રૂપનો તિરોભાવ કરે છે. તેથી ભગવાન સદા ગોવર્ધનને ધારણ કરી રહેલા છે તે ભગવાનની ક્રિયા નિત્ય છે, વામ કર ઉપર ગોવર્ધન ધારણ કરેલ ભગવાનનું રૂપ પણ નિત્ય છે, અને 'ગોવર્ધનધારી' એ ભગવાનનું નામ પણ નિત્ય છે. તેથી જ હજી પણ કોઈ વાર ભક્તોને એવા ગોવર્ધનધારી સ્વરૂપના દર્શન પણ થાય છે. તેવી પ્રતિમાનું લોકો ભજન તથા સ્મરણ કરે છે, અને તેથી ભગવાનની કૃપા પ્રાપ્ત કરે છે. જો ભગવાનનું તેવું સ્વરૂપ ન હોય અને છતાં લોકો તેવા સ્વરૂપનું ભજન કરે, તો 'જે એક પ્રકારના આત્માને અન્ય પ્રકારનો માને છે તે આત્માનું હરણ કરનાર ચોરે શું પાપ નથી કર્યું?' એ શ્રુતિ પ્રમાણે એ ભજનથી ભગવાનનો રોષ જ થાય, પણ કૃપા થાય નહિ.

વળી જેમ ભગવાનનાં નામો ગુણ અને કર્મને અનુરૂપ કહ્યાં છે, તેમ ભગ-

---

×શ્રીમદ્ભાગવત ૧૦–૨૮–૨૩ †શ્રીમદ્ભાગવત ૧૦–૬–૨૫ +શ્રીમદ્ભાગવત ૧૦–૧૮–૧૦

વાનનાં રૂપો પણ લેવાંજ ગર્ગાચાર્યે એ વાકયમાં કહેલાં છે. રૂપો ઉપચારથી થયલાં હોઈ શકેજ નહિ, તો પછી નામો પણ ઉપચારથી થયલાં નથી એમજ માનવું રહ્યું. ભગવાનનાં ગુણો અને કર્મો પણ નિત્ય છે એમ જણાવવાજ, નામ અને રૂપોને ગુણ અને કર્મને અનુરૂપ કહેલાં છે, કારણ કે તેમ ન હોય તો માત્ર નામકરણસંસ્કાર કરવાનું ગર્ગાચાર્યને કહેલ હોવા છતાં તે ગુણ અને કર્મને અનુરૂપ ઘણાં નામો અને રૂપો છે એ બધું શા માટે કહે?

ભગવાનનાં અનેક રૂપો તથા લીલા નિત્ય છે.

'तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके' 'તે હાલે છે, તે હાલતું નથી; તે દૂર છે, તે નજીક છે.' શ્રુતિ પણ ગુણ અને કર્મને અનુરૂપ ભગવાનનાં સ્વરૂપો નિત્ય જ છે એવો બોધ કરે છે. તેમ ન હોય તો એક જ (બ્રહ્મ) એક જ સમયે ક્રિયાવાળું અને ક્રિયારહિત છે એમ ન કહેત. તેથી ભગવાનનું જે રૂપ હાલે છે તે રૂપ અને તેની હાલવાની ક્રિયા નિત્ય છે. ભગવાનનું જે રૂપ હાલતું નથી (સ્થિર છે) તે રૂપ અને તેની સ્થિરતા નિત્ય છે. વળી ભગવાનનું આ હાલતું રૂપ અને સ્થિર રૂપ જૂદાં છે એમ ન માનવું, કારણ કે તે જૂદાં નથી એમ જણાવવા 'તે' શબ્દ વારંવાર દરેક રૂપ માટે યોજેલો છે. પ્રથમ 'તે' શબ્દ યોજ્યો તે બધાને લાગુ પડી શક્ત, છતાં દરેક પાસે 'તે' શબ્દ યોજ્યો છે તેનું કારણ એ છે કે તે બધાં એક જ બ્રહ્મ છે એમ સમજાય. તેથી બ્રહ્મનાં (ભગવાનનાં) અનેક નિત્ય રૂપો છે, અનેક નિત્ય ક્રિયાઓ છે, અને અનેક નિત્ય નામો છે એમ સિદ્ધ થાય છે.

ભગવાનની લીલા નિત્ય છે એમ પ્રતિપાદન કરનાર વેદના મંત્રો.

ઋગ્વેદમાં નીચેનો મંત્ર છે.

ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिशृंगा अयासः ॥
अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि ॥

આનો અર્થ એવો છે કે તમારા બેનાં એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્રનાં અથવા શ્રીકૃષ્ણ અને ગોપીઓનાં તે પ્રસિદ્ધ ધામો પ્રાપ્ત કરવાને અમે ઈચ્છીએ છીએ કે જ્યાં (જે ધામમાં) મોટા શૃંગોવાળી સારી ગયો વસે છે, અથવા મોટા શૃંગોવાળા સારા અરણ્યના અથવા ગામમાં રહેનારા રૂરૂ વિગેરે પશુઓ વસે છે. આ સ્થાનમાં અથવા ભૂમિપર ગોપીઓના કામને વરસાવનાર ઘણી કીર્તિવાળા ભગવાનનું તે લોક અને વેદમાં પ્રસિદ્ધ પરમ પદ શ્રીગોકુલ ઘણુંજ પ્રકાશે છે.

અહીં શ્રીગોકુલ 'भूरि' એટલે ઘણું જ પ્રકાશે છે એમ કહેલ છે, તેથી અનેક પ્રકારના નિકુંજ, ગુફાઓ, શ્રીયમુનાજીના તટો, શ્રીગોવર્ધનનું શિખર વિગેરેમાં ભગવાનની નિરંતર સ્થિતિ છે, અને તેવા પ્રકારનું શ્રીગોકુલ હોઈ તે ઘણુંજ પ્રકાશે છે એવો તાત્પર્યાર્થ છે. 'भूरि' નો અર્થ 'વ્યાપક' (સર્વત્ર હોય તે) પણ થાય છે. તેથી શ્રીગોકુલ પરમ હોવાથી, ભગવાનનું સ્થાન હોવાથી અને ભૂરિ (વ્યાપક) હોવાથી નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે.

વળી તૈત્તિરીયકમાં નીચે પ્રમાણે મંત્ર છેઃ—

ते ते धामान्युश्मसि गमध्यै गावो यत्र भूरिशृंगा अयासः ॥
अत्राह तदुरुगायस्य विष्णोः परमं पदमवभाति भूरेः ॥

આ મંત્ર પહેલાં કહ્યો તેના જેવોજ છે. અલ્પ પાઠભેદ છે. પહેલા મંત્રમાં 'भूरि' પદ હતું તેને બદલે અહિં 'भूरेः' પદ યોજ્યું છે, અને તે ભગવાનનું વિશેષણ છે. 'भूरेः' એટલે બહુરૂપવાળાનું. રાસોત્સવમાં ભગવાન ઘણાં રૂપોથી પ્રકટ થાય છે, તેવા બહુરૂપવાળા ભગવાનનું પરમ પદ શ્રીગોકુલ પ્રકાશે છે એવો અર્થ છે. વેદ નિત્ય છે, અને તે 'પ્રકાશે છે' એમ વર્તમાનકાળનો પ્રયોગ શ્રીગોકુલ માટે કરે છે, તેથી શ્રીગોકુલ પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. બીજું જે કોઇ અનિત્ય હોય તે 'આ પ્રકાશે છે' એમ કહે, તો તે એમ કહેતું હોય ત્યારે એ પ્રકાશે છે એ સમજાય, પણ વેદ નિત્ય હોવાથી તે 'શ્રીગોકુલ પ્રકાશે છે' એમ કહે છે તેથી શ્રીગોકુલ નિત્ય પ્રકાશે છે અથવા નિત્ય છે એમ સિદ્ધ થાય છે.

ઉપરના મંત્ર પછી નીચેના બે મંત્રો છેઃ—

विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ॥ इन्द्रस्य युज्यः सखा ॥ १ ॥
तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ॥ दिवीव चक्षुराततम् ॥ २ ॥

આ બે પૈકી પહેલા મંત્રમાં ભગવાનનાં કર્મો કહેલાં છે, અને બીજા મંત્રમાં પહેલા એટલે આ બે મંત્ર ઉપરના મંત્રમાં જે લીલાસ્થાન શ્રીગોકુલનું વર્ણન કર્યું તે વિષ્ણુનું પરમ પદ છે એમ કહી, 'તે નિત્ય છે' એમ જણાવવા 'सदा पश्यन्ति सूरयः,' સૂરિઓ એટલે વિદ્વાનો અથવા ભક્તો તેના સદા દર્શન કરે છે' એમ વેદ કહે છે. શ્રીગોકુલ નિત્ય હોય તો જ ભક્તોને તેના દર્શન સદા થાય. તેથી તે નિત્ય છે એમજ કહેવાનો વેદનો આશય છે.

શ્રીગોકુલમાં તો ગોવર્ધન, શ્રીયમુના, નિકુંજ વિગેરે છે; આવા ઉદ્‌ભૂતરૂપવાળા ગોકુલના તો સર્વને દર્શન થવા જોઈએ, છતાં ભક્તોને જ તેના દર્શન કેમ થાય છે, બીજાને કેમ થતા નથી ?' એવી શંકા થાય તેનો નિરાસ કરવા 'दिवीव चक्षुराततम्' કહેલું છે, જેમ (दिवि) સ્વર્ગમાં (आ) ચારે તરફ (ततम्) વ્યાપી રહેલ સુખનું સાધન અથવા સુખકારક પદાર્થોનું દર્શન ત્યાં રહેનારનાજ ચક્ષુને થાય છે, બીજાને થતું નથી, તેમ ભગવાનના નિત્ય પરમધામ શ્રીગોકુલના દર્શન લીલામાં જે ભક્તો હોય તેમનેજ થાય છે, બીજાને થતાં નથી.

અથવા જેમ પહેલાં ભૂમિપર રહેનારને સ્વર્ગના પદાર્થો દેખાય નહિ, પરંતુ યોગ સિદ્ધ કરી તેમનું ચક્ષુઃ આતત એટલે સર્વત્ર વ્યાપિ રહેનાર અથવા સર્વગ્રહણ કરી શકે તેવું કરવાથી ભૂમિપર રહીને જ સ્વર્ગના પદાર્થો તે જોઈ શકે, તેવી રીતે શ્રીગોકુલના પ્રથમ દર્શન ન થતાં હોય તેવો પુરૂષ પણ ભગવાનની ભક્તિ કરી અધિકાર પ્રાપ્ત કરી ભગવાનની કૃપા મેળવે, તો ભૂતલ ઉપર રહીને જ તેને પણ શ્રીગોકુલના દર્શન થાય એમ અહિં કહેલ છે.

'विष्णोः कर्माणि' पश्यत' મંત્રનો અર્થ નીચે પ્રમાણે છેઃ—ભગવાને શ્રીગોકુલમાં કરેલાં કર્મો જેવાં કે યશોદાનું સ્તનપાન, પૂતનાના અસુરૂપી પયનું પાન, રિંગણ (ઢીંચણોથી ચાલવું) વિગેરે જુઓ, (यतः) જે કર્મોને લીધે (व्रतानि) કાત્યાયની અર્ચન વિગેરે વ્રતોનો (पस्पशे) ભગવાને સ્પર્શ કર્યો, એટલે તે વ્રતોના ફલ તરીકે આવિર્ભૂત થઈ વ્રત કરનારીઓ સાથે સર્વ લીલા કરી, અથવા पस्पशे એટલે બાધ કર્યો. જે કર્મોને લીધે લોકમર્યાદા પાતિવ્રત્ય વિગેરે વ્રતોનો ભગવાને બાધ કર્યો. આ મંત્રમાં ભગવાનનાં કર્મો માટે 'यतः' અવ્યય યોજેલો છે, તેથી એમ જણાવ્યું છે કે ભગવાનનાં કર્મો અવિકારી અને દોષરહિત છે. ભગવાનનાં આવાં કર્મોના દર્શન કરવાનું સાધન કરો, એમ કહેવાનો આ મંત્રનો આશય છે. તેથી ભગવાનનાં કર્મ પણ નિત્ય જ સિદ્ધ થાય છે, કારણકે કર્મો નિત્ય ન હોય તો તેના દર્શન કરવાનો ઉપદેશ સંભવતો નથી. વળી ભગવાન (इन्द्रस्य) ઇંદ્રના (युज्यः) યોગ્ય અથવા અનુકૂલ (सखा) મિત્ર છે. શ્રીગોકુલવાસીઓ ઇંદ્રનો યાગ કરતા હતા તે ભગવાને બંધ કરાવ્યો, તેથી કોપ કરી ઇંદ્રે વ્રજનો નાશ કરવા સાત દિવસ અખંડ વૃષ્ટિ કરી, છતાં ભગવાને તેનો મદ જ દૂર કર્યો, પરંતુ તેને કાંઇ શિક્ષા કરી નહિ, તેથી ભગવાન ઇંદ્રને અનુકૂલ છે. પછી ભગવાનનો અભિષેક થયો, અને તે ગાયોના ઇંદ્ર 'ગોવિંદ' થયા. એ પ્રમાણે ભગવાને ઇંદ્રના ધર્મ ઇંદ્રાભિષેકનો અંગીકાર કર્યો, તેથી તે ઇંદ્રના યોગ્ય મિત્ર પણ થયા. અપકારી ઉપર પણ ઉપકાર કરવાનું આવું કાર્ય ભગવાન વિના બીજું કોઈ કરે નહિ, તેથી ભગવાન ઘણા કૃપાળુ છે એમ અહિ સૂચવેલું છે.

આ બે મંત્રો પછી નીચેનો મંત્ર છેઃ—

तद्विद्वांसो विपण्यवो जागृवांसः समिन्धते ॥ विष्णोर्यत्परमं पदम् ॥

આનો અર્થ એવો છે કે વિષ્ણુના પરમ પદનું નિરૂપણ કરેલું છે તે પરમ પદને (विद्वांसः) બુદ્ધિવાળા, (विपण्यवः) સારી રીતે ભગવાનની સ્તુતિ કરનારા અને (जागृवांसः) શબ્દ તથા અર્થમાં કાંઇ પણ પ્રમાદ કર્યા વિના જાગ્રત રહેનારાઓ (समिन्धते) સારી રીતે દીપાવે છે અથવા પ્રકાશે છે. તેઓ 'બુદ્ધિવાળા' હોવાથી ઉપર જણાવી તેવી ભગવાનની લીલા, ભગવાનનું સ્વરૂપ વિગેરેનું તેમને અનુસંધાન રહે છે. તેઓ શબ્દ અને અર્થમાં પ્રમાદ વગરના હોય છે, એટલે વાચ્ય ભગવાનનું રૂપ અને વાચક ભગવાનનું નામ નિત્ય છે એમ જાણી નિરંતર કીર્તનરૂપ સ્તોત્ર વિગેરે કરી તેમને પ્રકટ કરે છે, અને દુષ્ટ તર્કથી પોતાની મતિને ભમવા દેતા નથી. આવી રીતે તેઓ સાધન કરે છે તેથી તેમને તે ભગવાનના પરમ પદનું દર્શન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થતાં તેઓ તેના દર્શન કરે છે. તેથી જે ભગવાનનું પરમ પદ હતું તેનેજ તેઓ સ્તોત્ર વિગેરેથી પ્રકાશે છે, એટલે ભગવાનનું પરમ પદ વન, પશુ, પક્ષિ, ગોપો વિગેરે-વાળું, તથા તેમના સંબંધવાળી ભગવાનની સર્વ લીલા નિત્યજ છે એમ આ મંત્રથી પણ સિદ્ધ થાય છે.

વળી છાંદોગ્ય ઉપનિષદમાં 'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म' આ બ્રહ્મપુરમાં જે આ દહર (હૃદય) પુંડરીક વેશ્મ છે' વિગેરેમાં 'બ્રહ્મપુર' શબ્દ છે તેનો અર્થ બ્રહ્મનું એટલે ભગવાનનું પુર અથવા લીલાસ્થાન શ્રીગોકુલ મથુરા વિગેરે કહેલ

છે. ત્યાં ‘एतत्सत्यं ब्रह्मपुरमस्मिन् कामाः समाहिताः’ કહેલ છે. આ ‘બ્રહ્મપુર સત્ય છે, અને (ભક્તોના) સર્વે કામો ત્યાં સારી રીતે રહેલા છે.’ અહિં પણ લીલાસ્થાનને સત્ય કહેલ હોવાથી તે નિત્ય છે. વળી તેની જરા તથા નાશની શંકા કરી તેનો નિરાસ કરેલ છે. તેથી તે નિત્ય છે એમ સ્પષ્ટ પ્રતિપાદન કરેલું છે.

શ્રુતિઓની કથા.

બૃહદ્વામન પુરાણના ઉત્તરસ્થાનમાં બ્રહ્મા ભૃગુવિગેરેને કહે છે કે ગોપોની સ્ત્રીઓના પાદની રેણુ પ્રાપ્ત કરવા મેં ૬૦૦૦૦ વર્ષ તપ કર્યું, છતાં તે મને મળી નથી. ત્યાં ભૃગુના પૂછવાથી આગળ બ્રહ્મા તેમને શ્રુતિઓની કથા કહે છે. શ્રુતિઓની ભગવાનના નિર્ગુણ સ્વરૂપના દર્શન કરવાની પ્રાર્થનાથી ભગવાન તેમને પોતાના પ્રકૃતિથી પર લોકના દર્શન કરાવે છે. તેમાં નિકુંજોવાળું વૃંદાવન, રત્નમય ગોવર્ધન, રત્નથી બાંધેલ તટોવાળી કાલિન્દી અને કિશોર આકૃતિવાળા રમણ કરતા ભગવાનનું તેમને દર્શન થાય છે. ભગવાનના નિર્ગુણ સ્વરૂપના દર્શનની જ પ્રાર્થના શ્રુતિઓએ કરી, તે ઉપરથી ભગવાને આ સર્વના અને ભગવાનની લીલાના દર્શન કરાવ્યા, તે ઉપરથી આ સર્વ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. માત્ર ભગવાનનું સ્વરૂપજ નિત્ય હોય તો વૃંદાવન, ગોવર્ધન, લીલા વિગેરેનાં દર્શનની પ્રાર્થના નહિ હોવા છતાં તેમના દર્શન કરાવ્યા તે વ્યર્થ ગણાય. તેથી વૃંદાવન વિગેરે સામગ્રીવાળુંજ સદા ભગવાનનું સ્વરૂપ છે એમ માનવું જ જોઈએ.

તેથી જ ભગવાનની આ સર્વ લીલા નીચેના ઋગ્વેદના મંત્રમાં પણ કહેલા છે.

जज्ञान एव व्यबाधत स्पृधः प्रापश्यद्वीरो अभिपौंस्यं रणम् ॥
अवृश्चदद्रिमव सः स्यदसृजदस्तभ्नान्नाकं स्वपस्यया पृथुम् ॥

(**जज्ञान एव**) શ્રીગોકુલમાં પ્રકટ થતાં તરતજ (**स्पृधः**) પૂતના તૃણાવર્ત વિગેરે શત્રુઓને (**व्यबाधत**) વિવિધ પ્રકારે (ભગવાને) હણ્યા. પછી (**वीरः**) પરાક્રમી ભગવાને મથુરા, દ્વારકા વિગેરેમાં (**अभिपौंस्यम्**) પોતાના પુરુષાતનને અનુરૂપ (**रणम्**) દૈત્યો સાથેના સંગ્રામનો (**प्रापश्यत्**) અનુભવ કર્યો. એ પ્રમાણે ભૂમિ ઉપરના દૈત્યોને ભગવાને હણ્યા એમ કહી હવે દેવેંદ્રના મદનો નાશ કર્યો એમ કહે છે. (**अद्रिम्**) ગોવર્ધન પર્વતને (**अवृश्चत्**) ઉપાડ્યો (**सः**) તેમણે (**स्यत्**) ઇંદ્રે વરસાવેલા જલનું (**अवासृजत्**) નિવારણ કર્યું. આ પોતાની (**स्वपस्यया**) ગોકુલમાં સ્થિતિ કરવાના કર્મની ઇચ્છાથી (**पृथुम्**) વિસ્તારવાળા (**नाकम्**) સ્વર્ગનો (**अस्तभ्नात्**) પ્રતિબંધ કર્યો, ઇંદ્ર વિગેરે સ્વર્ગના દેવોનો મદ ઉતાર્યો એવો અર્થ છે.

રમણની રાત્રિઓ પણ નિત્ય છે.

વળી દશમસ્કંધમાં કુમારિકાઓએ કાત્યાયનીનું વ્રત કર્યા પછી ભગવાન પધારે છે ત્યાં ‘**मया इमा रंस्यथ क्षपाः**’ ‘મારી સાથે આ રાત્રિઓમાં રમણ કરશો’ એવું ભગવાન તેમને વરદાન આપે છે. અહિં ‘આ રાત્રિઓ’ કહેલ હોવાથી રમણની રાત્રિઓ પાસે રાખી કુમારિકાઓને દર્શાવેલી હોવી જોઇએ. તેમ ન કર્યું હોય તો ‘આ

રાત્રિઓ' કહે નહિ, પણ 'તે રાત્રિઓ' એમજ કહે. વળી આ વરદાન જો રાત્રે આપ્યું હોય તો 'આ રાત્રિઓ' એટલે 'આના જેવી રાત્રિ' એવો અર્થ લેવા કોઈ પ્રયાસ કરે, પરંતુ આ વરદાન તેમને ભગવાને સવારે આપેલું છે, અને 'રાત્રિઓ' શબ્દ પણ બહુવચનમાં યોજેલો છે. ભગવાને પોતાના મનમાં રમણની રાત્રિઓ રાખી 'આ રાત્રિઓ' શબ્દ કુમારિકાઓને કહ્યા એમ પણ ન કહેવાય; કારણ કે ભગવાન જે કહે છે તે કુમારિકાઓને જણાવવા કહે છે, અને તેવી રીતે કહેવાથી કુમારિકાઓને રાત્રિઓનો બોધ ન થાય, 'તો પછી ભવિષ્યમાં જે રાત્રિઓમાં રમણ કરવાનું છે તે રાત્રિઓ તે સમયે હાજર કેવી રીતે હોઈ શકે?' એ શંકા પણ યોગ્ય નથી, કારણ કે ભગવાન સત્યસંકલ્પ છે. ભગવાને રમણની રાત્રિઓને 'આ રાત્રિઓ' કહી ત્યારે તેમને દેખાડવાનો સંકલ્પ કર્યો, તે સમયે તે રમણની રાત્રિઓ હાજર થાય જ. તેમ ન થાય તો ભગવાનનું સત્યસંકલ્પપણું ન રહે. (રમણની રાત્રિઓ પણ નિત્ય હોય તો જ તે તે સમયે હાજર થઈ શકે. તેથી લીલાના સર્વ પદાર્થો નિત્ય છે અને લીલા પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે.)

પૂ:—'હે સુભ્રૂ! હું તારે ઘેર આવીશ', 'હું આવીશ [illegible]' '[illegible] સખાઓને મળવા આવીશ'* એમ ભગવાન કહે છે. આ ભગવાનનું આગમન પણ ભગવાનની લીલા હોવાથી જો તે આ વચનો બોલતી વખતે પણ હોય તો ભવિષ્યકાળનો ઉપયોગ છે, તેથી આ આગમનલીલા નિત્ય નથી.

સિ:—ભગવાનની લીલામાત્ર નિત્ય છે; પણ તેનો આવિર્ભાવ ક્રમે ક્રમે થાય છે એમ પ્રથમ કહ્યું છે. આ વચનો ભગવાને ઉચ્ચાર્યાં ત્યારે પણ ભગવાનનું આગમન હતું જ, પરંતુ તે તિરોહિત હોઈ, જેમને ભગવાને આ વચનો કહ્યાં તેમને જણાતું ન હતું; પરંતુ સર્વજ્ઞ ભગવાનને તો જણાતું જ હતું. તેથી ભગવાનના અનુભવ પ્રમાણે આ ભગવાનનું આગમન નિત્ય છે. ભક્તોના અનુભવ પ્રમાણે આ વાક્યો અર્થવાળાં છે, કારણ કે આગમન તેમને તે સમયે પ્રકટ ન હતું.

આધુનિક ભક્તોનો ભગવાનની લીલામાં પ્રવેશ થઈ શકે છે.

હજારો જન્મો સુધી તપ ધ્યાન વિગેરે ભક્તિનાં સાધનો કરી જેણે ભક્તિ પ્રાપ્ત કરી હોય, જે મહાપુરુષના ચરણની રજથી અભિષિક્ત હોય, અને જે ભગવાનના અનુગ્રહનું પાત્ર હોય, તે નિત્યલીલાના ભક્તો જેવો ભાવ રાખી નિત્યલીલામાં પ્રવેશ કરવા અભિલાષા રાખે, અને તે માટે ભજન કરે, તો તેનો પણ નિત્યલીલામાં પ્રવેશ થાય છે.

પૂ:—તેનો નિત્યલીલામાં હવે પ્રવેશ થવાનો સંભવ નથી, કારણકે તેવો પ્રવેશ જન્ય (ઉત્પન્ન થએલ) હોવાથી તેની સાથે ભગવાન જે લીલા કરે તે નિત્ય હોઈ શકે જ નહિ.

સિ:—તેવા હાલના ભક્તનો પણ નિત્યલીલામાં પ્રવેશ થઈ શકે. જેમ ન્યાયશાસ્ત્રમાં ઈશ્વર સર્વજ્ઞ છે, તેથી તેમને સર્વ પદાર્થોનું જ્ઞાન હોવું જ જોઇએ. જે પદાર્થ

---

*શ્રીમદ્‌ભાગવત. ૧૦–૩૯–૧૨; ૧૦–૩૬–૩૫; ૧૦–૪૨–૨૩.

ભવિષ્યમાં ઉત્પન્ન થવાનો છે તેનું પણ જ્ઞાન ઇશ્વરને અત્યારે પણ છે જ. તેથી પદાર્થ ભલે હવે પછી ઉત્પન્ન થવાનો હોય છતાં ઇશ્વરનું તે પદાર્થનું જ્ઞાન હાલ પણ છે જ. તેજ પ્રમાણે અમુક ભક્તનો નિત્યલીલામાં ભલે પ્રવેશ પછી થવાનો હોય, છતાં તેના સંબંધની ઇશ્વરની લીલા હાલ પણ છે જ.

પાછલ બૃહદ્વામનપુરાણનો શ્રુતિઓનો પ્રસંગ આવ્યો તે જ અહિં પ્રમાણ છે. એ શ્રુતિઓને ભગવાને પોતાના લોકનું દર્શન કરાવ્યું, ત્યારે તેમને ભગવાન સાથે રમણ કરવાનો મનોરથ થયો. ભગવાને તે મનોરથ દુર્લભ અને દુર્ઘટ છે એમ જણાવી તે વરદાન આપ્યું, અને પછી શ્રુતિઓ વર્ણવેલા સમયે ગોપીઓ થઈ ભગવાનને પામી એમ બ્રહ્માએ કહેલું છે. જેમ તે સમયે એ શ્રુતિઓનો નિત્યલીલામાં પ્રવેશ થયો, તેમ હાલના ભક્તનો પણ હવે નિત્યલીલામાં પ્રવેશ થઈ શકે છે. ભગવાન જેનો અંગીકાર કરે તેનો નિત્યલીલામાં પ્રવેશ થાય છે, અને જો ભગવાનનું સર્વાત્મભાવથી ભજન કરવામાં આવે તો ભગવાન અંગીકાર કરે છે જ. નિત્યલીલાના ભક્તોના સંબંધની લીલા પણ ક્રમે ક્રમે આવિર્ભાવ પામે છે, તેમ હાલના ભક્તના સંબંધની લીલા પણ એ પ્રમાણે ક્રમે ક્રમે આવિર્ભાવ પામે એમાં કાંઈ અયોગ્યતા નથી

વળી નીચેની ઋગ્વેદની શ્રુતિમાં જેમનો લીલામાં પ્રવેશ થાય તેઓને નિત્ય કહેલા છે.

विचक्रमे पृथिवीमेष एतां क्षेत्राय विष्णुर्मनुष दशस्यन् ।
ध्रुवासोऽस्य कीरयो जनास उरुक्षितिं सुजनिमा चकार ॥

(**एष विष्णुः**) આ વિષ્ણુ (**मनुषे**) તેમની સ્તુતિ કરનાર દેવોના સમૂહને (**दशस्यन्**) અસુરો પાસેથી હરણ કરી આપતાં (**एतां पृथिवीम्**) આ સર્વ પૃથ્વી (**विचक्रमे**) ક્રમ્યાં. (**अस्य**) એમના (**कीरयः**) સ્તુતિ કરનાર (**जनासः**) ભક્તો (**ध्रुवासः**) નિત્ય છે. (**सुजनिमा**) જેમના નામનું કીર્તન સ્મરણ વિગેરે સારાં છે તેવા વિષ્ણુએ (પૃથ્વીને) (**उरुक्षितिम्**) વિસ્તીર્ણ નિવાસવાળી (**चकार**) કરી.

અહિં વિષ્ણુના ભક્તો નિત્ય છે એમ કહેલું છે. ભક્તોએ સ્તોત્ર કરી ભગવાનને સંતુષ્ટ કર્યા, અને ભગવાને તેમના સ્તોત્રોથી સંતુષ્ટ થઈ પૂર્વે નિત્યલીલાનું નિરૂપણ કરેલું છે તેમાં તેમનો પ્રવેશ કરાવ્યો. એ લીલામાં પ્રવેશ થવાથી જ ભક્તોને નિત્ય કહેલા છે; તેમ ન હોય તો જીવમાત્ર નિત્ય હોવાથી અને ભક્તો પણ જીવ હોઈ નિત્ય હોવાથી 'ભગવાનના ભક્તો નિત્ય છે' એમ કહેવાનું કાંઈ પણ પ્રયોજન સંભવતું નથી. તેથી લીલામાં તેમનો પ્રવેશ થવાથી જ તેમને નિત્ય કહ્યા છે એમ સિદ્ધ થાય છે. અહિં 'નિત્ય' માટે '**ध्रुवासः**' શબ્દ યોજ્યો છે, તેનો વાચ્ય અર્થ જ નિત્ય છે. '**ध्रुवासः**' એટલે લાંબા સમય સુધી રહેનારા એવો સંકુચિત અર્થ કરવો યોગ્ય નથી.

લીલાનિત્યત્વમાં યુક્તિ.

ધ્વંસનો પ્રતિયોગી હોય એટલે જેનો ધ્વંસ થવાનો (સંભવ) હોય તે અનિત્ય, લીલા તેવી નથી, તેથી નિત્ય છે.

પૂ:—લીલા જન્ય (ઉત્પન્ન થતી) હોવાથી, તે ધ્વંસનો પ્રતિયોગી છે, કારણકે જે જે જન્ય છે તેનો ધ્વંસ (નાશ) થાય છે.

સિ:—લીલા ઉત્પન્ન થતી નથી, પરંતુ જે લીલા નિત્ય છે તેનો જ ક્રમે ક્રમે આવિર્ભાવ થાય છે, તે ક્રમે ક્રમે પ્રકટ જ થાય છે. તેથી તે જન્ય નહિ હોવાથી, તમે તે અનિત્ય હોવાનો 'જન્યત્વ' હેતુ કહ્યો તે તેમાં નથી. તેથી તમારો હેતુ સ્વરૂપાસિદ્ધ છે.

પૂ:—હાલ થાય છે તે લીલા પહેલાં હતી જ, અને ક્રમે ક્રમે માત્ર તેનો આવિર્ભાવ થાય છે એ હું માનતો નથી.

સિ —લીલા જન્ય અને અનિત્ય હોય તો તમારા મત પ્રમાણે ઈશ્વર પણ અનિત્ય હોવા જોઈએ; કારણકે પૃથ્વી બનાવનાર કોઈ હોવો જોઈએ એ પ્રમાણે તમે ઈશ્વર સિદ્ધ કરો છો....તેથી તે ક્ષિતિના કર્તા થયા. કર્તા અનિત્ય હોય છે, જેમકે ઘટકર્તા કુંભાર. તે પ્રમાણે ક્ષિતિના કર્તા ઈશ્વર પણ અનિત્ય હોવા જોઈએ.

પૂ:—વેદ વિગેરે પ્રમાણોથી ઈશ્વર નિત્ય છે એમ સિદ્ધ થાય છે.

સિ:—વેદ વિગેરે ઉપર જણાવેલાં પ્રમાણોથી ભગવાનની લીલા પણ નિત્ય સિદ્ધ થાય છે, તેથી તે પણ નિત્ય છે એમ માનો.

પૂ:—પણ પ્રાતઃકાળની લીલા સાયંકાળે પણ હોય છે, અથવા બાલ્યની લીલા પૌગંડવયમાં પણ હોય છે એવું ક્યાંય કહેલું નથી, તેથી તે નિત્ય કેમ કહેવાય ?

સિ:—એ પ્રમાણે કહ્યું નથી તેનું કારણ એ છે કે એ બાબતમાં ઉદાસીન રહી, જેમ જેમ લીલાનો આવિર્ભાવ થાય છે તેમ તેમ તેનું નિરૂપણ કરેલું છે. છતાં ઉપર કહેલ બધાં પ્રમાણોથી લીલા નિત્ય છે એમ સિદ્ધ થાય છે, તેથી તેને નિત્ય માનવી જોઈએ.

પૂ:—લીલા એટલે ભગવાનની અમુક પ્રકારની ક્રિયા અથવા કર્મ. કર્મમાત્ર ત્રણ ક્ષણ સુધી જ ટકે તેવું હોઈ નિત્ય હોઈ શકે જ નહિ. તેથી લીલા નિત્ય નથી.

સિ:—ત્યારે જ્ઞાન પણ ત્રણ ક્ષણ સુધી જ ટકે તેવું હોઈ, ભગવાનના જ્ઞાનને પણ અનિત્ય માનવું પડશે.

પૂ:—પણ ભગવાનનું જ્ઞાન તો ધર્મિગ્રાહક પ્રમાણથી નિત્ય સિદ્ધ થાય છે તેથી તે નિત્ય માનવું જ જોઇએ.

સિ:—તો ભગવાનની લીલા પણ ધર્મિગ્રાહક પ્રમાણથી નિત્ય સિદ્ધ થાય છે તેથી તે પણ નિત્ય માનવી જોઈએ. જેમ લૌકિક જ્ઞાનથી ભગવાનનું જ્ઞાન જૂદા પ્રકારનું હોઈ નિત્ય છે, તેમજ લૌકિક ક્રિયાથી ભગવાનની ક્રિયા (લીલા) જૂદા પ્રકારની હોઈ નિત્ય છે.

પ્રભાસમાં કરેલી લીલા માયિક છે.

પૂ:—ભગવાનની સર્વ લીલા નિત્ય છે, તો ભગવાને પ્રભાસમાં આસુરવ્યામોહ લીલા કરી તેથી સર્વ યાદવોનો નાશ થયો. લીલાના જીવોનો નાશ થાય ત્યારે તેઓ તથા લીલા નિત્ય છે એમ કેમ સંભવે ?

સિ:—ભગવાન સદા સર્વ લીલાઓવાળા (લીલાઓ કરતા) પ્રકટ છે. જેમ સત્પુરુષોની રક્ષા, દેવોનુ કાર્ય કરવું, ધર્મરક્ષા, ભૂમિનો ભાર હરવો વિગેરે લીલા છે, તેવી જ આસુરવ્યામોહ પણ લીલા છે. આ લીલા લૌકિક છે, ભગવાન પણ લૌકિક છે, અને યાદવો સર્વનો નાશ થયો એવું જ્ઞાન અસુરોને એ લીલાથી થાય છે. દૈવીજીવોને તેવું જ્ઞાન થતું નથી. દૈવી જીવો તો ભગવદ્‌ગીતા ૯–૧૧ થી ૧૩, તથા ૮–૧૧ થી ૨૦–૨૨ વિગેરે પ્રમાણો પ્રમાણે શ્રીકૃષ્ણના વિગ્રહને ભગવાન જ જાણે છે. મૃત્સ્નાભક્ષણ (ભગવાને માટી ખાધી તે પ્રસંગ શ્રીમદ્‌ભાગવત ૧૦–૮–૩૧ થી ૪૫), જૃંભણ (ભગવાને બગાસું ખાધું તે પ્રસંગ શ્રીમદ્‌ભાગવત. ૧૦–૭–૩૫ થી ૩૭) દામોદરલીલા (ભગવાનને દોરડાથી બાંધ્યા તે પ્રસંગ શ્રીમદ્‌ભાગવત ૧૦–૯–૧૨ થી ૨૧) વિગેરે સ્થલે શ્રીકૃષ્ણભગવાનનો વિગ્રહ બ્રહ્મ છે તેમ દર્શાવેલ છે. તેથી વિરુદ્ધ ધર્મો (અનિત્યત્વ, નાશવત્ત્વ) જે ભગવાનમાં નથી તેવા ધર્મો પોતામાં હોવાનું ભગવાન દેખાડે તે અસુરોને વ્યામોહ કરવા જ દેખાડે છે એવો નિશ્ચય છે. ભગવાન આવા ધર્મો પોતામાં દેખાડે છે. તે અસુરોને વ્યામોહ કરવા જ દેખાડે છે એમ બ્રહ્માંડપુરાણ, બ્રહ્મપુરાણ વિગેરેમાં સ્પષ્ટ છે.

અહિં લોકમાં પણ નટો રમે છે તેમાં નટ પોતે સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધ થાય છે તેમાં નટનું મરણ થાય છે, પછી તેની સ્ત્રી તેની સાથે બળી સતી થાય છે એ બધું આપણને ઈન્દ્રજાલવિદ્યાથી દેખાડે છે, પણ પછી એ નટ અને તેની સ્ત્રી પાછાં દેખાય છે, તેથી એ બધું માયિક હતું એવો નિશ્ચય થાય છે. તેમ ભગવાન પણ પોતાનામાં નથી તેવા ધર્મો અસુરોને મોહ કરવા પોતામાં દેખાડે છે. તેથી આ આસુરવ્યામોહલીલા માયિક છે, અને અસુરોને વ્યામોહ કરવા જ ભગવાને કરેલી છે. વળી એકાદશ સ્કંધના પહેલા અધ્યાયનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવાથી જણાશે કે ભગવાનની લીલામાં દ્વારકામાં વસતા યાદવો હતા, તે પ્રભાસ ગએલ યાદવોથી જુદા હતાં. માયિક લીલાના જીવો પ્રભાસના યાદવો હતા. દ્વારકાના યાદવો ભગવાનની નિત્યલીલાના ભક્તો છે. તેથી ભગવાને પ્રભાસમાં જે લીલા કરી તે અસુરોનો વ્યામોહ કરાવવા માટે જ કરેલી માયિક લીલા છે.

પ્રપંચ નિત્ય છે.

ઉપર ભગવાનની સર્વલીલા નિત્ય છે એમ જણાવ્યું છે. સર્વ લીલાઓનો મુખ્ય દશ લીલાઓમાં સમાવેશ થાય છે. આ દશ લીલાઓનાં નામ શ્રીમદ્‌ભાગવત ૨–૧૦–૧ માં આપેલાં છે, અને શ્રીમદ્‌ભાગવતના તૃતીય સ્કંધથી બારમા સ્કંધ સુધીના દશ સ્કંધોમાં તે દરેક લીલાનું નિરૂપણ કરેલ છે. આ પૈકી સર્ગલીલામાં પ્રપંચ (આ સર્વ જગત્) નો સમાવેશ થતો હોવાથી પ્રપંચ પણ નિત્ય જ છે.

આ સેવાભાવનાનો વિષય.

સાંખ્યશાસ્ત્રમાં કહ્યું છે કે નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક કરવો, અનિત્યનો ત્યાગ કરવો, અને નિત્ય આત્મામાં ચિત્ત પરોવવું. પરિણામ એ આવે કે સંસારના સર્વ વિષય, તેમ જ દેહ, ઇન્દ્રિય, મન, અહંકાર વગેરે સર્વનો ત્યાગ કરી આત્મરૂપ થઈ જવું. પણ જ્યાં સુધી દેહ વગેરે છે ત્યાં સુધી તેનો ત્યાગ કેવી રીતે કરવો? એ સર્વે દુશ્મનની માફક વળગી રહ્યા છે તેના ત્યાગનું સાધન જડતું નથી. યોગશાસ્ત્રમાં ચિત્તવૃત્તિનો નિરોધ કરવાને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિરૂપી સાધનો બતાવે છે, પણ એ અત્યંત કઠિન છે, અને ઘણીવાર તે સાધવા જતાં નવનું તેર થઈ જાય છે. જ્ઞાનમાં ઘટપટની દલીલોમાં જ મગજમારી થાય છે, અને ખરૂં શું, અને ખોટું શું, તે તારવી કાઢવું બહુ જ અઘરૂં પડે છે, એટલું જ નહિ, પણ વેદ કહે છે કે જે એમ માને છે કે હું બ્રહ્મને સમજ્યો તે સમજ્યો જ નથી, यस्मामतं तस्य मतं, मतं यस्य न वेद सः । (કે. ઉ. ૨-૩) ચકલી થોડે ઉંચે ઉડી આકાશ આટલું જ છે એમ સમજે, ગરુડ બહુ ઉંચે ઉડે, પણ જે આકાશની ઉંચાઇની હદજ નથી, તેનો પાર કેમ પમાય? તેમ જ જ્ઞાનનું પણ છે. ભક્તિમાં દીનતા છે, પ્રેમ છે, ‘અનન્ય ભક્તિથી મને પમાય છે’ એમ સ્વયં કૃષ્ણ અર્જુનને કહે છે. “નિર્માનમોહવાળા, જેમણે સંગદોષ જીત્યા છે, નિત્ય આત્મામાં રતિવાળા, કામ જેમણે વિનિવૃત્ત કર્યા છે, સુખ દુઃખ વગેરે દ્વંદ્વથી વિમુક્ત છે, તે મારા પદને પામે છે, તે સ્થાનમાં સૂર્ય ચંદ્ર કે પાવક પ્રકાશતા નથી, અને ત્યાંથી કોઈ પાછું આવતું નથી, એવું તે મારૂં પરમ ધામ છે.” જેઓ શાસ્ત્રદ્વારા ભક્તિ કરી ભગવાન પાસે જાય છે, તેમને આ પ્રાપ્ત થાય છે. પણ સ્ત્રી, શૂદ્ર, જેઓ નામ માત્રથી જ બ્રાહ્મણ છે તે, અને જનોઇ વગરના પતિત વૈશ્ય—આ સર્વનું શું થાય? તે સર્વનો ઉદ્ધાર ભગવાન પોતાના પ્રમેયબલથી કરે છે, અને કહે છે કે તમે સર્વ ધર્મનો ત્યાગ કરી મારે શરણે આવો. અને શાસ્ત્રીય ભક્તને ન મળે એવા, અલૌકિક બ્રાહ્મદેહથી પોતાની સાથે રમણના ઉચ્ચતમ આનંદનું દાન ક્વચિત્ તેમને કરે છે. આ દાન કૃપાસાધ્ય જ છે. તેથી જ એ માર્ગનું નામ પુષ્ટિમાર્ગ. એ નિઃસાધન માર્ગ છે. વૈદિક સાધન તેમાં ખપ લાગતાં નથી. પ્રાતઃકાલથી ઉઠી ભગવાનનું પ્રેમથી જ ચિંતન કરો, તેનું સ્મરણ, ચિંતન, સેવા કરો, અને ભક્તનું લૌકિક વૈદિક તે જ સિદ્ધ કરશે. જ્ઞાન જોઈશું તો તે પણ આપશે, ભરણ પોષણ પણ કરશે, એટલે ધંધો કરવાની પણ જરૂર નહિ, કેમકે योगक्षेमं वहाम्यहम् એમ સ્વમુખથી કહ્યું છે. દોષ તો આપણામાં ઘણા છે, ‘जीवाः स्वभावतो दुष्टाः,’ પણ હું ભગવાનનો દાસ છું, જેવો તેવો પણ ભગવાનનો છું, એવું મનમાં દઢ થયું કે ब्रह्मसंबंध થયો. એ ब्रह्मसंबंध શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પોતે કરાવે છે. ત્યાર પછી એનું સદા અનુસંધાન રહે તો સહજ દોષ, દેશકાલના દોષ, સંયોગના અને સ્પર્શના દોષ, લોક–વેદના દોષ, બાધ કરતા નથી. સર્વદા ભગવચ્ચિંતનથી સાંખ્યોને દુશ્મનની માફક પીડતા દેહ, ઇંદ્રિય વગેરે પ્રસન્ન રહી, ભક્તને આનંદ આપી, ભગવાન સાથે આનંદ ભોગવાવે છે, યોગની પ્રાણાયામ વગેરે ક્લેશદાયક પ્રક્રિયાની જરૂર પડતી નથી,

ીનું अहं ब्रह्मास्मि નું મિથ્યા અભિમાન થતું નથી, માટે પ્રાતઃકાલથી
, **ભગવાનની લીલાનું અનુસંધાન કરવું**, તેજ આ સેવાભાવના નો વિષય
એમાં અંબરીષ, ધ્રુવ, પ્રહ્લાદ વગેરેની શાસ્ત્રીય ભક્તિ નથી, પણ દાન-
થી ક્વચિત જ પ્રાપ્ત થતી અવિહિત, અશાસ્ત્રીય ભક્તિ છે. ભક્તોના નિરોધ
ાને માટે જ તેમના પર કૃપા કરી ભગવાને આ લીલા કરી છે. એ લીલામાં જો કે
વાનનું “એક એક રોમ (રુંવાડું) વિરાટ કોટિ સમ” છે તે છતાં, ભગવાન
શોદાજીના ખોળામાં સર્વ બ્રહ્માંડોસહિત બાલકરૂપે બિરાજે છે! યોગીઓને
ણિમા, મહિમા, લઘિમા વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તો તે ભગવાનમાં નિત્ય
તેમાં શું આશ્ચર્ય? મુખમાં બ્રહ્માંડના દર્શન કરાવે છે! કરોડો બ્રહ્માંડ જેના
ની અંદર છે, અને જેની હદ જ નથી, એવા ભગવાન દોરડાથી બંધાઈ દામોદર!
જાય છે, ત્રણ પગલામાં આકાશ પાતાલ ભરી લેનાર પ્રભુ યશોદાના ઘરમાં
ણીયાં તાણતાં ઉમરો પણ ઓળંગી શકતા નથી! ચિંતામણિ, લક્ષ્મી, કામધેનુ
વાંછિત આપવાને ઉત્સુક છતાં યશોદાનું સ્તનપાન કરે છે! યજ્ઞોમાં દ્રવ્ય, મંત્ર
રેમાં કાંઈ પણ લેશમાત્ર અપવિત્ર હોય તો કર્મ વિફલ કરનાર પ્રભુ હસી હસીને
ો સાથે ખેલતાં તેમનું જૂઠણ ખાય છે! ઘણાં કષ્ટ વેઠી પવિત્ર કરેલા યોગીઓનાં
તર્હૃદયમાં ક્વચિત જ ઉભા રહેતા પ્રભુ **યમુનાકિનારે ગોપીજનની પરિષદ્માં**
ના કુચકુંકુમથી અંકિત ઉત્તરીય વસ્ત્રની ગાદીપર આનંદથી બિરાજી
નો ઠપકો સાંભળે છે કે “હે ચતુર, ભજન કરનારને ન ભજે એવા કોઈ તમે
ળ્યા છે?” આ લ્હાવો અલભ્ય છે, વેદથી આજદીન સુધીમાં કોઈ કોઈ પ્રેમઅંશ
તોને જ તેનો લાભ થયો છે; પુરાવા પુષ્કલ છે, મનોમન સાક્ષી છે. માટે પ્રિય
ક, સંસારમાં આવીને જે કર્તવ્ય કરવાનું છે તે **આ જ ભાવનાનું અનુસંધાન**
વાનું છે. એ જ રસ છે. બીજા સર્વ રસાભાસ છે. આથી જ આધિભૌતિક દેહ,
ન્દ્રિય, મન, અંતઃકરણના સર્વ દોષનો નાશ થાય છે, કેમકે એવો **શાસ્ત્રનો નિયમ**
કે દરેક દોષના આધિભૌતિક સ્વરૂપનો નાશ તેનું આધિદૈવિક સ્વરૂપ
છે. તેથી જ રાસપંચાધ્યાયીને અંતે શ્રીશુકે કહ્યું છે કે આ રાસલીલાનું શ્રવણ
ારના હૃદયનો રોગ, કામ, તરત નાશ પામે છે.

તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યું છે કે ભગવાન રસરૂપ છે, ત્યાં આનંદની ગણના
છે. વળી કહ્યું છે કે બ્રહ્મ, સત્ય, જ્ઞાન, અનંત છે; જે તેને જાણે છે તે ચતુર બ્રહ્મની
થે સર્વ કામનો ભોગ કરે છે. શ્રુતિઓને નિત્ય ગોપીજનની માફક ભગવાનની સાથે
ણની ઇચ્છા થઇ, ત્યારે તેમને સારસ્વત કલ્પમાં ગોપીઓ થવાનું વરદાન મળ્યું,
વાત **બૃહદ્વામન પુરાણમાં** પ્રસિદ્ધ છે, તેથી **શ્રીમદ્ભાગવતમાં** તેમને શ્રુતિરૂપા
પીજન કહ્યા છે, અને જે અગ્નિકુમારોને રામચંદ્રજીએ વરદાન આપ્યું તેમને
િરૂપા કુમારિકા કહ્યા છે. આ સર્વને અનુકૂલ રૂપે વિષ્ણુપુરાણ, હરિવંશ, અને
સ્તારથી શ્રીમદ્ભાગવતમાં વર્ણવ્યા પ્રમાણે પરબ્રહ્મ વ્રજમાં અવતર્યા, અને શ્રીગોપી-
ન સાથે વિહાર કર્યો. એમના દેહ આધિભૌતિક નહિ, પણ બ્રહ્મસૂત્રમાં કહ્યા પ્રમાણે
હ્મ. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં તે સ્પષ્ટ સમજાવ્યું છે. કૃષ્ણને તો દેહ, ઇન્દ્રિય,
ંતઃકરણ નિરાળા છે જ નહિ, પણ સ્વરૂપ જ તે તે રૂપે સર્વ લીલા કરે

છે, નહિ તો લૌકિક બાલકથી પૂતનાસુપયઃપાન, શકટભંજન, અઘાસુર, બકાસુર, તૃણાવર્તને મારવું, દાવાનલપાન, કાલીયદમન, યમલાર્જુનભંગ, મુખમાં બ્રહ્માંડનું દર્શન વગેરે લીલા થઈ શકે જ નહિ. **આ સર્વ રસ છે, લીલા છે, નાટ્ય છે,** એનો અનુભવ કૃષ્ણચૈતન્ય, જયદેવ, લીલાશુક, નરસિંહ, મીરાં, અષ્ટસખા વગેરેએ કર્યો છે; એ જ પરબ્રહ્મની વ્રજ વૃંદાવનની પ્રાતઃકાલથી રાત્રિપર્યંતની રસિકલીલાની ભાવના આ ગ્રંથનો વિષય છે.

રાત્રિના વિહાર પછી પોઢેલા શ્રીકૃષ્ણને યશોદા જગાડવા પ્રયત્ન કરે છે, પણ જાગતા નથી, તેથી ગોપીજનને જગાડવા કહે છે, તેઓ પ્રયત્નથી જગાડે છે, તેનું રસમય વર્ણન ૭૭ શ્લોક સુધી છે, યશોદા મંગલભોગ આરોગાવે છે તેનું રસમય વર્ણન ૧૧૬ શ્લોક સુધી છે, સ્નાન કરાવી શૃંગાર ધરાવે છે તેનુ વર્ણન ૧૪૯ શ્લોક સુધી છે, ગોપીવલ્લભ ભોગનું વર્ણન ૧૭૪ શ્લોક સુધી છે. ગ્વાલસહિત ગોચારણ કરવા પધારતા બાલકને શિખામણ ૧૮૪ શ્લોક સુધી છે, ગોદોહન કરી ધૈયા આરોગી, વનમાં પધારી લીલા કરે છે તે ૧૯૮ શ્લોક સુધી છે, નંદરાયજી ભોજન માટે વનમાંથી બોલાવવા મોકલે છે, પ્રભુ પધારે .છે, વ્રજભક્તો ચોરી કરવા પધારવા પ્રાર્થના કરે છે, તે ૨૧૭ શ્લોક સુધી છે, વ્રજભક્તોને આપેલો આનંદ, તેમનો ઉરાહનો (ઠપકો), નંદાલયમાં રાજભોગ ૨૩૨ શ્લોક સુધી છે, પછી વ્રજભક્તોને ઘેર બીજે પ્રકારે રાજભોગનું વર્ણન ૨૬૫ શ્લોક સુધી છે, પછી ત્રીજા પ્રકારના રાજભોગનું વર્ણન ચોરીથી વ્રજભક્તને ત્યાં, ઉરાહનો, યશોદાની શિખામણ, ૩૨૫½ શ્લોક સુધી છે, પછી ચોથા પ્રકારની રાજભોગની લીલા ૩૮૫ શ્લોક સુધી છે, કુંજભવનમાં સિંહાસન, શય્યા, સામગ્રી, પ્રભુની વાટ જોવી, અને નિકુંજલીલા ૪૯૮ શ્લોક સુધી, ઉત્થાપન ભોગની લીલા ૫૨૫ શ્લોક સુધી, વ્રજનો વિચાર: વ્રજરત્નોના વિયોગનું અનુસંધાનથી, પ્રભુનું પધારવું, ગોપીજનનું સામે જવું ૬૮૭ શ્લોક સુધી, સંધ્યાભોગ આરોગવો ૭૧૯½ શ્લોક સુધી, યશોદાનું સામે જવું, વિકલતા, દર્શનથી હર્ષ, સંધ્યા આર્તિ, રાઈલૂણ, આભૂષણ વડાં કરવાં, ક્રીડા વિષે પ્રશ્નો, ઉત્તર, ૮૨૦ શ્લોક સુધી, ગોપોનું તેડવા આવવું, માતાનું વારવું, પ્રભુનું નીડરપણું, આજ્ઞા લઈ જવું, ગોદોહન, દર્શનથી વ્રજભક્તોની અવસ્થા, તેમની યશોદાને વિનંતિ, ધૈયા આરોગવું, ગાયોની સરાહના ૯૪૩½ શ્લોક સુધી, સેનભોગ માટે માતાનું બોલાવવું; પ્રભુનું પધારવું, આરોગવું ૯૯૦ શ્લોક સુધી, કૃષ્ણની રક્ષા માટે માતાની બલદેવને શિખામણ, બલદેવનો ઉત્તર, શ્રીઅંગવસ્ત્ર કરી બીડી આરોગાવવી, ચર્વિત દાન ૧૦૨૩½ શ્લોક સુધી, નિજમંદિરમાં શય્યા બિછાવવી, સામગ્રી ધરવી, માતાની ઉંઘવાની પ્રાર્થના, પ્રભુનું નિદ્રાવશ થવું સખીઓનું તેડવા આવવું, સ્વામિનીની વિરહાવસ્થાનું વર્ણન, પ્રભુનું પધારવું, જૂદે જૂદે રૂપે સર્વને ઘેર પધારી તેમના મનોરથ પૂર્ણ કરવા, ૧૦૯૬ શ્લોક સુધી.



श्रीकृष्णाय नमः ।
श्रीगोपीजनवल्लभाय नमः ।
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

अथ श्रीहरिदासविरचिता

सहस्त्रश्लोकी सेवाभावना ।

श्रीमदाचार्यचरणं शरणं सर्वदेहिनाम् । समस्तदोषदहनं मस्तके राजतां मम ॥ १ ॥

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું ચરણ સર્વ જીવોના આશ્રયરૂપ છે, સર્વ દોષોને બાળી નાખે છે, એ ચરણ મારા મસ્તક ઉપર બિરાજો. (૧)

प्रातरारभ्य भगवद्भावना विनिरूप्यते । सेवनायां यतस्तस्या मानसीत्वं प्रसिध्यति ॥ २ ॥

સેવામાં ભગવાનની ભાવના પ્રાતઃકાલથી આરંભીને વિશેષ રીતે નિરૂપણ કરવામાં આવે છે, કે જેથી સેવાનું માનસીપણું સારી રીતે સિદ્ધ થાય. (૨)

હવે શ્રીઠાકોરજીને પ્રાતઃકાલમાં જગાડવાનો પ્રકાર, તે સમયે ભગવાનની સ્થિતિ, અને જાગ્યા પછી મંગલભોગ આરોગે તેનો પ્રકાર આઠ શ્લોકથી કહે છે.

प्रातःशयनसंविष्टः केलिश्रान्तः प्रियायुतः । आलस्यमुद्र(य)न्नयनश्चिकुरावृतभालकः ॥ ३ ॥
दरश्वासोन्नमन्नासः कृतहासः प्रियाजनैः । प्रियास्कन्दन्यस्तभुजो जागरालससंयुतः ॥४॥

પ્રાતઃકાલમાં પ્રભુ શયનમાં વિંટલાઇને પોઢ્યા છે, રમણકેલિથી શ્રમિત થયા છે, શ્રીસ્વામિનીજી સાથેજ પોઢ્યા છે, આલસ્યથી નયન મીંચેલા છે, લલાટ પર વાળની લટ આવી રહી છે. (૩) મંદ મંદ શ્વાસ લઇ રહ્યા છે, નાસિકા કાંઇક ઉંચી થાય છે, પ્રિયાઓની સાથે હાસ્ય કરી રહ્યા છે, પ્રિયાના અંગ ઉપર સ્વહસ્ત ધર્યા છે, જાગરણથી આલસ્યયુક્ત છે. (૪)

रतिचिह्नांकिताकारः कङ्कणाङ्कितपृष्ठकः । जृम्भणारंभवदनो मदनाधिकसुंदरः ॥ ५ ॥
अनेकयुवतीवृन्दस्थितो व्रजपुरन्दरः । संगोपितरहोलीलः श्रीयशोदाप्रबोधितः ॥ ६ ॥

રમણના ચિહ્નથી શરીર અંકિત છે, કંકણના ચિહ્ન પીઠપર લાગ્યાં છે, મુખમાં બગાસા આવવા માંડ્યા છે, મદનથી અધિક સુંદર છે, (૫) અનેક યુવતિઓના યૂથમાં બિરાજે છે, વ્રજના ઇંદ્ર છે, (જેમ ઇંદ્રને ભોગ પ્રિય છે તેમ આપને વ્રજમાં ભોગ પ્રિય છે), રહસ્ય-લીલાનું પોતે સારી રીતે ગોપન કર્યું છે, શ્રીયશોદાજી પ્રભુને જગાડે છે. (૬)

जनन्युत्संगसंलग्नः प्रदर्शितमुखांबुजः । यशोदाचुम्बितमुखो नन्दाद्युत्संगलालितः ॥ ७ ॥
स्वबालमित्रगोपालसंगीतगुणसागरः । व्रजस्त्रीवृन्दसरसकटाक्षपरिपूजितः ॥ ८ ॥

માતૃચરણના ઉત્સંગમાં પોતે બિરાજે છે, મુખકમલનું દર્શન કરાવે છે, શ્રીયશોદાજી પ્રભુના મુખારવિંદનું ચુંબન કરે છે, નંદરાયજી વગેરે પોતાના ઉત્સંગમાં પ્રભુને લઈ લાડ લડાવે છે. (૭) પોતાના બાલમિત્રો ગોપાલો, પ્રભુના નિરવધિ ગુણોનું ગાન કરે છે, વ્રજસ્ત્રીઓનાં યૂથ રસમય કટાક્ષથી પ્રભુનું પૂજન કરે છે. (૮)

उत्तमासनसंविष्टयशोदोत्संगसंस्थितः । समानीतपयोवद्धदध्यादिरसभोगभुक् ॥ ९ ॥
सितायुतस्वच्छसद्योनवनीतयुताननः । वालक्रीडादत्तचित्तो जनन्यादिप्रशंसितः ॥ १० ॥

ઉત્તમ આસન પર સારી રીતે બિરાજેલા શ્રીયશોદાજીના ઉત્સંગમાં પ્રભુ બિરાજે છે, દૂધ, બાંધેલું દહિં, વગેરે રસ આણીને રાખ્યા છે, તેનો ભોગ પ્રભુ કરે છે. (૯) મિશ્રીયુક્ત સ્વચ્છ તાજું નવનીત મુખારવિંદમાં આવી રહ્યું છે, બાલક્રીડામાં ચિત્ત લાગી રહ્યું છે, માતૃચરણ વગેરે પ્રભુની પ્રશંસા કરી રહ્યા છે. (૧૦)

પ્રભુને આરોગવામાં રુચિ વધે તેને માટે શ્રીયશોદાજી રુચિકારક વચનથી પ્રભુની પ્રશંસા કરે છે, તેનું વર્ણન પાંચ શ્લોકથી કરે છે.

मदीयराजपुत्रोऽसौ मदीयगृहदीपकः । मदीयनयनानंदो निर्धनाया धनं मम ॥ ११ ॥
गोकुलाखिलशृङ्गारः स्वतातसुखदायकः । मुग्धलीलादुर्ललितो वेणुनाकलितः करे ॥ १२ ॥

આ મારો રાજપુત્ર છે, મારા ઘરનો દીપક છે, મારી આંખોને ઠારનાર છે, મારી ગરીબડીનું ધન આ જ છે, (૧૧) અખિલ ગોકુલનો શૃંગાર છે, પોતાના પિતા શ્રીનંદરાયજીને સુખ આપનાર છે, મુગ્ધ લીલાથી વિચિત્ર હઠ કરે છે, એણે વેણુ શ્રીહસ્તમાં ધારણ કર્યો છે. (૧૨)

मदाज्ञापालनपरः सरसीरुहलोचनः । अनेकविधलीलाभिः स्वीयशोकविमोचकः ॥ १३ ॥
जननीजीवनः सर्वगर्वस्तंभविनाशनः । कंसादिशत्रुहृदयकृष्णवर्त्मा कृपानिधिः ॥ १४ ॥
जननीजन्मसाफल्यं प्राणाधिकरतिप्रियः । *एवंविधस्वजननीवचनैः कृतभोजनः ॥ १५ ॥

મારી આજ્ઞા સર્વદા પાળે છે, કમલનયનથી મન ઠારે છે, અનેક પ્રકારની લીલાથી નિજજનના શોક દૂર કરે છે. (૧૩) જનનીનું જીવન છે, સર્વના ગર્વના સ્તંભનો નાશ કરનાર છે, કંસ વગેરે શત્રુના હૃદયને બાળનાર અગ્નિરૂપ છે, કૃપાનિધિ છે. (૧૪) જનનીના જન્મને સફલ કરનાર છે, રમણ એમને પ્રાણથી પણ અધિક પ્રિય છે. આવા પ્રકારના પોતાના માતૃચરણના વચનોથી પ્રભુ ભોજન કરે છે. (૧૫)

ભોજન સમયે પ્રભુની ચંચલ સ્થિતિ અને ભોજન કર્યા પછી મુખપ્રક્ષાલન પ્રોંચ્છન કરીને બીડી આરોગે છે, પછી મંગલાઆરતિ થાય છે, તેનું વર્ણન પાંચ શ્લોકથી કરે છે.

मातृप्रोक्तकथादत्तकर्णश्चकितलोचनः । मुहुर्मुहुरथोद्ग्रीवः क्षणक्षणसमुत्थितः ॥ १६ ॥
यथाकथंचिदत्यन्तप्रतारणसुभोजितः । नंदभोग्यस्वजननीसख्यात्तजलभाजनः ॥ १७ ॥

માતૃચરણ જે વાર્તા કહે છે, તે કાન દઈ સાંભળે છે, લોચન ચકિત છે, જરા-

---

* इत्यादिमातृचरणवचनैः ।

જરામાં ઉંચી ડોક કરીને જુએ છે, ક્ષણે ક્ષણે ઉભા થાય છે. (૧૬) કોઇ પણ પ્રકારે શ્રીયશોદાજીના પટાવવાથી, સમજાવવાથી, છેતરવાથી, ભોજન કરે છે, પછી શ્રીનંદરાયજીના ભોગ્ય, સ્વમાતૃચરણના સખીઓ જલનું પાત્ર લાવી આપે છે. (૧૭)

तद्दत्ताचमनीयश्च तत्प्रोंच्छितमुखाम्बुजः । तद्दत्तताम्बूलयुगचर्वणानंददायकः ॥ १८ ॥
अधरस्रवदत्यन्तताम्बूलरसशोभितः । समानीतसखीवृन्दनीराजनसुराजितः ॥ १९ ॥
दर्शनानंदसंदाता दीपालोकहसन्मुखः । एवं विभाव्यतां नित्यं मंगलारात्रिकावधि ॥२०॥

પ્રભુને આચમન કરાવે છે, પ્રભુનું મુખકમલ લૂછી નાંખે છે. તેઓએ આપેલા બે પાનનાં બીડાં આરોગતાં આનંદ આપે છે. (૧૮) અધર ઉપર તાંબૂલનો રસ બહુજ સ્રવે છે, તેથી પોતે શોભી રહે છે, એટલામાં સખીઓનું યૂથ આરતિ કરે છે, તેથી પોતે બહુજ શોભે છે. (૧૯) પ્રભુ સર્વને દર્શનનો આનંદ સારી રીતે આપે છે, આરતિના દીવાઓને જોઇને પ્રભુનું મુખકમલ હાસ્યયુક્ત થાય છે, આ પ્રમાણે નિત્ય મંગલા આરતિ સુધીની ભાવના કરવી. (૨૦)

હવે પ્રભુને જગાડવાનો અને મંગલાભોગનો પ્રકાર બીજી રીતે કહે છે, તેમાં પ્રથમ શ્રીયશોદાજી પ્રભુને જગાડે છે તે આઠ શ્લોકથી કહે છે.

अथवा प्रातरुत्थानभावनैवं विधीयताम् । प्रबोधयति जननी प्रातः पुत्रं प्रिय स्वयम् ॥२१॥
उदितः सहस्रभानुर्दीपज्योतिर्मलीमसंज्ञातम् । दर्शय मुखारविंदं शयनादुत्थाय गोकुलाधीश॥
क्षुधितोसि वत्स मंचं मुंच मदीयं वचो वाल । विमतं कदापि नहि ते साम्प्रतमलसः कथं जातः

અથવા પ્રાતઃકાલમાં પ્રભુને ઉઠાડવાની ભાવના આ પ્રમાણે કરવી. માતૃચરણ પ્રાતઃકાલમાં પ્રિય પુત્રને પોતે જગાડે છે. (૨૧) સૂર્ય ઉગ્યો, દીપજ્યોતિ ઝાંખી થઈ ગઈ, હે ગોકુલાધીશ, શયનમાંથી ઉઠીને મુખારવિંદના દર્શન આપો. (૨૨) હે વત્સ, આપ ભૂખ્યા થયા છો, પલંગ પરથી ઉઠો. હે બાલ, મારૂં વચન તમે કદાપિ ઉથામ્યું નથી, હમણાં આવા આળસુ કેમ થઈ ગયા છો ? (૨૩)

आवर्तितवहुदुग्धं दधि वद्धं मुग्धनवनीतम् । सुंदर संपादितमिह राजतसौवर्णपात्रेषु ॥ २४ ॥
तदिदं त्वदेकभोग्यं स्पृशतु न जातु त्वदन्योपि । पूरय मनोरथं मे निजवदनसंगमेनास्य ॥

બહુ કઢેલું દૂધ, બાંધેલું દહિં, કોમલ નવનીત, અહીં સુવર્ણના અને ચાંદીના પાત્રમાં હે સુંદર, સાજીને રાખ્યું છે. (૨૪) તે સર્વ આપનાજ ભોજનને માટે છે. આપવિના બીજું કોઈ એને અડકશે નહિ. આ સર્વ આપના મુખારવિંદમાં ધરો, અને મારા મનોરથ પૂર્ણ કરો. (૨૫)

जागृहि जागृहि तूर्णं ललितं त्वां द्रष्टुमागता गोप्यः ।
निजवदनं सुत दर्शय शिशिरीकुरु दीननेत्राणि ॥ २६ ॥
निजगृहकृत्यं हित्वा तात समस्तास्त्वदास्यकमलस्य ।
सफलं मनोरथं कुरु तासां ता आगता दृष्ट्यै ॥ २७ ॥

इति वचनं निजमातुः श्रुत्वा मत्स्वामिनीसुहितम् ।
विकसन्मीलन्नयनः पुनश्च सुष्वाप गोकुलाधीशः ॥ २८ ॥

જાગો, જાગો, ઝડપ કરો, આપની લલિત આકૃતના દર્શન કરવાને ગોપીજન આવ્યા છે. હે સુત, આપના વદનકમલના દર્શન આપો. અને એ સર્વના દીન નેત્રોને ઠારો. (૨૬) હે તાત પોતાના ગૃહકૃત્યો છોડીને આ સર્વ આપના મુખકમલના દર્શન કરવાને માટે આવ્યા છે, તેમનો મનોરથ સફલ કરો. (૨૭) પોતાના સ્વામિનીઓને હિતકારી આવાં નિજ માતૃચરણનાં વચન સાંભળીને શ્રીગોકુલાધીશ નયન ઉઘાડીને પાછા મીંચીને પોઢી ગયા. (૨૮)

શ્રીયશોદાજી પોતાના જગાડવાથી પ્રભુ જાગ્યા નહિ, ત્યારે દર્શનને માટે આવેલા વ્રજભક્તોને પ્રભુને જગાડવાની આજ્ઞા કરે છે તે આગળના શ્લોકમાં કહે છે.

सख्यो मत्कृतयत्नान्नायं जागर्ति किं कुर्वे । आगच्छन्तु भवत्यो यदि प्रयत्नेन भवतीनाम् ॥

હે સખિઓ, મેં બહુ પ્રયત્ન કર્યો, પણ આ બાલક જાગતા નથી. હું શું કરૂં ? તમે આવો, જો તમારા પ્રયત્નથી જાગે તો જગાડો. (૨૯).

શ્રીયશોદાજીના કહેવાથી વ્રજભક્તો હર્ષિત થઇને પ્રભુને જગાડવાના પ્રયત્ન કરે છે, તે સમયની ભક્તોની સ્થિતિ, ભાવ, અને જગાડતી વખતે પ્રભુની સાથે વિનોદના વાક્યથી સંવાદ, પ્રભુની પ્રાર્થના વગેરે વીશ શ્લોકથી કહે છે.

इति वचनं ताः श्रुत्वा हृष्टा स्वस्वामिना दृष्टाः । आकृष्टा रतिपतिनाकुर्वंश्चिरमीप्सितं मनसि ॥
भुजयुगेन हरिं परिरभ्य तत्करयुगं निजकंठगतं व्यधात् ।
अलसतैव वृतेति वदंत्यसौ सखि चुचुंब कपोलयुगं हरेः ॥ ३१ ॥

શ્રીયશોદાજીના આ વચન સાંભળીને તે સખીઓ બહુ પ્રસન્ન થયા. તેમના સ્વામી પ્રભુએ પણ તેમને નિહાળ્યા. રતિપતિ કામદેવથી આકર્ષાઇ લાંબા વખતથી મનમાં જે મનોરથ કર્યા હતા તે પૂર્ણ કર્યા. (૩૦) પોતાના ભુજયુગથી ભગવાનને આલિંગન કર્યું. પ્રભુના બેઉ હસ્તકમલ પોતાના કંઠની આસપાસ ધર્યા. અને હે સખિ, પ્રભુને બહુ આળસ આવે છે એમ પરસ્પર કહેતાં પ્રભુના બંને ગાલ ઉપર ચુંબન કર્યું. (૩૧)

मृदुलं कपोलयुग्मं सततं कथमद्य सक्षतं जातम् । नैव वयस्तारुण्यं बाल्ये कथमीदृशोऽनर्थः ॥

(પ્રભુને પૂછવા લાગ્યા કે) આ બંને કપોલ તો હંમેશાં મૃદુ, કોમલ રહેતા, હમણાં એ સક્ષત કેમ થયાં ? હજુ તરુણ વય તો થઈ નથી, બાલ્યાવસ્થામાં આવો અનર્થ ક્યાંથી થયો ? (૩૨)

सत्यं क्षतमेवैतत् सख्यो भवदीयबाहुसंस्पर्शात् । निद्रालुना मयेदं न ज्ञातं किं कृतं सपदि ॥

(પ્રભુ ઉત્તર આપે છે.) તમે ખરૂં કહો છો, તમારા બાહુના સ્પર્શથી કપોલપર ચિહ્ન થયાં, તે મેં નિદ્રામાં જાણ્યું નહિ, કે તમોએ હમણાં મને આ શું કર્યું. (૩૩)

नाथ नखक्षतमेतन्नास्त्येवायं तु रदनसंदंशः ।
जानंति तद्भवत्यः किं किं मयि निद्रिते विहितम् ॥ ३४ ॥

(સખિઓ કહે છે) હે નાથ, એ નખક્ષત નથી, પરંતુ દંતક્ષત છે. (પ્રભુએ ઉત્તર આપ્યો) હું નિદ્રામાં હતો, તે વખતે તમે મને શું શું કર્યું તે તો તમે જાણો. (૩૪)

अस्मद्रचितं स्याद्यदि नूनं दृश्येत सार्द्रता तत्र। एतद् व्रणं त्वनार्द्रं विद्धि हरे रात्रिसंजातम् ॥

(વ્રજભક્તો બોલ્યા). જો આ ચિહ્ન અમોએ કપોલમાં હમણાંજ કર્યાં હોય તો તેમાં આર્દ્રતા જણાય, પરંતુ હે હરિ, આર્દ્ર નથી. આ તો રાત્રિમાંજ થયાં છે. જાણ્યું? (૩૫)

सख्यः कुत्र विभातं विभावरी वर्तते निविडा। नोचेद्वद मद्धस्ते कति रेखाः सांप्रतं संति ॥

(પ્રભુએ ઉત્તર આપ્યો) હે સખિઓ, હજુ સવાર ક્યાં થયું છે, હજુ તો ગાઢ રાત્રી છે, (જો તમે આ ચિહ્ન નહિ કર્યાં હોય તો આ અંધારી રાત્રિમાં તમને કેવી રીતે દેખાયાં? માટે તમેજ કર્યાં છે.) જો તમને અંધારામાં આ ચિહ્ન દેખાય છે તો કહો, મારા હાથમાં હમણાં કેટલી રેખા છે? (૩૬)

तिष्ठ कुहक विदितं नश्चातुर्यं चारुवाचस्ते। शृण्वत्सु सर्वलोकेष्वेवं वाक्यं कुलांगनाऽयोग्यम् ॥

(લજ્જિત થઈને ગોપીજન બોલ્યા) હે કપટી હવે રહો, રહો, તમારી મીઠી મીઠી વાણીની ચતુરાઈ અમે જાણી, બધા લોકનાં સાંભળતાં કુલાંગના આગળ આવું બોલવું તમને યોગ્ય નથી. (૩૭)

रहस्येव मया वाच्यं साधुभावः प्रकाशितः। अज्ञातत्वन्मानसेन मयाभिहितमंगने ॥ ३८ ॥

(પ્રભુ બોલ્યા) મારે એકાંતમાં જ કહેવું જોઈએ. મેં તો ભોલપણમાં જ કહ્યું. હે અંગના, તારૂં હૃદય મેં જાણ્યું નહિ, તેથી મેં કહ્યું. હવે એકાંતમાંજ હું કહીશ. (૩૮)

अपरं स्वकीयचरितं शृणु मन्मुखतोत्र गोकुलाधीश ।
येनाखिलवृत्तांतो विशदीभविता कृतश्चौर्यात् ॥ ३९ ॥

अधरेंजनसंयोगो नयने तांबूलरागिता किमिति। प्रकटं कपोलयुग्मे चक्राकारं च दृश्यते चिह्नम्

વ્રજભક્ત બોલ્યા, હે ગોકુલાધીશ, બીજું એક આપનું ચરિત્ર મારા મુખથી કહું છું તે સાંભળો, કે જેથી અમારાથી છાનાછાના તમે કરેલી બધી લીલાનો વૃત્તાંત પ્રકટ થઈ જશે. આપના અધરમાં અંજનનો સંયોગ તથા નેત્રમાં તાંબૂલનો રંગ દેખાય છે, તે ક્યાંથી? વળી બન્ને કપોલપર ચક્રાકાર ચિહ્ન પ્રકટ જણાય છે, તે ક્યાંથી? (૪૦)

सत्यं सखि भवदुक्तं यो ह्यधरस्तस्य कालिमा युक्तः ।
यदि ते तादृगसह्यं स्वाधररागेण रंजितं रचय ॥ ४१ ॥

तदुदाहरणं भवती सख्या यदि नीयते प्रेष्ठम् । तद्दत्तैस्तांबूलैः सरागिता जायते वदने ॥४२॥

(પ્રભુ જવાબ આપે છે.) હે સખિ, તું કહે છે તે ખરૂં છે. અધર (નીચ)માં કાળાશ હોય જ. જો તને આવું કાળું છે તેથી અસહ્ય લાગતું હોય તો તારા અધરના રંગથી તેને તું રંગ. નયનમાં તાંબૂલની રતાશનું ઉદાહરણ તું જ છે. તને જ્યારે સખી પ્રેષ્ઠની પાસે લઈજાય છે,

ત્યારે પ્રિયે આપેલા તામ્બૂલથી તારૂં મુખ રંગાઈ જાય છે. (૪૨)

उक्तं यदतिचतुरया चक्राकारं कपोलचिह्नं मे । युक्तं रथाङ्गपाणेः कपोलहस्तेन शयनेन ॥

અતિ ચતુર એવી જે તું તેણે મારા કપોલ ઉપર ચક્રાકાર ચિહ્ન હોવાનું કહ્યું તે પણ વ્યાજબી છે, કારણ કે હું ચક્રપાણિ છું, તેથી મારા હાથમાં ચક્ર સદા રહે છે, તેથી નિદ્રામાં મારો હસ્ત કપોલપર રહી ગયો હોય તેથી ચક્રનું ચિહ્ન થવાનો સંભવ છે. (૪૩)

सख्यः पश्यत पुनरपि चित्रं हृदयेस्ति मालिका त्रिगुणा ।
सगुणैव तत्र चास्तां विगुणायाः किं प्रयोजनं तस्याः ॥ ४४ ॥

(શ્રીગોપીજન કહે છે) હે સખિઓ, બીજું પણ એક આશ્ચર્ય જુઓ. પ્રભુના હૃદય ઉપર દોરાવગરની માલાનું ચિહ્ન જણાય છે. તે માલા તો [illegible]વાળી હોવી જોઈએ, તો આ ગુણવગરની માલાનું ત્યાં શું પ્રયોજન છે? (૪૪)

नैवं समुचितमधुनासूया मयि गोपिकाः क्रियते । निजभर्त [illegible] सकलंके रजनी चन्द्रेनुरक्तैव ॥

(પ્રભુ બોલ્યા) હે ગોપિકાઓ, અત્યારે આ પ્રમ[illegible] મારી ઈર્ષ્યા કરો તે યોગ્ય ન ગણાય, કેમકે જો કે ચંદ્ર સકલંક છે, તો પણ રાત્રિ પો[illegible]ા ભર્તા સાથે તેમ કરતી નથી; તે તો ચંદ્રપર અનુરાગવાળી જ રહે છે. (૪૫)

सा तु स्वयमपि मलिना मलिनं भर्तारमुत्तमं मनुते ।
वयमिह कथमनुरागं कुलाङ्गनास्त्वादृशे कुर्मः ॥ ४६ ॥

(ગોપીજનોએ ઉત્તર આપ્યો) એ રાત્રિ તો પોતે પણ મલિન છે, તેથી કલંકિત ભર્તા ચંદ્રને ઉત્તમ માને છે, પરંતુ અમે તો કુલાંગના છીએ, તે આપ જેવા કલંકિતની ઉપર અનુરાગ કેવી રીતે કરીએ? (૪૬)

सख्यो न मयि कलंको यदि भविता युष्मदीयः सः ।
कृत्वा मां सकलंकं कुलांगना एव किं यूयम् ॥ ४७ ॥

(પ્રભુ બોલ્યા) હે સખિઓ, મારામાં તો કાંઈ કલંક નથી; જો હોય તો તે તમારો કરેલો છે, મને કલંકિત કરીને તમે કુલાંગના કેવી રીતે રહી શકો? (૪૭)

तिष्ठतु सर्वा वार्ता तूर्णं शयनात्समुत्तिष्ठ । आर्ता इव ते पदवीं पश्यंति प्रेष्ठ ॥४८॥

(ગોપીજન બોલ્યા) હવે એ બધી વાતો જવા દો, શય્યાથી જલ્દી ઉઠો, હે પ્રેષ્ઠ, નંદરાયજી વગેરે સર્વે આર્ત થઈને આપની વાટ જુએ છે. (૪૮)

उत्थापयितुं शक्ता यदि मां कुर्वंतु सामर्थ्यम् । अथवा शयनं कुरुत भवतीरहमुत्थिताः कुर्वे ॥

(પ્રભુ બોલ્યા) જો તમારામાં મને ઉઠાડવાનું સામર્થ્ય હોય તો તમે મને ઉઠાડો. નહિ તો તમે શયન કરો, હું તમને ઉઠાડું. (૪૯)

એ પ્રમાણે પ્રભુને જગાડવાને વ્રજભક્ત પણ સમર્થ થયા નહિ, એટલામાં એક ભક્ત ભાવાવિષ્ટ થઈને પ્રભુ કયા ઉપાયથી જાગશે એમ સખિઓને પ્રશ્ન કરે છે. ત્યારે બીજા ભક્તો તેને ઉત્તર આપીને ઉપાય બતાવે છે, તેનું વર્ણન તેર શ્લોકથી કરે છે.

काचित् समुदितभावा प्राह सखीं सादरं वाक्यम् । संगोपितात्मभावा संशांत्यै विप्रयोगाग्नेः
उत्थापितोऽपि वहुधा किं कुर्वे नैव जागर्ति । किंचित् विकसितनेत्रः पुनरपि दृङ्मुद्रणं कुरुते

ત્યાં કોઇક સખી, જેનો ભાવ સારી રીતે વધી ગયો છે, તે પોતાનો ભાવ ગુપ્ત રાખીને વિયોગાગ્નિની શાંતિને માટે સહિયરને આદરસહિત કહેવા લાગી. (૫૦) શું કરૂં ? ઘણી ઘણી રીતે ઉઠાડવાની મહેનત કરવા છતાં હજુ જાગ્યા નહિ. નેત્ર કંઇક ઉઘાડીને પાછા મીંચી દે છે. (૫૧)

जानासि नैव हृदयं हरेर्दृशौ यन्निमीलयति । ज्ञापयति मे विकाशो नयनांवुजयोर्न सूरेण ॥

(ત્યારે એક સખી બોલી.) તું હરિના હૃદયને જાણતી નથી કે તે પોતાના નેત્રને શા માટે મીંચી દે છે, એ તો એમ જણાવે છે કે આ લૌકિક સૂર્યથી મારા નેત્રકમલ ખુલશે નહિ. (૫૨)

केन विकाशो भविता वद नयनांभोजयोरधुना । सखि तमुपायं कथय प्रयोजयिष्ये भवेत्साध्यः

(ત્યારે તે સખી પૂછે છે.) કઇ રીતે પ્રભુના નેત્રકમલનો વિકાસ થાય તે તુ જાણતી હોય તો હે સખિ કહે. મારાથી બનશે તો તે હું કરીશ; જેથી આપણું કામ સિદ્ધ થાય. (૫૩)

यदि शुश्रूषा मत्तः सुतनु तवास्ते मयोदितं सुहितम् ।
आकर्णयाधुना तं यदि भविता ते तदादरो दिष्ट्या ॥ ५४ ॥

सखि मुखचंद्रं दर्शय कुमुदद्वयमेव को वेद । कुत्र कुमुदता मुग्धे दिवा विकाशोपि दृश्यते नित्यम्

હે સુતનુ, જો તારે મારી પાસેથી સાંભળવાની ઇચ્છા હોય, અને જો તું મારા કથનમાં પોતાનું હિત સમજતી હોય, તો હવે આ ઉપાય કહું છું તે સાંભળ. ભાગ્યવશાત્ હમણાંજ તારી કૃતિનો આદર થશે. (૫૪) હે સખિ, તું તારા મુખચંદ્રનું દર્શન કરાવ. કોણ જાણે, આ બંને નેત્ર કુમુદજ હોય. જો કુમુદજ હશે તો તારા મુખચંદ્રના દર્શનથી તેમનો વિકાશ થશે. (ત્યારે સખીએ કહ્યું) હે મુગ્ધે, એ કુમુદ ક્યાંથી હોય, એ તો સદા દિવસે વિકાસતા જણાય છે. (૫૫)

अन्यमुपायं जाने ताटंकद्वैतसूरेण । संपर्को यदि भविता[1] तदा विकाशो दृशोर्भावि ॥५६॥

(ત્યારે ફરીથી સખી બોલી) એનો બીજો ઉપાય પણ હું જાણું છું. તારા કહેવા પ્રમાણે જો એ (નેત્ર) કમલ છે, તો તારા બે કાનની ટોટી (કુંડલ) રૂપ સૂર્યનો જો એને સંપર્ક થશે, તો એ નેત્રોનો વિકાશ થશે. (૫૬)

सखि समुदितमपि तदुभयमधुना किं न प्रकाशयति ।
नयनद्वयमिति वहुधा व्यभिचारात् कारणं नैतत् ॥ ५७ ॥

(ત્યારે એ સખી બોલી) હે સખિ, તારા કહેવાથી મેં એ બન્ને ઉપાય કર્યા, તો પણ પ્રભુના નેત્રકમલનો વિકાશ કેમ થયો નહિ; તેથી એ બન્ને ઉપાય વિકાશમાં યોગ્ય કારણ નથી, એમ જણાય છે. (૫૭)

---

[1] भावी.

शृणु मदुदितमधुना त्वं कुर्वे व्यभिचारवारणं सपदि ।
रविरपि जलधिनिमग्नस्तद्गतवस्तु प्रकाशयति ॥ ५८ ॥
तथा मुखाब्जलावण्यजलधिस्थितमेव ते । तद्द्वयं तत्स्थितौ नेत्रमीनौ भासयति क्षणात् ॥

(ત્યારે બીજી સખીએ ઉત્તર આપ્યો) સાંભળ, મેં કહેલા વિકાસના કારણમાં તેં જે વાંધો બતાવ્યો, તેનું નિવારણ હું તરત કરૂં છું. સૂર્ય પણ સમુદ્રમાં ડૂબ્યો હોય તો સમુદ્રની વસ્તુનો પ્રકાશ કરે છે, (૫૮) તેજ પ્રમાણે તારા ટોટી (કુંડલ) રૂપ સૂર્ય છે તે તારા મુખના લાવણ્યરૂપી સમુદ્રમાં નિમગ્ન થયો છે. તે મુખકમલના લાવણ્યરૂપ સમુદ્રમાં રહેલાં તે નેત્રરૂપ મીનદ્વયને એક ક્ષણમાત્રમાં પ્રકાશ કરશે. (૫૯)

लौकिककमलान्यपि सखि स यदाकाशे समायाति ।
भासयति तद्वदिदमपि कपोलगगने समायातु ॥ ६० ॥
त्रपामपास्य संमुखं मुखं कुरु प्रियस्य तद्रसं चिरेण संचितं निजाधरेण तं पिब ।
श्रवोविभूषणद्वयं तदा कपोलसंस्थितं भविष्यति प्रभोस्तदा दृशोर्विकाश उत्तमः ॥६१॥
तदा संभूय पश्यामः सर्वा मदनसुन्दरम् । सर्वांगशिथिलं किंचिन्निद्राघूर्णितलोचनम् ॥६२॥

હે સખિ લૌકિક સૂર્ય પણ જ્યારે આકાશમાં આવે છે ત્યારે લૌકિક કમલનો વિકાશ કરે છે; તેમ તારા તાટંકરૂપ સૂર્ય પ્રભુના કપોલરૂપી ગગન ઉપર આવો. (૬૦) માટે લાજને છોડીને પોતાના પ્રિયના મુખની સન્મુખ તારૂં મુખ કર. બહુ કાલથી એકઠા થયલા પ્રિયના અધરરસનું તારા અધરથી પાન કર. તે સમયે તારા કર્ણના બન્ને આભરણ પ્રભુના કપોલ ઉપર સ્થિત થશે. ત્યારે પ્રભુના નેત્રકમલનો ઉત્તમ પ્રકારે વિકાશ થશે. (૬૧) ત્યારે અમે બધાં એકઠાં થઇને નિદ્રાથી ઘૂર્ણિત થયલાં નેત્રવાળાં, સર્વ અંગે શિથિલ થયલાં, કામદેવથી પણ વિશેષ સુંદર પ્રભુનું દર્શન કરીશું. (૬૨)

ઉપર કહ્યા પ્રમાણે પ્રભુ જાગ્યા, અને સર્વે વ્રજભક્તોએ પ્રભુના દર્શન કર્યા, તેમાં એક ભાવના આવેશવાળા વ્રજભક્તે પ્રભુને પોતાની ગોદમાં લીધા, અને સર્વે વ્રજભક્તને વિનોદવાક્ય કહેતા પ્રભુની સાથે વિલાસ કરવા લાગ્યા, તેનું વર્ણન કરવાની અયોગ્યતા વગેરે પ્રકાર અગીયાર શ્લોકથી કહે છે.

इति निजसहचरिवचनं श्रुत्वारचयत्तथैव चतुरा सा ।
पूर्णो मनोरथोभूत्सकलोऽपि स्वांतसंबद्धः ॥ ६३ ॥

આવા પોતાની સહચરીના વચન સાંભળીને અત્યન્ત ચતુર શ્રીસ્વામિનીજીએ તે જ પ્રમાણે કર્યું, ત્યારે તેમના અન્તઃકરણમાં રહેલો સર્વ મનોરથ પૂર્ણ થયો. (૬૩)

निजप्राणनाथे प्रबुद्धे समस्ताः समागत्य वक्त्रामृतं दीननेत्रैः ।
पिबंत्यो हरंत्यः प्रियस्यापि चित्तं जहुस्तद्वियोगार्तितापं क्षणेन ॥६४॥

પોતાના પ્રાણનાથ જાગ્યા ત્યારે સર્વ વ્રજભક્તોએ આવીને દીનતાયુક્ત નેત્રથી

પ્રભુના વદનરૂપ અમૃતનું પાન કર્યું, અને પોતાના પ્રિય પ્રભુના ચિત્તનું હરણ કર્યું, અને પ્રભુના વિયોગની આર્તિના તાપનો એક ક્ષણમાં ત્યાગ કર્યો. (૬૪)

यद्यत्सुखमनुभूतं तासामभवत्प्रियस्य संगेन ।
कथमपि वक्तुमशक्यं मनसो वचसो यतोऽगम्यम् ॥ ६५ ॥

પોતાના પ્રિયના સંગમથી તે વ્રજભક્તોને જે જે સુખનો અનુભવ થયો તે અમે (શ્રીહરિરાયજી) કહી શકતા નથી, કેમકે અમારા મન ને વાણીને તે અગમ્ય છે. (૬૫)

काचिद् वहुवियोगार्ता तूर्णमागत्य संमुखम् । परिरभ्य निजोत्संगे गोविन्दमकोरन्मुदा ॥

કોઈક વ્રજભક્ત જે વિયોગથી બહુ આર્ત થયલા, તેમણે જલદી સન્મુખ આવીને ગોવિંદને આલિંગન કરીને હર્ષથી પોતાની ગોદમાં પધરાવ્યા. (૬૬)

ततः सर्वा गर्वादिकमपि परित्यज्य मिलिता मुकुंदोत्संगां तां सपदि परितः प्राणपतिनः ।
स्फुरद्भावं दृष्टाः परमभिनिविष्टा मुररिपोर्गुणे रात्रिक्लिष्टाः किमपि जगदुर्दीनवचनम् ॥६७॥

ત્યારે સર્વ સખીઓ પોતાના ગર્વ વગેરેનો ત્યાગ કરીને એકઠા થયા, અને જેના ઉત્સંગમાં મુકુન્દ ભગવાન બિરાજતા હતા તેની ચારે તરફ એકદમ વિંટલાઇ પ્રાણપતિથી વૃદ્ધિ પામેલા ભાવથી જોવાયલા મુરારિ પ્રભુના ગુણમાં પરમ અભિનિવેશ કરીને રાત્રિભર વિયોગના ક્લેશવાળા કંઇક દીન વચન બોલવા લાગ્યા. (૬૭)

सुंदरि तवैव भाग्यं यत्प्राप्तो गोकुलाधीशः । मधुपं नीरजमिव सखि छादय वाहुद्वयेनेमम् ॥
रुचिरे सखि हरिरूपे निपततु मा पश्यतां दृष्टिः ।
इति निजचैलांचलतो विमुच्य सिद्धार्थविभ्रमं वितनु ॥ ६९ ॥

હે સુન્દરિ, તારું ભાગ્ય છે કે તને ગોકુલાધીશ પ્રાપ્ત થયા. હવે જેમ કમલ ભ્રમરને પ્રાપ્ત કરીને તેને ઢાંકી દે છે, તેમ તું તારા બન્ને ભુજાથી એને આચ્છાદિત કરી દે. (૬૮) હે સખિ, હરિના સુન્દર રૂપની ઉપર કોઇ જોનારની દૃષ્ટિ ન પડે તેને માટે તારા કપડાના છેડામાં બાંધેલા સરસવ પ્રભુના ઉપર વારીને ચારે તરફ ફેંકી દે. અથવા હરિના અત્યન્ત સુંદર સ્વરૂપ પર કોઈ જોનારની દૃષ્ટિ ન પડે તેમ તારા વસ્ત્રના છેડાથી તું તેને ઢાંકી દે. હવે તારો સર્વ મનોરથ સિદ્ધ થયો. હવે મનના વિભ્રમને છોડીને પ્રભુની સાથે વિલાસ કર. (૬૯)

काचित् समुदितमदना दुःसहतद्विप्रयोगाग्निम् । सोढुमशक्ता किंचिच्चकार गोपीपतौ सपदि ॥
तदिदं वक्तुमशक्यं तदाभवत्स्वामिनीप्रभ्वोः ।
कश्चिद्रमणविशेषो मनोवचोऽगोचरः सुमुखि ॥ ७१ ॥

કોઈક સખી જેને પુષ્કલ કામનો ઉદય થયો હતો, અને પ્રભુના વિયોગના અગ્નિને સહન નહિ કરી શકતી હતી, તેણે જલદી આવીને ગોપીપતિ પ્રભુને કંઈક કર્યું. (૭૦) તે કહી શકાય તેમ નથી. ત્યારે હે સુમુખિ, શ્રીસ્વામિનીજી તથા પ્રભુનો કોઈક રમણનો મન અને વાણીને અગોચર પ્રકાર થયો. (૭૧)

ततस्ता भगवत्संगा मिलिताः पर्यवारयन् । द्विरेफमिव पाथोजदलानि स्वांतरागतम् ॥७२॥
वाताहतमिव कमलं तदाभवन्मत्प्रभोर्नेत्रम् । भृङ्गैरिव पीतस्तन्मकरंदः स्वामिनीनेत्रैः ॥७३॥

પછી ભગવાનના સંગવાળી ગોપીનેં મળીને જેમ કમલની પાંખડી પોતાની અંદર આવેલા ભ્રમરને ચારે તરફથી ઘેરી લે છે, તેમ સર્વેએ મળીને પ્રભુને ઘેરી લીધા. (૭૨) ત્યારે વાયુથી કંપતા કમલના જેવું મારા પ્રભુનું નેત્રકમલ ચંચલ થયું. અને જેમ ભ્રમર કમલના મકરન્દનું પાન કરે છે, તેમ શ્રીસ્વામિનીના નેત્રરૂપ ભ્રમરોએ પ્રભુના નેત્રકમલના મકરન્દનું પાન કર્યું. (૭૩)

હવે સર્વ ભક્ત પ્રભુને લઇને શ્રીયશોદાજીની પાસે જાય છે અને પોતે પ્રભુને જગાડ્યા તેનો પ્રકાર યશોદાજીને કહે છે, અને પ્રભુને માતાની પાસે પધરાવે છે; તેનું ચાર શ્લોકથી વર્ણન કરે છે.

आगत्य मातृचरणांतिके वदंति स्म ताः किंचित् । वालोप्ययं प्रवुद्धो ग्राह्यः संभोजनीयश्च ॥
मातर्वहुधास्माभिः प्रलोभनं ते कृतं सूनोः । सोयं तदा कथंचित् स्वांके कृष्णांवुजो नीतः ॥

માતૃચરણની પાસે જઇને કહેવા લાગ્યા કે તમારો લાલા બાલક છે, તોપણ અમે એને જગાડ્યા છે. એને આપ લો, અને એને સારી રીતે ભોજન કરાવો. (૭૪) હે માતા, અમે એને બહુ લાલચ આપી ત્યારે જાગ્યા છે. જેમ તેમ કરીને આ કૃષ્ણકમલને તમારા ઉત્સંગમાં લાવ્યા છીયે. (૭૫)

निद्रालुता तवास्ते सूनोर्जाते प्रभातेपि । वदति मया नोत्थेयं परः शतैस्त्वत्कृतैः यत्नैः ॥
प्रार्थनया वहुविधया पदग्रहणेन मस्तकं धृत्वा ।
कथमपि संप्रति निकटे तव वालोयं समानीतः ॥ ७७ ॥

જો કે પ્રાતઃકાલ થઈ ગયો તોપણ તમારા પુત્ર તો નિદ્રાલુ જ છે, અને કહેવા લાગ્યા કે તું સેંકડો પ્રયત્ન કરશે તોપણ હું ઊઠવાનો નથી, (૭૬) અમે બહુ પ્રકારે પ્રાર્થના કરીને એમના ચરણ ગ્રહણ કરીને મસ્તક ધરીને જેમ તેમ કરીને હમણા તમારા આ બાલને તમારી પાસે લાવ્યા છીએ. (૭૭)

હવે પ્રભુ માતાને પૂછે છે કે મારા ભોજનને માટે શું શું કર્યું છે? ત્યારે માતા મંગલભોગને માટે કરેલી સામગ્રીનું વર્ણન કરીને આરોગવાની પ્રાર્થના કરે છે, તે પાંત્રીશ શ્લોકથી કહે છે,

ततः पृच्छति गोविंदो मातः किं मत्कृते कृतम् । यद्यत् स्वादु तवाभीष्टं तात पूर्वं पयः पिव ॥
पयो वयो वर्धयति केशानपि च मेचकान् । पयसा गोपवालेषु वलं ते वलवद्भवेत् ॥७९॥

પછી ગોવિંદ પૂછે છે કે હે માતા, તેં મારે માટે શું શું કર્યું છે? ત્યારે માતા કહે છે કે હે બાલ, તને જે જે સ્વાદિષ્ટ વસ્તુઓ ગમે છે, તે બધી કરી છે, પહેલાં દૂધ પી જા. (૭૮), દૂધ ઉંમરને વધારે છે, વાળને પણ સુંદર કાળા કરે છે, અને દૂધ પીવાથી ગોપબાલકોમાં બલદેવના જેવો બલવાન્ તું થશે. (૭૯).

तदनु नवं नवनीतं चूर्णितसितयापि संयुक्तम् । दुर्ललितमुग्धसूनो कुरु मुखकमले मदुक्तेन ॥

તે પછી મિશ્રીની ભૂકીવાળું તાજું નવનીત, હે ચંચલ અને મુગ્ધ બાલ, મારૂં કહ્યું માનીને મુખકમલમાં મૂકો. (૮૦)

दधि वद्धं शर्करया सहितं सुहितं घनीभूतम् ।
कुरु सुंदर निजवदने सफलं सद्यो मनोरथं वितनु ॥ ८१ ॥

माहिषपयःशरोऽयं निहितः सौवर्णपात्रेषु । प्राश्यो गोकुलपालक कुरु सफलं मे श्रमं सद्यः ॥

બાંધેલું ગાઢું દહીં મિશ્રીસહિત હિતકર છે, તે તારા સુંદર વદનમાં મૂક; અને મારો મનોરથ તરત સફલ કર. (૮૧) આ સુવર્ણના પાત્રોમાં ભેંસના દૂધની મલાઈ ધરી છે, તે આરોગીને હે ગોકુલપાલક, મારો શ્રમ જલદી સફલ કરો. (૮૨)

गोधूमचूर्णरचिता मृदुरोटिकेयमत्यच्छमुग्धनवनीतसिताविमिश्रा ।
वांछत्यलं तव मुखाम्बुजसंगमं सा पूर्णं मनोरथचयं कुरु गोकुलेश ॥ ८३ ॥

ઘઉંના લોટની બનાવેલી કુમળી રોટલી અતિસ્વચ્છ નવનીત અને મિશ્રી મેળવેલી, તમારા મુખમાં જવાને ઇચ્છે છે તેથી હે ગોકુલેશ, એને મુખકમલમાં મૂકીને એના મનોરથના સમૂહને પૂર્ણ કરો. (૮૩)

अत्यंतपाकशाली शालीनामोदनो दध्ना । मिश्रः संधितसहितस्तवास्यसंगं स कांक्षति प्रायः ॥

સારી રીતે ચઢી ગયેલો, દહીં મેળવેલો શાલનો ભાત સંધાણાની સાથે પ્રાયઃ તમારા મુખમાં જવાની ઇચ્છા કરે છે. (૮૪)

आवर्तितबहुपयसा परिपाचितशालिभी रचितम् । पायसमुत्तमसितया सहितं योग्यं त्वदास्येंदोः ॥

ઓટેલા બહુ દૂધમાં રાંધેલી, ચોખા નાંખેલી, મિશ્રીવાળી ખીર તૈયાર કરી છે, તે પણ તમારા મુખચંદ્રને લાયક છે. (૮૫)

पूर्वप्रदेशसंभवतंडुलविहितं विभेदयुग्भक्तम् । तन्निकटे गोकुलनृप परिपक्वाः स्थापिता मुद्गाः ॥

પૂર્વદેશમાં ઉત્પન્ન થયેલો ચોખાનો ખીલેલો ભાત અને તેની પાસે હે ગોકુલનાથ, પરિપક્વ મગ પણ ધર્યા છે. (૮૬).

तन्निकटरूप्यपात्रे स्थापितमत्युत्तमं शाकम् । कांचनशकलनिचय इव यत्सूरणकंदसंभवं कृष्ण ॥
तन्निकटे नवमृदुतरशकलं यत् पेचुकीरचितम् । शाकं बहु परिपाकं सुन्दरपात्रे त्वदाप्तये निहितम् ॥

હે કૃષ્ણ, તેની પાસે રૂપાના પાત્રમાં અતિ ઉત્તમ શાક ધર્યું છે, તે સૂરણના કંદનું બનાવેલું છે, અને સુવર્ણના કટકાના ઢગલા જેવું દેખાય છે. (૮૭) તેની પાસે નવા, કોમલ અરવીના ટુક (કટકા)નું બનાવેલું શાક સારી રીતે તળીને સિદ્ધ કરીને સુંદર પાત્રમાં તમારે અંગીકાર કરવાને માટે ધર્યું છે. (૮૮)

मरिचार्द्रकादियुक्तं रामठलवणादिसंयुक्तम् । निहितं सुवर्णपात्रे वृंताकैर्निर्मितं शाकम् ॥८९॥
तन्निकटे सुकुमारक निहितं सौवर्णपात्रेषु । [1]कोशातकीविरचितं शाकं वदनारविंदार्हम् ॥

---

[1] पेठा. पीलु कोलु.

મરી, આર્દ્રક (આદુ), હિંગ, લોણ, વગેરે મેળવેલું વેગણનું બનાવેલું શાક સુવર્ણના પાત્રોમાં ધર્યું છે. (૮૯) તેની પાસે હે સુકુમાર, સુવર્ણના પાત્રોમાં પટોલનું બનાવેલું શાક આપના મુખકમલને લાયક ધર્યું છે. (૯૦)

रम्ये राजतपात्रे द्विविधं वास्तूक[1]नामकं शाकम् ।
स्थापितमतिरोचकमिह हरेर्मुखांभोजसंगमाकांक्षि ॥ ९१ ॥
तन्निकटे कांस्यपात्रे निहितं काष्ठारुकंदस्य ।
शाकं बहु परिपाकं सफलं तत्कुरु विश्रमं वितनु ॥ ९२ ॥

સુંદર ચાંદીના પાત્રમાં નાના મોટા બે જાતના બથવાનું અતિ રુચિકર શાક અહીં ધર્યું છે. હે હરિ, એ તમારા મુખકમલમાં જવાને તલપી રહ્યું છે. (૯૧) તેની પાસે કાંસાનાં પાત્રમાં કાષ્ઠારુકંદ (સકરકંદ)નું સારી રીતે બાફીને તળેલું શાક ધર્યું છે, તે આરોગીને તે તૈયાર કરવાનો મારો શ્રમ સફલ કરો. (૯૨)

नूतनमृन्मयपात्रे दधिभक्तं हिंगुजीरकैर्युक्तम् । सलवणमार्द्रकसंश्रितसमितं योग्यं त्वदास्येंदोः॥
संरजनिसिद्धार्थकनवहिंगुहरिद्राविमिश्रितः सुस्रुतः ।
सुन्दरतक्रकषायः पक्ववटीमिश्रितश्चास्ते ॥ ९४ ॥

નવા માટીના પાત્રમાં હિંગ, જીરુ, લવણ મેળવેલો દહીંભાત આર્દ્રકના સંધાણા-સહિત ધર્યો છે, તે તમારા મુખચંદ્રને યોગ્ય છે. (૯૩) છાશની, રાઈ નાંખેલી, નવી હિંગ, હળદર મેળવેલી, સારી રીતે ઓટેલી, પકોડી નાંખેલી, કઢી ધરી છે, તે બહુ સુંદર છે. (૯૪)

सावर्तितजलमिश्रितमरिचवटीनिर्मितः स रसः ।
कांचनपात्रे निहितः सशीत्कारं तव भोजनं वितनु ॥ ९५ ॥
धौतमाषकृतपक्ववटीको हिंगुजीरकदलैः समन्वितः ।
स्थापितः सलवणोद्भुतपात्रे सुन्दरास्य तव [illegible] ॥ ९६ ॥

સારી રીતે ઓટેલો, જલ મેળવેલો, મરી અને વડી મેળવેલો રસ સિદ્ધ કરીને સુવર્ણના પાત્રમાં ધર્યો છે. તે સીત્કાર સહિત ભોજન કરો. (૯૫) હે સુંદર મુખવાળા, તારે માટે ધોયલી અડદની દાળની બનાવેલી પકોડી, અને હિંગ જીરુ નાંખેલો લોણ મેળવેલો, છાશનો બનાવેલો આ સાર અદ્ભુત પાત્રમાં ધર્યો છે. (૯૬)

[2]पेचुकिपत्रपुटीकृतमाषजशकलैः समंततो युक्तः । कपिशस्तक्ररसोयं भव भोक्ता नंदसूनोस्य ॥
[3]सार्द्रकचणकसमेतो मरिचरसो हिंगुसंयुक्तः । निक्षिप्यौदनमध्ये कुरु भोजनमंबुजास्य त्वम् ॥

અરવીના પાનને અડદની દાળનું વેસણ લગાવીને તેની બીડીવાળીને, સરખા કટકા કરીને ઘીમાં રાંધીને પીળી છાશમાં નાંખીને સિદ્ધ કરેલો આ રસ છે. તેનો હે નંદસૂનુ, આપ ભોગ કરો. (૯૭) આદુ અને બાફેલા ચણા સહિત હિંગ નાંખેલો

---

१ बथवो. चंदन बथवो. २ अरवी. ३ तिनकुडा.

મરીનો રસ (તિનકુડા) સિદ્ધ કર્યો છે, તેને ભાતમાં નાંખીને હે કમલવદન, તમે ભોજન કરો. (૯૮).

केवलतक्रविनिर्मितधवलरसः स्वादुमरिचाक्तः । मंदाग्निनातिपक्वस्त्वदेकभोग्यो मया विहितः ॥
आमाम्रफलनिर्मितशकलविमिश्रोतिराजिका[1]सहितः ।
कश्चित् सुभगरसोऽयं ग्रीष्मकृतं तापमपहरति ॥ १०० ॥

એકલી છાશની બનાવેલી, મરી નાંખેલી સ્વાદદાર સફેદ કઢી, મંદ અગ્નિથી મેં તમારે ભોજન કરવાને માટે જ બનાવી છે. (૯૯). કાચી કેરીના કટકા જલમાં મિશ્રણ કરી, બહુ રાઈ નાંખીને કોઈક સુંદર રસ સિદ્ધ કર્યો છે, તે ગ્રીષ્મ ઋતુના તાપને દૂર કરે છે.

चणकचूर्णविनिर्मितवटिकासहित एष हितस्तव सुन्दर ।
समरिचः स रसोतिविलक्षणस्तव विशेषरुचिं प्रसमीक्षते ॥ १०१ ॥
चतुरस्रचणकचूर्णप्रयुक्तखंडैर्विमिश्रितो दध्ना ।
अत्यंतरोचकस्ते गोकुलनृप राजिकायुक्तोऽयम् ॥ १०२ ॥

હે સુંદર, તમારા હિતને માટે ચણાના લોટની બનાવેલી વડી, મરી મેળવીને છાશમાં નાંખીને રસ તૈયાર કર્યો છે, તે બહુ વિલક્ષણ છે; અને તે તમારી વિશેષ રુચિની વાટ જુએ છે. (૧૦૧) હે ગોકુલના રાજા, ચણાના લોટને બાફીને બનાવેલા ચોખંડા કટકા નાંખીને દહીં વડે, રાઈ મેળવીને, આ રસ તૈયાર કર્યો છે, તે અત્યંત રોચક છે.

हैयङ्गवीनमुत्तममद्भुतं ते नैचिकीजातम् । राजति कांचनपात्रे निहितं काश्मीरनीरमिव॥१०३॥
गोधूमचणकचूर्णैः पक्वान्नान्यत्र निर्मितानीह ।
संति समस्तान्यादरभरतो निहितानि पात्रेषु ॥ १०४ ॥

તાર માટે બહુ જ સુંદર ગાયના દૂધમાંથી બનાવેલું [illegible] પાત્રમાં ધર્યું છે, તે કેશરના જલના જેવું શોભે છે. (૧૦૩). ઘઉંના તથા ચણાના લોટના [illegible] બનાવેલા પક્વાન્ન છે; તે સર્વે આદરપૂર્વક પાત્રોમાં ધર્યાં છે. (૧૦૪)

चूर्णिततंडुलरचिता मया कृता शष्कुली मृदुला ।
मिलितः मनोरथं मे पूरयतु त्वन्मुखाब्जेन ॥ १०५ ॥
भरिताः सुंदर सितया कोणचतुष्के लवंगसंबद्धाः ।
कर्पूरनाडिकास्ताः कुथाः कृपालो मुखांभोजे ॥ १०६ ॥

ચોખાના લોટની મેં બનાવેલી કોમલ ચકુલી તમારા મુખકમલમાં મૂકીને મારો મનોરથ પૂર્ણ કરો. (૧૦૫) સુંદર મિશ્રી ભરેલી ચારે ખુણે લવંગ ખોસેલી કપૂરનાડીઓને હે કૃપાલુ, તમારા મુખકમલમાં ધારણ કરો. (૧૦૬)

दधिबद्धपिष्टनिर्मितदधिवटकाः सद्घृते पक्वाः ।
गोकुलजीवन नव्या जयंतु ते त्वन्मुखांभोजे ॥ १०७ ॥

---

[1] राई.

गोधूमचूर्णनिर्मितचक्राकाराः करंजिका मिष्टाः ।
इष्टास्त्वदास्यपद्मे संतु मया निर्मिताः संति ॥ १०८ ॥

બાંધેલા દહીંમાં લોટ મેળવીને બનાવેલા થોડા ઘીમાં તળેલા નવા દહિંવડા, હે ગોકુલજીવન, આપના મુખારવિંદમાં વિજય કરો. (૧૦૭) ઘઉંના લોટની બનાવેલી ચક્રના આકારની મીઠી ચંદ્રકળા મેં બનાવી છે, તે આપના મુખકમલમાં બિરાજવા યોગ્ય છે. (૧૦૮)

चणकचूर्णरसाहितबिंदुभिर्विहितसुंदरबिन्दुजलड्डुकम् ।
सुत मया खलु बद्धमथो सिताकृतरसेन मुखे तव तिष्ठतु ॥ १०९ ॥
निजकरयुग्मविनिर्मितसेवितलड्डुकमुत्तमम् ।
सुघृते पक्वं सितानिबद्धमतियोग्यं त्वन्मुखे मातु ॥ ११० ॥

ચણાના લોટના રસની બુંદી કરીને મિશ્રીના રસમાં નાંખીને ગાઢી ચાસણીથી સુંદર બુંદીના લાડુ, હે સુત, મેં તૈયાર કર્યા છે, તે તમારા મુખમાં મૂકો. (૧૦૯) મારા બન્ને હાથથી બનાવેલી સેવનો સુંદર ઘીમાં તળેલો, મિશ્રીની ચાસણીથી બાંધેલો, ઉત્તમ લાડુ અતિ યોગ્ય છે, તે આપના મુખમાં મૂકો. (૧૧૦)

मर्दितचूर्णविरचिताश्चंद्राकारा घृते पक्वाः । माठा मनोरथानां पूरणयोग्या मुखे कार्याः ॥
एवंभूतानि वस्तूनि स्थापितानि प्रियार्भक । यद्यद्रुचिकरं तात तत्त्वया क्रियतां मुखे ॥

લોટને ગૂંદીને બનાવેલા ઘીમાં તળેલા ચંદ્રના આકારના માટ (ઠોર) છે, તે મનોરથ પૂર્ણ કરવા યોગ્ય છે; તેમને મુખમાં ધરો. (૧૧૧) હે પ્રિય બાલ, આ પ્રકારની સર્વ વસ્તુ ધરી રાખી છે, તેમાં જે આપને રુચિકર હોય તે, હે તાત, આપના મુખમાં ધરો. (૧૧૨)

ततो मन्नाथेन प्रणयभरमाकर्ण्य गदितम् । स्वमातुः स्वाकांक्षाकृतमिति कृपापूर्णमनसा ।
यदेव स्वाभीष्टं रुचिकरमुत स्वादु मृदुलम् । लसन्मुग्धस्मेराननकमलमध्ये तदकरोत् ॥११३॥

પછી મારા નાથ શ્રીકૃષ્ણચંદ્રે પ્રેમથી ભરેલાં પોતાની માતાનાં વચન સાંભળીને, તેમણે બહુજ આકાંક્ષાથી કર્યું છે એમ જાણીને, પૂર્ણ મનથી પોતાને જે અભીષ્ટ, રુચિકર, સ્વાદુ અને કોમલ લાગ્યું, તે મંદ હાસ્યયુક્ત પોતાના સુંદર મુખકમલમાં ધર્યું.

આ પ્રકારે માતાની પ્રાર્થનાથી ભગવાન આરોગ્યા. પછી આચમન મુખવસ્ત્ર લઇને, બીડી લઇને, માતાની ગોદમાં બિરાજીને મંગલાઆરતિ કરાવી, તેનું ત્રણ શ્લોકથી વર્ણન કરે છે.

कथाः कथयंतीभिर्वीजयन्तीभिरच्युतम् । सखीभिः सहितो भुंक्ते कृष्णः कमललोचनः ॥
तत आचम्य ताम्बूलं प्रगृह्य करयोर्द्वयोः । जनन्युत्संगोपविष्टः सालकाननचंद्रमाः ॥
ततश्चारात्रिकं मातुःसखीभिरखिलेश्वरः । हरिस्तारयामास लसद्वदनपंकजः ॥ ११६ ॥

અનેક પ્રકારની કથાઓ કહેતી અચ્યુત ભગવાનને પંખા કરતી સખીઓની સાથે કમલનયન શ્રીકૃષ્ણ ભોજન કરતા હતા. (૧૧૪) પછી આચમન કરીને મુખપ્રક્ષાલન કરીને બંને હાથમાં તાંબૂલ લઇને મુખચંદ્ર ઉપર આવેલા વાળથી શોભતા શ્રીકૃષ્ણ માતાની ગોદમાં બેઠા. (૧૧૫) માતાની સખીઓની પાસે અખિલ વિશ્વના ઈશ્વર હરિએ આરતિ ઉતરાવી ત્યારે આપનું મુખારવિંદ અત્યંત શોભવા લાગ્યું. (૧૧૬)

હવે માતા શ્રીઠાકોરજીને ઉબટનો કરાવીને સ્નાન કરાવીને શૃંગાર કરે છે, તેનો પ્રકાર પાંત્રીશ શ્લોકથી કહે છે.

तदनंतरमेवं हि भावनात्र विधीयताम् । सखीसमीकृतस्थानः सूक्ष्मचैलार्पितासनः ॥११७॥
समानीतलसत्तैलसर्वांगकृतलेपनः । सूक्ष्मकंकतिकायत्नप्रसाधितकचांतरः ॥ ११८ ॥
जननीहस्तनखरसमीकृतमुखालकः । करद्वयतलस्थायितैललिप्तमुखांबुजः ॥ ११९ ॥

તે પછી અહિં એવી ભાવના કરવી કે સખીઓએ સ્થાનને ઠીક કરીને ઝીણા વસ્ત્રોથી આસન બિછાવ્યું. (૧૧૭) આણેલા સુન્દર ફુલેલથી પ્રભુના સર્વાંગ ઉપર લેપન કર્યું, નાની કાંસકીથી બહુ સારી રીતે યત્ન કરીને પ્રભુના વાળ ઓળ્યા. (૧૧૮) માતાએ હાથના નખથી મુખ ઉપર આવેલા અલક સરખા કર્યા. બન્ને હાથમાં તેલ લઇને પ્રભુના મુખકમલને લેપન કર્યું. (૧૧૯)

नयनद्वितयप्रांतप्रोंछनप्राप्तसीत्कृतिः । गृहीतलकुटो वामकरस्थनवनीतकः ॥ १२० ॥
अनेकदीनवचनानुनीतः साधुवत्स्थितः । सुगंधोद्वर्तनोद्वर्तिरुचिरस्वांगसुंदरः ॥ १२१ ॥

બન્ને નેત્રના છેડાના ભાગને લૂછ્યા, ત્યારે પ્રભુ સીત્કાર કરવા લાગ્યા. લકુટી લીધી, અને ડાબા હસ્તમાં માખણ ધર્યું. (૧૨૦) અનેક રીતે કાલાવાલા કરવાથી પોતે માની ગયા. ડાહ્યા થઇને ઊભા. રુચિર સુંદર શ્રીઅંગને સુગન્ધયુક્ત ઉબટનો લગડાવ્યો.

क्षणक्षणसमुत्थायी प्रार्थनास्थापितः स्थले । कोष्णनीरसमुत्क्षेपधौतकोमलगात्रकः ॥१२२॥
चंदनालिप्तवदनः सुषमासदनोऽस्थिरः । पीताम्बर इव स्वांगशोभासीमासमाश्रयः ॥१२३॥

એક એક ક્ષણમાં એકદમ ઊઠે છે, શ્રીયશોદાજી કાલાવાલા કરી પાછા ઠેકાણે બેસાડે છે, પછી સુહાતા ગરમ જલથી કોમલ શ્રીઅંગને સ્નાન કરાવે છે. (૧૨૨) મુખ ઉપર ચંદન ચોપડાવ્યું, શોભાના સ્થાનરૂપ થયા. અતિ ચંચળ થયા, ચંદનના લેપથી શ્રીઅંગ પીતામ્બર ધારણ કર્યું હોય એમ શોભાની પરિસીમાને પ્રાપ્ત થયું. (૧૨૩)

गोपीजनसमाकीर्णः परिहासमुखाम्बुजः । अनेकभावसंसूचिसर्वांगकृतिचंचलः ॥ १२४ ॥
गोपीजनमुखामोदसमाघ्राणपरायणः । गोपीजनकरस्पर्शजातरोमांचपुष्पितः ॥ १२५ ॥

ગોપીજન એમને વિંટલાઈ વળે છે, મુખકમલપર હાસ્ય આવી રહ્યું છે, અનેક ભાવને સૂચન કરનાર સર્વાઙ્ગની ચેષ્ટાથી ચંચલ છે. (૧૨૪) ગોપીજનના મુખની સુગંધને સુંઘવામાં પોતે પરાયણ છે. ગોપીજનના હાથના સ્પર્શથી ઉત્પન્ન થતા રોમાંચથી અંગોઅંગ ફૂલે છે. (૧૨૫)

रणत्कंकणहस्तस्थकलशस्नापितः पुनः । इतस्ततः समायातयुवतीवृंदवेष्टितः ॥ १२६ ॥

शनैः सूक्ष्मांशुकैः सम्यक्प्रोंच्छितांगविराजितः । उत्तमाच्छादनास्तीर्णमृदुलासनसंस्थितः ॥
अंतिकस्थापितानेकवस्त्राभरणपेटिकः । श्रीमातृचरणांकस्थो गोपीमंडलमंडितः ॥ १२८ ॥

કંકણના રણત્કારયુક્ત હાથમાં રહેલા કળશવડે ભગવાનને સ્નાન કરાવે છે, અને આમ તેમથી આવેલા યુવતિયોના સમૂહથી પ્ર ; વિંટલાઈ જાય છે. (૧૨૬) ઝીણા વસ્ત્રથી ધીમે ધીમે સારી રીતે શ્રીઅંગને લુછાવીને પ્રભુ બિરાજે છે. ઉત્તમ વસ્ત્ર બિછાવેલા કોમલ આસનપર પ્રભુને બેસાડે છે. (૧૨૭) પાસે અનેક વસ્ત્ર ને આભૂષણની પેટી મુકેલી છે. શ્રીમાતૃચરણની ગોદમાં પ્રભુ બિરાજે છે, ગોપીજનના મંડલથી શોભાયમાન છે.

वालभावाग्रहस्वांतिस्थापितप्रियराधिकः । वालभावानुकरणसहजस्नेहसूचकः ॥ १२९ ॥
तन्नित्यनिजसाहित्यसहजस्नेहसूचकः । वालभावातिमौग्ध्यैकनिर्दोषगुणविग्रहः ॥ १३० ॥
तत्संमुखकृतस्वास्यो निजशृङ्गारकारकः । समवस्त्राभरणधृक् प्रवर्तितनिजाग्रहः ॥१३१॥

બાલભાવના આગ્રહથી પોતાની પાસે પ્રિય રાધિકાને બેસાડ્યા છે. બાલભાવના અનુકરણથી તેમને સહજ સ્નેહનું સૂચન કરે છે. (૧૨૯) પોતાના નિત્યના સાહિત્યમાં સહજ સ્નેહ સૂચન કરે છે, બાલભાવથી અત્યન્ત મુગ્ધપણાવડે નિર્દોષપૂર્ણગુણવિગ્રહવાળા પોતે છે. (૧૩૦) પ્રિયાજીની સન્મુખ પોતાનું મુખ કરીને પોતાને શૃંગાર કરાવે છે, વસ્ત્ર અને આભૂષણ પોતાને પ્રિયાજીના સમાન ધારણ કરાવવાને પ્રભુ પોતાનો આગ્રહ જણાવે છે. (૧૩૧)

पार्श्वस्थवेणुवेत्रादिः करधारितलड्डुकः । आरक्तकच्छपटकपरिधानविराजितः ॥ १३२ ॥
हीरकादिविनिर्माणनखभूषणभूषितः । चरणांगुलिमध्यस्थवृश्चिकाकृतिभूषणः ॥१३३॥
पदमध्यस्थरत्नाढ्यपुष्पभूषणभूषितः । मंजुमंजीरनिनदः पदकंकणमंडितः ॥ १३४ ॥
कंजकेसरसंकाशकच्छवासोविभूषितः । सुवर्णपट्टिकायुक्तजानुप्रांतातिसुन्दरः ॥ १३५ ॥

વેણુ વેત્ર વગેરે પાસે ધર્યા છે. શ્રીહસ્તમાં લડુ ધર્યો છે. કસુંબી તનિયો ધારણ કરવાથી શોભાયમાન દેખાય છે. (૧૩૨) હીરા વગેરેથી જડેલા નખભૂષણથી પોતે ભૂષિત થયા છે. ચરણની આંગળિઓમાં વીંછિયાનાં ભૂષણ ધર્યાં છે. (૧૩૩) ચરણમાં રત્નખચિત ફુલ અથવા પગપાનનું ભૂષણ ધર્યું છે. ઉપરના ભાગમાં મંજુલ નાદ કરતાં નૂપુર ધર્યાં છે, ચરણમાં કંકણ શોભે છે. (૧૩૪) કમલના કેસરના સમાન પીળી કાછની ધારણ કરવાથી શોભે છે. સુવર્ણની કિનારીને લીધે ઘુંટણનો ભાગ અતિ સુંદર દેખાય છે.

पट्टगुच्छलसत्प्रांतकिंकिणीकटिभूषितः । रणत्कृतिचमत्कारमोहिताखिलगोपिकः ॥१३६॥
दशांगुलिदलस्थायिराजद्रुचिरमुद्रिकः । करोपरिस्थभागीयशृङ्खलापुष्पभूषणः ॥१३७॥
करमूलकृतामूल्यरत्ननिर्मितकंकणः । लंबमानासितस्वच्छगुच्छशोभितवाहुकः ॥ १३८ ॥

રેશમના ગુચ્છાથી જેના છેડા શોભી રહ્યા છે એવી કટિમેખલાથી કટીનો ભાગ શોભાયમાન છે. એના રણત્કારના ચમત્કારથી સર્વે ગોપીજન મોહિત થઈ ગયા છે. (૧૩૬) હાથની દશે આંગળિયોમાં ધરેલી રુચિર મુદ્રિકાઓથી પોતે શોભી રહ્યા છે.

હાથના ઉપરના ભાગમાં સાંકળાં તથા હાથફુલ ધર્યાં છે. (૧૩૭) હસ્તના મૂલમાં અમૂલ્ય રત્નથી નિર્મિત કંકણ ધર્યાં છે. પહોંચીના શ્યામ લાંબા સ્વચ્છ ગુચ્છાથી બાહુ શોભાયમાન છે. (૧૩૮)

करमध्यांगदद्वंद्वरसयुग्मविवोधकः । अनेकरत्नजटितपदकोरःस्थलोदयः ॥ १३९ ॥
आनाभिमुक्तिकामालालंवनोदरशोभनः । रत्नव्यवहितस्थूलमुक्ताहारविभूषितः ॥ १४० ॥
सुवर्णकृत्रिममणिमालावहुविराजितः । रत्नमुक्तामणिव्रातवैजयंतीजिताखिलः ॥ १४१ ॥
अनेकपुष्पभृंगाढ्यवनमालातिलालितः । सुवर्णशृंखलामालाराजितस्वपदांवुजः ॥ १४२ ॥

બન્ને ભુજામાં બાજુબંધ ધર્યા છે. તે સંયોગ અને વિપ્રયોગ બંને રસનો બોધ આપે છે. અનેક રત્નજટિત પદકથી ઉરઃસ્થલ શોભે છે. (૧૩૯) નાભિપ્રર્યંત લાંબી મોતીની માલાથી ઉદર શોભી રહ્યું છે. વચ્ચે રત્ન પરોવેલા મોટા મોતીઓના હારથી પોતે અત્યંત શોભે છે. (૧૪૦) સોનાની કૃત્રિમ મણિમાલાથી બહુ શોભાયમાન છે. રત્ન, મોતી, અને મણિના સમૂહવાળી વૈજયંતી માલાથી અખિલ વિશ્વને જીતી લીધું છે. (૧૪૧) અનેક પુષ્પ અને તેના ઉપર આવેલા ભ્રમરવાળી વનમાલાથી બહુ સુંદર દેખાય છે. સુવર્ણની સાંકળીની માલાથી આપના ચરણકમલ પ્રકાશે છે. (૧૪૨)

मनोजरूपवोधार्थमकराकृतिकुंडलः । चंद्रलक्षणसंसिद्ध्यै चिवुकाभरणान्वितः ॥ १४३ ॥
यथाकथंचिदुररीकृतकोमलकज्जलः । वहुधाजननीवाक्यमुग्धभावमलोभितः ॥ १४४ ॥

પોતે અલૌકિક કામદેવ છે, તે જણાવવાને મકરાકૃતિ કુંડલ ધારણ કર્યાં છે. ચંદ્રના લક્ષણ પોતામાં સિદ્ધ કરવાને માટે ચંદ્ર જેવું પ્રકાશિત ચિબુક આભરણ ધારણ કર્યું છે. (૧૪૩) માતાએ બહુ પ્રકારે લોભ બતાવવાથી મુગ્ધભાવથી જેમ તેમ કરીને કોમલ કાજલ અંજાવ્યું છે. (૧૪૪)

नेत्रद्वयांजनाधानवहुधाकृतसीत्कृतिः । [1]दृगंतांजनरेखात्तपुष्पवाणसमाकृतिः ॥ १४५ ॥
भ्रूतटस्थमषीविन्दुदृष्टिदोषनिवर्तकः । मीनकेतुधनुःस्थायिमधुलिट्सुषमालयः[2] ॥ १४६ ॥

બંને નેત્રમાં અંજન કરાવતા બહુ પ્રકારે સીત્કાર કરે છે. નેત્રના છેડાના ભાગમાં અંજનની રેખાથી કામદેવના સમાન આકૃતિ થઈ રહી છે. (૧૪૫) ભૃકુટિ પાસે મેંશનું ટપકું કર્યું છે, તે નજરનો દોષ નિવારણ કરે છે. અને તે ધ્વજાના ઉપર મીનવાળા કામદેવના ધનુષ ઉપર ભ્રમર બેઠો હોય એવી શોભાનું સ્થાન બની રહ્યા છે. (૧૪૬)

भाले कपोलयुगले कस्तूरीकृतचित्रकः । अलकांतसमालंविमुक्तामालातिशोभितः ॥१४७॥
मणिमुक्तातिजटिततिलकांतरभूषितः । हेमत्रिरेखरुचिरभालार्गलविभूषितः ॥ १४८ ॥
[3]केशपाशसमावद्धशिखिपिच्छविभूषणः । अनेकपुष्पमृदुलपल्लवादिविचित्रितः ॥ १४९ ॥

લલાટના ઉપર અને બન્ને કપોલપર માતાએ કસ્તૂરીના ચિત્ર કર્યાં છે. અલકના છેડાના ભાગ સુધી લાંબી મોતીની માલાથી આપ બહુ શોભે છે. (૧૪૭) મણિ અને મોતીથી જડિત બીજું તિલક કર્યું છે, તેથી શોભે છે. સુવર્ણની ત્રણ રેખાવાળી આડ

---

[1] दृक्प्रान्तांजन । [2] मयः । [3] समाकीर्ण ।

રૂપ ભૂષણ ધર્યું છે. તેથી શોભાયમાન છે. (૧૪૮) કેશપાશ સરખો કરીને બાંધ્યો છે તેમાં મોરપિચ્છ શોભી રહ્યું છે, અને અનેક પુષ્પ તથા કોમલ પલ્લવ વગેરે ધર્યાં છે. તેથી વિચિત્રિત થઈ રહ્યા છે. (૧૪૯)

પછી વ્રજભક્તો દર્શન કરવાને આવે છે. તે સમયની પ્રભુની શોભા, વ્રજભક્તોનો ભાવ, અને તે સમયે પ્રભુ વેણુ વગાડે છે તેથી વ્રજના સ્થાવર જંગમની જે અવસ્થા થાય છે, તેનું વર્ણન બાર શ્લોકથી કરે છે.

कदाचित् कुंजशृङ्गारे स्वामिनीभूषणान्वितः। निजाग्रहेण तत्प्रेष्ठनासामौक्तिकभूषणः॥१५०॥
विविधस्वामिनीभावतरंगपरिभावुकः। विहितस्वच्छशृङ्गारराधिकासंगसंस्थितः॥ १५१॥

કોઈકવાર નિકુંજમાં શૃંગાર કરે છે ત્યારે શ્રીસ્વામિનીજીના ભૂષણો ધારણ કરે છે, અને પોતે આગ્રહથી તેમને બહુ પ્રિય મોતીનું નકવેસર ધારણ કરે છે. (૧૫૦) શ્રીસ્વામિનીજીના અનેક ભાવના તરંગની પોતે ભાવના કરે છે. શ્રીસ્વામિનીજી, જેમણે સ્વચ્છ શૃંગાર કરેલા છે, તેમની સહિત આપ બિરાજે છે. (૧૫૧)

समागतनिजप्रेष्ठगोपिकाकृतदर्शनः। गोपिकावाहुयुगलदृष्टचैलविभूषणः॥ १५२॥
वाहुयुग्मकृतस्वीयधनप्राणादिवारणः। निर्मंछितस्वसर्वस्वगोपिकादृष्टितत्परः॥ १५३॥

પોતાના પ્રેષ્ઠ ગોપીજન પધાર્યાં છે, તેમનાં દર્શન કરે છે, તે વખતે તેમના (અલૈયા લેવાને) ઉંચા કરેલા બન્ને હાથ તથા તેમાં ધરેલા વસ્ત્ર તથા તે પર ધરેલાં આભૂષણની તરફ પોતે દૃષ્ટિ કરે છે. (૧૫૨) આ ગોપીજનો પોતાના બંને હાથથી પોતાના ધન પ્રાણ વગેરે સર્વ પ્રભુપર વારી દે છે. જેમણે પોતાનું સર્વસ્વ નોછાવર કરેલું છે એવા ગોપીજન તરફ દૃષ્ટિ કરવામાં પોતે તત્પર છે. (૧૫૩)

श्रीमातृचरणोत्संगधृतो रचितकज्जलः। कस्तूरीघनसारादिदलितांजनशोभनः॥ १५४॥
प्रार्थनास्वीकृतस्वीयदृगंजनविचित्रितः। [1]भृंगद्वयनिभात्यंतरुचिरत्वाश्रवोदृशिः[2] ॥१५५॥
दृग्दोषविद्रवोद्युक्तांजनविन्दुमनोहरः। मनोजरुचिरस्वीयरूपमोहितविष्टपः॥ १५६॥
भ्रूतटांतलसद्वृत्तमषीविंदुविराजितः। जननीदत्तरुचिरचक्षुर्मंडनमंडितः॥ १५७॥

પોતાના માતૃચરણના ખોળામાં બિરાજ્યા છે; કાજલ લગાડેલું છે; કસ્તૂરી બરાસ મેળવીને નેત્રમાં અંજન કર્યું છે, તેથી શોભે છે. બહુ કાલાવાલા કરવાથી નેત્રની અંદર અંજન કરાવ્યું છે તેથી વિચિત્ર દેખાય છે. જાણે બે ભ્રમર હોય તેવા બન્ને નેત્ર કાન સુધી પહોંચતાં સુન્દરતાના સ્થાનરૂપ છે. (૧૫૫) નજરદોષ નિવારણ કરવાને માટે મષીબિન્દુથી મનોહર લાગે છે. કામદેવથી અતિ સુન્દર પોતાના રૂપથી સર્વે જગતને મોહિત કર્યું છે. (૧૫૬) ભૃકુટિના છેડા ઉપર ગોળ કાળો ચાંલ્લો છે તેથી શોભે છે. માતાએ સુન્દર અંજન કર્યું છે, તેથી નેત્ર શોભાયમાન છે. (૧૫૭)

करद्वयधृतप्रेष्ठवेणुवादविचक्षणः। स्तब्धीकृतनदीनीरश्चेतनीकृतपादपः॥ १५८॥
जडीकृतचरज्जंतुर्जंगमीकृततज्जडः। मौनीकृतद्विजगणः सरसीकृतकाश्यपिः॥ १५९॥

---

१ शृंग । २ श्रयो दृशि ।

चिह्नाङ्कितव्रजधरस्त्रिभंगललिताकृतिः । इक्षुदंड इव स्वीयस्फुटसारस्यसूचकः ॥ १६० ॥
राधासहचरो रासलीलातत्परचेतनः । स्वबालमुग्धभावातिगोपितस्वरसक्रियः[1] ॥ १६१ ॥

બન્ને હાથમાં ધારણ કરેલા અતિપ્રિય વેણુ વગાડવામાં વિચક્ષણ છે, એ વેણુનાદથી નદીના નીર સ્થિર થઈ જાય છે, અને વૃક્ષો ચૈતન્યયુક્ત થઇ જાય છે. (૧૫૮) હાલતા ચાલતા જન્તુઓ જડ થઇ જાય છે, અને જડ ચેતન થઇ જાય છે, પક્ષિગણો મૌનયુક્ત થઈ જાય છે. અને પૃથ્વિ રસાર્દ્ર થઇ જાય છે. (૧૫૯) નાનાપ્રકારના ચિહ્નથી અંકિત થયલા વ્રજને પોતે ધારણ કરે-છે. આપ ત્રિભંગલલિતાકૃતિ થઇ જાય છે, એટલે ચરણ, કટિ અને ગ્રીવા એ ત્રણેના ભંગથી (વાંકથી) સુન્દર આકૃતિ થઈ જાય છે. શેરડીના સાંઠાની માફક પોતાના અંગમાં સર્વ રસ ભર્યો છે એમ સૂચન કરે છે. (૧૬૦) શ્રીરાધિકાજીની સાથે રહીને નાના પ્રકારની રાસલીલા કરવામાં તત્પર ચિત્તવાળા છે. પોતાના બાલભાવની મુગ્ધતા બતાવીને પોતાની રસિકતાને છુપાવે છે.(૧૬૧)

પ્રભુ શૃંગાર ધરીને માતાની ગોદમાં બિરાજે છે, તેમને વ્રજભક્ત ગોપીવલ્લભ ભોગ આરોગવાને પધરાવી જાય છે, ત્યાં સર્વ સામગ્રી આરોગીને આચમન કરી બીડા આરોગીને પછી પધારે છે, તે પ્રકાર તેર શ્લોકથી વર્ણન કરે છે.

यशोदोत्संगसंस्थायी पार्श्वभागकृतासनः । गोपिकावेष्टितस्वीयजनन्युदरभूषणः ॥ १६२ ॥
अनेकगीतवादित्रैर्यथास्थानमुपागतः । आस्तीर्णस्वामिनीवृंदोत्तरीयविहितासनः ॥ १६३ ॥
गोपिकाभवनानीतभोगभोजनतत्परः । अनेकयुवतीवृंदमंडलीमध्यमंडनः ॥ १६४ ॥

શ્રીયશોદાજીના ઉત્સંગમાં પોતે બિરાજે છે, એક પડખામાં આસન કર્યું છે. ગોપિકાઓથી વિંટાયલી પોતાની માતાના ઉદરનું ભૂષણ છે. (૧૬૨) અનેક વાજીન્ત્ર વાગે છે, ગીતો ગવાય છે, તે સાથે પોતાના સ્થાનમાં આવે છે. શ્રીસ્વામિનીજીના સમૂહે પોતાના ઉત્તરીય વસ્ત્ર બિછાવીને યોગ્ય આસન તૈયાર કર્યું છે, તેના ઉપર બિરાજે છે. (૧૬૩) ગોપિકાઓએ પોતપોતાને ઘેરથી આણેલી સામગ્રીનો ભોગ કરવામાં આપ તત્પર છે. અનેક યુવતિના જૂથની મંડલીઓમાં પોતે ભૂષણરૂપે શોભે છે. (૧૬૪)

अनेकविधसामग्रीसादृश्यपरिहासकः । रसशास्त्रकथागीतनृत्यबंधविचक्षणः ॥ १६५ ॥
नयनप्रांतसंचारसूचितस्वरसस्थलः । रसग्रहापदेशात्त[2]भावनाधरपानकृत् ॥ १६६ ॥

અનેક પ્રકારની સામગ્રીનું સાદૃશ્ય બતાવીને પોતે પરિહાસ કરે છે. રસશાસ્ત્રની વાતોમાં કહેલાં નૃત્ય બંધ વગેરેમાં આપ વિચક્ષણ છે. (૧૬૫) નેત્રનાં કટાક્ષથી પોતાના રસસ્થલનું સૂચન કરે છે. ભોજનના વિવિધ રસના બહાનાથી શ્રીસ્વામિનીજીના અધરરસની ભાવના કરતાં પાન કરે છે. (૧૬૬)

झणत्कंकणसंशोभिकरव्यजनवीजितः । चलच्चिकुरवदनांबुजशोभाप्रदर्शकः ॥ १६७ ॥
आस्यस्रवत्पयोबिंदुकणशोभिमुखाम्बुजः । स्वामिनीविविधालापगीतकूजितभोजितः ॥ १६८ ॥

ઝણકાર કરતાં કંકણથી શોભાયુક્ત શ્રીસ્વામિનીજીના હસ્તમાં રહેલાં પંખાથી આપને પવન કરવામાં આવે છે. તેના વાયુથી હાલતાં અલકથી મુખકમલની શોભા

---

[1] मानसः । [2] त्म ।

પ્રદર્શિત કરે છે. (૧૬૭) શ્રીમુખમાંથી પડતાં દૂધના બિંદુના કણથી મુખકમલ શોભી રહ્યું છે. શ્રીસ્વામિનીજીના વિવિધ વાર્તાલાપ, ગીત તથા કૂજન શ્રવણ કરતાં પોતે ભોજન કરે છે. (૧૬૮)

निर्यद्वदननिःश्वासवासितान्नप्रसादकृत् । गोपीजनगणांतःस्थस्तत्संगकृतभोजनः ॥ १६९ ॥
मध्यस्थदासिकादत्तजलाचमनकारकः । सुगंधसूक्ष्मचैलातिपोंछितस्वाननांबुजः ॥ १७० ॥
स्वामिनीदत्ततांबूलवीटिकाग्रहणोत्सुकः । दृक्सूचिताधररसग्रहज्ञानात्तचर्वणः ॥ १७१ ॥

શ્રીસ્વામિનીજીના મુખમાંથી નિકળતા નિઃશ્વાસથી સુવાસિત થયલા અન્ન પર કૃપા કરે છે, ગોપીજનના સમૂહમાં બેસે છે, તેમની સાથે ભોજન કરે છે. (૧૬૯) વચમાં ઉભેલી દાસીએ આપેલા જલથી પોતે આચમન કરે છે. પછી સુગંધિદાર ઝીણા વસ્ત્રથી પોતાનું મુખકમલ લુછે છે. (૧૭૦) શ્રીસ્વામિનીજીએ આપેલી પાનની બીડી લેવાને બહુ ઉત્સુક છે. દૃષ્ટિથી અધરરસને ગ્રહણ કરવાની સૂચનાના જ્ઞાનથી સારી રીતે ચર્વણ કરે છે. (૧૭૧)

तांबूलचर्वणोत्फुल्लगल्लचुंबनदायकः । स्रवद्वदनतांबूलरसवच्चिबुकस्थलः ॥ १७२ ॥
स्वामिनीवदनांभोजचकोरनयनांबुजः । परिहासरसासक्तो युगक्षणकरक्षणः ॥ १७३ ॥
भावनीयः सदैवं हि गोपीवल्लभभोजने । ततो वेत्रविषाणादिवेणुशोभितसत्करः ॥१७४॥

તાંબૂલનું ચર્વણ કરતાં આપના કપોલ ઉત્ફુલ્લ થઈ રહ્યા છે; તેનાથી શ્રીસ્વામિનીજીને ચુંબન દે છે. વદનમાંથી તાંબૂલનો રસ સ્રવે છે, અને તે ચિબુકના સ્થલ ઉપર આવી રહ્યો છે. (૧૭૨) શ્રીસ્વામિનીજીના મુખકમલને જોવામાં આપના નેત્રકમલ ચકોરરૂપ થઈ રહ્યા છે. પરિહાસના રસમાં પોતે આસક્ત છે. આ સંયોગના યુગ સમાન કાલને પોતે એક ક્ષણ સમાન કરી દે છે. આ પ્રમાણે ગોપીવલ્લભ ભોગની ભાવના સદા કરવી. પછી વેણુ વેત્ર તથા શિંગ વગેરે હસ્તમાં લેવાથી પોતાનો હસ્ત તેનાથી શોભી રહ્યો છે. (૧૭૪)

પછી ગોદોહન કરવાને ગ્વાલમંડલી સહિત બલદેવને બોલાવે છે, અને તેમાં પોતે સામેલ થઇને માતાને નમસ્કાર કરે છે, ત્યારે માતા પ્રભુને શિખામણ દઇને ગદ્‌ગદ્ કંઠવાળા થઈ નોછાવર કરે છે, તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે.

गोपालमंडलीयुक्तः समाहूतनिजाग्रजः । गोपालवेशरचनारचितस्वांगसुंदरः ॥ १७५ ॥
स्वमातृचरणांभोजनमस्कृतिविचक्षणः । स्रवन्नयनपानीयसंसिक्तनिजमूर्धजः ॥ १७६ ॥

ગોપાલ મંડલીમાં પોતે આવ્યા. પોતાના મોટાભાઈને બોલાવી લીધા. ગોપાલવેશની રચનાથી શ્રીઅંગ સુન્દર બનાવ્યું. (૧૭૫) પોતાની માતાના ચરણકમલમાં નમસ્કાર કરવામાં વિચક્ષણ છે. જ્યારે પ્રભુએ નમસ્કાર કર્યા ત્યારે યશોદાજીને નેત્રમાં પાણી આવ્યાં, અને જલથી ભગવાન્‌ના મસ્તકપરના વાલ ભીંજાઈ ગયા. (૧૭૬)

वने बाल न गंतव्यं गहने न जलाशये । न कार्यं बालकैर्युद्धं न भूमौ कंटकान्विते ॥१७७॥
स्थले न धार्यं चरणं ससत्त्वेंबुजसुंदरम् । न गवां संमुखे कार्यं धावंतीनां च धावनम् ॥१७८॥

न कक्कुद्मिमहामत्तवृषयुद्धे विधीयताम् । स्थितिर्न वानरैः साकं क्रीडा कापि विधीयताम् ॥
न वृक्षच्छायके देशे स्थेयमेकाकिना त्वया । न घर्मभ्रमणं कार्यं चारयिष्यंति गाः परे ॥

(શ્રીયશોદાજી પ્રભુને શિખામણ આપે છે કે) હે બાલ, ગહન વનમાં જશો નહિ, જલાશયમાં જશો નહિ, બાલકોની સાથે લડાઈ કરશો નહિ, કાંટાવાલી ભૂમિ ઉપર જશો નહિ, જીવજન્તુવાલી જમીન ઉપર કમલ જેવા સુન્દર ચરણ ધરશો નહિ, દોડતી ગાયોની સામે દોડશો નહિ. (૧૭૮) મોટી ખાંધવાલા મહામત્ત વૃષભો લડતા હોય ત્યાં જશો નહિ. વાંદરાઓની સાથે સ્થિતિ કરશો નહિ, અને તેમની સાથે ખેલશો નહિ. (૧૭૯) વૃક્ષની છાયાવાલા સ્થાનમાં એકલા ઊભા રહેશો નહિ, ઘામમાં ફરશો નહિ, બીજા ગોવાલો ગાય ચરાવશે. (૧૮૦)

गृहाणाक्रीडकान्सर्वान्स्वीयान् गोपैः सह स्वयम् । क्वचित्स्थितेन भवता विधेयं क्रीडनं परम् ॥
स्थेयं निजाग्रजाज्ञायां स्नेहं स्थाप्य परस्परम् । निवर्त्य गास्ततस्तात शीघ्रमागम्यतां त्वया ॥
एवंविधाभिः शिक्षाभिः शिक्षितो रुद्धकंठया । शिक्षिता वलदेवाद्यास्तद्धस्तस्थापितो हृदा ॥
राजिकालवणद्रव्यरत्नमौक्तिकमुष्टिभिः । मुहुश्च भरिताभिस्तत्पार्श्वे निर्मच्छितः पुनः॥१८४॥

તમારાં રમકડાં સર્વે તમારી સાથે લેજો, ગોપોની સાથે કોઈક સ્થાનમાં બેસીને રમકડાંથી રમજો. (૧૮૧) તમારા મોટાભાઈની આજ્ઞામાં રહેજો, પરસ્પર સ્નેહ રાખજો, ગાયોને ચરાવીને તેમને પાછા ફેરવીને હે તાત, જલદી ઘેર પાછા આવજો. (૧૮૨) આ પ્રમાણે શિખામણ દેતા માતાનો કણ્ઠ પ્રેમથી રુંધાઈ ગયો. બલદેવજી વગેરેને આજ પ્રમાણે શિખામણ આપીને પોતાના હૃદય સાથે લગાવીને તેમના હાથમાં પ્રભુને સોંપ્યા. (૧૮૩) રાઈ, લુણ દ્રવ્ય, રત્ન અને મોતીની મુઠીઓ વારંવાર ભરીને પ્રભુની ચારે પાસ વારીને નોછાવર કરી. (૧૮૪)

પછી પ્રભુ ખિરકમાં પધાર્યા, ગોદોહન કરીને, ધૈયા આરોગ્યા, અને વનમાં જવાની તૈયારી કરી, તેનું વર્ણન ૭ શ્લોકથી કરે છે.

तत उत्थाय चलितो गृहाद्गोष्ठमुपागतः । स्वधेनुवृंदबोधाय वेणुवादविधायकः ॥ १८५ ॥
स्वगोवृंदसमायुक्तो गोपवेष्टितगोष्ठकः । प्रातर्दोहोद्भवदुग्धपानार्थं सखिसंस्तुतः ॥ १८६ ॥

ત્યાંથી ઊઠીને પ્રભુ ચાલ્યા. ઘરમાંથી ખિરકમાં આવ્યા. ત્યાં પોતાની ગાયોના ટોળાંને ચેતાવવાને વેણુનાદ કર્યો. (૧૮૫) પોતાની ગાયોનું ટોળું પાસે આવ્યું. ગોપો ખિરકમાં વિંટલાઈ વળ્યા, એટલામાં સખાઓએ સહવારે દોહેલું દૂધ પીવાની પ્રાર્થના કરી.

पिब निर्मथितं दुग्धं [1]स्वमित्रैरेवमर्थितः । वनकर्तव्यलीलार्थविचारश्रवणोत्सुकः ॥ १८७ ॥
[2]निजांतरंगवार्ताकर्णनदत्तस्वकर्णकः । स्वर्णपात्रपयःफेनपानाभ्यसितचुंबनः ॥ १८८ ॥
अत्यंतरंगचरितस्मृतिसोत्साहमानसः । अत्यट्टहास्यसंदत्तस्वमित्रकरतालकः ॥ १८९ ॥
नानानर्मरसाभिज्ञगोपमंडलशोभितः । नेत्रांबुजचलत्प्रांतभक्तसंकेतसूचकः ॥ १९० ॥

---

[1] श्रीदामादिभिरर्थितः । [2] अत्यंगरंग ।

આ દૂધ જે હમણાં જ મથ્યું છે તેનું પાન કરો, એમ પોતાના મિત્રોએ પ્રાર્થના કરી. વનમાં જે લીલાઓ કરવી છે તેનો વિચાર કરવામાં પ્રભુ ઉત્સુક છે. (૧૮૭) પોતાના અન્તરંગ સખાની સાથે વાર્તા કરવાને કાન દઈ રહ્યા છે, અને સુવર્ણના પાત્રમાં ધરેલા હૈયાનું પાન કરતા ચુમ્બનનો અભ્યાસ કરે છે. (૧૮૮) પોતાના અતિ અન્તરંગ ભક્તના ચરિત્રને યાદ કરીને મનમાં ઉત્સાહવાળા છે, પુષ્કલ અટ્ટહાસ્ય કરીને પોતાના મિત્રના હાથમાં તાલી આપે છે. (૧૮૯) નાનાપ્રકારના નર્મ (મશ્કરી) રસ અભિજ્ઞ ગોપબાલકની મંડલીની વચમાં શોભી રહ્યા છે. અને પોતાના નેત્રકમલના છેડાના કટાક્ષથી પોતાના ભક્તને સંકેતનું સૂચન કરે છે. (૧૯૦)

પછી ગોચારણને માટે વનમાં પધારે છે ત્યાં કરેલી લીલાનું વર્ણન આઠ શ્લોકથી કરે છે.

गृहीतनिजगोवृंदनामा वेणुप्रपूरकः । गोपालमुखवादित्रशृङ्गध्वनिकृतश्रुतिः ॥ १९१ ॥
चित्रस्थाभिरिव स्वीयगोपीभिरवलोकितः । सर्वात्मभाववद्गोपीवियोगरतिदायकः[1] ॥१९२॥
[2]स्वीयगोपीजनस्वांतसमाकर्षणकारकः । अग्रेकृतस्वगोवृंदो गीतनृत्यादिशोभनः ॥ १९३ ॥
वेणुनादश्रुतिस्तब्धधेनुवृंदावलोकितः । स्वरूपवेणुनादातिजडीकृतजगत्त्रयः ॥ १९४ ॥

વેણુને સારી રીતે પૂરતા તેના શબ્દમાં પોતાની ગાયોના વૃન્દની પ્રત્યેક ગાયનું નામ લે છે, અને ગોપોનું મુખવાજીન્ત્ર જે શિંગડી, જે તેઓ બજાવે છે, તેનો અવાજ પોતે સાંભળે છે. (૧૯૧) આપ જ્યારે વનમાં પધારે છે, ત્યારે આપની ગોપીઓ જાણે ચિત્રમાં લખી હોય એમ સ્તબ્ધ થઈને સામું જોઈ રહી છે, તેમાં જે સર્વાત્મભાવવાલા ગોપી છે તેમને વિયોગમાં રતિનું દાન કરે છે. (૧૯૨) પોતાના ગોપીજનનાં અંતઃકરણનું આકર્ષણ કરવાવાલા છે. (પોતે જ્યાં પધારવાના હોય ત્યાંનો સંકેત જણાવીને ગોપીજનનાં ચિત્ત ત્યાં ખેંચે છે); પોતાની ગાયના ટોળાને આગળ કરીને ગીત અને નૃત્ય વગેરે કરતાં પોતે શોભી રહે છે. (૧૯૩) વેણુનાદ શ્રવણ કરીને સ્તબ્ધ થયલાં ગાયનાં ટોળાં પ્રભુ તરફ જોઈ રહે છે. પોતાના સ્વરૂપ અને વેણુનાદ વગેરેથી ત્રણે લોકને અતિ જડ કરી દે છે.

शृङ्गाररसभावात्मस्वरूपहृतधैर्यकः । सरःसारसहंसादिमौनदृङ्मुद्रणादिकृत् ॥ १९५ ॥
वृंदावनद्रुमलतामधुधाराप्रवर्षकः[3] । लीलागतिर्व्रजभुवो मर्दनक्लेशहानिकृत् ॥ १९६ ॥
गोवर्धनाद्रिशिखरोपरिवेणुप्रपूरकः । मालास्थमणिसंदोहगणितस्वीयगोगणः ॥ १९७ ॥
कुंददामकृताकल्पो जलक्रीडासमुत्सुकः । स्वादुशीतलपानीयपायितस्वीयगोधनः ॥ १९८ ॥

પોતાના શૃંગારરસના ભાવાત્મક સ્વરૂપથી પોતાના દર્શન કરનાર ગોપીજનના ધૈર્યને હરી લે છે. સરોવરમાંના સારસ, હંસ, વગેરે પક્ષીઓ વેણુનાદ શ્રવણ કરીને મૌન ધારણ કરીને નેત્રને મીંચી દે છે. (૧૯૫) વૃંદાવનના વૃક્ષ અને લતાઓ મધની ધારાની વર્ષા કરે છે. પ્રભુ લીલાથી ગતિ કરે છે, વ્રજની ભૂમિના મર્દનનો ક્લેશ દૂર કરે છે. (૧૯૬) ગિરિગોવર્ધનના શિખર ઉપર પધારીને વેણુને સારી રીતે પૂરીને નાદ કરે છે.

---

[1] सर्वात्मभावविद् । [2] कारणम् । [3] प्रवर्षुकः ।

માલાના મણિના મણકાના સમૂહથી પોતાની ગાયોના સમૂહની ગણના કરે છે. (૧૯૭) કુંદ પુષ્પની માલાના સર્વે આભૂષણ ધર્યાં છે, અને તે વડે નાના પ્રકારના વેષ કર્યા છે. જલક્રીડા કરવામાં સમુત્સુક છે. સ્વાદિષ્ટ શીતલ જલ પોતાની ગાયોને પાન કરાવે છે.

પછી ભોજનને માટે શ્રીનંદરાયજી સખીને મોકલીને શ્રીઠાકોરજીને વનમાંથી બોલાવે છે, તે ત્રણ શ્લોકથી કહે છે.

एवंविधशिशुक्रीडाकरणासक्तमानसः । श्रीनंदभोजनकृतिसमयाकारितः पुनः ॥ १९९ ॥
श्रीनंददृष्टपदविः प्रेक्षालोलीकृतेक्षणः । यशोदादिनिजस्थालीपरिवेपविलंबकृत् ॥ २०० ॥
अन्नशीतलताचिंताकुलीकृतनिजप्रसूः । लीला[1]सक्तनिजप्रेष्ठसूनुर्नंदादिसेवितः ॥ २०१ ॥

આ પ્રમાણે બાલલીલા કરવામાં પ્રભુનું મન આસક્ત છે. પછી ભોજન કરવાને સમયે શ્રીનંદરાયજી બોલાવે છે. (૧૯૯) શ્રીનંદરાયજી માર્ગ જોયા કરે છે, પ્રભુ ચપળનેત્રથી સર્વ વસ્તુ જુએ છે. યશોદા વગેરેને આપની થાળ પીરસવામાં પ્રભુ વિલંબ કરાવે છે. (૨૦૦) સામગ્રી શીતલ થઈ જશે એવી ચિંતાથી શ્રીયશોદાજી વ્યાકુલ થઇ ગયા છે, કેમકે પોતાનો અત્યંત પ્યારો પુત્ર લીલામાં આસક્ત થઈ રહ્યો છે. નંદ વગેરે પણ સેવામાં તત્પર થઈ રહ્યા છે. (૨૦૧)

પછી પ્રભુ નંદાલયમાં પધારે છે, માતા પલનામાં ઝુલાવે છે. વ્રજભક્તો આવીને દર્શન કરીને, અનેક પ્રકારથી પ્રભુની સાથે વિનોદ કરીને પોતાને ઘેર ચોરી કરવાને પધારવાની પ્રાર્થના કરે છે. આ સર્વ પ્રકારનું સોળ શ્લોકથી વર્ણન કરે છે.

[2]अवलोकितमार्गस्वपित्रादिपरिपालितः । यथाकथंचिन्मात्रादिवात्सल्यस्मरणागतः ॥२०२॥
वनस्थापितगोगोपवियोगरतिदायकः । गृहद्वारागतस्वीयजनन्युत्संगलालितः ॥ २०३ ॥
प्रेंखपर्यंकशयनो नवनीतसिताशनः । द्राक्षासितादिशकलमुखमेलितसत्करः ॥ २०४ ॥

વાટ જોતાંજોતાં બહુ દુઃખી થયેલાં પોતાના પિતૃચરણ વગેરેથી પરિપાલન કરાયલા પ્રભુ માતા વગેરેના વાત્સલ્યના સ્મરણથી બાલક્રીડાનો ત્યાગ કરીને જેમતેમ ઘરમાં પધાર્યા. (૨૦૨) વનમાં છોડેલાં ગાય અને ગોપોને પોતાના વિયોગમાં પણ રતિનું દાન કરે છે, એવા પ્રભુ ઘરનાં આંગણામાં આવ્યા ત્યારે પોતાની માતાએ તેમને ગોદમાં લઈને તેમનું લાલન કરવા લાગ્યા. (૨૦૩) પછી પર્યંકમાં ઝુલતાં ઝુલતાં માખણ મિશ્રી આરોગવા લાગ્યા, અને દ્રાક્ષ અને મિશ્રીના કટકા સુંદર હસ્તથી મુખમાં મૂકવા લાગ્યા. (૨૦૪)

जननीगीतचरितः स्वामिनीगानसंश्रुतिः । कुंतलावेष्टितमुखो लालाविलसदोष्ठकः ॥२०५॥
सहासवदनांभोजः कस्तूरीकृतचित्रकः । नूपुरालंकृतपदश्चरणांगुष्ठचोपकः ॥ २०६ ॥
किंकिणीनादचकितो हारोल्लसदुरःस्थलः । करद्वयधृतालंबिमुक्तागुच्छपराक्रमः ॥ २०७ ॥
मुक्तावलीलसद्भालः करघृष्टविलोचनः । नवनीतालिप्तमुखः सकलंकितचंद्रमाः ॥ २०८ ॥

માતા ઝુલાવતા પુત્રના ચરિત્રના ગાન કરે છે, અને સ્વામિનીજી ગીત ગાય છે, તે

---

[1] लीलासक्तसुतासक्तयशोदानंदसेवितः ।   [2] मार्गावलोकनात्यार्तपित्रादिपरिपालितः । (परिवारितः, परिशोभितः ।)

પોતે શ્રવણ કરે છે. વાંકડીયા કેશ મુખ ઉપર આવી રહ્યા છે, અને લાળથી હોઠ શોભી રહ્યા છે. (૨૦૫) આપનું મુખકમલ હાસ્યયુક્ત છે. કપોલપર કસ્તૂરીનાં ચિત્ર કર્યા છે. ચરણપર નૂપુરના અલંકાર ધર્યા છે, અને ચરણનો અંગુઠો આપ ચુસી રહ્યા છે. (૨૦૬) કટિ-રની ઘુઘરીના નાદથી પોતે ચકિત થાય છે. હારથી વક્ષ:સ્થલ શોભી રહ્યું છે. પલનામાં મોતીના ગુચ્છ લટકે છે, તે પોતાના બન્ને હાથથી પકડીને ઉભા થઈ પોતાનું પરાક્રમ જણાવે છે. (૨૦૭) મોતીની લરથી લલાટ શોભાયમાન દેખાય છે. અંજનવાળા નેત્ર હાથથી ચોળે છે, નવનીત મુખપર લાગી રહ્યું છે, તેથી સકલંક ચંદ્રમા જેવી શોભા થઈ રહી છે. (૨૦૮)

विविधाक्रीडनध्वाननिरुद्धश्चालितांगकः । निद्रार्धमीलन्नयनः स्वामिनीप्रार्थनाश्रुतिः॥२०९॥
वियोगतापविज्वालवह्निनिर्वापणक्षमः । मानिनीमानहरणसमीक्षणविचक्षणः ॥ २१० ॥
करोत्क्षेपापदेशात्तगोपिकाकुचकुड्मलः । उद्बुद्धभावयुवतीजनोरःस्थलभूषणम् ॥ २११ ॥
तदंगसंगसंजातविलक्षणरुचिप्रियः । सर्वांगसंगजनितस्वानंदपरिपोषकः ॥ २१२ ॥

નાનાપ્રકારના ઘુઘરા વગેરે ખેલવણાના અવાજથી ચિત્ત તેમાં પોરવાઈ જાય છે. આખા શરીરને આમતેમ હલાવે છે. નિદ્રાથી આંખો અર્ધી મીંચાઈ જાય છે. શ્રીસ્વામિનીજી-ને કરેલી અનેક પ્રકારની પ્રાર્થના ધ્યાન દઈ સાંભળે છે. (૨૦૯) શ્રીસ્વામિનીજી વગેરેના વિયોગના તાપથી બળતા અગ્નિને શાંત કરવાને પોતે સમર્થ છે. માનવાળા શ્રીસ્વામિનીજીનું માન હરણ કરવાને સુંદર રીતે દૃષ્ટિ કરવામાં ચતુર છે. (૨૧૦) હસ્ત ઉંચા કરવાના બહાનાથી શ્રીગોપીજનનાં કુચકુડ્મલ (અર્ધી ખીલેલી કલી)ને ગ્રહણ કરે છે. તેથી જે ગોપીજનનો ભાવ ઉદ્બુદ્ધ થાય છે તે પ્રભુને વક્ષ:સ્થલ ઉપર ધારણ કરે છે, અને તેના વક્ષ:સ્થલના ભૂષણરૂપ પ્રભુ થઈ રહે છે. (૨૧૧) ત્યારે તેના અંગસંગથી ઉત્પન્ન થયલી વિલક્ષણ કાંતિ પ્રભુને પ્રિય છે, અને એ પ્રમાણે સર્વાંગસંગથી ઉત્પન્ન થતાં આનંદનું પ્રભુ પોષણ કરે છે. (૨૧૨)

नंदांगणलसच्छ्रीमज्जानुनिर्मितरिंगणः । जानुसंघर्षणव्याजकृतदैत्यविमर्दनः ॥ २१३ ॥
स्वकिंकिणीरवश्रुत्या हृष्टमानसमौग्ध्यवान् । मातृसौभाग्यसुखदः पयःपानकृतेक्षणः ॥
परमानंदसंदोहदायको जननीप्रियः । पंकांगरागरुचिरो वत्सपुच्छावलंबनः ॥ २१५ ॥

શ્રીનંદરાયજીના આંગણામાં સુંદર રીતે ઘુંટણિયા તાણે છે, અને શોભાયમાન દેખાય છે, અને ઘુંટણિયા તાણવાના બહાનાથી દૈત્યનું સારીરીતે મર્દન કરે છે. (૨૧૩) પોતાની ઘુઘરીઓના મધુર શબ્દ સાંભળીને મુગ્ધની માફક હર્ષિત મનવાળા થાય છે, અને માતાને સૌભાગ્યનું સુખ આપે છે. તથા માતાનું સ્તનપાન કરતાં એની તરફ જોયા કરે છે. (૨૧૪) પોતાની માતાને પ્રિય છે, અને તેમને પરમાનંદના સંદોહનું દાન કરે છે. શ્રીઅંગમાં કાદવ લાગ્યો છે તેથી સુંદર દેખાય છે અને વાછરડાઓના પૂછડાંને પકડી ચાલે છે. (૨૧૫)

गोपीजनकरद्वंद्वगृहीतः सुखदायकः । गृहीतोत्संगगोपीभिश्चौर्यार्थं बहुधार्थितः ॥ २१६ ॥
संपाद्य विविधानंतसामर्थ्यां रहसि प्रियम् । निजोत्संगस्थितं प्राप्य यदवोचत् प्रिया पुनः ॥

શ્રીગોપીજન આપના બન્ને હાથ પકડીને ચલાવે છે અને તેમને આપ સુખ આપે છે. વળી એ ગોપીઓ પ્રભુને ખોળામાં લઈ લઈને પોતાને ઘેર ચોરી કરવાના બહાનાથી પધારવાની બહુ બહુ પ્રકારે પ્રાર્થના કરે છે. (૨૧૬) પછી પોતાના ખોળામાં લીધેલા પ્રિય ભગવાનને એકાંતમાં લઈ જઈને પોતે જે વિવિધ પ્રકારની અનંત સામગ્રી તૈયાર કરી રાખી છે તે કહી સંભળાવે છે. (૨૧૭)

પછી આપ ચોરીના બહાનાથી વ્રજભક્તને ઘેર પધારીને સામગ્રી આરોગીને અનેક ક્રીડા કરીને તેમને સુખ આપી પાછા પધારે છે, અને ત્યારપછી એ વ્રજભક્તો ઉરાહનો (ઠપકો) દેવા આવે છે. તેનો પ્રકાર સાત શ્લોકથી વર્ણન કરે છે.

तदाकर्ण्य कृपायुक्तश्चौर्योद्योगपरायणः । रक्षार्थं[1]वालसहितः सरामो गोकुलप्रियः ॥२१८॥
वानरैरावृतः प्रायो विविधोपायवेदकः । रहो गोपीगृहस्वामी स्वीयसर्वार्थभोगकृत् ॥२१९॥
नानारसानुभूत्याप्तपरमानंदकंदलः । स्वायोग्यवस्तुसंयोगिभांडभेदविचक्षणः ॥ २२० ॥
संगोप्य रामगोपेभ्यो रहोरमणतत्परः । अतिधावनसंशोभिगमनः स्वगृहागतः ॥ २२१ ॥

વ્રજભક્તોએ પ્રાર્થના કરી તે સાંભળીને ગોકુલપ્રિય પ્રભુ કૃપાલુ થઈને રક્ષાને માટે ગોપબાલકોને તથા બલદેવજીને સાથે લઈને ચોરી કરવાના ઉદ્યોગમાં પરાયણ થાય છે. (૨૧૮) વાંદરાઓથી પોતે વિંટળાઈ જાય છે. ચોરીના વિવિધ ઉપાયોને પોતે જાણે છે. એકાંતમાં ગોપીજનના ઘરના સ્વામી બનીને પોતાને માટે સિદ્ધ કરેલી સર્વ સામગ્રીનો ભોગ કરે છે. (૨૧૯) નાના પ્રકારના રસના ભોગથી આપને પરમાનંદનો સમૂહ મળે છે, અને પોતાને જે જે વસ્તુ અયોગ્ય લાગે તેવી વસ્તુ જે પાત્રમાં હોય તે ચતુરાઈથી ફોડી નાંખે છે. (૨૨૦) બલદેવજી તથા ગોપોથી પોતાને છુપાવીને એકાંતમાં રમણ કરવાને તત્પર થાય છે. ગોપીજન આપને પકડવા આવે છે, તેના બહાનાથી પોતે જલદી દોડી જાય છે, અને એ રીતે દોડતાં અત્યંત શોભે છે, અને એમ કરીને પોતાના ઘરમાં પાછા આવે છે. (૨૨૧)

उपालंभमिषस्वीयगोपीरमणगोपनः । स्वामिनीहृदयांभोजस्फुरद्भावविभावितः ॥ २२२ ॥
संकोचभीतनयनो नमद्वदनमंडलः । स्वानंददानरमणस्फुरत्संकोचसुंदरः ॥ २२३ ॥
समाहितव्रजजनजननीमुखदर्शनः । साधुतापरमाधारो मातृविश्वासभाजनः ॥ २२४ ॥

ગોપીજન ઉરાહનો દેવા આવે છે તેના બહાનાથી પોતે તેમની સાથે જે રમણ કર્યું છે તે છુપાવે છે. અને શ્રીસ્વામિનીના હૃદયકમલમાં જે ભાવ સ્ફુરે છે તેની ભાવનાથી પોતે વિભાવિત છે. (૨૨૨) ગોપીજનના ઠપકાથી પોતે ભયભીત થઈ નેત્રનો સંકોચ કરે છે, અને વદનમંડલ એટલે મસ્તક નીચું નમાવે છે, અને આપે રમણથી જે આનંદનું દાન કર્યું છે તેની સ્ફુરણા થવાથી સંકોચયુક્ત સુંદર દેખાય છે. (૨૨૩) માતૃચરણ વ્રજભક્તોનું સમાધાન કરે છે, તેમના મુખ તરફ પોતે જોઈ રહે છે, અને સાધુતા એટલે ભોળાપણાના પરમ આધારરૂપ પોતે બને છે, અને માતાના વિશ્વાસપાત્ર બને છે. (૨૨૪)

પછી માતાની પ્રાર્થનાથી નન્દાલયમાં રાજભોગ આરોગ્યા, અને શ્રીઅંગ ધોઈ

---

[1] रक्षार्थवालसहितः ।

આચમન બીડી લીધા પછી રાજભોગ આરતી થયા, તે લીલાનો પ્રકાર આઠ શ્લોકથી વર્ણન કરે છે.

जननीप्रार्थनादत्ततातभोजनमानसः । तातपार्श्वस्थोच्चपीठस्थितश्चपलनायकः ॥ २२५ ॥
स्वहस्तभोजनकृतिर्लेपितस्वमुखांबुजः । स्वतातकरमध्यस्थकवलग्रहणोत्सुकः ॥ २२६ ॥
कटुतिक्तरसास्वादकृतसीत्कारशोभनः । प्रतिक्षणोत्थितियुतः श्रीनंदप्रार्थनास्थितः ॥२२७॥
इतस्ततःक्षिप्तवस्तुस्थालीक्रीडापरायणः । क्रीडोपयोगिसामग्रीसमवस्तुविनोदवान् ॥२२८॥ —

માતાની પ્રાર્થનાથી પિતાની સાથે ભોજન કરવાનું મન કરે છે, અને ચંચલનાયક પ્રભુ પિતાની પાસે ઉંચા પાટલાપર બિરાજે છે. (૨૨૫) પોતાના હાથથી ભોજન કરે છે, અને પોતાના મુખકમલને લીપી મૂકે છે, અને પોતાના પિતાના હાથમાંથી કોળિયો ગ્રહણ કરવાને ઉત્સુક છે. (૨૨૬) તીખા અને કડવા રસની સામગ્રીનો સ્વાદ લેતા સીત્કાર કરે છે, તેથી શોભી રહે છે. ક્ષણ ક્ષણમાં ઊઠે છે, પરન્તુ શ્રીનન્દરાયજીની પ્રાર્થનાથી પાછા બેસે છે. (૨૨૭) વસ્તુઓને થાળીમાં આમ તેમ ફેંકવાની ક્રીડા કરવા મંડી જાય છે, અને કોઈક વસ્તુ ખેલવામાં ઉપયોગી માનીને, જેમકે લડ્ડુને દડો માનીને, તેને ઊછાળી વિનોદ કરે છે. (૨૨૮)

विलंबभोजनपरस्तातदृष्टमुखांबुजः । स्वमातृभुजयुग्मात्तस्तातांगणसमागतः ॥ २२९ ॥
सखीदत्तजलस्वीयमातृधौताखिलांगकः । जननीसूक्ष्मवसनसंप्रोंच्छितनिजांगकः ॥ २३० ॥
जननीमुखताम्बूलग्रहणोद्यमिताननः । स्वतातमातृचरणबहुधालापलालितः ॥ २३१ ॥
निजोत्संगस्थितियुतो दीपनीराजनार्चितः । विद्योतमानसर्वांगमणिशोभितविग्रहः ॥२३२॥

વિલમ્બથી ભોજન કરવામાં પરાયણ છે. શ્રીનન્દરાયજી આપનું મુખ જોઈ રહ્યા છે, શ્રીયશોદાજી પોતાના બન્ને હાથથી પ્રભુને શ્રીનન્દરાયજીના આંગણામાં લાવે છે. (૨૨૯) સખીએ આપેલા જલથી માતૃચરણ પ્રભુના આખા શ્રીઅંગને ધોઈ નાખે છે, અને માતાના ઝીણા વસ્ત્રથી પ્રભુ પોતાના અંગને સારી રીતે લુછાવી નાખે છે. (૨૩૦) માતાના મુખમાંથી તામ્બૂલ ગ્રહણ કરવાને ઉદ્યમવાળા મુખવાળા છે, એટલે મુખ ઉંચુ કરીને માતાનું ચર્વિત તામ્બૂલ પોતાના મુખમાં લે છે. શ્રીનન્દરાયજી અને માતૃચરણ બહુ પ્રકારની વાર્તા કરી પ્રભુને લાડ લડાવે છે. (૨૩૧) પોતાની ગોદમાં પધરાવીને શ્રીયશોદાજી ગોપીજનની પાસે આરતી ઉતરાવે છે. દીવાના અજવાળાના પ્રકાશથી શ્રીઅંગમાં સર્વ મણિ વગેરે શોભી ઉઠે છે. (૨૩૨)

હવે બીજા પ્રકારનો રાજભોગ જે વ્રજભક્ત નોતરૂં દઇને સકુટુંબ પ્રભુને પોતાને ઘેર જમાડે છે તેનો પ્રકાર તેત્રિશ શ્લોકથી કહે છે.

अथवा राजभोगस्य भावनैवं विधीयताम् । निमंत्रितो गोपिकाभिः स्वतातादियुतः सदा ॥
भोजनाय प्रतिगृहं परमानंदसंप्लुतः । स्वतातजननीरामरोहिण्यादिसमन्वितः ॥ २३४ ॥
बालभावाग्रहप्रेष्ठस्वामिनीसहितः सदा । उत्फुल्लवदनांभोजो गोपिकासदनं गतः ॥ २३५ ॥
सुंदरास्तरणास्तीर्णोत्तमासनसमास्थितः । स्वयं स्वजननीप्रेष्ठोत्संगसप्रेमसंस्थितः ॥ २३६ ॥

અથવા રાજભોગની ભાવના આ પ્રમાણે કરવી, શ્રીગોપીજન ભગવાન્‌ને પોતાના પિતા શ્રીનંદરાયજી વગેરે સહિત સદા નિમંત્રણ આપે છે; પરમાનંદમાં મગ્ન થયલા પ્રભુ દરેક ગોપીજનના ઘરમાં ભોજનને માટે પોતાના પિતા, માતા, બલદેવજી, રોહિણીજી વગેરે સહિત પધારે છે. (૨૩૪) બાલભાવના આગ્રહથી પોતાને અત્યંત પ્રિય શ્રીસ્વામિનીજી સહિત સદા પ્રફુલ્લિત મુખકમલવાળા પ્રભુ ગોપિકાઓના ગૃહમાં પધારે છે. (૨૩૫) સુંદર બિછાના ઉપર સિદ્ધ કરેલા ઉત્તમ આસન ઉપર સર્વે બિરાજે છે, પોતે પોતાની માતાના અતિપ્રિય ઉત્સંગમાં પ્રેમસહિત બિરાજે જે. (૨૩૬)

रोहिण्युत्संगसंविष्टबलदेवसमन्वितः । उत्तमासनसंविष्टनिजतातांतरुद्गतः ॥ २३७ ॥
सर्वोत्तमासनस्थानस्वामिनीपरमादरः । एवमंतर्गृहे स्वीयपरिग्रहयुतः स्थितः ॥ २३८ ॥
धूपितोत्तमवस्त्राभूषणादिभिरलंकृतः । यथायोग्यालंकरणैः ससंघः परिपूजितः ॥ २३९ ॥
कुंकुमागरुकस्तूरीघनसारादिभिः पुनः । अनेकपुष्परचितमालिकाभिरलंकृतः ॥ २४० ॥

શ્રીરોહિણીની ગોદમાં બેઠેલા બલદેવજી સંગમાં છે. ઉત્તમ આસન ઉપર બિરાજેલાં પોતાના પિતા શ્રીનંદરાયજીની ગોદમાં ભગવાન્ ભાવથી બિરાજે છે. (૨૩૭) સર્વથી ઉત્તમ આસન ઉપર બિરાજેલા શ્રીસ્વામિનીજી ઉપર પોતાનો પરમ આદર છે, એ પ્રમાણે અંતર્ગૃહમાં ભગવાન્ પોતાના પરિકર સહિત બિરાજે છે. (૨૩૮) શ્રીગોપિજન ઉત્તમ સુગંધીઓથી સુગંધયુક્ત કરેલાં વસ્ત્ર તથા આભૂષણથી સર્વને અલંકૃત કરે છે, પછી યથાયોગ્ય અલંકાર કર્યા પછી સર્વ સહિત ભગવાનનું પૂજન એટલે સત્કાર કરે છે. (૨૩૯) વળી કેસર, અગરુ, કસ્તુરી, ઘનસાર (બરાસ) વગેરે સુગંધીથી અને અનેક પ્રકારના પુષ્પોની ગૂંથેલી માલાઓથી અલંકૃત કરે છે. (૨૪૦)

तत्रागताखिलस्वीयस्वामिनीपरिवारितः । विविधानंतहृद्भावगोपीभावैकभावितः ॥ २४१ ॥
सुगंधतासिद्धिकृतसर्वत्रगृहधूपकः । अनेकरत्नदीपादिप्रकाशपरिशोभितः ॥ २४२ ॥
संपादितस्वीयगोपीसामग्रीदर्शनार्थगः । अनेकशाकपाकादिपक्वान्नादिनिरीक्षकः ॥ २४३ ॥
अत्यन्तप्रियसद्योजनवनीताद्यवेक्षकः । पुनः परावृत्त्य हरिर्जनन्युत्संगमास्थितः ॥ २४४ ॥

ત્યાં આવેલા પોતાના સર્વ સ્વામિનીઓથી પોતે વિંટલાયલા છે, અને ગોપીજન પોતાના હૃદયના વિવિધ અનંત ભાવોથી ભગવાન્‌ની ભાવના કરે છે. (૨૪૧) સુગંધ સર્વત્ર પ્રસરી રહે એવી રીતે સિદ્ધ કરેલો ધૂપ ગૃહમાં કરેલો છે, અનેક રત્ન અને દીપ વગેરેનાં પ્રકાશથી સર્વત્ર શોભા થઈ રહી છે. (૨૪૨) પોતાના ગોપીજને સિદ્ધ કરેલી સર્વ સામગ્રીના દર્શન કરવાને પધારે છે, અનેક પ્રકારના પકવાન્ન, શાક, પાક વગેરેનું આપ નિરીક્ષણ કરે છે. (૨૪૩) પોતાને અત્યંત પ્રિય તાજું નવનીત વગેરે પોતે નિહાળે છે, ત્યાંથી પાછા ફરીને હરિ પોતાની માતાની ગોદમાં આવીને બિરાજે છે. (૨૪૪)

रणत्कंकणहस्ताब्जगोपिकापरिवेषितः । तन्मुखांभोजशुभ्रांशुनिरीक्षणचकोरकः ॥२४५॥
परिविष्टानंतरसंव्याजलीलैकसूचकः । दत्तकर्णाकर्णितस्वस्वामिनीकंकणध्वनिः ॥२४६॥
तदुक्तिमात्रश्रवणविहिताखिलभोजनः । गृहीतहस्तमद्वस्तुजननीस्वादुपृच्छकः ॥ २४७ ॥
कया संपादितमितिनामप्रश्नपरायणः । स्वतातपंक्तिसंविष्टजननीसहभोजनः ॥ २४८ ॥

કંકણના રણત્કારવાળા હસ્તકમલથી ગોપીજન પિરસી રહ્યા છે, તેમના ચંદ્રસમાન મુખકમલના કિરણનું નિરીક્ષણ કરવાને આપ ચકોરની માફક ઉત્સુક છે. (૨૪૫) અનંત રસવાલી પીરસેલી સામગ્રીના મિષથી આપ અનેક રસલીલાનું સૂચન કરે છે. પોતાના સ્વામિનીના કંકણનો ધ્વનિ કાન દઈ સાંભળે છે. (૨૪૬) તેનું કહ્યું માનીને જ પોતે સકલ સામગ્રીનું ભોજન કરે છે, સુંદર વસ્તુઓ હસ્તમાં લઈને પોતાની માતાને "આનો સ્વાદ કેવો છે?" એમ પૂછે છે. (૨૪૭) "આ સામગ્રી કોણે સિદ્ધ કરી" તેનું નાંમ જાણવાને પ્રશ્ન કરવામાં તત્પર છે, પોતાના પિતાની સાથે પંક્તિમાં બેઠેલા પોતાની માતા સાથે ભોજન કરે છે. (૨૪૮)

रोहिणीसंग[1]संस्थायिरामभोजनसादरः। कदाचिद्बालहठतः स्वामिनीसहभोजनः ॥२४९॥
एवंविधानंतभावप्राकट्यांगीकृताखिलः। यथायोग्यं हि सर्वत्र गोपिकाद्यैश्च वीजितः ॥
तदुक्तश्लिष्टविविधवार्ताश्रवणतत्परः। अनंतकोटिकंदर्पलावण्यनिजरूपधृक् ॥ २५१ ॥
मुखसंलग्नकणिकनवनीतातिशोभनः[2] । तदुत्तरमतिप्रेष्ठादत्ताचमनसेवकः ॥ २५२ ॥

રોહિણીજીની સાથે બેઠેલા બલદેવજીની સાથે આદરસહિત ભોજન કરે છે, અને કોઈકવાર બાલહઠથી શ્રીસ્વામિજીની સાથે ભોજન કરે છે. (૨૪૯) આ પ્રમાણે વ્રજમાં સર્વ ઠેકાણે જ્યાં જ્યાં આમંત્રણ મળે ત્યાં પધારે છે, ત્યાં અનંતભાવ પ્રકટ કરે છે, અને યથાયોગ્ય સર્વ સામગ્રી અંગીકાર કરે છે, અને સર્વત્ર ગોપીઓ વગેરે પંખા કરે છે. (૨૫૦) શ્રીગોપીજને કહેલી ગૂઢ સંકેતવાલી દ્વિઅર્થી વિવિધ વાર્તા શ્રવણ કરવામાં પોતે તત્પર છે, અનંત કોટિ કામદેવના સૌંદર્ય સમાન પોતે રૂપ ધારણ કરે છે. (૨૫૧) પોતાના શ્રીમુખને લાગેલી ભોજનની કણિકાઓ અને માખણથી પોતે અત્યંત શોભે છે, ભોજન કર્યા પછી અતિપ્રિય સખીએ આપેલા જલથી આચમન કરે છે. (૨૫૨)

यथायोग्यमतोन्यत्र गोपाद्यैश्च तथाविधः। स्वच्छपर्णातिसुरभितांबूलग्राहकः पुनः ॥२५३॥
जननीप्रोंछितमुखो निरभ्रमुखचंद्रमाः। स्वामिनीकरनिष्पन्नवीटिकाग्रहणोत्सुकः ॥२५४॥
एवं सर्वत्र करणं स्वयमूह्यं विशेषतः। सर्वत्रैकांतभवनस्थितशय्याकृतासनः ॥२५५॥
श्रीनंदश्रीयशोदार्थात्रैकशय्यासहस्थितिः। रोहिणीसंगसुप्तस्वभ्रातृदर्शनसादरः ॥२५६॥

ત્યાર પછી ગોપો વગેરેને અન્યત્ર તેજ પ્રમાણે યથાયોગ્ય આચમન કરાવ્યું, પછી સ્વચ્છ પાનમાં અતિ સુગંધયુક્ત બીડાં સર્વેએ લીધાં. (૨૫૩) માતાએ શ્રીમુખ લુછી નાખ્યું, ત્યારે વાદળા વિનાના આકાશમાં રહેલા ચંદ્રસમાન મુખની શોભા થઈ, પછી શ્રીસ્વામિનીનાં હસ્તથી કરેલી બીડી ગ્રહણ કરવાને પોતે ઉત્સુક થયા. (૨૫૪) આ પ્રમાણે સર્વના ગૃહમાં પોતે ભોજન કરે છે, એમ ભક્તોએ પોતે સમજી લેવું, પછી સર્વત્ર એકાંત સ્થાનમાં સિદ્ધ કરેલી શય્યા ઉપર પોતે બિરાજે છે. (૨૫૫) શ્રીનંદરાયજી તથા શ્રીયશોદાજીને માટે એક શય્યા બિછાવી છે ત્યાં ભગવાન તેમની સાથે જ બિરાજે છે, અને રોહિણીજીની સાથે સુતેલા પોતાના ભાઈ બલદેવજીનું આદરપૂર્વક દર્શન કરે છે. (૨૫૬)

---

[1] रोहिणीसह, रोहिणीहस्त —— [2] कणिका

रहःस्थस्वामिनीशय्यातिगुप्तशयनप्रियः । अनंतरसभावैकलीलारमणतत्परः ॥ २५७ ॥
एवं स्वस्वामिनीगेहे दिवा शयनकारकः। स्वकुटुम्बसहस्थायी गुप्तलीलाकृतिप्रियः ॥२५८॥
पाश्चात्ययामदिवसस्थितिकालसमुत्थितः। अनेककंदमूलादिसिताद्राक्षादिभोजितः ॥२५९॥
आवर्तितपयोवद्धलड्डुकप्रियभोजनः । स्वकीयसर्वसहितो यथायोग्यरतिप्रदः ॥ २६० ॥

એકાંત સ્થાનમાં શ્રીસ્વામિનીજીની શય્યા છે, તેના ઉપર અતિ ગુપ્ત રીતે પોઢવાનું પોતાને બહુ પ્રિય લાગે છે, અનંતરસભાવવાળી લીલાસહિત રમણ કરવામાં પોતે તત્પર છે. (૨૫૭) આ પ્રમાણે શ્રીસ્વામિનીજીના ગૃહમાં દિવસે પોતે શયન કરે છે, પોતાના કુટુંબ સહિત પોતે સ્થિતિ કરે છે, ગુપ્ત લીલા કરવી આપને બહુ પ્રિય છે. (૨૫૮) જ્યારે પાછલો પહોર દિવસનો થાય છે તે સમયે પોતે ઊઠે છે, અનેક કંદમૂલ વગેરે, મિશ્રી, દ્રાક્ષ, વગેરે આરોગે છે. (૨૫૯) ખુવાના લાડવા પોતાને બહુ ભાવે છે, અને પોતાના સર્વ સ્વકીય સહિત યથાયોગ્ય આનંદ આપે છે. (૨૬૦)

दत्ताचमनताम्बूलग्रहणोत्सुकमानसः । सायमोदनसंमिश्रपयःप्रकृतभोजनः ॥ २६१ ॥
प्रातर्भोगोत्तरावद्धोष्णीषतातांकरोहणः । गुच्छद्वयातिसंशोभिकटिबंधशिरोदृशिः ॥ २६२ ॥
पंक्तिस्थितनिजात्ताच्छताम्बूलकृतचर्वणः । गोपिकाकरसंशोभिनीराजनविराजितः ॥२६३॥
समस्तगोपगोपीभिः सकुटुम्बो नमस्कृतः । स्वीयतातादिसंयुक्तः पुनः स्वगृहमागतः ॥२६४॥
वितीर्णपुष्पमालादिप्रसादः पुरुषोत्तमः । एवंसमस्तभवनकृतप्रत्यहसत्क्रियः ॥ २६५ ॥

ભક્તે આપેલા આચમન, તાંબૂલ પોતે ઉત્સાહવાલા મનથી અંગીકાર કરે છે, અને સંધ્યાકાલે દૂધભાતનું ભોજન પોતે કરે છે. (૨૬૧) પ્રાતઃકાલના ભોજન પછી પોતે મસ્તક ઉપર પાઘ ધારણ કરે છે, અને પિતા શ્રીનંદરાયજીની ગોદમાં બિરાજે છે, અને કટિબંધ અને પાઘ એ બેના છેડા પર આવેલા ગુચ્છાઓ શોભાયમાન દેખાય છે. (૨૬૨) પંક્તિમાં બેસીને પોતાના ભક્તે આપેલું સ્વચ્છ તાંબૂલ આરોગે છે, તે સમયે જે ગોપીએ નિમંત્રણ કરીને પધરાવેલા છે તે સુંદર આરતી કરે છે, ત્યારે પોતે શોભી રહે છે. (૨૬૩) પછી સર્વ ગોપગોપીઓ ભગવાનના સર્વ કુટુંબને નમસ્કાર કરે છે, અને તે પછી પોતાના પરિકર અને પિતા નંદરાયજી વગેરે સહિત પોતાને ઘેર પધારે છે. (૨૬૪) શ્રીપુરુષોત્તમ પોતાની પુષ્પની માલા વગેરે પ્રસાદ વ્રજભક્તોને આપે છે, અને એ પ્રમાણે સર્વ વ્રજભક્તોના ઘરમાં પ્રતિદિન પ્રભુનો સત્કાર થાય છે. (૨૬૫)

પછી ત્રીજા પ્રકારનો રાજભોગ ચોરીથી વ્રજભક્તને ઘેર ગુપ્ત રીતે પધારીને આરોગે છે, અને સર્વ સુખ આપે છે, તે લીલાનું વર્ણન સાડીઓગણત્રીસ શ્લોકથી કરે છે.

एवमेकविधा प्रोक्ता भावना राजभोगके । व्रजराजाभिधो भोगः परोक्षेणैवमुच्यते ॥२६६॥
अथवा राजभोगीयभावना त्वन्यथोच्यते। गोपिकानां प्रतिगृहं गृहस्थ इव निर्भयः ॥२६७॥
चौर्यव्याजेन संपूर्णं पूरयंस्तन्मनोरथम् । तत्संपादितवस्तूनां सर्वेषां षड्रसात्मनाम् ॥ २६८ ॥
विविधप्रार्थनातुष्टः कुरुते भोगभोजनम् । उत्तमासनमास्तीर्य स्वोत्तरीयविनिर्मितम् ॥२६९॥
सुगंधागरुसत्त्वादियुक्तवस्त्रादिरूपितम् । अनेकभूषणायुक्तरुचिरांगविराजितम् ॥ २७० ॥

આ પ્રમાણે એક પ્રકારની રાજભોગની ભાવના કહી. હવે પરોક્ષથી વ્રજરાજ ભોગ કરે છે તે નીચે પ્રમાણે કહું છું. (૨૬૬) અથવા રાજભોગની ભાવના બીજે પ્રકારે કહેવામાં આવે છે. ગોપીજનના દરેક ઘરમાં ઘરના માલિક હોય તેમ નિર્ભય થઈને પધારે છે. (૨૬૭) ચોરીના બહાનાથી ગોપીના સર્વ મનોરથ પૂર્ણ કરે છે, અને તેણે સંપાદન કરેલી સર્વે ષડ્રસાત્મક વસ્તુઓનો ભોગ અને ભોજન તેની વિવિધ પ્રકારની પ્રાર્થનાથી સંતુષ્ટ થઈને કરે છે. (૨૬૮૯) એ ગોપીઓ પોતાનું ઉત્તરીય વસ્ત્ર બિછાવીને ઉત્તમ આસન નિર્માણ કર્યું છે, તેના ઉપર અગરુ, સત્વ, વગેરે સુગંધીયુક્ત વસ્ત્ર વગેરેથી ભૂષિત અને અનેક આભૂષણોયુક્ત સુંદર અંગવાલા પ્રભુ તેના પર બિરાજે છે. (૨૭૦)

पुष्पमालाविशेषैस्तु विशेषेण विलासितम् । स्वमुख्यस्वामिनीरत्नस्थितिवामांगसुंदरम् ॥२७१॥
रक्षार्थस्थापितभ्रातृगोपबालगृहांगणम् । तत्रोपवेश्य प्राणानां प्रियं गोकुलनायकम् ॥२७२॥
पूर्वोक्तधर्मसहितं सुहितं व्रजजीवनम् । स्वसंपादितवस्तूनां चक्रुस्ताः परिवेषणम् ॥ २७३ ॥

અત્યંત સુંદર પુષ્પમાલાઓથી આપ વિશેષ પ્રકારે શોભાયમાન છે. આપના મુખ્ય સ્વામિનીરત્ન ડાબી બાજુ બિરાજે છે, તેથી પોતે સુંદર દેખાય છે. (૨૭૧) તે ગોપીના ઘરના આંગણામાં રક્ષાને માટે બલદેવજી અને ગોપબાલકોને રાખ્યા છે. અને પોતાના પ્રાણપ્રિય શ્રીગોકુલનાયકને ભીતર પધરાવે છે. (૨૭૨) પહેલાં કહી ગયા તેવા ધર્મવાલા એટલે બાલ્યાવસ્થામાં કિશોર અવસ્થાની લીલા કરનાર અને કિશોર અવસ્થામાં બાલલીલા કરનાર વિરુદ્ધધર્માશ્રયી વ્રજના જીવન સુંદર હિતકર્તા પ્રભુને પોતાની સિદ્ધ કરેલી સામગ્રી તેઓ પિરસે છે. (૨૭૩)

विविधव्यंजनयुतपाकपक्वान्नसंयुतम् । निरीक्षमाणं रमणं रतिचंचललोचनम् ॥ २७४ ॥
सर्वांगसुन्दरं गोपीभावभावनतत्परम् । आयातवस्तुसादृश्यरतिलीलैकभावुकम् ॥ २७५ ॥
नेत्रांतपातविलसत्कटाक्षपरिपूजितम् । झणत्कंकणतद्बाहुमूललग्नसुलोचनम् ॥ २७६ ॥

વિવિધ પ્રકારના મસાલાવાળી પાક પક્વાન્નવાળી સર્વ સામગ્રીનું નિરીક્ષણ રતિરમણથી ચંચલ નેત્રવાળા પ્રભુ કરે છે. (૨૭૪) સર્વાંગસુંદર પ્રભુ ગોપીની ભાવના કરવા તત્પર છે, અને જે જે વસ્તુઓ પિરસી છે તેના સમાન રતિલીલાની ભાવના કરે છે. (૨૭૫) ગોપીજન પોતાના નેત્રમાં વિલાસતાં કટાક્ષથી ભગવાનની પૂજા કરે છે, તેનાં ઝણકાર કરતાં કંકણવાળા બાહુના મૂલમાં પ્રભુના સુંદર નયન લાગી રહ્યાં છે. (૨૭૬)

बाललीलाकृतिव्याजसंगोपितनिजक्रियम् । तदाननामृतकरकरशीतलताश्रयम् ॥ २७७ ॥
अमंदहृदयोत्साहपरिहासरसार्णवम् । रसोक्तिवक्रतायुक्तिसंभाषणविचक्षणम् ॥ २७८ ॥
वदनांबुजसौंदर्यदृष्टिवृष्टिविलक्षणम् । हृदयोद्भूततद्भावजातरोमांचविग्रहम् ॥ २७९ ॥

બાલલીલા કરવાના બહાનાથી પોતે કરેલી ક્રિયા ગુપ્ત રાખે છે, ગોપીજનના મુખચંદ્રના શીતલ કિરણનો આશ્રય પ્રભુ કરે છે. (૨૭૭) હૃદયના ઉત્કટ ઉત્સાહવાલા હાસ્યરસના સમુદ્રરૂપ પોતે છે, યુક્તિવાળા રસોક્તિથી ભરપૂર વક્રોક્તિ વચનોમાં પોતે બહુ ચતુર છે. (૨૭૮) શ્રીસ્વામિનીજીના મુખકમલના સૌંદર્ય ઉપર દૃષ્ટિની વૃષ્ટિ વિલક્ષણતાથી કરે છે, હૃદયમાં ઉત્પન્ન થતા વિવિધ ભાવથી આખા અંગમાં રોમાંચ થાય છે.

सितायुतस्वच्छसद्योनवनीतकरांबुजम् । सदोदनलसत्पीतसूपसेवनतत्परम् ॥ २८० ॥
हैयंगवीनसंमिश्रकवलग्रहणोत्सुकम् । यथाप्रार्थिततद्वस्तुभोक्तारं रहसि स्थितम् ॥ २८१ ॥
मुक्तागुच्छे शोणशिक्ये स्थितं राजतपात्रके । नातिसूक्ष्मे स्वच्छसद्योनवनीतं जघास यः ॥२८२॥

મિશ્રીયુક્ત સ્વચ્છ તાજું નવનીત શ્રીહસ્તકમલમાં ધર્યું છે. સુંદર ભાત, ચળકતી પીળી દાળ આરોગવામાં પોતે તત્પર છે. (૨૮૦) ગાયના માખણથી મિશ્રિત કોળિયો ગ્રહણ કરવાને પોતે ઉત્સુક છે, એકાંતમાં—રહીને જે જે વસ્તુ આરોગવાની પ્રાર્થના ગોપીજન કરે છે તે તે વસ્તુનો ભોગ પોતે કરે છે. (૨૮૧) મોતીના ગુચ્છાવાળા લાલરંગના શિંકામાં ચાંદીના મોટા પાત્રમાં રાખેલું તાજું નવનીત પોતે આરોગે છે. (૨૮૨)

तदंतिकस्थसौवर्णपात्रस्थां सुसितां च यः । सुशृतं शर्करैलादियुतं दुग्धं पपौ पुनः ॥२८३॥
दुग्धमध्यस्थहैमेन पात्रेणाथ ससीत्कृतिः[1] । आवर्तितपयोवद्धमोदकानि विनोदवान् ॥२८४॥
उत्तोलयन्करस्पर्शैः कृपाराशिरभक्षयत् । पश्यन्मुखानि गोपीनां कृष्णश्चकितलोचनः ॥२८५॥

તેની પાસે રાખેલાં સુવર્ણના પાત્રમાં સુંદર મિશ્રીનો સમૂહ છે, સુંદર ઓટેલું, સાકર, એલચી વગેરે વાળુ દૂધ ફરીથી પોતે પીયે છે. (૨૮૩) દૂધનાં પાત્રમાં સોનાની કટોરી ધરી છે, તેનાથી સીત્કાર સહિત દૂધ પીયે છે, ખુવાના લાડવા વિનોદથી હાથમાં ઉછાળતાં કૃપારાશિ ભગવાન આરોગે છે, અને શ્રીગોપીજનના મુખના દર્શન કરતાં પોતે કૃષ્ણ ચકિત લોચનવાળા થાય છે. (૨૮૪)

निकटमेचकशिक्यसमाहितम् । रुचिरमृन्मयपात्रपिधानितम् ॥ २८५ ॥
सुशृतमाहिषदुग्धशरं हरिर्निजमुखाम्बुजमध्यगमातनोत् ॥ २८६ ॥
एकमेकं यथा माति तथा संपादितं शिचि । अग्रिमेङ्गीचकारेशः कर्कटीवीजमोदकम् ॥२८७॥

તેની પાસે શ્યામ રંગના શિંકામાં સુંદર મૃત્તિકાના પાત્રમાં ઢાંકેલી ભેંસના કઢેલા દૂધની મલાઈ હરિ પોતાના મુખકમલમાં મૂકે છે. (૨૮૫–૬) તેની આગળ શિકામાં કાકડીના બીજના એક એક આખો મ્હોંમાં રહી શકે એવા લાડુ ધરેલા છે. તે પ્રભુ અંગીકાર કરે છે. (૨૮૭)

सितैलादेवकुसुमकर्पूरादिभिरादरात् । नवमृन्मयपात्रस्थं यो दधि व्यदधान्मुखे ॥२८८॥
अतिस्वादु घनीभूतं वद्धं कनकशिक्यगम् । केवलेनैव दध्नाथ[2] नक्तं दध्यभक्षयत् ॥२८९॥
विचित्रशिक्यसंस्थानि पक्वान्नानि व्यलोकयत । गोधूमचणकामिक्षानिर्मितानि विशेषतः ॥

નવા મૃત્તિકાના પાત્રમાં રાખેલું, મિશ્રી, એલચી, લવંગ, બરાસથી મિશ્રિત દહિં પોતે આદરથી મુખમાં ધરે છે. (૨૮૮) પછી સુવર્ણના શિકામાં ધરેલું બહુ સ્વાદવાળું રાત્રિનું ઘનીભૂત બાંધેલું દહિં તથા છાશ સાથે પોતે આરોગે છે. (૨૮૯) ચિત્રવિચિત્ર શિકામાં ધરેલાં ઘઉંના (મોદક, મઠડી વગેરે) અને ચણાના (બુંદી, મોહનથાળ વગેરે) અને ગીહડીના (મનોહર) વગેરે બનાવેલા પકવાનો વિશેષતાથી જોઈને પોતે આરોગે છે. (૨૯૦

---

[1] ससीत्कृतिम् । [2] केवलेनैव दध्ना यदा तक्रं दध्यभक्षयत् ।

उक्तशिक्यसमूहान्यशिक्ये मृन्मयपात्रयोः । पद्मरागमये ये स्तः शिखरिण्यौ जघास[1] यः ॥
निम्बूजंबीरचूतार्द्रकरीरादिविनिर्मितम् । तदग्रशिक्यनिहितं संधितं सुहितं व्यधात् ॥२९२॥
शिक्यस्थवस्तुग्रहणसाधनानि हितानि हि । पीठोलूखलभांडादीन्यन्वगृह्णात् फलात्मकः ॥
अन्यानोदनसूपांतान् पदार्थान् षड्रसात्मकान् । स्वीयैकभोग्यानभजद् भगवान् भावसुंदरः ॥
एवं प्रतिगृहं भोक्ता स्वामिनीनां विभाव्यताम् ॥ २९४ ॥

ઉપર કહી ગયા તે શિકાથી જુદા બીજા પદ્મરાગના શિકામાં બે મૃત્તિકાના પાત્રમાં બે પ્રકારના શિખંડ ધરેલા છે તે પોતે ગ્રહણ કરે છે. (૨૯૧) તેની આગળ શિકામાં રાખેલું, લિંબુ, બીજોરૂં, કેરી, આદુ, કેરાં વગેરેનું બનાવેલું હિતકારક અથાણું (સિધાણું) આરોગ્યા. (૨૯૨) શિકાપર ધરેલી વસ્તુઓ ગ્રહણ કરવાને માટે ઉપયોગી સાધનો બાજઠ, ઉલૂખલ, પાત્રો વગેરે ધરેલાં હતાં, તેની મદદથી ફલાત્મક પ્રભુએ સર્વે વસ્તુ અંગીકાર કરી. (૨૯૩) વળી બીજા સખડીના છએ રસવાળા દાળભાત વગેરે પદાર્થો જે એક ભગવાનને જ આરોગવા લાયક હતા, તે સુંદર ભાવસહિત આરોગ્યા. આ પ્રમાણે પ્રત્યેક સ્વામિનીના ઘરમાં ભગવાન ભોગ કરે છે એવી ભાવના કરવી. (૨૯૪½)

ચોરીની રાજભોગની લીલા છુપાવવાનું ચરિત્ર અને વ્રજભક્તો આ લીલા છુપાવવાને ઠપકો દેવા આવે છે, તેનો પ્રકાર સાડાદશ શ્લોકથી કહે છે.

उक्तास्मत्स्वामिनीशिक्षाकृतवत्सविमोचनः ॥ २९५ ॥
स्वीयलीलागोपनार्थकृतबालकपीडनः । स्वायोग्यवस्त्वसत्तायै दधिभांडविभेदनः ॥२९६॥
बाल्यमौग्ध्यप्रियैकांतगोपनाद्द्रुतधावनः । वयस्यबलदेवादिसहितो नृत्यतत्परः ॥२९७॥

પછી પોતે કરેલી લીલા છુપાવવાને માટે આગળથી શ્રીસ્વામિનીજીએ શિખવી મૂક્યું હતું તે પ્રમાણે પોતે વાછરડાઓને છોડી મૂકે છે. પોતાની લીલા છુપાવવાને માટે સુતેલા બાલકોને ચિમટી દઈ રડાવે છે, અને જે વસ્તુ આપને યોગ્ય ન હોય એવા દહિં વગેરેના વાસણને ફોડી નાંખે છે. (૨૯૬) એકાંતની લીલા છુપાવવાને માટે બાલભાવનું ભોળાપણું બતાવીને નાસી જાય છે. પોતાના સરખી વયના બાલકો અને બલદેવજીની સાથે નૃત્ય કરવામાં તત્પર થઈ જાય છે. (૨૯૭)

स्वामिनीदत्तताम्बूलस्रवद्रसनिजाधरः । बाललीलानुकरणकृतोत्फालो व्रजप्रियः ॥२९८॥
नवनीतलसद्वक्त्रासितचंद्रकलंकयुक् । निजचौर्यस्मरणतः स्वमित्रकरतालदः ॥ २९९ ॥
नवनीतप्रियो नित्यं नवनीतार्थतस्करः । रामगोपादितः स्वीयचौर्यसोत्साहमानसः ॥३००॥

શ્રીસ્વામિનીએ આપેલાં તાંબૂલ આરોગતાં મુખમાંથી રસ ઝરે તે પોતાના અધર ઉપર આવે છે, બાલલીલા કરતા વ્રજના પ્રિય પ્રભુ કુદકા મારે છે. (૨૯૮) મુખ ઉપર નવનીત લાગ્યું છે, તેથી શ્વેત કલંકયુક્ત શ્યામચંદ્ર જેવા પોતે શોભે છે, પોતે કરેલી ચોરીઓનું સ્મરણ કરતાં પોતાના મિત્રોને હાથમાં તાળી આપે છે. (૨૯૯) આપને નિત્ય નવનીત પ્રિય છે. નવનીતને માટે ચોરી કરે છે. બલદેવજી અને પોતાના ગોપો વગેરે કરતાં પોતે ચોરી કરવામાં વધારે ઉત્સાહવાળા છે. (૩૦૦)

---

[1] गृहाण इति नव्यादर्शेषु.

स्वीयचेतोहृतिकृतवेणुवादविचक्षणः । श्रीदामांसन्यस्तभुजो गुप्तकर्णैकमंत्रकृत् ॥ २०१ ॥
विविधक्रीडनासक्तः शनैः स्वगृहमागतः । स्वलीलावेणुनादादिसमाकृष्टप्रियामनाः ॥२०२॥

પોતાના ભક્તના ચિત્ત હરણ કરવાને માટે વેણુનાદ કરવામાં ચતુર છે. શ્રીદામાના ખભા ઉપર શ્રીહસ્ત ધરીને તેના કાનમાં છુપી વાત કરે છે. (૩૦૧) વિવિધ પ્રકારની ક્રીડા કરવામાં આસક્તિવાળા છે, ધીમે ધીમે પોતાને ઘેર પધારે છે. પોતાની વેણુનાદ વગેરે લીલાથી પોતાની પ્રિયાના મનનું આકર્ષણ કરે છે. (૩૦૨)

उपालम्भमिषायातगोपिकादर्शनोत्सुकः । रामादिगोपनार्थाय साधुताबोधनाय च ॥२०३॥
यशोदासाधुताबुद्धयै भयानुकरणादरः । नीचैर्वदनसंस्थानतिर्यग्दृष्टिविलोकनः ॥२०४॥
परस्परस्वचरितस्मृतिसोत्साहमानसः । पुनरागमनाभावभीतगोपीदृगुत्सवः ॥ २०५ ॥

ઠપકો આપવાના બહાનાથી આવેલી ગોપિકાનું દર્શન કરવાને બહુ ઉત્સુક છે. બલદેવજી વગેરેથી પોતાની લીલા છુપાવવાને અને તેમને અને યશોદામાતાને પોતાની સાધુતા જણાવવાને ભયનું અનુકરણ આદરથી કરે છે. મુખ નીચું કરીને વાંકી દૃષ્ટિથી જુએ છે. (૩૦૩–૩૦૪) પ્રભુ અને ગોપી પરસ્પર પોતાના ચરિત્રનું સ્મરણ કરીને ઉત્સાહમાં આવી જાય છે. હું ઠપકો દેવા આવી, તેથી હવે શ્રીઠાકોરજી મારે ઘેર ફરીથી પધારશે નહિ, એવી શંકાથી બીધેલી ગોપીને "હું આવીશ, તું ડરીશ નહીં" એવી સૂચના દૃષ્ટિથી કરીને તેને આનંદ આપે છે. (૩૦૫)

ગોપીનો ઠપકો સાંભળીને યશોદામાતા પ્રભુને શિખામણ આપે છે તે દશ શ્લોકથી કહે છે.

स्वसूनुचरितश्रुत्यानंदमातृपदाङ्कगः । गोपीगृहगतावंक उपवेश्य सुशिक्षितः ॥ २०६ ॥
परगेहे न गन्तव्यं चौर्याय सुत सर्वथा । लोकापकीर्तिर्भवति मह्यं निंदन्ति वै जनाः ॥२०७॥
एतद्गृहे सुतो नैव लभते भक्ष्यमुत्तमम् । तव तातस्य भवने गावः संति परःशताः ॥२०८॥
व्रजराजसुतस्यैवं घटते चरितं न हि । आकार्य बालकान् क्रीडाः कर्तव्या भवने निजे ॥

પોતાના સુતના ચરિત્ર સાંભળીને આનંદિત થયલા માતાના ખોળામાં પોતે બેઠા છે. શ્રીયશોદાજી પ્રભુને પોતાની ગોદમાં બેસાડીને ગોપીને ઘેર જવાની બાબતમાં શિખામણ આપે છે. (૩૦૬) હે સુત, પારકે ઘેર ચોરી કરવા સર્વથા જવું નહિ. આથી લોકમાં અપકીર્તિ થાય છે, અને મનુષ્યો મારી નિંદા અવશ્ય કરે છે. (૩૦૭) એ લોક એમ કહે છે કે "આને ઘેર છોકરાને સારૂં ખાવાનું મળતું નથી." તારા પિતાને ઘેર સેંકડો ગાયો છે. (૩૦૮) શ્રીનંદરાયજી વ્રજના રાજા છે, તેના પુત્રને આવું ચરિત્ર ઘટતું નથી. બાલકોને આપણે ઘેર બોલાવીને આપણા ઘરમાં જ ખેલવું જોઇએ (૩૦૯)

यदपेक्ष्यममूल्यं वा मत्तस्तद्ग्राह्यमर्भक । एकांते भोजनं कार्यं दृष्टिरन्यत्र वै लगेत् ॥२१०॥
नैतत्तवेदृशं रूपं बहिर्निष्कासनोचितम् । दृष्ट्वा तदेकपरया क्रीडतोऽवेक्ष्यमालये ॥ २११ ॥
किं कर्तव्यं दुर्ललितो भवानेकसुतो मम । अतो निवार्यते चैवं क्रीडासक्तो गृहे गृहे ॥२१२॥

હે બાલ, તારે જે જે વસ્તુ જોઇએ તે અથવા ગમે તેટલી કિંમતી હોય તે

મારી પાસેથી માગી લેવી. ભોજન એકાંતમાંજ કરવું, નહિ તો બીજી જગ્યાએ કરવાથી નક્કી તને નજર લાગશે. (૩૧૦) તારૂં આવું સુંદર રૂપ બહાર કાઢવું યોગ્ય નથી. હું તને મારી દૃષ્ટિ આગળ આંગણામાં ખેલતો જોવા ઇચ્છું છું. (૩૧૧) શું કરૂં, તું મારો એકનો એક પુત્ર છે, બહુ લાડકવાયો છે, તેથી ઘેર ઘેર જઈને ખેલવાંમાં આસક્ત થયેલા તને આમ અટકાવવો પડે છે. (૩૧૨)

नारोहणीयं भित्यादौ नोत्प्लाव्यं कुत्रचित्तथा । न संगः कस्यचित्कार्यो न धार्यं धेनुशृङ्गकम् ॥
उपालभन्ते सततं गृहमागत्य गोपिकाः । किं द्रव्यं दधिदुग्धादि तदर्थं विगतत्रपाः ॥३१४॥
का वास्ति न्यूनता तात तव गेहे दयानिधे । ममोपरि दया कार्या गन्तव्यं नैव कुत्रचित् ॥

ભીંત વગેરે ઉંચી જગ્યાપર ચઢવું નહિ, તેના પરથી કુદકા મારવા નહિ, અજાણ્યાંની સાથે સંગ કરવો નહિ; ગાયના શિંગડાં પકડવા નહિ. (૩૧૩) દૂધ દહિં તે શી મોટી વસ્તુ છે તેને લીધે રોજરોજ લાજ છોડીને ઘેર આવીને આ ગોપિકાઓ ઠપકો આપે છે. (૩૧૪) હે લાલા, તારે ઘેર શું ખોટ છે? હે દયાનિધે, મારા ઉપર દયા કર. હવે કશે જતો નહિ. (૩૧૫)

ભગવાન્ યશોદામાતાને ઉત્તર આપે છે તે સાડાપંદર શ્લોકથી કહે છે.

एवंविधानंतशिक्षासमाकर्णनतत्परः । कृतनीचशिरा गोप्यः विकसन्मुखपंकजाः ॥ ३१६ ॥
मया जननि कुत्रापि गम्यते नैव गोपिकाः । वृथा वदन्ति मन्तव्यं न भवत्या कदाचन ॥
क्रीडंतं गोपवालैर्मां विहरंतं व्रजाङ्गणे । स्वयं गृहीत्वा गच्छन्ति वदन्त्येवं तवान्तिके ॥
यथा तवाज्ञा कर्तव्यं तथा मातर्मया पुनः । क्रीडा तु वालकैः कार्या वहिरेव व्रजाङ्गणे ॥

આ પ્રકારની માતાએ આપેલી ઘણી શિખામણ ધ્યાન દઈને સાંભળે છે: માથું નીચું ધરી રાખ્યું છે. તે જોઈને ગોપિકાઓના મુખકમલ પ્રફુલ્લિત થાય છે. (૩૧૬) હે મા, હું કશે જતો નથી. આ ગોપિકાઓ જૂઠું બોલે છે. તારે એમનું કહેવું કોઈ દિવસ સાચું માનવું નહિ. (૩૧૭) વ્રજના આંગણામાં હું ગોપબાલકોની સાથે ખેલું છું, ત્યારે ગોપિકાઓ પોતે મને પકડીને લઈ જાય છે, અને તારી આગળ આવીને આમ જૂઠું બોલીને ઠપકો આપે છે. (૩૧૮) હે મા, જેવી તારી આજ્ઞા છે, તેમજ હું કરૂં છું. વ્રજના આંગણાની બહારજ બાલકોની સાથે ખેલું છું. (૩૧૯)

पृच्छ रामं मया चौर्यं क्रियते यत्रकुत्रचित् । साक्षिणो वालका ह्येते तानप्याकार्य भाषय ॥
वयं क्रीडापरा एव मृषाभाषास्तु गोपिकाः । मातः क्षुधा वा कुत्रास्ति कृतोपभोजनैः परम् ॥
वृत्तानामन्यथामायावादमेवाश्रिता इमाः । एवं विविधवाचोभिश्चाटुभिश्च कृतोत्तरः ॥३२२॥
अनंतलीलाकरणसंगोपनविचक्षणः । निजमौग्ध्यवचोवृंदविस्मारितमहोद्यमः ॥ ३२३ ॥

બલદેવજીને પૂછી જો મેં કોઈ દિવસ કોઇપણ જગ્યાએ ચોરી કરી છે? આ બાલકો પણ મારા સાક્ષી છે, તેમને બોલાવીને પૂછ. (૩૨૦) અમે તો ખેલ્યાજ કરીએ છીએ, આ ગોપિકાઓ તો જૂઠું બોલે છે. હે માતા, પ્રાતઃકાલે તો હમે ભોજન કરેલું હોય છે, પછી ભૂખ ક્યાંથી લાગે કે ચોરી કરવા જઈએ? (૩૨૧) અમે તો સદાએ

તૃપ્તજ–આપ્તકામજ–છીએ. મને ભુખ્યો કહેનાર આ ગોપીઓ કપટી–માયાવાદી છે. આ પ્રમાણે વિવિધ પ્રકારના ચતુરાઈના વાક્યોથી માતાને ઉત્તર આપે છે. (૩૨૨) અનંત પ્રકારની લીલા કરે છે તો પણ ચતુરાઇથી તેને છુપાવે છે. ભોળાં ભોળાં વચનોથી પોતે કરેલાં મોટાં મોટાં કાર્યોનું વિસ્મરણ કરાવી દે છે. (૩૨૩)

सदा यथापूर्वकर्ता भर्ता गोकुलयोषिताम् । हर्ता दुःखाम्बुधेः स्मर्ता स्वधर्माणां बलस्य च ॥
निःसाधनसमुद्धर्ता गिरिगर्ताश्रिताश्रितः । केवलानुग्रहफलमविलंबफलप्रदः ॥ ३२५ ॥

ઉપર કહી તેવી લીલા હંમેશાં કર્યા કરે છે. ગોકુલની યુવતિઓનાં પોતે સ્વામી છે. દુઃખના સમુદ્રનું હરણ કરનાર છે. પોતાના ધર્મ અને પોતાના બલનું સ્મરણ કરવાવાલા છે. (૩૨૪) નિઃસાધન વ્રજભક્તના સારી રીતે ઉદ્ધાર કરનાર છે. ગિરિરાજની ઉપર તથા કંદરામાં રહેનારના આશ્રયરૂપ પોતે છે. કેવલ અનુગ્રહ પર આધાર રાખનારના પોતે ફલરૂપ છે અને વિલંબ કર્યા વિના ફલને આપવાવાળા છે. (૩૨૫)

भावात्मगोपिकाभाव एवंरूपो विभाव्यताम् ।

આ પ્રકારે ભાવાત્મક ગોપિકાના ભાવરૂપ અથવા ગોપિકાના ભાવથી ભાવાત્મક પ્રભુના રૂપની સદા ભાવના કરવી. (૩૨૫½)

ચોથા પ્રકારના રાજભોગની વનની લીલા, તેમાં પ્રથમ પ્રભુ વનમાં ભૂખ્યા થઈ ગયા હશે એવી ભાવનાથી શ્રીયશોદાજી વિરહથી વિકલ થઇને ભોજનની સામગ્રી સિદ્ધ કરીને અંતરંગ ગોપીને શિખામણ દઇ સામગ્રી આપી વનમાં મોકલે છે, તે લીલાનો પ્રકાર સોળ શ્લોકથી કહે છે.

यद्वा श्रीराजभोगस्य प्रकारान्तरभावना ॥ ३२६ ॥
वनं गते प्रेष्ठसूनौ प्रातर्गोचारणाय वै । अत्याकुलमनाः पुत्रक्षुधास्मरणविह्वला ॥ ३२७ ॥
प्रातर्गतस्य मध्याह्नदिवसारोहणोत्सुका । पुत्रातिप्रीतिवद्वस्तुसम्यक्संपादनादरा ॥ ३२८ ॥

અથવા બીજા પ્રકારથી રાજભોગની ભાવના કેમ કરવી તે હવે કહે છે. (૩૨૬) પોતાના પ્રિય પુત્ર પ્રાતઃકાલમાં ગાય ચરાવવાને વનમાં પધાર્યા છે, તેથી. એને ભૂખ લાગી હશે એમ સ્મરણ થવાથી યશોદાજી બહુ વ્યાકુલ ચિત્તવાળા થઇ ગયા છે. (૩૨૭) પ્રભુ પ્રાતઃકાલથી પધાર્યા છે, હવે તો મધ્યાહ્ન થયો છે, તેથી ઉત્સુક થયલી માતા પુત્રને અતિપ્રિય આરોગવાની વસ્તુઓ સારી રીતે તૈયાર કરવામાં તત્પર થયા છે. (૩૨૮)

समाहूतनिजात्यंतस्निग्धगोपीजनावृता । संपाद्योदनसूपान्तपक्वान्नव्यंजनादिकम् ॥ ३२९ ॥
विविधस्वादरुचिररसगोरसविक्रियाः । द्राक्षासितानालिकेरमिष्टवस्तुविशेषतः ॥ ३३० ॥
करीराम्रार्द्रकस्वादुनिम्बुजंबीरसंधितम् । यशोदाहूयांतरंगगोपीं तत्र महानसे ॥ ३३१ ॥
गत्वा प्रदर्श्य निखिलं वस्तु पुत्रप्रियं पुनः । उक्त्वा विशेषतः सर्वमाच्छाद्य स्थापितं पुरा ॥
अन्नव्यञ्जनपक्वान्नगोरसादिकमुत्तमम् । यावन्मनोरथशतैः शक्यते कर्तुमादरात् ॥ ३३२ ॥

પોતાની અતિસ્નેહવાળી ગોપીઓને બોલાવી તેમનાથી વિંટલાયલી માતા ભાત, દાળ, અને નાના પ્રકારના પક્વાન્ન, વ્યંજન (મસાલા) વગેરે તૈયાર કરે છે. (૩૨૯)

વિવિધ સ્વાદવાળા રુચિકર રસ તથા દૂધની બનેલી વસ્તુઓ તથા દ્રાક્ષ, મિશ્રી, કોપરૂં, નાંખેલી મીઠી વસ્તુઓ વિશેષતાથી સજ્જ કરી. (૩૩૦) ટેંટી, કેરી, આદુ, લીંબુ, બિજોરાં, વગેરેના સ્વાદવાળાં અથાણાં એ સર્વે યશોદાજીએ પોતાની અંતરંગ ગોપીને બોલાવીને તેને પોતાની સાથે રસોઈ ઘરમાં લઇ જઇને પોતાના પુત્રને જે જે વસ્તુ પ્રિય હતી તે બધી વસ્તુ પોતે સિદ્ધ કરીને ઢાંકી રાખેલી હતી તે વસ્તુ તે ગોપીને ફરીથી તેનાં નામ લઈ લઇને બતાવીને પાછી પહેલાંની માફક ઢાંકીને સજ્જ કરી રાખી. અન્નની વ્યંજનાદિક પકવાન્ન, ગોરસ, વગેરે જેટલી સર્વ ઉત્તમ સામગ્રી સેંકડો મનોરથો કરી આદરથી સિદ્ધ કરી શકાય તે સર્વે પોતે કરી રાખી હતી. (૩૩૧–૩૩)

तावत्सकलसद्वस्तुसुवर्णरजतादिजे । पात्रे प्रत्येकमथवा निधाय न मिलेद्यथा ॥ ३३४ ॥

તેટલી સર્વે ઉત્તમ વસ્તુ સોનાનાં તથા રૂપાનાં પાત્રમાં એકેકની સાથે ભેળવાઈ ન જાય તે પ્રમાણે ગોઠવી. (૩૩૪)

वदत्येवं पुत्रभावोद्गमस्नुतपयोधरा । सगद्गदस्वरा साश्रुमीलल्लोचननीरजा ॥ ३३५ ॥
संजातपुलकोद्भिन्नसर्वांगशिथिलक्रिया । विभावयंती स्वसुतसंध्याव्रजसमागतिम् ॥३३६॥

પુત્રના ઉપર ઉમળકો આવવાથી સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. સ્વર ગદ્ગદ થઇ ગયો; નેત્રમાં આંસુ ભરાયાં; અને નેત્રકમલ વીંચી દીધા, શરીરમાં રોમાંચ થયા; સર્વે અવયવ શિથિલક્રિયાવાળા થઇ ગયા. પોતાનો પુત્ર સંધ્યા સમયે વ્રજમાં પાછો આવશે, તેની ભાવના કરતી આ પ્રમાણે કહેવા લાગી. (૩૩૫–૩૬)

कदा सुतः स्ववदनं गोरजोव्याप्तकुन्तलम् । लसत्किरीटमलसनयनं धातुचित्रितम् ॥
प्रस्वेदकणिकाव्याजमुक्तागणविराजितम् । अधरस्रवदत्यन्तसुधापूरितवेणुकम् ॥ ३३८ ॥
नृत्यल्लोललसद्युग्मकुंडलं दर्शयिष्यति । त्वयावधानतो गोपि गोप्यमन्यावलोकनात् ॥३३९॥

મારો પુત્ર પોતાનું ગાયની રજથી વ્યાપ્ત થયલાં કેશવાળું, પ્રકાશતા મુકુટવાળું, આળસવાળા નયનવાળું, ગેરુ વગેરે ધાતુથી ચિતરેલું, પરસેવાના બિંદુરૂપી મોતીના સમૂહથી શોભતું, અધરમાંથી ઝરતા અત્યંત સુધાથી વેણુને ભરપૂર કરતું, નૃત્યથી હાલતાં ચકચકિત બે કુંડલવાળું મુખ મને ક્યારે દેખાડશે ? (૩૩૭–૩૩૮½) હે ગોપી, આ સર્વ પદાર્થ બીજાની દૃષ્ટિ ન પડે એવી રીતે સંભાળપૂર્વક ઢાંકી રાખવા. (૩૩૯)

श्रीदामानं समाहूय वा कृष्णं नीरजेक्षणम् । यथानामग्रहं सर्वमुक्त्वा तस्मै प्रदर्श्य च ॥३४०॥
क्रीडावेषं परित्याज्य घर्मे न स्थेयमित्यपि। उक्त्वा निजाग्रहाद्वापि भोजनीयः स्वसन्निधौ ॥

શ્રીદામાને અથવા કમલનયન કૃષ્ણને બોલાવીને સર્વે વસ્તુનાં નામ લઇને તેને બતાવજે, અને કહેજે કે આ રમવાનાં કપડાં હવે કાઢી નાંખો, તાપમાં બેસો નહિ, એમ કહીને આગ્રહથી તારી પાસે બેસાડીને એને ભોજન કરાવજે. (૩૪૦–૪૧)

એ ગોપી સામગ્રી લઈને વનમાં જાય છે, તે સમયના એના મનોરથ અને પ્રભુના દર્શન કરીને તેની જે અવસ્થા થઈ તે, તથા તેના પ્રભુની સાથે સંવાદ થયો, અને પછી રમણ જે લીલાના પ્રકારથી થયું તે ત્રેવીસ શ્લોકથી કહે છે.

एवमुक्ता व्रजवधूश्चलिता हृष्टमानसा । सहासवदना वस्तुग्रहणोद्योगतत्परा ॥ ३४२ ॥
विभावयंती मनसि निजनाथाङ्गसंगमम् । एवमेवं करिष्यामीत्येवं कृतविचारणा ॥३४३॥
हृदि प्रविलसद्भावविवशा विगतत्रपा । अंसे निधाय तद्वस्तुपात्रमेककरेण च ॥ ३४४ ॥
गृहीत्वा खलु गायंती गोकुलेशगुणान्मुदा। सर्वतः पुष्पितवनमवलोक्य स्मरार्दिता ॥३४५॥

જે વ્રજવધૂને આ પ્રમાણે યશોદા માતાએ કહ્યું હતું તે મનમાં હરખાતી, હસતા મુખથી ચાલી, પ્રભુના ભોજનની વસ્તુઓને ગ્રહણ કરવામાં તત્પર થઈ. (૩૪૨) મનમાં પોતાના સ્વામીના અંગના સંગમની ભાવના કરવા લાગી, ત્યાં જઈને હું આમ કરીશ, આમ કરીશ, એવા એવા વિચાર કરવા લાગી. (૩૪૩) હૃદયમાં ઉત્પન્ન થતા વિલાસના ભાવથી પરવશ થઈને લજ્જાનો ત્યાગ કરીને ખાંધ ઉપર સામગ્રીથી ભરેલી કાવડ ધરીને એક હાથમાં સામગ્રીનું પાત્ર લઈને હર્ષથી શ્રીગોકુલેશના ગુણગાન કરતી ચાલી. સર્વ સ્થલે વનને પુષ્પોથી ખીલેલું જોઈને કામથી પીડિત થઈ. (૩૪૪–૪૫)

लीलाभिरान्तरं नित्यं कुर्वाणा रमणं प्रिया । वेणुनादश्रुतिप्राप्तशैथिल्यगतिभंगुरा ॥३४६॥
यथाकथंचित्संप्राप्ता ह्युपगोकुलनायकम् । अत्युद्गतस्वरोद्गीतिसमाहूतनिजप्रिया ॥ ३४७॥ ॥
तन्नामग्रहणानंदवशीकृतपतिप्रिया । सर्वांगसुन्दरप्रेष्ठवदनाम्भोजदर्शनात् ॥ ३४८ ॥
समुद्गतस्तंभभावा चित्रप्रायतया स्थिता । पश्यंती प्रेष्ठवदनं बभाषे नैव किंचन ॥ ३४९ ॥

લીલાથી નિત્ય પ્રભુની સાથે આંતર રમણ કરનારી પ્રિયા પ્રભુનો વેણુનાદ સાંભળીને શિથિલ તથા ગતિભંગ થઈ ગઈ. (૩૪૬) જેમ તેમ કરીને તે ગોકુલનાયક પાસે આવી પોતાના સ્વામીનું અતિ ઉંચા સ્વરથી ગાન કરતી પ્રભુ હતા ત્યાં આવી અને તેણે પોતાના પ્રિયને બોલાવ્યા. પ્રભુનું નામ ગ્રહણ કરવાથી અતિ આનંદથી આ પ્રિયાએ પતિને વશ કર્યા. સર્વાંગસુંદર પ્રિયતમના મુખકમલના દર્શનથી તે પ્રિયાને સ્તંભભાવ ઉત્પન્ન થયો. અને જાણે ચિત્રમાં ચિતરી હોય એવી સ્થિર થઈ ગઈ. પ્રિયતમના મુખનું દર્શન કરતી કાંઈપણ બોલી શકી નહિ. (૩૪૭–૪૯)

किमस्माकमिहानीतमिति प्रोक्ता कृपात्मना। प्रियसंभाषणायातसंभाषणबला पुनः ॥३५०॥
किंचिदूचे हरे ग्राह्यं जननीप्रेषितं त्वया । किंकिमेवं वदन्कृष्णस्तदन्तिकमुपागतः ॥३५१॥
त्वया किं वा समानीतं मदर्थं वद भाषया। एतत्तु जननीदत्तं त्वदीयं किं वद प्रिये॥३५२॥

કૃપાત્મા પ્રભુએ કહ્યું " અમારે માટે અહિં શું લાવી છે ? " પ્રિયના સંભાષણથી તે અબલાને ફરીથી બોલવાનું બલ પ્રાપ્ત થયું. (૩૫૦) ગોપી કાંઈક બોલી, "હે હરિ, તમારી માતાએ તમારે માટે જે સામગ્રી મોકલી છે તે લો." "શું શું મોકલ્યું છે?" એમ બોલતા કૃષ્ણ તેની નજીક આવ્યા. (૩૫૧) "તું મારે માટે શું લાવી છે, તે સ્પષ્ટ બોલ. આ તો માતાએ મોકલ્યું છે. પણ તું તારૂં શું લાવી છે તે હે પ્રિયે, કહે." (૩૫૨)

सर्वस्वमेव मन्नाथेत्यवदत्स्मितशोभना। त्वत्तः किमस्ति संगोप्यं गोकुलेश कृपानिधे॥३५३॥
सर्वं समर्पितं तुभ्यमैहिकं पारलौकिकम् । इदं गृहाण तद्देहीत्यवदत्सहसेक्षणः ॥ ३५४ ॥

वाल किं क्रियते हास्यं सत्यमेव कुरुष्व भोः । कुत्र तिष्ठति वै सत्यं त्वदेकशरणागतौ॥३५५॥
मय्येवेत्यवदत्प्रेष्ठः कुरु संवंधमेव मे । भवता सह संवंधो दुर्लभो हि कुलस्त्रियः ॥३५६॥

"હે નાથ, મારૂં સર્વસ્વ હું લાવી છું." એમ મંદ હાસ્યથી શોભતી ગોપી બોલી. "હે ગોકુલેશ, હે કૃપાનિધે, તમારાથી શું છુપાવવાનું છે? આ લોક પરલોક સર્વ તમને અર્પણ કર્યું છે તે ગ્રહણ કરો." ત્યારે પ્રભુ હાસ્યસહિતદૃષ્ટિથી બોલ્યા "હમને એ આપ." (૩૫૩–૫૪) ગોપી બોલી "હે બાલ, હાંસી કેમ કરો છો?–તમારૂં વચન સત્ય કરો." પ્રભુ બોલ્યા "સત્ય ક્યાં છે?" ગોપી બોલી "તમારી શરણાગતિમાં સત્ય છે." ત્યારે પ્રભુ બોલ્યા "મારા ચરણમાં સત્ય છે તો તું મારી સાથે સંબંધ કર." ત્યારે ગોપી બોલી "કુલાંગનાને તમારી સાથે સંબંધ થવો કઠિન જ છે."

सत्यमुक्तं मयैवालीत्येवमेवोचितं तव । वालाः पश्यन्ति किं व्रूषे कुलस्त्रीष्वीदृशं वचः ॥
वाला इति न वै दोषो निःसार्या वा तवाज्ञया । एते मदीयमखिलं जानन्ति शृणु सुंदरि ॥
क्रीडासक्ता न पश्यन्ति कापि चिन्तात्र नास्ति हि । त्वया मदर्थमेवात्र विपिने समुपागतम् ॥
मदीयं सकलं मह्यं देहि दैन्यं निवारय । एवंविधवचोवृंदवशीविहितमानसा ॥ ३६० ॥

ત્યારે પ્રભુ બોલ્યા "હે પ્રિયે, હું સત્યજ કહું છું. તારે એમજ કરવું ઉચિત છે." ત્યારે ગોપી બોલી "બાલકો જુએ છે, તેમની આગળ કુલસ્ત્રિયોને આવાં વચન કેમ કહો છો?" (૩૫૭) ત્યારે પ્રભુ બોલ્યા "એ બાલકો છે એટલે તે જોય એમાં કંઈ દોષ નથી. અથવા તું કહે તો હું એમને અહિંથી દૂર કરૂં. પરંતુ હે સુંદરિ, સાંભળ, આ બાલકો મારી સર્વ લીલા જાણે છે. એ સર્વે પોતાની ક્રીડામાં આસક્ત છે, તેથી કાંઈ જોતા નથી. માટે અહિં કંઈ વાતની ચિંતા નથી. વળી તું મારે માટે જ અહિં વનમાં આવી છે, અને કહે છે કે આ સર્વ તમારૂં છે, તો મારૂં જે છે તે સર્વ મને આપ. દીનતા કાઢી નાંખ." આ પ્રકારના વચનો બોલીને વ્રજભક્તના મનને વશ કરી લીધું (૩૫૮–૬૦)

न सापि स्थातुमुत्कंठाकुला शक्ता तदा ह्यभूत् । तयोस्तदानीमभवन्मनोरथशतात्मनोः ॥३६१॥
रतिरत्यंतमुद्रिक्ता क्रमापेतरसात्मिका । मिथोवलोकनं पूर्वं कटाक्षैर्वदनाब्जयोः ॥३६२॥
हासः सर्वरसोद्वोधकारणं स्पर्शनं तथा । निकुंजेऽवस्थितिः पश्चात् स्वसखीवृंदसंकुले ॥३६३॥
आस्तीर्णपुष्पशय्यादावुपवेशनमेतयोः । परमोदारचरितो विजने शुशुभे हरिः ॥३६४॥

ત્યારે ઉત્કંઠાથી આકુલવ્યાકુલ થયલી ગોપી વધારે વાર રહી શકી નહિ. તે બેનાં સેંકડો મનોરથ એ સમયે જે મનમાં હતાં એવા પ્રિયા અને પ્રીતમની રતિ અતિ ઉદ્રિક્ત થઈ અને કોઈ ક્રમ રહ્યો નહિ, એવું રસાત્મક રમણ થયું. પ્રથમ કટાક્ષથી પરસ્પર મુખારવિંદનું અવલોકન થયું, પછી સર્વ રસનો ઉદ્બોધ કરનાર હાસ્ય થયું. પછી અંગસ્પર્શ થયો. પછી સખિયોના યૂથથી ભરેલાં નિકુંજમાં બંને પધાર્યા. પછી બિછાવેલી પુષ્પની શય્યા ઉપર બંને બિરાજ્યા. પછી પરમ ઉદાર ચરિત્રવાલા પ્રભુ એકાંતમાં શોભવા લાગ્યા. (૩૬૧–૬૪)

यथास्थानं समागत्य श्रीदामादीन् गिराह्वयत् । आगच्छत द्रुतं गोपवालाः पश्यत सादरम् ॥
जनन्या प्रेषितं वस्तु भोजनाय गृहागतम् । पक्वान्नव्यंजनान्नादिसंधितादिकसंयुतम् ॥
दधि दुग्धं शिखरिणीनवनीतादिकं तथा । मम गोप्या समानीतं गृह्यतां गृह्यतामिति ॥
घर्मः समभवद्भूयान् वृक्षच्छाये शिलोपरि । उपवेष्टव्यमधुना जलाशयसरोंतिके ॥३६८॥

પછી નિત્ય બેસવાના સ્થાનમાં આવીને શ્રીદામા વગેરે ગોપબાલકને મોટેથી બૂમ પાડી બોલાવ્યા. "હે ગોપબાલકો, જલદી આવો, જુઓ, જુઓ, માતાએ જમવાને માટે ઘેરથી વસ્તુઓ મોકલી તે આવી છે. પક્વાન્ન, મસાલા, ખટ્‌રસવાળું અન્ન, અથાણાં, વગેરેની સાથે દૂધ, દહિં, શિખંડ, માખણ વગેરે મારી ગોપી લાવી છે તે લો, લો, ખાવ." (૩૬૫–૬૭) હવે બહુ તાપ થયો છે, માટે જલાશયની પાસે વૃક્ષની છાયા નીચે શિલા ઉપર બેસો. (૩૬૮)

एवमुक्त्वा हरिः स्वीयसहितोऽनृत्यदद्भुतम् । धृत्वा श्रीदामशिरसि पात्रं पश्चाद्गमिक्रियाः ॥
धावमाना नदंतश्च तदा शुशुभिरेऽर्भकाः । पथि वेणून्वादयंतो भोजनेच्छासमुत्सुकाः ॥
परस्परं दत्ततालाः सहासवदनांवुजाः । मुहुर्मुहुः कृतोत्फालाः गोपालाः कृतकौतुकाः ॥
आवरंतः कृष्णचन्द्रं तारा इव गतिप्रियाः । ते गताः स्वमनोमोदविनोदकृतिकारणे ॥
पूर्वनिर्धारिते देशे सजले छायया युते । तत्र गत्वोपविष्टास्ते कृष्णेन फलरूपिणा ॥३७३॥

એમ કહીને પ્રભુ પોતાના મિત્રોની સાથે અદ્‌ભુત રીતે નૃત્ય કરવા લાગ્યા.

શ્રીદામાના માથા ઉપર સામગ્રીનું પાત્ર ધરીને તેને આગળ કરીને સર્વે તેની પાછળ જવા લાગ્યા. તે સમયે ભોજનની ઇચ્છાથી ઉત્સુક થયલા તે બાલકો રસ્તામાં વેણુ વગાડતા વગાડતા દોડવા લાગ્યા, શોરબકોર કરવા લાગ્યા, અને એ રીતે શોભવા લાગ્યા. પરસ્પર તાલીઓ દેવા લાગ્યા તેમના મુખકમલ હાસ્ય કરવા લાગ્યા. વારંવાર કુદકા મારવા લાગ્યા. એમ સર્વે ગોપબાલકો કૌતુક કરવા લાગ્યા. (૩૬૯–૩૭૧) તારાઓ ચંદ્રની આસપાસ ફરે તેમ ગોપોએ કૃષ્ણચંદ્રને ઘેરી લીધા. ચાલવું જેને પ્રિય છે એવા એ બાલકો પોતાના મનના આનંદથી વિનોદ કરવાને ચાલ્યા. (૩૭૨) જલવાળા અને છાયાવાળા પહેલાં નક્કી કરેલા સ્થાનમાં જઈને ફલરૂપ કૃષ્ણની સાથે તેઓ બેઠા. (૩૭૩)

मण्डलीभूय मध्यस्थं कृष्णं कृत्वा स्वनायकम् । अवचीय च पत्राणि पलाशानि नवानि हि ॥
कृत्वा पत्रावलिं तूर्णं महतीमतिसुन्दराम् । संस्थाप्य परितः तस्या व्यंजनानि तदंतरे ॥
ओदनं च तथा मुद्गानंतिके घृतभाजनम् । महद्द्रोणेषु पक्वान्नमनंतरचनान्वितम् ॥३७६॥
मृत्पात्रेषु तथा दुग्धं नवनीतं घनं दधि । वन्यान्यपि फलानीह समानीय समन्ततः ॥
आम्रद्राक्षावदरिकाजंवुजंवीरनिम्ववः । वीजपूरकरीरादि सर्वर्तुप्रभवान्यपि ॥३७८॥

કુંડાળું વળીને વચમાં કૃષ્ણને પોતાના નાયક કરીને બેઠા. પલાશના નવા પાંદડાં એકઠા કરીને લાવ્યા. જલદીથી તેની એક સુંદર મોટી પાતળ બનાવી. તેના ઉપર ચારે તરફ સર્વ મસાલા વગેરે મૂક્યાં. તેની અંદર સખડી મૂકી. તેની પાસે મગ ધર્યા. તેની પાસે ઘીનું પાત્ર મુક્યું. જુદી જુદી જાતના પક્વાન્નો મોટા મોટા દોનાઓમાં

ધર્યાં. માટીના પાત્રમાં દૂધ, નવનીત, બાંધેલું દહિ ધર્યાં. વનમાંથી લાવેલાં ફલ પણ ચોતરફ પાસે ધર્યાં. કેરી, દ્રાક્ષ, બોર, જાંબુ, મોસંબી, લિંબુ, બીજોરાં, ટેંટી, વગેરે સર્વ ઋતુમાં પ્રાપ્ત થતાં સર્વે ધર્યાં. (૩૭૪–૩૭૮)

फलरूपैकसंबंधफलताभांजि सर्वतः । उपविश्य स्वयं मध्ये गोपवेशकृतोत्सवः ॥३७९॥
हस्तेन मुद्रिकारत्नकंकणाद्यंकितेन हि । बुभुजे वर्णयन् स्वादु दर्शयन्न गोपवालकान् ॥
प्रयच्छन् निजपीयूषाधिकाधररसान्वितम् । परिहासकरैर्वाक्यैर्हसन्नन्यांश्च हासयन् ॥३८१॥

પ્રભુ પોતે ફલરૂપ છે, તેથી પોતાના સંબંધથી સર્વને સર્વ પ્રકારે ફલ સંબંધી કર્યા. ગોપવેશથી પોતે સર્વની મધ્યમાં બિરાજીને સર્વને આનંદ આપ્યો. (૩૭૯) હસ્તમાં મુદ્રિકા ધરી છે. રત્નજડિત કંકણ વગેરેથી શોભિત હસ્તથી પોતે આરોગવા લાગ્યા. ગોપબાલકોને સામગ્રી બતાવીને સ્વાદનું વર્ણન કરવા લાગ્યા. (૩૮૦) અમૃતથી અધિક પોતાના અધરસુધાના રસવાલા પદાર્થોને સર્વને આપવા લાગ્યા. હાંસીનાં વાક્યો બોલી પોતે હસવા લાગ્યા, અને બીજાઓને હસાવવા લાગ્યા. (૩૮૧)

गोपीकराम्बुजस्पर्शस्मरणोत्साहभोगकृत् । स्वभ्रातृगोपवालादियुतो लीलाविलासकृत् ॥
कदाचित्तु शिलापृष्ठे दध्यन्नकृतभोजनः । जलं पिवन्नतिस्वादु शीतं मध्ये तु यामुनम् ॥
समागतस्वभवनतांबूलकृतचर्वणः । प्रयच्छन्निजमित्रेभ्यस्तांबूलानि यथारुचि ॥ ३८४ ॥
पुनर्यथाक्रमं पूर्वक्रीडया सहितोऽभवत् । निकुंजपल्वलाद्यंति रहःक्रीडासमुत्सुकः ॥ ३८५ ॥

ગોપીના હસ્તકમલના સ્પર્શનું સ્મરણ થવાથી ઉત્સાહથી ભોગ કરવા લાગ્યા. પોતાના ભાઈ બલદેવજી તથા ગોપ બાલકો સહિત વિલાસયુક્ત લીલા કરવા લાગ્યા. (૩૮૨) કોઈક વખત શિલા ઉપર દહિ ભાત ધરીને ભોજન કરે છે, અને વચમાં શ્રીયમુનાજીના અતિશય સ્વાદુ શીતલ જલનું પાન કરે છે. (૩૮૩) પોતાને ઘેરથી આવેલા તાંબૂલ ચાવે છે, અને પોતાના મિત્રોને પણ યથારુચિ તાંબૂલ આપે છે. (૩૮૪) પછી પહેલાં જે ક્રમથી ક્રીડા કરતા હતા તે પ્રમાણે ક્રીડા કરવા લાગ્યા. નિકુંજમાં નાની તલાવડીની પાસે એકાંતમાં ક્રીડા કરવા ઉત્સુક થયા. (૩૮૫)

—બપોરે વ્રજભક્તો કુંજભવનમાં પ્રભુને માટે સિંહાસન અને શૈય્યા સિદ્ધ કરે છે, અને અનવસરમાં ઉચિત સામગ્રી વગેરે સર્વ સાજે છે; તેનો પ્રકાર સાડી એકત્રિશ શ્લોકથી વર્ણન કરે છે.

गोपैरेव स्वगोवृन्दं चारयन्नेकलोचरत् । स्वसखीवृन्दसहितस्वामिनीवृन्दमध्यगः ॥ ३८६ ॥
यत्र सर्वर्तुसुखदं स्थलं सकलशोभनम् । सखीजनकरद्वंद्वसंमार्जनसमीकृतम् ॥ ३८७ ॥
अनंतविधभाशोभिमणिदीपविराजितम् । सदासमीरसंचारगवाक्षपरिवारितम् ॥ ३८८ ॥
गवाक्षमार्गनिविशल्लतामंडपमंडितम् । गंधर्वराजभ्रमरगुंजारवविनोदितम् ॥ ३८९ ॥

પોતાની ગાયોના સમૂહને ચરાવવાનું કાર્ય ગોપોને સોંપીને પોતે એકલા નિકુંજમાં પોતાની સખીઓના યૂથ સહિત શ્રીસ્વામિનીજીના યૂથમાં પધાર્યા. (૩૮૬) જે સ્થલ સર્વ ઋતુમાં સુખ આપે એવું અને સર્વ શોભાયુક્ત હતું તેને સખીજને

પોતાના બંને હાથથી ઝાડીને જગ્યા સરખી કરી. (૩૮૭) અનેક પ્રકારના પ્રકાશથી શોભાયુક્ત મણિના દીપકોથી તે સ્થાન શોભતું હતું, અને ચારે તરફ સદા પવનના પ્રવેશને માટે તેમાં ગોખલા કર્યા હતા. (૩૮૮) ગોખમાર્ગથી પ્રવેશ થઈ શકે એવો ~~ચોક~~લતાઓનો બનાવેલો મંડપ પણ ત્યાંની શોભામાં વધારો કરતો હતો. ભ્રમર ગુંજારવ કરી રહ્યા હતા. જાણે ગંધર્વરાજો ગાન કરતા હોય નહિ! એવો વિનોદ થઈ રહ્યો હતો. (૩૮૯)

लतापरिपतत्पुष्पसमाकीर्णं समन्ततः । अनुभ्रमरनिःस्वानसखीगीतध्वनिप्रियम् ॥ ३९० ॥
स्वस्वामिनीरतिकथाकथनश्रवणप्रदम् । लतानिकुंजभवनं रहःस्थलसुशोभितम् ॥ ३९१ ॥
मकरंदरसोन्मत्तवनप्रियरुतप्रियम् । सर्वतो निर्झरांभोभिः सार्द्रतापरिशीतलम् ॥ ३९२ ॥

ત્યાં લતાઓમાંથી ફૂલો ખરી પડતાં હતાં, તેથી આસપાસ સર્વ જગ્યા ભરાઇ હતી. ત્યાં ભ્રમરનાં ગાનની પાછળ સખીએ ગાયેલાં ગીતનો ધ્વનિ થઇ રહ્યો હતો તેથી તે સ્થાન પ્રિય લાગતું હતું (૩૯૦) પોતાના સ્વામિનીની રતિકથાના કથનનું શ્રવણ ત્યાં સારી રીતે મળતું હતું. લત્તાઓના બનાવેલાં નિકુંજભવનનું એકાંત સ્થલ બહુ શોભી રહ્યું હતું. (૩૯૧) પુષ્પના મકરંદના રસથી ઉન્મત્ત વનના પક્ષી વિગેરેનો સ્વર બહુ પ્રિય લાગતો હતો. ત્યાં ચારે તરફ ઝરણાનાં જલથી ભીની થયેલી પૃથ્વિ અત્યંત શીતલ હતી. (૩૯૨)

सुगंधसुमपानीयसंसिक्तमपि सर्वतः । यत्र सिंहासनं काष्ठैश्चांदनैर्विहितं परम् ॥ ३९३ ॥
मृदुरक्तविचित्रातिवसनादिभिरावृतम् । सौवर्णविलसन्नव्यकलशत्रयशोभितम् ॥ ३९४ ॥
तूलपट्टविनिर्माणात्युच्चासनविराजितम् । साश्रयस्थितिसंपादितूलपट्टोपवर्हणम् ॥ ३९५ ॥
तत्पार्श्वद्वितयालंविपट्टगुच्छसुशोभनम् । कदलीगर्भसदृशवसनाच्छादनान्वितम् ॥ ३९६ ॥

ચારે તરફ સુગંધી પુષ્પનું જલ છાંટયું હતું. જ્યાં ચંદનના કાષ્ઠનું ઉત્તમ સિંહાસન તૈયાર કર્યું હતું. તે ઉપર અતિ વિચિત્ર, કોમલ લાલ વસ્ત્ર વગેરે બિછાવ્યા હતા, અને સોનાના ચકચકિત નવા ત્રણ કલશ તેનાં ઉપર શોભતા હતા. (૩૯૩–૯૪) મખમલમાં રૂ ભરેલી અતિ ઉંચી ગાદી સિંહાસન ઉપર બિછાવી હતી. તેની બંને બાજુ શ્રીહસ્ત મૂકવાને માટે મખમલમાં રૂ ભરેલાં તકિયા મૂકયાં હતાં. (૩૯૫) તકિયામાં બંને તરફ લાંબા રેશમનાં લાંબા દોરા સહિત ફુમતાં શોભતાં હતાં. ગાદી તકિયાની ઉપર કેળના ગર્ભ જેવા સફેદ તથા કોમલ વસ્ત્રની ખોલ ચઢાવી હતી. (૩૯૬)

दिशिद्वयभृतस्वर्णजलपात्रकृतच्छविम् । अनेकरत्नजटितस्थालीतांबूलसंस्थितम् ॥ ३९७ ॥
मालतीमाधवीराजवल्लीमालातिलालितम् । परिधानार्थविधृतगुंजामालाविचित्रितम् ॥३९८॥
विधृताक्रीडनस्थालीसोपानद्वितयान्वितम् । उत्तरन्निजनाथाल्पचरणासनसंयुतम् ॥३९९॥
समीकृत्य धृतं यत्रोष्णीषकंचुकभाजनम् । कृष्णागरुरसासिक्तकस्तूरीधूपधूपितम् ॥४००॥

સિંહાસનપર બંને બાજુ સુવર્ણની ઝારી જલ ભરીને બિરાજમાન કરી હતી. અનેક રત્નજડિત તબકડી બીડા ભરીને ત્યાં મૂકી હતી. (૩૯૭) વિવિધ પ્રકારના પુષ્પ માલતી, માધવી, રાયવેલ વગેરેની સુંદર માલાથી શોભતું હતું. અને શ્વેત લાલ

શ્યામ ગુંજાની માલા ધારણ કરવાને ત્યાં ધરી હતી, તેથી વિચિત્ર લાગતું હતું. (૩૯૮) સિંહાસનની પાસે ઉતરવાને માટે બે સીડીની બંને બાજુ બિલોનાની તબકડી ધરી હતી. અને તેની પાસે પોતાના નાથને ઉતરવાને માટે નાની ચરણ ચોકી કરી હતી. (૩૯૯) પાસે પાઘ તથા વાગા વસ્ત્ર ઠીક કરીને પાત્રમાં ધર્યા હતા, અને તેને કૃષ્ણાગરુના રસથી છિરક્યું હતું અને કસ્તૂરીના ધૂપનો ધૂપ કર્યો હતો. (૪૦૦)

यत्र च स्थापितानंतव्यजनैकचतुष्किका । यत्र पंथा परिस्तीर्णः पट्टकोमलवस्त्रकैः॥४०१॥
ताम्बूलचर्विताधारपतद्ग्रहसहस्थितः । यत्र शय्या परिस्तीर्णा रहःस्थाने सखीजनैः ॥
समीकृत्याखिलं स्थानं जलार्द्रामोंछितं तथा । कृत्वा सतूलवसनैरास्तीर्य निजयत्नतः॥४०३॥
भावयन्त्यो निजप्रेष्ठस्वामिनीरमणं मुदा । समानीय भुजैः स्वीयैः शयनं स्थाप्य चोत्तमम् ॥

ત્યાં એક ચોકી પર પુષ્કળ પંખા ધર્યા હતા, અને સિંહાસનથી શૈય્યા સુધીનો માર્ગ કોમલ મખમલના વસ્ત્રથી બિછાવ્યો હતો. (૪૦૧) ત્યાં એકાંતમાં સખીજનોએ શય્યા બિછાવી હતી, અને ત્યાં તાંબૂલ ચર્વણને ધરવાને પીકદાની ધરી હતી. (૪૦૨) ત્યાં તે સમગ્ર સ્થાન બુહારી કરીને સાફ કરી જલ છાંટીને વસ્ત્રથી લુછી નાંખ્યું; પછી વસ્ત્રની અંદર રૂ ભરીને સારી રીતે પોતે પ્રયત્ન કરી તેને બિછાવ્યું. (૪૦૩) પોતાના પ્રિયતમ પ્રભુ અને સ્વામિનીના રમણની ભાવના આનંદથી કરતી સખીઓએ પોતાના હાથથી ઉત્તમ શય્યા લાવીને ત્યાં સ્થાપન કરી. (૪૦૪)

सुवर्णरत्नजटितचतुःपादविराजितम् । विचित्रपट्टरशनाग्रथितं विविधैः पटैः ॥ ४०५॥
तूलांतरितवस्त्रेण समास्तीर्य तथा पुनः । वस्त्रैरन्यैः सितैः स्वच्छकदलीगर्भसंमतैः ॥४०६॥
आच्छाद्य वाहुयुगलैः समीकृत्य समंततः । स्वस्वामिनीनिजप्रेष्ठकोमलायतनत्वतः ॥४०७॥
अवलंवत्यष्टगुच्छरशनावंधनंस्तथा । चतुर्दिक्षु वलेनैव कृत्वा शैथिल्यशंकया ॥ ४०८ ॥

તેના સુવર્ણના ચાર પાયા રત્નજટિત શોભાયમાન હતા, અને વિવિધ પ્રકારના રેશમી વસ્ત્રોવડે વિચિત્ર રેશમના દોરાથી ગુંથી હતી. (૪૦૫) અને પોતાની સ્વામિની અને પ્રિયતમ પ્રભુના કોમલ સ્થાનરૂપ થાય તે માટે ફરીથી વસ્ત્રની અંદર રૂ ભરી ગાદી બિછાવી, અને શ્વેત, સ્વચ્છ, કેલના ગર્ભ જેવી, કોમલ ચાદરો બિછાવી પોતાના બંને હાથથી ચારેતરફ સરખી કરીને ચારેકોર ગાદીની નીચે દબાવી દીધી. (૪૦૬-૦૭) શય્યાના ચારે પાયા ઉપર ગાદી શિથિલ ન થઈ જાય તેને માટે બહુ લાંબી રેશમની ચાર કેશ જેના બબ્બે છેડાપર આઠ ફુમતાં ઝાવી સહિત લગાડયાં છે તે વડે એંચીને બાંધ્યાં. (૪૦૮)

विधृत्य तूलभरितमुभयत्रोपवर्हणम् । शिरोदिशि तथावद्धं मृगनाभीयसंपुटम् ॥ ४०९ ॥
अतिसूक्ष्मलसद्रूपमुपरि स्थाप्य चांशुकम् । इतस्ततोनंतविश्वसामग्रीपरिवारितम् ॥४१०॥
पात्रे विधृत्य तांवूलस्थालीमुज्ज्वलपैत्तले । तन्मध्यनिहितं कृत्वा रौप्यकर्पूरसंपुटम् ॥४११॥
तदुत्तरान्यपात्रे तु स्थापयित्वातिसुन्दरम् । स्वर्णपात्रं तदंतस्तु पक्वान्नं स्थाप्य चोत्तमम् ॥

શય્યાની ગાદી ઉપર બંને બાજુ વસ્ત્રમાં રૂ ભરેલા તકિયા ધર્યા હતા. તેમાં

માથા તરફના તકીયાના બેઉ છેડાની નીચે કસ્તુરીની થેલી બાંધી હતી. (૪૦૯) તેમાં અતિ સૂક્ષ્મ પ્રકાશિત ચાદર તેના ઉપર ધરી હતી. શય્યાની બેઉ બાજુએ અનંત પ્રકારની સામગ્રી આમતેમ ધરી હતી. (૪૧૦) પિત્તળની ઉજ્જવલ પટઘીપર પાનની તબકડી રાખી હતી તેમાં ચાંદીની ડબ્બી બરાસ ભરીને મૂકી હતી. (૪૧૧) તેની ઉપરની બાજુએ બીજા પાત્રમાં અતિ સુંદર સુવર્ણનું પાત્ર ધર્યું હતું, તેની અંદર ઉત્તમ પકવાન્ન ધર્યું હતું. (૪૧૨)

पात्रान्तर तु सौवर्णे शीतं नीरं निधाय च । पश्चान्मूर्धदिशि स्थालीं स्थाप्य मालाभिपूरिताम् ॥
एतावत्सकलं धृत्वा दक्षिणस्यां दिशि स्वतः । वामपार्श्वे यथापूर्वं तांबूलस्थालिकां भृताम् ॥
निधाय जलपात्राणि निहितानि यथाक्रमम् । आस्तीर्य मार्गमखिलमत्युच्चवसनादिभिः ॥
उपशय्यां निधायापि सम्यगुत्तरणासनम् । सिंहासनावधि प्रेष्ठगतिभावविनिर्मितम् ॥४१६॥
सर्वं विधाय मायूरव्यजनानि निधाय च ।

આ પાત્રથી કંઈક દૂર સુવર્ણની ઝારી શીતલ જલ ભરીને ધરી હતી. તેની પછવાડે માથાની તરફ માલાથી ભરેલી થાળી મૂકી હતી. (૪૧૩) આ પ્રમાણે શય્યાની જમણી બાજુએ સર્વે વસ્તુ ધરી હતી. પછી ડાબી બાજુએ પહેલાંની માફક સર્વ વસ્તુ ધરી. અને પાનની તબકડી બીડાં ભરીને ધરી. (૪૧૪) ક્રમપૂર્વક સુવર્ણની ઝારી તથા જલપાત્ર ધર્યાં હતા. પછી અતિ કિંમતી વસ્ત્ર વગેરેથી આખા માર્ગ ઉપર પેંડાં બિછાવ્યો હતો. પોતાના પ્રિયતમને જવાના ભાવથી સિહાસન પરથી ઉતરવાને અને શય્યા ઉપર ચઢવાને માટે સાંગામાચી (ઉપશય્યા) પણ ધરી હતી. (૪૧૫–૧૬)

આ પ્રકારે સર્વે વસ્તુ સિદ્ધ કરીને પછી મોરપિચ્છના પંખા ધર્યા હતા. (૪૧૬½)

ત્યારપછી સર્વ વ્રજભક્તો નિકુંજના દ્વાર ઉપર ઉભા રહીને પ્રભુની સાથે પોતાના સ્વામિનીએ આગળ જે રમણ કર્યું હતું, તેનું સ્મરણ કરી પરસ્પર તેની કથા કરવા લાગ્યા. અને પ્રભુને પધારવાની રાહ જોવા લાગ્યા, તેનો પ્રકાર સાડી છેતાલિસ શ્લોકથી કહે છે.

निकुंजद्वारमिलिताः स्थिताः सख्यः प्रियागतिम् ॥
विभावयंत्यो विविधैर्भावैः स्वप्रेष्ठया सह । लीलाश्च ललिताश्चक्रुः कथाः पूर्वरसात्मिकाः ॥
सखि शृणु मत्स्वामिन्याः संगम एवंविधो हरिणा । भावरसाधीनायास्त्रपायुतायास्तथा लोके ॥

પછી સર્વે સખીઓ નિકુંજના દ્વાર પર એકઠી થઈને પ્રિય પ્રભુને પધારવાની વાટ જોતાં જોતાં પોતાની અત્યંત પ્રિય સખીની સાથે વિવિધ ભાવથી પ્રભુએ જે લલિત લીલાઓ કરી હતી તેની ભાવના કરતાં પૂર્વની રસાત્મક કથા કરવા લાગ્યાં. (૪૧૭–૧૮) હે સખિ, સાંભળ, ભાવરસને આધીન અને શરમાળ મારાં સ્વામિનીનો સંબંધ હરિની સાથે જેમ લોકમાં કામશાસ્ત્રને અનુસાર થાય છે, તેજ પ્રમાણે થયો. (૪૧૯)

एकदा गोपिकाधीशो यमुनोपवने चरन् । विभ्रन्नरवरश्यामं वर्णंतुत्सौभगम् ॥ ४२० ॥
मस्तके केशसंबद्धमयूरमुकुटं वहन् । शोभमानः कलापीव कलाकृतिविचक्षणः ॥ ४२१ ॥

रसालपल्लवात्युग्रगंधपुष्पविभूषणः । द्विरेफवृंदसदृशालकावृतनिजाननः ॥ ४२२ ॥
श्रवणद्वयसंशोभिमकराकृतिकुंडलः । विनिर्जितसरोजाक्षियुगांजनविमोहनः ॥ ४२३ ॥

એક સમયે શ્રીગોપિકાધીશ પ્રભુ સુંદર, ઘનશ્યામ, નરોમાં શ્રેષ્ઠ વપુ ધારણ કરીને શ્રીયમુનાજીના ઉપવનમાં ફરતા હતા, મસ્તકના કેશની સાથે મયૂરપિચ્છનો મુકુટ ધારણ કર્યો હતો, કલા કરતા મોરની માફક કલા કરવામાં ચતુર શોભતા હતા, રસાલ, કોમલ પલ્લવ તથા અતિ ઉત્તમ સુગંધી પુષ્પના આભૂષણ ધર્યાં હતાં, ભ્રમરના ટોળાંના જેવા કેશથી મુખારવિંદ છાયી રહ્યું હતું. બંને કાનમાં મકરાકૃતિ કુંડલ શોભતાં હતાં. કમલની શોભાને ઝાંખી પાડે એવા અંજનયુક્ત બે નેત્રથી સર્વને મોહિત કરતા હતા. (૪૨૦–૪૨૩)

आधिदैविकसंभोगरसस्थानकपोलभृत् । नासिकादंडनिर्भिन्नशुकमानसमानदः ॥ ४२४ ॥
नासामुक्ताविभूषातिसौन्दर्यपरिदर्शकः । अधरस्रवदत्यंतदुर्लभामृतदायकः ॥ ४२५ ॥
वेणुनादातिविकलगोपीमानसमोहकः । ग्रीवारेखात्रयप्राप्तत्रिविधानंदबोधकः ॥ ४२६ ॥
हृदयस्थनवीनातिपदकाभरणान्वितः । करकंजातिविलसत्कंकणातिविराजितः ॥ ४२७ ॥

આધિદૈવિક સંભોગરસના સ્થાનરૂપ કપોલ ધારણ કરતા હતાં. ઉંચી નાસિકાની શોભાથી શુકના મનનો ગર્વ ઉતારતા હતા. (૪૨૪) નાસિકાનાં મોતીનાં આભૂષણથી અતિ સૌંદર્યનું દર્શન કરાવતા હતા. અધરમાંથી સ્રવતા અત્યંત દુર્લભ અમૃતનું દાન કરતા હતા. (૪૨૫) વેણુનાદથી અતિવિકલ થયલી ગોપીઓનાં મનને મોહ કરતા હતા. કંઠપરની ત્રણ રેખા આધિભૌતિક, આધ્યાત્મિક, અને આધિદૈવિક એમ ત્રણ પ્રકારના આનંદનો બોધ કરતી હતી. (૪૨૬) હૃદયના ઉપર અતિ નવીન પદકરૂપી ભૂષણ ધર્યું હતું. અતિ ચકચકિત કંકણથી હસ્ત અતિ શોભતા હતા. (૪૨૭)

रसद्वयक्रियाबोधबाहुमध्ये धृताङ्गदः । अनेकविधरत्नाढ्यमुद्रिकालसदङ्गुलिः ॥ ४२८ ॥
करोपरिस्थजटितहस्तशृंखलभूषणः । वज्रादिजटितात्यच्छचतुष्कीभूषितोदरः ॥ ४२९ ॥
सुवर्णकृत्रिममणिमालाराजदुरःस्थलः । गजकुंभविनिर्भिन्नमुक्तामालातिमंडितः ॥ ४३० ॥
सुवर्णशृंखलामालासंलालितहृदम्बुजः । अनेकरत्नजटितवैजयंतीसुशोभितः ॥ ४३१ ॥
तुलसीपुष्परचितवनमालापदांचितः । पीतांशुकोभपार्श्वस्थसमीरचलदंचलः ॥ ४३२ ॥

સંયોગ અને વિપ્રયોગ બંને રસની ક્રિયાનો બોધ કરનાર બે બાહુપર બાજુબંધ ધર્યાં હતાં. અનેક પ્રકારના રત્નથી જટિત મુદ્રિકાવડે અંગુલિયો શોભતી હતી. (૪૨૮) શ્રીહસ્તના ઉપર જડાઉ હાથસાંકલનું આભૂષણ ધર્યું હતું. હીરાજટિત અતિ સ્વચ્છ ચોકી વડે ઉદર શોભાયમાન દેખાતું હતું. (૪૨૯) સુવર્ણના કૃતિમ મણકાની માલા ઉરઃસ્થલ ઉપર બિરાજતી હતી. હાથીનું કુંભસ્થલ તોડીને કાઢેલા મોતીની માલાથી પોતે શોભતા હતા. (૪૩૦) સોનાની સાંકળીની માલાથી હૃદયકમલ સંલાલિત હતું. અનેક રત્નજટિત વૈજયંતી માલાથી પોતે સારી રીતે શોભતા હતા. (૪૩૧) તુલસી અને પુષ્પથી બનાવેલી વનમાલા ચરણ સુધી ધરી હતી. પીતાંબરની બંને બાજુએ વસ્ત્રના છેડા પવનથી હાલતા હતા. (૪૩૨)

वक्रग्रीवंवलितभ्रूवेणुवादनतत्परः । सुवर्णकृत्रिममणिहारपूजितसत्पदः ॥ ४३३ ॥
कटिप्रांतलसत्पट्टकच्छवासोविराजितः । कटिबद्धचलत्कांचीपट्टगुच्छसुशोभितः ॥ ४३४ ॥
मध्यभ्रमरविलसत्कंजकेसरवत्पटः । चरणद्वंद्वमंजीरनिनादानंदिताखिलः ॥ ४३५ ॥
विनिर्जितविधुस्वीयनखमंडलमंडितः । दशांगुलिलसद्रत्नजटिताखिलक्ष्विकः ॥ ४३६ ॥

ગ્રીવા (કંઠ) વાંકી કરીને ભ્રમર નચાવતા વેણુ વગાડવામાં તત્પર હતા. સુવર્ણની નકશીવાળા મણિના હાર (મોહનમાળા)થી સ્તનના સ્થાનરૂપ શોભતા હતા. (૪૩૩) કટિની ઉપર ચળકતી રેશમની કાછની વિરાજમાન હતી, તથા કટિપર બાંધેલી કાંચીના રેશમના ફુમતાથી આપ શોભતા હતા. (૪૩૪) વચ્ચે ભ્રમર વિલાસ કરતા એવા કમલના કેશર સમાન પીળાં વસ્ત્ર ધર્યાં હતાં. બંને ચરણમાં નૂપુર ધર્યાં હતાં, અને તેના સ્વરથી સર્વને આનંદ આપતા હતા. (૪૩૫) પોતાના નખમંડલની કાંતિથી ચંદ્રની શોભાને જીતી લીધી હતી. રત્નજટિત પ્રકાશિત વિછુવાથી ચરણની દશે આંગળીઓ શોભાયમાન હતી. (૪૩૬)

तुलसीमालिकामध्यदेशस्पर्शिपदांबुजः । यमुनातीरनीरस्पृक्समीरसुखभोगकृत् ॥ ४३७ ॥
समुद्भवदनंगांगभावभावितविग्रहः । अनंगरुचिरस्वांगस्वदृग्जनितस्मयः ॥ ४३८ ॥
यमुनातीरविलसत्तरुपुष्पैकदर्शनः । गुंजाफलकृतानंतभूषणालंकृतिक्रियः ॥ ४३९ ॥
प्रकटोद्भटहृद्भावयुवतीवृंदवेष्टितः । नानारासरसानंदनिमग्नो रमणप्रियः ॥ ४४० ॥

તુલસીની માલા શરીરની મધ્યમાં રહીને ચરણનો સ્પર્શ કરી રહી હતી. શ્રીયમુનાજીના તીર ઉપર જલના સ્પર્શથી શીતલ વાયુનો ભોગ કરતા હતા. (૪૩૭) શ્રીઅંગમાં અનંગનો ઉદ્ભવ સારીરીતે થવાથી શ્રીઅંગ અનંગભાવથી ભાવિત હતું. અનંગથી પોતાના અંગને વધારે સુંદર જોઇને જેમની દૃષ્ટિ ચકિત થઇ હતી. (૪૩૮) શ્રીયમુનાજીના તીર ઉપર વિલસતાં વૃક્ષ અને પુષ્પ જોવામાંજ જેમનું ચિત્ત હતું. ગુંજાફલના બનાવેલા અનંત આભૂષણથી જેમણે પોતાનું અંગ અલંકૃત કર્યું હતું. (૪૩૯) પ્રકટ ઉત્તમ હૃદયના ભાવવાળા (સર્વાત્મભાવવાળા) યુવતિવૃંદથી પોતે વિંટલાયલા હતા. નાના પ્રકારના રાસરસના આનંદમાં પોતે નિમગ્ન હતા. તેમને રમણ પ્રિય હતું. (૪૪૦)

गोपीजनभुजद्वंद्वालिङ्गितः संगकृत् स्वतः । सहभावकृतोद्गीतपरिवीतः प्रियाजनैः ॥४४१॥
एतादृशं व्रजपतिमपश्यत् स्वामिनी मम । दर्शनादेव तस्यास्तु तदावस्थान्यथाभवत् ॥
तदा निकुंजभवने समानीता सखीजनैः । उत्थापितातिविकला किंचिदूचे वचोऽमृतम् ॥४४३॥

શ્રીગોપીજનના બંને ભુજાથી જેમને આલિંગન થયું હતું, જે પોતે પણ ગોપીજનનો સંગ કરતા હતા. ભાવ સહિત ગાન કરતી પ્રિયાઓથી જે વિંટલાયલા હતા. (૪૪૧) એવા વ્રજપતિને મારા સ્વામિનીએ જોયા. દર્શન કરતાં જ એમની દશા કંઈક ઓર પ્રકારની જ થઈ ગઈ. અર્થાત્ એમને મૂર્ચ્છા આવી ગઈ. (૪૪૨) ત્યારે સખીજનો એમને નિકુંજ ભવનમાં લઈ આવ્યા, અને એમને જાગ્રત કર્યા, ત્યારે અતિ વિકલતાથી કાંઇક વચનામૃત બોલવા લાગ્યા. (૪૪૩)

व्रजार्थार्थ व्रजाधीश व्रजानंद व्रजप्रिय । व्रजैकनिष्ठ व्रजभुक् व्रजदोषनिवारक ॥ ४४४ ॥
व्रजपाल व्रजस्वास्थ्यनिजव्यक्ते व्रजात्मक । व्रजस्वामिन् व्रजप्राण व्रजवित्त व्रजेश्वर ॥
व्रजजीवजनाह्लाद् कृतव्रजपरिग्रह । व्रजनाथ व्रजप्रेष्ठ कृतव्रजमहोत्सव ॥ ४४६ ॥
व्रजवासीहृदावास व्रजावास व्रजांकभृत् । व्रजभाव व्रजानंद व्रजसुन्दर सद्व्रज ॥ ४४७ ॥
व्रजागतासुरहन व्रजमानसमोहक । व्रजलीलाकृते नित्यं व्रजगोकुलचारक ॥ ४४८ ॥

હે વ્રજના પુરુષાર્થરૂપ, હે વ્રજાધીશ, હે વ્રજના આનંદ, હે વ્રજપ્રિય, હે વ્રજૈકનિષ્ઠ, હે વ્રજના ભોક્તા, હે વ્રજના દોષનિવારક, (૪૪૪) હે વ્રજપાલ હે વ્રજને સ્વાસ્થ્ય આપવાને પોતાનું રૂપ પ્રકટ કરનાર, હે વ્રજાત્મક, હે વ્રજસ્વામિન્, હે વ્રજપ્રાણ, હે વ્રજના ધન, હે વ્રજેશ્વર, (૪૪૫) હે વ્રજના સર્વ જીવને અને જનને આહ્લાદ આપનાર, હે વ્રજનો પરિગ્રહ કરનાર, હે વ્રજનાથ, હે વ્રજપ્રિયતમ, હે વ્રજને મહોત્સવરૂપ કરનારા, (૪૪૬) હે વ્રજવાસિના હૃદયમાં વાસ કરનાર, હે વ્રજમાં વાસ કરનાર, હે વ્રજને ગોદમાં ધારણ કરનાર, હે વ્રજના ભાવરૂપ, હે વ્રજના આનંદરૂપ, હે વ્રજના સૌંદર્યરૂપ, હે વ્રજના સદ્ગતિરૂપ, (૪૪૭) હે વ્રજમાં આવેલા અસુરોને હણનાર, હે વ્રજવાસિયોના મનને મોહ કરનાર, હે વ્રજમાં લીલા કરનાર, હે નિત્ય વ્રજની ગાયોના ટોળાંઓને ચરાવનાર, (૪૪૮)

व्रजार्थलीलाकरण व्रजार्थधृतपर्वत । व्रजेंद्र व्रजवासांघ्रे व्रजासक्त व्रजार्थद ॥ ४४९ ॥
व्रजानंग व्रजाधार व्रजाश्रयजनाश्रय । व्रजैकशरण स्वीयव्रजपोषक हृद्व्रज ॥ ४५० ॥
व्रजराजसुत स्वीयव्रजराजकुमारक । व्रजेश्वरीप्रेष्ठसूनो व्रजस्त्रीजनसेवित ॥ ४५१ ॥
व्रजार्तिहरण स्वीयव्रजभावुकभावित । व्रजस्थितवियोगार्तिनाशन व्रजनायक ॥ ४५२ ॥
व्रजांतरव्रजस्यैकपते व्रजगतिप्रद । व्रजैकशरण स्वीयव्रजभक्तनिरोधकृत् ॥ ४५३ ॥

હે વ્રજને અર્થે લીલા કરનાર, હે વ્રજને માટે ગિરિરાજ ધારણ કરનાર, હે વ્રજેન્દ્ર, હે વ્રજમાં સર્વદા ચરણ ધરવાવાલા, હે વ્રજાસક્ત, હે વ્રજના સર્વ પુરુષાર્થ આપનાર, (૪૪૯) હે વ્રજના કામદેવરૂપ, હે વ્રજના આધાર, હે વ્રજમાં આશ્રય કરનાર જનોના આશ્રયરૂપ, હે વ્રજના એક શરણરૂપ, હે પોતાના વ્રજનું પોષણ કરનાર, હે હૃદયમાં વ્રજને ધારણ કરનાર, (૪૫૦) હે વ્રજરાજસુત, હે સ્વીય વ્રજના રાજાના કુમાર, હે વ્રજેશ્વરી શ્રીયશોદાના પરમ પ્રિય પુત્ર, હે વ્રજના સ્ત્રીજનથી સેવાયલા, (૪૫૧) હે વ્રજની આર્તિ હરનાર, હે સ્વીયવ્રજની ભાવના કરનારાઓથી ભાવિત, હે વ્રજમાં સ્થિતિ કરનારની વિયોગાર્તિને હરનાર, હે વ્રજનાયક (૪૫૨) હે નંદરાયજીના વ્રજથી અન્ય વ્રજ તથા નંદરાયજીના વ્રજ એમ સર્વ વ્રજમાં રહેનારાઓના એક પતિ, હે વ્રજને ગતિનું દાન કરનાર, હે વ્રજૈકશરણ, હે સ્વીય વ્રજભક્તનો નિરોધ કરનાર, (૪૫૩)

मामुत्थापय पतितां भुवि पतितोद्धारणे शक्त । करुणानिधे निधेयं करकमलं मामके शिरसि ॥
वस हृदये सदय प्रिय वितनु समालिंगनं भूयः । हर हृदयाहिततापं स्मर निजधर्मं कृपासिंधो ॥

पिब बिंबाधरगतमधु मधुरं निजमात्रभोग्यं वै। व्यर्थं मा कुरु, कुरु निजकरुणावार्धे विशेषतो भोगम्

હું જે ભૂમિપર પડી છું, તેને ઉઠાડો. તમે પતિતનો ઉદ્ધાર કરવાને શક્તિમાન્ છો. હે કરુણાનિધે, આપનો કરકમલ મારા શિરપર ધરો. (૪૫૪) હે દયાલુ, મારા હૃદયમાં વાસ કરો, હે પ્રિય, વારંવાર આલિંગન કરો. મારા હૃદયમાં રહેલા તાપને દૂર કરો. હે કૃપાસિંધુ, ભક્તના દુઃખ હરવાના આપના ધર્મનું સ્મરણ કરો. (૪૫૫) મારા બિંબ જેવા અધરમાં રહેલું મધુર મધુ કે જે માત્ર તમારે જ ભોગ કરવા યોગ્ય છે, તેનું પાન કરો. હે નિજજનના કરુણાસિંધુ, તેને વ્યર્થ કરો નહિ. સારી રીતે તેનો ભોગ કરો. (૪૫૬)

हृदयं नाथ स्फुटति त्रुटति हृदयस्थकंचुकीबंधम् ।निर्गच्छति वदनादपि निःश्वासो दावदहनाख्यः॥
तिष्ठ दूरं व्रजपते शिरीषसुकुमारक । वियोगाग्निज्वलंतीं मां मा स्पृश प्राणनायक ॥४५८॥
आदौ स्वदर्शनं देहि पायययांभोजलोचन । वदनामृतलावण्यं तापं यापय हृद्गतम् ॥ ४५९ ॥
एवं वचनपीयूषैः सिक्तहृद्गोकुलेश्वरः । तद्भावरूपरूपेण पुरः प्रादुर्बभूव ह ॥ ४६० ॥

હે નાથ, હૃદય ફાટી જાય છે, હૃદય ઉપર કંચુકીના બંધ તૂટી જાય છે, વનને બાળનાર દાવાગ્નિ જેવો ઉષ્ણ નિઃશ્વાસ મુખમાંથી નીકળે છે. (૪૫૭) દૂર રહો; હે વ્રજપતિ, હે શિરીષ પુષ્પના સમાન સુકુમાર, વિયોગાગ્નિથી બળતી મને હે પ્રાણનાયક સ્પર્શ ન કરો. (૪૫૮) હે કમલલોચન, પ્રથમ તમારૂં દર્શન કરાવો. પછી વદનામૃતલાવણ્યનું પાન કરાવો, અને મારા હૃદયમાં રહેલા તાપને દૂર કરો. (૪૫૯) આવા શ્રીસ્વામિનીનાં વચનામૃત વડે સીંચાયલા હૃદયવાળા ગોકુલેશ્વર તેમના ભાવરૂપ સ્વરૂપથી બહાર પ્રકટ થયા ! (૪૬૦)

तदा समुत्थिता श्रीमत्स्वामिनी प्रेयसी प्रियम् । पश्यंती हृदि हृष्यंती सजीवेव तदाऽभवत् ॥
तदा मनोरथः पूर्णोऽभवद् भगवता सह । रमणेन तथा गानैर्वने विचरणेन च ॥ ४६२ ॥
एवं निजजनैः प्रेष्ठस्वामिनीकथया मुदा । सख्यः संगमयांचक्रुः कालं प्रियपथेक्षया ॥

ત્યારે શ્રીસ્વામિની ઉઠ્યા. ભગવાન્‌ની પ્રિયતમા પ્રિય ભગવાન્‌ને જોતાં હૃદયમાં હરખાતાં નિર્જીવ શરીરમાં જીવ આવ્યો હોય એવાં સજીવ તે સમયે થયાં. (૪૬૧) ત્યારે ભગવાન્‌ની સાથે રમણથી તથા ગાનથી તથા વનમાં વિચરવાથી તેમના સર્વ મનોરથ પૂર્ણ થયા. આ પ્રમાણે સખીજનોની સાથે પરમ પ્રિય સ્વામિનીની કથા આનંદથી કરતાં સખિયોએ પ્રિયની રાહ જોતાં સમય સારી રીતે વ્યતીત કર્યો.(૪૬૨–૪૬૩)

પ્રભુ વનમાં ગોચારણ કરતા હતા, ત્યાં પોતાના ભક્તના વિરહનું સ્મરણ થતાં ગાયોને સોંપીને નિકુંજમાં પધાર્યા. દરેક નિકુંજમાં જુદું જુદું રૂપ ધરી, પ્રવેશ કરીને સ્વરૂપાનંદનું દાન કર્યું, તે આઠ શ્લોકથી કહે છે.

तदा गोचारणं कुर्वन् गोपैर्गोभिः समन्वितः । कलं मुरलिकां कूजन् ईक्षमाणो वनं दृशा ॥
उद्बुद्धरसभावाढ्यः स्वामिनीभावभावुकः । तृणभूयः [1]प्रदेशे च गृहीत्वा गा निजानपि ॥

---

[1] मृगदंशो ।

प्रेषयन्नेकलः कृष्णः स्वामिनीवृंदसंयुतः । सन्मुखायातमध्यस्थजनीस्पृष्टपदाम्बुजः ॥४६६॥
आकर्णयन् तत्प्रवणो वार्तां च तदुदीरिताम् । तदार्तिश्रवणेनार्तस्तद्भावश्रवणार्द्रहृत् ॥४६७॥

ત્યારે ગોપો અને ગાયોથી વિંટલાયલા, ગાયો ચરાવતા મુરલિકાનો મધુર નાદ કરતા પ્રભુ દૃષ્ટિથી વન જોવા લાગ્યા, (૪૬૪) ઉદ્બુદ્ધરસના ભાવથી ભરપૂર થયા. શ્રીસ્વામિનીના ભાવની ભાવના કરવા લાગ્યા. પુષ્કલ ઘાસવાળા પ્રદેશમાં પોતાના ગોપોને ગાયો ચરાવવા મોકલ્યા. અને કૃષ્ણ એકલા શ્રીસ્વામિનીના વૃંદમાં ગયા. સન્મુખ આવતા મધ્યસ્થ ગોપીએ ભગવાનના ચરણસ્પર્શ કર્યા. (૪૬૬) અને ભગવાને તે ગોપીએ કહેલી વાત ધ્યાન દઈ સાંભળી. ગોપીની આર્તિનું શ્રવણ કરવાથી તેનો આર્તિ સહિત ભાવ સાંભળીને પોતે પણ દુઃખિત હૃદયવાળા થયા. (૪૬૭)

तद्रूपश्रवणोत्कंठस्तदवस्थाविचारकः । भावयन् मनसा संगमनंगरतिदायकः ॥ ४६८ ॥
लीलापरवशः स्वीयानुसंधानविवर्जितः । पथि प्रमत्तः प्रपतन् सखीधृतकराम्बुजः ॥४६९॥
निकुंजभवनद्वारमेवं कृष्णः समागतः । सर्वेषु च निकुंजेषु तत्तद्रूपस्तथावसत् ॥ ४७० ॥
प्रयच्छन्निजगोपीनां निजानंदं विशेषतः । लीलामकृत कृपया श्रुतिब्रह्माद्यगोचराम् ॥
स्मर्तुं पुनस्तथावक्तुमत्ययोग्यत्वतो मया । संक्षेपेणैव कथिता स्फुरिष्यंति सतां स्वतः ॥

તેના સ્વરૂપનું શ્રવણ કરવાને ઉત્કંઠાવાળા, તેની અવસ્થાનો વિચાર કરતા, મનમાં તેના સંગની ભાવના કરતા, કામકેલિ આપવાવાળા પ્રભુ લીલાથી પરવશ થયા, અનુસંધાનરહિત થયા, પ્રમત્ત થઈ માર્ગમાં પડતા હતા, ત્યારે સખીએ તેમનો હસ્તકમલ પકડી રાખ્યો. (૪૬૮–૬૯) આ પ્રમાણે કૃષ્ણ નિકુંજભવનના દ્વારમાં પધાર્યા. સર્વ નિકુંજોમાં જુદા જુદા રૂપો ધરી દરેક નિકુંજમાં સ્થિતિ કરી. (૪૭૦) ત્યાં પ્રભુએ પોતાના ગોપીજનને વિશેષ રીતે સ્વરૂપાનંદનું દાન કર્યું, અને કૃપાથી શ્રુતિ અને બ્રહ્મા વગેરેને અગોચર લીલા કરી. (૪૭૧) આ લીલાનું સ્મરણ કરવાની અને તેનું વર્ણન કરવાની મારામાં બિલકુલ યોગ્યતા નથી, તેથી મેં સંક્ષેપમાંજ કહી છે. સત્પુરુષોને તો તે સર્વે એની મેળેજ સ્ફુરશે. (૪૭૨)

નિકુંજની બહાર જે સખિયો બેઠાં છે, તેઓ પ્રભુની નિકુંજની કથા કરતા સમય વ્યતીત કરે છે, અને તેમને પણ પોતાના સંચિત ભાવથી સંગમનો અનુભવ થાય છે. તેનું દોઢ શ્લોકથી વર્ણન કરે છે, અને જે ગોપી વ્રજમાં છે તે પણ પ્રભુના અનવસરની વનની લીલાનું ગાન કરતી વિરહની વ્યથા દૂર કરે છે, તેને પણ અંતરરમણનો અનુભવ થાય છે, તેનું વર્ણન સાડીચોવીશ શ્લોકથી કરે છે.

तदा बहिःस्थिताः सख्यो पुनस्ता एव तत्कथाः । कथयन्त्यो निजं कालं यापयामासुरादृताः ॥
अन्वभूवन् व्रजाधीशसंगमं भावसंचितम् । तथा व्रजस्थिता गोप्यश्चक्रुर्गानं वियोगतः ॥
सखि वादयता वेणुं देवनार्यो विमोहिताः । वामबाहुकपोलेन हरिणा वलितभ्रुवा ॥४७५॥

ત્યારે તે તે નિકુંજની બહાર રહેલી સખિયો ફરીથી નિકુંજની તે કથાઓનું વર્ણન કરતા આદરથી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા. અને તેમને વ્રજાધીશના

સંગમનો અનુભવ પોતાના સંચિત ભાવથી થયો. (૪૭૩½) તેમજ વ્રજમાં રહેલાં ગોપિકાઓ વિયોગમાં પ્રભુના ગુણગાન કરવા લાગ્યાં. (૪૭૪) હે સખિ, વામહસ્તપર વામ કપોલ ધારણ કરીને ભ્રમરને નચાવતા હરિ જ્યારે વેણુનાદ કરતા હતા, ત્યારે દેવતાની સ્ત્રીઓ મોહિત થઈ ગઈ. (૪૭૫)

तथा विमोहिता गावो वृंदशो वेणुना तदा । द्विजदष्टार्धकवलाश्चित्रप्रायास्तदाऽभवन॥४७६॥
सरितश्च तथा स्तब्धगतयो वेणुना कृताः । वर्हिवर्हावतंसेन मल्लवेषकृतश्रिया ॥ ४७७ ॥
तथैव तरवो जाता मधुधाराभिवर्षिणः । लताश्च भगवद्रूपं व्यंजयन्त्यो हृदि स्थितम् ॥४७८॥

અને તે સમયે વેણુનાદથી ગાયોના ટોળેટોળાં મોહિત થઈ ગયાં, તેમનાં મુખમાં દાંતથી અર્ધો ચાવેલો કોળિયો રહી ગયો, અને તે ગાયો જાણે ચિત્રામણમાં ચિત્રી હોય એવી સ્થિર થઈ ગઈ. (૪૭૬) તેજ પ્રમાણે મયૂરપિચ્છનો મુકુટ ધરીને મલ્લવેશની કાંતિથી શોભતા પ્રભુ જ્યારે વેણુનાદ કરતા હતા, ત્યારે નદીઓ સ્તબ્ધ ગતિવાળી થઈ ગઈ. (૪૭૭) તેજ પ્રમાણે વૃક્ષો મધુધારાની વર્ષા કરવા મંડ્યા, અને લતાઓએ પોતાના હૃદયમાં રહેલા ભગવદ્રૂપને પ્રકટ કર્યું. (૪૭૮)

गोवर्धनस्थितप्रेष्टगवाह्वानेन वेणुना । प्रेम्णा प्रहृष्टतनवः पुष्पपत्रफलोद्भवाः ॥ ४७९ ॥
वनमालादिव्यगंधतुलसीमधुमादितैः । नित्यमन्वीयमानेन भ्रमरैः कूजनान्तरा ॥४८०॥
दत्तादरेण हरिणा पक्षिणो मुनयः कृताः । निमीलिताक्षाः श्रवणकृतमौनांतिकस्थिताः ॥

શ્રીગિરિરાજપર સ્થિત પ્રભુએ પોતાને અતિ પ્રિય ગાયોને વેણુનાદથી બોલાવી ત્યારે ત્યાંના વૃક્ષો પ્રેમથી આનંદયુક્ત શરીરવાળાં થયાં, અને પુષ્પ, પત્ર અને ફલ તેમાંથી બહાર પ્રકટ થયાં. (૪૭૯) વનમાલાની દિવ્ય ગંધથી અને તુલસીના મધુથી મદવાળા ભ્રમરો આપની પાછળ પાછળ નિત્ય કૂજન કરતા કરતા જતા હતા, અને હરિ વચમાં તેમને આદર આપતા હતા, ત્યારે પક્ષીઓ મુનિરૂપ થઈ ગયાં, નેત્ર વિંચી દીધાં, અને શ્રવણ કરવાને મૌન ધારણ કરી નિકટમાં સ્થિતિ કરી. (૪૮૧)

तथैव वेणुना मेघाः कृतच्छायाः स्ववर्षिणः । गिरिसानुस्थितप्रेष्टमुखपूरितवेणुना ॥४८२॥
तथा ब्रह्मादयो वेणुनादाकर्णनमानसाः। अज्ञातगतयो जाता मूर्छितानतकंधराः ॥४८३॥
सकामवृषभश्रेष्ठगतिना व्रजभूमिषु । वयं वृक्षगतिं प्राप्ताः कृताः स्मरणवर्जि : ॥४८४॥

તેજ પ્રમાણે ગિરિની ટોચ ઉપર ઉભા રહેલા પ્રિયતમ પ્રભુના મુખથી વગાડેલી વેણુના નાદને શ્રવણ કરીને મેઘોએ ભગવાન ઉપર છાયા કરી, અને પોતાના સર્વસ્વરૂપ જલથી વર્ષા કરી. (૪૮૨) તેજ પ્રમાણે બ્રહ્માદિ દેવતાઓ વેણુના નાદનું શ્રવણ કરીને પોતાના મનથી પ્રભુની લીલા તથા વેણુનાદની ગતિ નહિ જાણવાથી મસ્તક નમાવીને મૂર્ચ્છિત થઈ ગયા. (૪૮૩) વ્રજની ભૂમિઓમાં શ્રેષ્ઠ વૃષભની માફક સકામ ગતિ કરતા પ્રભુના દર્શનથી અમે સ્મરણરહિત થઈ ગયાં, અને વૃક્ષના જેવી સ્તબ્ધ ગતિને પ્રાપ્ત થઈ ગયાં. (૪૮૪)

धेनूर्गणयता स्वीयाः करस्थमणिमालया । स्वयं तु दिव्यसौगन्ध्यतुलसीमालिकोरसा ॥

गोपांसन्यस्तदोर्दंडस्थितिसूचितकर्मणा । कृतगानेन मुरलीरववंचितचेतसः ॥४८६॥
स्वोपासिकास्त्यक्तगृहा हरिण्यो हरिणा कृताः । कुंदप्रसूनमालाभिः कृतवेषेण गोपकैः ॥
गोधनेन युतेनापि यमुनायां विशेषतः । विक्रीडता नर्मदेन स्नेहिनामुपदेवकाः ॥४८८॥
वाद्यगीतयुतास्तत्र गृहीतवलयः करैः । वन्दिनोपि प्रभावेन कृताः स्वपरिवारकाः ॥४८९॥

હસ્તકમલમાં રહેલી મણિમાલાથી પોતાની ગાયોને ભગવાન ગણુતા હતા, દિવ્ય સુગંધયુક્ત તુલસીમાલાને ઉરઃસ્થલપર પોતે ધારણ કરતા હતા. (૪૮૫) ગોપના ખભાઉપર મુકેલા બંને હસ્તની સ્થિતિથી પોતાના ચરિત્રનું સૂચન કરતા હતા, અને ગાન કરવાથી મુરલિના નાદથી અમારાં ચિત્ત ઠગાઈ ગયાં. (૪૮૬) કુંદ પુષ્પની માલાઓવડે ગોપવેશ ધરીને ગોપોની સાથે દર્શન દઇને પ્રભુએ હરિણીઓને ઘર છોડાવી દીધાં, અને પોતાની ઉપાસિકાઓ બનાવી દીધી. (૪૮૭) વિશેષ કરીને ગોધન સહિત યમુનાના તટઉપર સ્નેહીઓની સાથે નર્મ ક્રીડા કરતા પ્રભુએ ઉપદેવ ગંધર્વો, જે પોતાના હાથમાં ભેટ લઇને વાદ્યગીતસહિત બંદીજન ત્યાં આવ્યા હતા, તેમને પોતાના પ્રભાવથી પોતાના પરિવારરૂપ બનાવી દીધા. (૪૮૮-૮૯)

वृद्धनम्यपदाम्भोजो व्रजगोवत्सलः पथि । गोवर्धनधरः कृत्स्नं गोधनं गृहमानयन ॥४९०॥
स्वकीयनयनानां च महदुत्सवमुन्नयन । दिनांते गोपकैर्गीतो गोरजश्छुरितालकः ॥४९१॥
सुहृदामाशिषो दातुं वेणुना व्रजमानयन् । स्वयं तद्रसवेत्ताऽतः स्वयमेव विमोहितः ॥४९२॥

શ્રીગિરિરાજજીને ધારણ કરનાર વ્રજની ગાયોપર વાત્સલ્યભાવવાળા પ્રભુ સર્વે ગોધનને લઈને વનમાંથી ઘેર પધારતા હતા, ત્યારે રસ્તામાં વૃદ્ધ પુરુષો પણ ભગવાન્‌નાં ચરણકમલને નમસ્કાર કરતા હતા. (૪૯૦) પોતાના ભક્તના નેત્રને અત્યંત આનંદોત્સવ કરાવતા પ્રભુ સંધ્યાસમયે પોતાના ચરિત્રનું ગાન કરતા ગોપ બાલકોસહિત પધારતા હતા, અને જ્યારે ગોરજથી કેશ વ્યાપ્ત થઈ ગયા હતા, પોતાના સુહૃદોના મનોરથ પૂર્ણ કરવાને તેમને વેણુ વગાડતા વ્રજમાં આણુતા હતા, ત્યારે વેણુનાદના રસના વેત્તા પોતે હોવાથી પોતેજ તે રસથી મોહિત થઈ ગયા (૪૯૨).

स्वामिनीदर्शनानंदमदघूर्णितलोचनः । ईषन्मानप्रदश्चापि तथा सन्मानदायकः ॥४९३॥
स्वांतःस्थायिप्रतिपदमीषन्मानविखंडनः । वदरारक्तवदनो घर्मेण स्वर्णकुंडलैः ॥ ४९४ ॥
मंडयन कोमलं गंडं यदुराजो गजागतिः । कृतार्थयितुमायातो रजनीं चंद्रमा इव ॥४९५॥
मोचयन् व्रजभक्तानां तापं सायं समागतः । वेणुनादपरस्तेन स्वयं वेत्तैव मोहितः ॥४९६॥
एवंविधानंतलीलागुणगानैर्व्रजस्त्रियः । हृदि भावात्मिकं प्राप्य रूपमांतरभावतः ॥ ४९७ ॥
चक्रुः प्रियेण रमणं दिनेष्वपि वियोजने । संध्यापर्यंतमेवैवं तासां भावो विभाव्यताम् ॥४९८

શ્રીસ્વામિનીના દર્શનના આનંદથી ભગવાનનાં લોચન મદથી ઘૂર્ણાયમાન થઈ ગયાં. પોતે જો કે સ્વલ્પ માન દેવાવાળા છે, તો પણ રસના આધિક્યથી બહુ માન દેવા લાગ્યા. (૪૯૩) વ્રજમાં પધારતા પ્રત્યેક ચરણ ધરતાં ભક્તનાં અંતઃકરણમાં જે કાંઈક માન રહ્યું હતું, તેનું ખંડન કરવા લાગ્યા. પ્રસ્વેદથી તથા સુવર્ણના કુંડલના

પ્રકાશથી બોરના જેવું કંઈક લાલ વદન પ્રભુનું થઈ રહ્યું હતું. (૪૯૪) તે કુંડલના પ્રકાશથી ગંડસ્થલ શોભી રહ્યું હતું. યાદવોના રાજા ગજની ચાલથી જેમ ચંદ્રમા રાત્રિને કૃતાર્થ કરવાને પધારતા હોય, તેમ કૃતાર્થ કરવાને પધારતા હતા. (૪૯૫) સાયંકાલે પાછા પધારેલા પ્રભુ વ્રજભક્તોના તાપ દૂર કરતા હતા, વેણુનાદ કરવામાં પરાયણ હતા, વેણુના રસને પોતે જાણતા છતાં પોતે જ તેનાથી મોહિત થઈ ગયા. (૪૯૬) આ પ્રકારની અનંત લીલાના ગુણગાનથી ગોપીઓ પોતાના આંતર ભાવથી ભાવાત્મક સ્વરૂપને હૃદયમાં પ્રાપ્ત કરીને (૪૯૭) દિવસમાં પણ વિયોગમાં પ્રિયનો સંગ આ પ્રમાણે પ્રાપ્ત કરીને આંતરરમણ કરતાં હતાં. એમ સંધ્યાપર્યંત એમના ભાવની ભાવના નિત્ય કરવી. (૪૯૮)

પછી જ્યારે છ ઘડી દિવસ બાકી રહ્યો, ત્યારે નિકુંજમાં પોઢેલા પ્રભુને જગાડવાની તથા ઉત્થાપનભોગ આરોગવાની પ્રાર્થના સખીજન કરે છે, ત્યારે પ્રભુ જાગીને શ્રીગિરિરાજઉપર પધારે છે. અને ફલફૂલ વગેરે આરોગે છે, તે સમયની પ્રભુની સ્થિતિ અને તેમણે કરેલી લીલાનું વર્ણન સત્તાવિશ શ્લોકથી કરે છે.

तदावशिष्टे दिवसे पश्चात् षड्घटिकात्मके । समागत्य सखीवृंदः कपाटांतिकमास्थितः ॥
प्राबोधयद्व्रजपतिं तथालीलानिरूपणैः । राधिकाकांत जातोयं समयस्त्वत्प्रबोधने ॥५००॥
गोपाः सगोधना गंतुं व्रजं पश्यंति ते पथम् । स्वामिनीदर्शनानंद स्वामिनीसहसंस्थिते ॥
विमुक्तकेशवदन नखचंद्रकलंकित । अंजनाधरसंशोभिन् कपोलद्वयचक्रक ॥ ५०२ ॥
सहासवदनाम्भोज प्रियाधरपिपासक । विपरीतरसप्राप्तप्रियाशृङ्गारशोभित ॥ ५०३ ॥
कुंकुमारक्तहृदय नखक्षतविचित्रित । त्रुट्यन्मुक्तामणिमयहारशोभितविग्रह ॥ ५०४ ॥
निजस्वस्वामिनीवृन्दभुजालिंगितकंठक । गोपीश गोधनाधीश धृतगोवर्धनाचल ॥ ५०५ ॥

પછી જ્યારે છ ઘડી દિવસ બાકી રહ્યો, ત્યારે સખીઓનું યૂથ કુંજભવનના કમાડ આગળ આવીને ઉભું રહ્યું. (૪૯૯) પ્રભુની લીલાઓનું નિરૂપણ કરીને વ્રજપતિને જગાડવા લાગ્યા. "હે રાધિકાકાન્ત, આપને જાગવાનો સમય થયો છે. (૫૦૦) ગાયો સહિત ગોપાલો વ્રજમાં જવાને માટે આપની રાહ જુએ છે, હે સ્વામિનીને દર્શનના આનંદરૂપ, હે સ્વામિનીસહ સ્થિતિ કરનાર, (૫૦૧) મુખઉપર છૂટા કેશથી શોભતા હે નખચંદ્રકલંકિત પ્રભુ, હે અંજનથી શોભતા અધરવાળા પ્રભુ, હે કપોલદ્વય પર ચક્રાકારવાળા પ્રભુ, (૫૦૨) હે હાસ્યયુક્ત વદનકમલવાલા પ્રભુ, હે પ્રિયાધરપિપાસક, હે વિપરીત રસથી પ્રાપ્ત સ્વામિનીના શૃંગારની શોભાવાળા પ્રભુ, (૫૦૩) હે કેસરથી રંગાયલા હૃદયવાળા, નખક્ષતથી ચિત્રાયલા, તૂટેલાં મોતી અને મણિના હારથી શોભતા અંગવાળા પ્રભુ, (૫૦૪) આપના શ્રીસ્વામિનીના યૂથની ભુજાઓથી આલિંગિત કંઠવાળા પ્રભુ, હે ગોપીશ, હે ગોધનના અધીશ, હે ગોવર્ધનધર, (૫૦૫)

गोवर्धने समागत्य पुलिंदीभिः कृतोद्यमः । कंदादिकं समीकृत्य तथा वन्यफलानि च ॥
दाडिमी बदरी चैव तथा कृष्णकसेरुकम् । कर्कटी वर्तुलं चापि फलं जंबीरकं तथा ॥५०७॥
फलाशकं तथा पीलू जंबु नारंगमेव च । कदली सहकारादि तथान्यानि फलान्यपि ॥

समानीय स्वयं नम्रपदवीं तव पश्यति । पूरणीयस्ततस्तस्य भवतैव मनोरथः ॥ ५०९ ॥

ગોવર્ધન ઉપર પુલિન્દીઓની સાથે સખીવૃંદ આવીને શ્રમ લઈને કંદાદિક અને વનનાં ફલ, (૫૦૬) દાડમ, બોર, કાળા કસેરૂ, કાકડી, ખડબુચા, જમીરી, (૫૦૭) ફાલસા, પીલૂ, જાંબુ, નારંગી, કેળાં, કેરી અને બીજાં-ફલો (૫૦૮) લાવીને નમ્રતાથી આપની રાહ જુએ છે. તેથી આપે તેમનો મનોરથ પૂર્ણ કરવો જોઈએ." (૫૦૯)

एवं सखीजने भावैर्वदति प्रणयाकुलः । समुत्थितः स्वामिनीभिः सहितो गोकुलेश्वरः ॥१०॥
आरक्तघूर्णन्नयनः शयनालसलोचनः । शिथिलाभरणः सर्वशिथिलीकृतविग्रहः ॥५११॥
स्खलद्वागमृतप्रायःरसप्रस्रवणाधरः । गायन्नमंदमुत्कंठगोपीकंठकरस्थितिः ॥ ५१२ ॥
शनैः शनैर्धृतपदो गजराजसमागतिः । कुंकुमारक्तमृदितवनमालासुलालितः ॥ ५१३ ।
वनमालामधुलिहः कूजनेनाद्रियन् मुहुः । तत्सौरभसमाघ्राणोद्दीपितस्वमनोभवः ॥५१४॥
स्वामिनीश्रीकरद्वंद्वोपरिस्थितभुजाम्बुजः । रसातिशयसंमोहस्वानुसंधानवर्जितः ॥५१५॥
स्वामिनीमुखचंद्रैकचकोरनयनाम्बुजः । रसासक्तिवशस्वीयभक्ताधीनगतिक्रियः ॥५१६॥
एवं विशेषतो लीलाः स्वीयहृत्तोषपोषिकाः । मध्ये मार्गं मिथो कुर्वन् कुंजद्वारमुपागतः ॥

આ પ્રમાણે સખીજનો ઘણા ભાવોથી કહેવા લાગ્યાં, ત્યારે શ્રીગોકુલેશ્વર તેમના પ્રણયથી વ્યાકુલ થઈને સ્વામિનીઓ સહિત ઉઠયા. (૫૧૦) પ્રભુના નેત્ર લાલઘૂમ થઈ રહ્યાં છે. શયનને લીધે નેત્રમાં આળસ છે. આભરણ શિથિલ થઈ ગયાં છે, અને સર્વ અંગ શિથિલ થઈ ગયું છે. (૫૧૧) વાણી ઘણીખરી ભાંગીતુટી છે, અધરમાંથી અમૃત જેવો રસ સ્રવે છે, ઉંચે સ્વરથી, ઉત્કંઠાથી, ગાતાં ગોપીજનના કંઠ ઉપર પોતે હસ્ત ધર્યા છે. (૫૧૨) ધીરેધીરે ચરણ ધરે છે, ગજરાજની સમાન ચાલ છે, કેસરથી લાલ થયલી ચોળાયલી વનમાલાથી પોતે સારી રીતે શોભે છે. (૫૧૩) વનમાલાના મધુનું પાન કરનાર ભ્રમરોને કૂજનથી વારંવાર આદર આપે છે, અને તેની સુગંધ લેતા પોતાનો કામદેવ ઉદ્દીપન થાય છે. (૫૧૪) શ્રીસ્વામિનીના બંને હાથ ઉપર પોતાના હસ્તકમલ રાખ્યા છે, રસના અતિશયથી સંમોહિત થઈને અનુસંધાન વિનાના પોતે થઈ ગયા છે. (૫૧૫) શ્રીસ્વામિનીના મુખચંદ્રનું દર્શન કરવાને માટેજ આપના નેત્રકમલ ચકોરરૂપ બની ગયા છે, રસાસક્તિને વશ થઈને પોતાના ભક્તને આધીન થઈ ગતિ કરે છે. (૫૧૬) આ પ્રમાણે વિશેષતાથી નિજ જનના હૃદયને સંતોષ આપનારી લીલા પરસ્પર માર્ગમાં કરતા કુંજદ્વાર આગળ આવ્યા. (૫૧૭)

स्वभावभावितानंतसामग्रीसहितः प्रियः । स्वस्वामिनीवृंदयुतो नयनानंददायकः ॥५१८॥
लीलापरवशः कृष्णः सखीभिरवलोकितः । कटाक्षैरंतरानंददूतैरिव तदा हरिः ॥५१९॥
ददानंदमानंदनिधानः शुशुभेतराम् । तावदागत्य तरसा हरिदाससमर्पितम् ॥५२०॥
पदार्थजातमखिलं कंदमूलफलादिकम् । पुलिंद्यः स्थापयामासुः प्रभोरंतिकमुत्तमम् ॥५२१॥
स्थिताः किंचिद्दूरमथो पश्यन्त्यः स्मितसुंदरम् । व्रजनाथमुखाम्भोजं लीलाविलसितेक्षणम् ॥
स्वायोग्यतां भावयन्त्यः संबंधे विरहातुराः । चित्रमाया इव तदा स्थिता विस्मृतदैहिकाः ॥

व्रजनाथोपि नयनैः शिशिरीविदधज्जगत् । स्वामिनीवृंदसहितः सर्वमूरीचकार सः ॥५२४॥

પોતાના ભાવથી ભાવિત અનંત સામગ્રીસહિત પોતે છે, પ્રિય પોતાની સ્વામિનીના યૂથસહિત છે, સર્વના નેત્રને આનંદ આપે છે. (૫૧૮) લીલાથી પરવશ થયલા શ્રીકૃષ્ણને સખીઓએ જોયા, ત્યારે પોતાના હૃદયના આનંદના કૌતુકી કટાક્ષોવડે શ્રીહરિને આનંદ આપ્યો. (૫૧૯) ત્યારે આનંદના નિધાન હરિ પોતે પણ આનંદ આપતા અત્યંત શોભવા લાગ્યા. (૫૧૯) એટલામાં પુલિન્દીઓએ જલદી આવીને હરિદાસ ગોવર્ધને સમર્પણ કરેલા સર્વ ઉત્તમ પદાર્થો, કંદમૂલ, ફલ, વગેરે પ્રભુની સમીપમાં મૂક્યાં. (૫૨૧) પોતે કંઈક દૂર ઉભા રહ્યા, અને સુંદર મંદહાસ્યવાળું લીલાથી વિલાસયુક્ત દૃષ્ટિવાળું, વ્રજનાથનું મુખકમલ જોવા લાગ્યાં. (૫૨૨) પોતાની પ્રભુના સંબંધની અયોગ્યતાની ભાવના કરવા લાગ્યા. વિરહથી આતુર થઈ ગયા, દેહધર્મ ભૂલી ગયા, અને ચિત્રપ્રાય થઈને ઉભા રહ્યા. વ્રજનાથે પણ ત્યાંના સર્વ જંગમ પદાર્થને પોતાના નેત્રથી શીતલ કર્યા, અને સ્વામિનીયૂથસહિત સર્વ સામગ્રી આરોગ્યા. (૫૨૩–૨૪)

फलानि फलरूपेण फलरूपयुतः फलम् । हरिदासस्य फलदः फलादः सोभवत् प्रभुः ॥

પોતે ફલરૂપ હોવાથી સર્વ ફલ પોતાનામાં છે, ફલરૂપ યુક્ત હોઈ પોતે જ ફલ છે છતાં ફલોનો ફલરૂપે અંગીકાર કર્યો. હરિદાસને ફલ આપનાર પ્રભુ પોતે ફલ આરોગ્યા.

પછી પોતે ગોપાલો તથા ગાયોના સમૂહમાં પધાર્યા. વ્રજમાં જવાનો વિચાર સખાઓની સાથે કર્યો, અને અનવસરના વિયોગની વ્રજસ્થ ભક્તની દશા અને તેમાં પ્રભુનું મમત્વ અને ભક્તાધીનપણું પોતે પ્રકટ કરતા વ્રજ તરફ જવા લાગ્યા, તે લીલાનું વર્ણન ૧૦૯ શ્લોકથી કરે છે.

तत उत्थाय सहसा गोपधेनुसमन्वितः । अवदद्बालकान् संध्यासमयः समजायत ॥५२६॥
व्रजं वै धेनवो नेया ईक्षन्ते वत्सकाः पथम् । पश्यतश्चाकुले मार्गं जनन्यावावयोर्गृहे ॥५२७॥

પછી એકદમ ઉઠીને ગોપો અને ગાયોની સાથે થઈ ગયા, અને બાલકોને કહેવા લાગ્યા કે સંધ્યાનો સમય થઇ ગયો છે. (૫૨૬) ગાયોને હવે વ્રજમાં લઈ જવીજ જોઇએ. વાછરડાંઓ વાટ જુએ છે, અને અમારી બંને માતાઓ ઘરમાં આકુલવ્યાકુલ થઇને અમારી વાટ જુએ છે. (૫૨૭)

गायन्त्यो मद्गुणान् गोप्यः समुदायेन मत्पराः । गोष्ठस्थिताः स्वस्वभावै रमयंत्यांतरं हि माम् ॥
त्यक्ताखिलक्रियाजाता गुणगायनमानसाः । विरक्तपदवीं याताः पश्यन्ति पदवीं मम ॥५२९
त्यक्तलोकत्रपा नित्यं तथा भावितमत्कृपाः । अत्यंतदीना ईक्षन्ते धृतिहीनाः पथं मम ॥५३०
मद्धर्मध्यानमनसः क्लेशशोषितविग्रहाः । मल्लीलाभावमापन्ना मोदन्ते दिवसेष्वपि ॥५३१॥

ગોષ્ઠમાં રહેલાં ગોપીજન પોતપોતાના ભાવથી મારી સાથે આંતર રમણ કરતાં મત્પરાયણ થઈને ટોળે વળી મારા ગુણ ગાય છે. (૫૨૮) પોતાના ઘરની બધી ક્રિયાઓનો તેમણે ત્યાગ કર્યો છે. મારા ગુણગાનમાંજ તેમનું મન છે. વૈરાગ્યની દશા તેમને પ્રાપ્ત થઈ છે, અને મારી રાહ જોયા કરે છે. (૫૨૯) લોકની શરમનો ત્યાગ કર્યો

છે. નિત્ય મારી કૃપાની ભાવના કર્યા કરે છે. અત્યંત દીન થઈ ગયાં છે. હવે તેમની ધીરજ રહી નથી. આતુરતાથી મારી વાટ જુએ છે. (૫૩૦) મારા ગુણોના ધ્યાનમાંજ એમનું મન લાગી રહ્યું છે, મારા વિયોગના ક્લેશથી એમનાં શરીર સુકાઈ ગયાં છે, અને દિવસે પણ મારી લીલાના ભાવને પ્રાપ્ત થઈનેજ આનન્દ માને છે. (૫૩૧)

स्मरन्त्यो मम वाक्यानि तथैवागमनावधिम् । मुहुर्मुहुर्विमुह्यन्ति दिङ्मूढा इव मां विना ॥
वनागमनमार्गैकदत्तलोचननीरजाः । वेणुनादश्रुतपराः श्रुतयः श्रुतयः पराः ॥ ५३३ ॥
भावयंति सदा गोभिः सहितं सायमागतम् । विपिनादपि वै खिन्ना विभिन्ना विरहेण हि ॥
द्रुतचित्ता मदीयैकक्रीडावित्ता व्रजस्थिताः । मद्दुःखदुःखिताः प्राणान् धारयंति कथंचन ॥

મારાં વાક્યનું સ્મરણ કરતાં, તથા મારા આવવાના સમયનું સ્મરણ કરતાં, મારા વિના દિઙ્મૂઢ થઈ ગયાં હોય તેમ વારંવાર મૂર્છિત થઈ જાય છે. (૫૩૨) વનમાંથી પાછા આવવાના માર્ગમાં પોતાનાં નેત્રકમલ લાગી રહ્યાં છે, એ અતિ ઉત્તમ શ્રુતીઓ વેણુનાદ શ્રવણ કરવામાં પરાયણ થઈ કાન ધરી રાખે છે. (૫૩૩) સંધ્યાકાલે ગાયો સહિત વનમાંથી હું આવું તેની ભાવના નિરંતર કર્યા કરે છે, એ ગોપીજનો ખિન્ન થઈ વિરહથી છિન્નભિન્ન થઈ રહ્યાં છે. (૫૪) એઓ વ્રજમાં છે, તો પણ એમનું ચિત્ત મારી પાછળ લાગી રહ્યું છે. મારી ક્રીડા એજ એમનું ધન છે, મારા વિરહદુઃખથી દુઃખિત છે, જેમ તેમ કરીને પ્રાણ ધારણ કરી રહ્યાં છે. (૫૩૫)

श्रीदामन्नंतिकं शीघ्रमागच्छ शृणु सादरम् । वदाम्यत्यंतरंगाय तुभ्यं मन्मनसि स्थितम् ॥
राधा मम हृदाधारो राधा मत्प्राणजीवनम् । राधा नयनशृङ्गारो राधा मज्जन्मनः फलम् ।
राधा मदीयसर्वस्वं राधा मन्मूर्धमंडनम् । राधैव मद्दृशो रूपं मत्श्रुत्योः शब्द एव च ॥५३८॥
मन्नासिकायाः सा गंधो रसनाया रसोपि सा । मत्त्वचः सैव संस्पर्शो विषयाः सर्व एव सा ॥
वहिः सा मेन्तरं सैव पुरतः सा पुरैव सा । चलतः सा तिष्ठतः सा शयानस्यापि सा मम ॥

હે શ્રીદામા, મારી પાસે જલદી આવ, તું અન્તરંગ છે, તેથી મારા મનની વાત કહું છું તે ધ્યાન દઈ સાંભળ. (૫૩૬) રાધા મારા હૃદયનો આધાર છે, રાધા મારા પ્રાણનું જીવન છે, રાધા મારા નયનનો શૃંગાર છે,-રાધા મારા જન્મનું ફલ છે. (૫૩૭) રાધા મારૂં સર્વસ્વ છે, રાધા મારા મસ્તકનું ભૂષણ છે, રાધા જ મારી દૃષ્ટિનું રૂપ છે, અને મારા કાનનો શબ્દ છે. (૫૩૮) મારી નાસિકાનો ગંધ પણ એ જ છે, મારી જીહ્વાનો રસ પણ એજ છે, મારી ત્વચાનો સ્પર્શ પણ એ જ છે, મારા સર્વ વિષયોરૂપ એજ છે. (૫૩૯) મારી બહાર એ છે, મારી અંદર પણ એ જ છે, મારી આગળ પણ એ જ છે, મારી પાછળ પણ એ જ છે, ચાલતાં પણ એ જ છે, ઉભા રહેતાં પણ એ જ છે, અને શયન કરતાં પણ મને એ જ છે. (૫૪૦)

स्वप्ने तामेव पश्यामि सुषुप्तावपि तल्लयः । जाग्रतो न परं मित्र नापयाति दृशोर्मम ॥५४१॥
भोजनं कुर्वतोप्येवं सैव तिष्ठति सन्निधौ । मित्र किं वहुना यद्यत् करोमि मुखपंकजे ॥५४२॥
सर्वं स्वादु तथा याति यथा तदधरामृतम् । सखे मम रुचिर्याता तदन्यद्वस्तुभोगतः ॥५४३॥

कथं तिष्ठामि भवने कथं गच्छामि वै वनम् । वने विचरणं तस्या विरहेण गृहे मया ॥५४४॥
स्थातुं न शक्यते तस्मान्नान्यस्तद्धेतुरिष्यति । मित्र मे जीवनं राधाधरपीयूषसेवनम् ॥५४५॥

સ્વપ્નમાં પણ હું એને જ જોઉં છું. સુષુપ્તિમાં એનામાં જ—હું લીન થઈ જાઉં છું. હે મિત્ર, હું જાગતો હોઉં ત્યારે પણ મારી આંખ આગળથી એ દૂર થતીજ નથી. (૫૪૧) ભોજન કરતી વખતે પણ એ પ્રમાણે એ જ મારી પાસે આવીને ઉભી રહે છે. હે મિત્ર, બહુ શું કહું, જે જે મારા મુખકમલમાં હું મૂકું છું તે સર્વે એના અધરામૃત જેવું સ્વાદવાળું થઈ જાય છે. હે સખા, એના અધરામૃત વિનાની બીજી વસ્તુનો ભોગ કરવો મને રુચિકર લાગતો નથી. (૫૪૩) એના વિરહમાં હું ઘરમાં કેમ રહી શકું, અને વનમાં પણ કેવી રીતે જાઉં, એના વિરહમાં વનમાં જઈ શકાતું નથી, ઘરમાં રહી શકાતું નથી, એમાં બીજું કાંઈ કારણ નથી; હે મિત્ર, રાધાના અધરામૃતનું સેવન કરવું એ જ મારૂં જીવન છે. (૫૪૪–૪૫)

तया विना न किंचिन्मे त्रिजगत्यतुलांगया । सुभगं वर्तते किं वा मद्रूपमपि न प्रियम् ॥
अर्धस्तया विना मित्र विचरन् विजने वने । कदा मां निजकंठास्यलग्नं विरचयिष्यति ॥
कदा मयि सखे प्राणवल्लभे मतिवल्लभा । प्रहस्य प्रथमं स्वीयहस्तं वा धारयिष्यति ॥५४८॥
भावये राधिकायास्तु सुप्तं गमनमेव च । गजतुल्यगतिं स्वीयनखचंद्रप्रकाशनम् ॥ ५४९ ॥

ત્રણે લોકમાં જેના અંગની તુલના કોઈથી થઈ શકતી નથી એવી રાધા વિના મને બીજું કાંઈ સૌભાગ્યવાળું લાગતું જ નથી. બીજું તો શું મારૂં રૂપ પણ મને પ્રિય લાગતું નથી. (૫૪૬) હે મિત્ર, એના વિના નિર્જન વનમાં ફરતો હું અર્ધ માત્ર છું. એ મને પોતાના કંઠમાં અને મુખમાં લગ્ન ક્યારે કરશે ? (૫૪૭) હે સખા, મને ઘણીજ વ્હાલી હસીને મારે વિષે, પોતાના પ્રાણવલ્લભને વિષે, પ્રથમ પોતાનો હસ્ત ક્યારે ધારણ કરશે ? (૫૪૮) હું રાધિકાના શયનની, ગમનની એની ગજતુલ્ય ગતિની, એના નખચંદ્રના પ્રકાશની નિરન્તર ભાવના કરૂં છું. (૫૪૯)

चारीकरणचातुर्यचलन्नूपुरनादनम् । आरक्तशाटिकाप्रान्तलसच्चरणपंकजम् ॥५५०॥
कटिदेशलसत्क्षुद्रघंटिकाकलनादनम् । नाभिहृदोपरिलसन्मुक्ताहारावलंबनम् ॥५५१॥
अतिश्यामतमस्निग्धकंचुकीपरिधापनम् । उरःस्थलस्थितश्रीमत्पदकोत्तमभूषणम् ॥५५२॥
सुवर्णमणिरत्नादिदेहविद्योतनं तथा । कंठलग्नतनुस्वीयकाचसौभाग्यमंडनम् ॥ ५५३ ॥
तदग्रे सूक्ष्ममणिभिः कृतकंठविभूषणम् । तदधो वज्रजटितचतुष्की नाम मडनम् ॥ ५५४ ॥
करद्वंद्वलसच्चारुकाचकंकणसंचयम् । अनेकरत्नजटितकंकणाकृतिभूषणम् ॥ ५५५ ॥
बाहुद्वितयमध्यस्थांगदाभूषणशोभनम् । गुंजामालाराजमानग्रीवोरःस्थलदीपनम् ॥५५६॥
बिंबाधरस्य स्फुरणं गंडस्थलचमत्कृतिम् । नासिकामुक्तिकाभूषमलकैर्वदनावृतिम् ॥५५७॥
कस्तुरिकाबिंदुलसद्भालवज्रविभूषणम् । सुवर्णरेखात्रितयमौक्तिकामलकावलिम् ॥५५८॥
मणिमाणिक्यवज्रादिजटितं तिलकं तथा । द्विफालमध्यसिंदूरमौक्तिकं केशपाशकम् ॥५५९॥

पार्श्वद्वितयमध्यस्थशिरोपुष्पविभूषणम् । मुक्तासुवर्णमालाभिः पुष्पमालाभिरप्युत ॥५६०॥
ग्रथितां रत्नसंशोभिपट्टगुच्छसुराजितम् । शिरोभूषोपरिस्थायि सूक्ष्मचैलामलांचलम् ॥५६१॥
पदद्वंद्वतलस्थायि कुंकुमालक्तकद्युतिम् । स्मरामि सततं मित्र नाम गृह्णामि सर्वदा ॥५६२॥

એની ચાલવાની ચતુરાઇથી હાલતાં નૂપુરના નાદનું, તથા લાલ સાડીના છેડા નીચે શોભતાં ચરણકમલનું, (૫૫૦) તથા કટિપર ધરેલી શોભાયમાન નાની ઘુઘરીઓના કલ કલ થતા નાદનું, નાભિરૂપી સરોવર ઉપર પ્રકાશતા લાંબા મોતીના હારનું, (૫૫૧) અતિ શ્યામ સ્નિગ્ધ કંચુકીના વસ્ત્રનું, ઉરઃસ્થલપર રહેલા ઉત્તમ પદકરૂપ આભૂષણનું, (૫૫૨) સુવર્ણ, મણિ, રત્ન વગેરેથી પ્રકાશિત શ્રીઅંગની શોભાનું, કંઠમાં લાગેલાં નાનાં પોતાનાં સૌભાગ્યસૂચક કાચનાં આભૂષણનું, (૫૫૩) તેની આગળ ઝીણા મણકાનાં બનેલાં કંઠાભૂષણનું, તેની નીચે ધરેલા હીરાજટિત ચોકી નામના ભૂષણનું, (૫૫૪) બે હાથમાં શોભતા સુંદર કાચની ચૂડીના સમૂહનું, અનેક રત્નજટિત કંકણની આકૃતિના ભૂષણનું, (૫૫૫) બન્ને હાથ ઉપર ધરેલા શોભાયમાન બે બાજુબંધનું, ગુંજમાલાથી શોભતા કંઠ તથા ઉરઃસ્થલના પ્રકાશનું, (૫૫૬) બિમ્બાધરના સ્ફુરણનું, ગંડસ્થલના ચમત્કારનું, નાસિકાના મોતીના નકવેસરનું, વાંકડિઆ કેશથી વિટલાયલા મુખનું, (૫૫૭) કસ્તૂરીના બિન્દુથી શોભિત કપાલપર રહેલી હીરાની ટીકીનું, લલાટપર સોનાની ત્રણ રેખારૂપી આડનું, મોતીની અલકાવલિનું (૫૫૮) મણિ, માણેક, હીરા વગેરેથી જટિત તિલકનું, સેંથાની વચ્ચે રહેલા સિન્દૂરવાળા મોતીથી બાંધેલા કેશપાશનું, (૫૫૯) બન્ને બાજુપરની વેણીની વચ્ચે ધરેલા શિશફૂલનું, મોતી અને સુવર્ણની માલા અને પુષ્પની માલાથી ગુંથેલી વેણીનું, (૫૬૦) રત્નથી ગુંથેલા લટકણના છેડાપર લગાવેલા શોભિત રેશમના ગુચ્છાનું, મસ્તકનાં ભૂષણપર ધરેલા ઝીણાં નિર્મલ વસ્ત્રનું (૫૬૧) બે ચરણના તળીઆની નીચે લગાવેલા કેશર અને અલક્તની શોભાનું, હે મિત્ર, હું સર્વદા નામ લઇ લઇને સ્મરણ કરું છું. (૫૬૨)

स कालः कोपि भविता यस्मिन्नेतादृशी मम । प्रिया परमसंतोषयुता यास्यति सन्मुखम् ॥
सखे स खेदहेतुर्मे स्वयं कोपेन तप्यति । तर्जनं मह्यमुचितमपि दोषवतोनिशम् ॥५६४॥
देहेन्द्रियांतःकरणप्राणात्मादिकमप्युत । तदर्थमेव निखिलं न स्वार्थमिह किंचन ॥५६५॥
मया निजस्वरूपं तु वितीर्णं निखिलं प्रिय । प्रियाभ्यो हृदयस्थाभ्यो भावुकाभ्यो निरंतरम् ॥

એવો કોઈ કાલ આવશે કે જે વખતે ઉપર વર્ણવી એવી મારી પ્રિયા અત્યંત પ્રસન્ન થઇને મારી સન્મુખ પધારશે ? (૫૬૩) હે સખે, મને એ ખેદ થાય છે, કે એ પોતે કોપ કરી સંતાપ પામે છે. હું સદા દોષ કરું છું, તેથી મનેજ ઠપકો આપવો ઉચિત છે. (૫૬૪) મારા દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ, આત્મા વગેરે સર્વે એને માટેજ છે, મારા સ્વાર્થ માટે એમાંનું કાંઈ પણ નથી. (૫૬૫) હે પ્રિય, મારું સર્વ સ્વરૂપ મેં મારી નિરન્તર ભાવના કરવાવાળી મારા હૃદયમાં રહેલી પ્રિયાઓને આપી દીધું છે. (૫૬૬)

नाहं स्वतंत्रस्तद्धस्तविक्रीतश्च तथा भुवि । मत्प्रसादस्तथाकोपस्तदधीनो न मत्कृतः ॥५६७॥

કરવું જોઈએ, કેમકે તે ગોપીઓ મારા વિયોગથી દુઃખિત થઈ ગઈ છે, અને મારે માટે જ પોતાનું જીવન ધરી રાખ્યું છે. (૫૭૮) મારા ગુણનું સ્મરણ કરીને જ બીજું કાંઈપણ સ્મરણ તેમનાં મનમાં થતું નથી. મારા દર્શન વિના બહુ કૃશ થઈ ગઈ છે, પુષ્કલ આર્તિથી પીડિત થઈ ગઈ છે. મારા સંગની આશાનું અવલમ્બન કરીને રહી છે.(૫૭૯) વિયોગભાવમાં વિલસતી મારા ગુણગાનના પ્રલાપ કરતી મારે માટે જ લોકવેદમાં કહેલી ક્રિયાનો ત્યાગ કરીને રહી છે. (૫૮૦) પોતાના દેહ વગેરેનું અનુસન્ધાન ભૂલી ગઈ છે, દેહની આવશ્યક ક્રિયા એમની છુટી ગઈ છે. વિયોગથી વિકલ થઈને ખરેખર પ્રીતિથી મારી રાહ જુએ છે. (૫૮૧)

निर्निमेषा जीवशेषाः प्राप्तक्लेशा विशेषतः । दीनवेषा मानलेशा व्रजदेशास्थिता अपि ॥५८२॥
एकाग्रमनसो भावरमणीया मनोरमाः । मयि दूरस्थिते नित्यं भावयंति मदागतिम् ॥५८३॥

એમની આંખો નિમેષ વગરની (ફાટેલી જેવી) થઈ ગઈ છે, એમનો જીવ જ માત્ર ટકી રહ્યો છે, પુષ્કલ કલેશ એમને થયો છે. દીન વેષ ધરીને, માન છોડીને, વ્રજમાં રહ્યાં છે. (૫૮૨) તો પણ એકાગ્ર મનવાળા, ભાવથી રમણીય અને મનોરમા, હું દૂર છું તોપણ નિત્ય મારા આવવાની ભાવના કર્યાં કરે છે. (૫૮૩)

तासामहं हि सर्वस्वमहमेवास्मि लौकिकम् । वैदिकं दैहिकं वापि चैहिकं पारलौकिकम् ॥
गते मयि व्रजं गोप्यो मत्पराः परमाश्रिताः । सजीवाः संभविष्यंति स्थिता अप्यनवस्थिताः ॥
एवं संमन्त्र्य मित्रेण [1]श्रीदाम्ना भगवान् हरिः । मुदा हृदानंदभरस्त्वरयारुरुहे गिरिम्॥५८६॥

હું જ તેમનું સર્વસ્વ છું, એમનું લૌકિક, વૈદિક, દૈહિક, ઐહિક, પારલૌકિક સર્વ હું જ છું. (૫૮૪) મારાં વ્રજમાં જવાથી ગોપીઓ કે જેઓ મારામાં પરાયણ છે, મારો પરમ આશ્રય કરવાવાળા છે, તેઓના જીવમાં જીવ આવશે, કારણ કે હમણાં તો તેઓ છે તોપણ નહિ જેવી છે. (૫૮૫) આ પ્રમાણે પોતાના મિત્ર સુદામા સાથે દુખહર્તા ભગવાને વિચાર કરીને હર્ષથી હૃદયના આનન્દભેર જલદી પર્વતપર ચઢ્યા. (૫૮૬)

बर्हिपिच्छशिरोभूषः पल्लवाद्यवतंसकः । वनप्रसूनरचितरम्यवेशरतिप्रदः ॥ ५८७ ॥
गुंजाफलावतंसाढ्यो मल्लवेशविराजितः । त्रिभंगललितः पीतवसनांचललालितः ॥५८८॥
वनधातुकृतस्वीयविग्रहाद्भुतचित्रकृत् । व्रजागमनविज्ञानविस्मृताखिलदेवनः ॥५८९॥

ભગવાને મોરપિચ્છનો મુકુટ ધર્યો છે, કોમલ પલ્લવ વગેરેનાં આભૂષણ ધર્યાં છે, વનના પુષ્પના બનાવેલા સુંદર વેશથી રતિનું દાન કરવાવાળા છે. (૫૮૭) ગુંજાના આભૂષણથી યુક્ત મલ્લવેશથી શોભે છે, ત્રિભંગલલિત અંગ શોભે છે. સુંદર પીતામ્બરના અંચલથી શોભે છે. (૫૮૮) વનની ધાતુ ગેરુ વગેરેથી શ્રીઅંગ પર અદ્‌ભુત ચિત્રામણ કર્યાં છે, વ્રજમાં પધારવાના ધ્યાનમાં સર્વ શ્રમ ભૂલી ગયા છે. (૫૮૯)

स्वामिनीस्मरणायातहृद्भावोदयभावितः । वेणुं पूरितवानेवं गवामेवागतिर्यथा ॥५९०॥
नतिनानग्रहं नित्यं वत्सलेन स्मृताः पुनः । धावन्त्यो भाववेगेनाभवन्गावः स्वसंयुताः ॥
व्रजनाथमुखाम्भोजं मनोजरुचिरं मुदा । पश्यन्त्यो हृदयानंदमक्षिभृङ्गैर्निरंतरम् ॥५९२॥

---

[1] मन्त्रेण

चालयन्त्यः स्वशृंगाणि मुखमुन्मुखयंति च। पुच्छमुच्छालयंत्यश्च स्रवन्त्यः स्वौधसं पयः ॥

શ્રીસ્વામિનીનું સ્મરણ થવાથી હૃદયમાં ઉદય થતા ભાવથી ભરપૂર થયા છે, વેણુને એવી રીતે વગાડી કે તે શ્રવણ કરતાં વેંતજ સર્વ ગાયો આવે. (૫૯૦) પ્રત્યેક ગાયનું નામ લઈને નિત્ય બોલાવતા અને વાત્સલ્યથી સ્મરણ કરતા, તેથી ભાવના વેગથી તે ગાયો દોડતી આવી, અને સર્વ ગાયો નિકટ આવીને પાસે એકઠી થઈ ગઈ. (૫૯૧) સર્વ ગાય હૃદયમાં આનન્દ આપનાર, કામદેવ કરતાં સુંદર, વ્રજનાથનું મુખકમલ નેત્રરૂપ ભ્રમરથી હર્ષથી એક ટક જોઈ રહી. (૫૯૨) પોતાના શિંગડા હલાવે છે, પોતાનાં મુખ પ્રભુની સામે ઉંચા કરે છે, પુછડાં ઉછાળે છે, અને પોતાનાં ભરાઉ સ્તનમાંથી દૂધના પ્રાસો મૂકી રહી છે.

दूर्वादलमुखामोदमीलल्लोचनवीक्षिकाः । वेणुनादश्रुतिपरोत्तब्धकर्णपुटा अपि ॥५९४॥
गैरिकादिभिरप्यन्यैश्चित्रधातुभिरंचिताः । मयूरपिच्छरचितपट्टिकालंकृता मुखे ॥ ५९५ ॥
ललाटमध्यविलसत्स्वर्णाभरणशोभिताः[1] । कंठदेशलसत्स्वर्णशृंखलाघंटिकायुताः ॥५९६॥
मुक्तामणिमयस्वर्णमालिकालंकृता अपि। पदैश्चतुर्भिः सौवर्णनूपुराभरणान्विताः ॥५९७॥
पीताम्बरावृताः काश्चित्कृष्णप्रीतिसमाश्रयाः । मयूरचंद्रिकाशृङ्गमध्यनिर्मितचंचलाः ॥५९८॥

મુખમાં દૂર્વાના દલ છે તેની સુગન્ધથી અર્ધા મીચેલાં નેત્રથી જુવે છે, બંને કાન ઉંચા કરીને વેણુનાદનું શ્રવણ કરવામાં પરાયણ થઈ ગઈ છે. (૫૯૪) ગેરુ વગેરે પણ બીજી વિચિત્ર ધાતુઓથી રંગેલી છે, મોરપિચ્છની રચેલી પટ્ટિકા મુખ ઉપર અલંકૃત કરી છે. (૫૯૫) લલાટની વચમાં ચળકતા સોનાના આભરણથી શોભે છે, કંઠમાં ચળકતા સોનાની સાંકળી ઘંટડી સહિત બાંધી છે. (૫૯૬) મોતી અને મણિવાળી સોનાની માલા અલંકાર રૂપે ધરી છે, અને ચારે પગ ઉપર સોનાના નૂપુરના આભરણ ધર્યાં છે. (૫૯૭) કોઈક ગાયો શ્રીકૃષ્ણની પ્રીતિપાત્ર છે. તેમને પીતાંમ્બર ઓઢાડ્યા છે, બન્ને શિંગડાની વચમાં મોરચંદ્રિકા ધરી છે, તે મસ્તક હલાવવાથી હાલી રહી છે. (૫૯૮)

कर्णद्वयोपरिमान्तलसत्संवद्धचामराः । निजस्वामिकरस्थायिपीतांवरसमीक्षकाः ॥५९९॥
मयूरपिच्छविलसच्चमरांदोलनोन्मुखाः। स्वभावान्सूचयन्त्योथ चंचलाः शृङ्गचालनाः॥६००॥
भीता इव भयत्रस्ता धावन्त्यश्चकितानना: । स्वस्वामिवदनांभोजदर्शनौत्कंठ्यकातराः ॥
गोपालकरसंस्पर्शस्वेदरोमोद्गमादयः । वेणुनादगतिस्तंभचित्रप्रायतया स्थिताः ॥ ६०२ ॥
दन्तदष्टतृणा जातसर्वकार्यघृणा भुवि । चरणांभोजचिह्नानि प्रेक्षणैकगतिप्रियाः ॥ ६०३ ॥
कृतपीताम्बरोत्फालपरितःपरिवर्तनात् । वेणुनादसमाहूता[2] गावो द्रुतमुपागताः ॥ ६०४ ॥

બન્ને કાનના ઉપર શિંગડાને લગાવીને ચળકતા ચમ્મર બાંધ્યાં છે. એ ગાયો પોતાના સ્વામીના હાથમાં ધારણ કરેલાં પીતામ્બર તરફ સારી રીતે દૃષ્ટિ કરી રહી છે. (૫૯૯) મોરપિચ્છનું ચમ્મર ચળકતું હાલે છે, તેના આંદોલનની સામું જોઈ રહી છે, પોતાના શિંગડા હલાવવાથી પોતાના ચંચલ ભાવોનું સૂચન કરે છે. (૬૦૦

---

[1] पर्णा. [2] वेणुना च

ભયભીત થઈ હોય તેમ ત્રાસયુક્ત થયલા ચકિત થયલા મુખવાળી દોડી જાય છે, પોતાના સ્વામીનું મુખકમલ જોવાને ઉત્કંઠાથી વ્યાકુલ થઈ ગઈ છે. (૬૦૧) ગોપાલના કરના સ્પર્શથી પરસેવાવાળી અને રોમાંચયુક્ત થઈ ગઈ છે, વેણુનાદથી ગતિ સ્થિર થઈને ચિત્રમાં ચિત્રી હોય તેવી ઉભી રહી છે. (૬૦૨) દાંતમાં ઘાસનો કોળિઓ કરી રહી છે, સર્વ કાર્યમાં અરુચિ થઈ ગઈ છે. પૃથ્વિપર લાગેલાં ભગવાનના ચરણકમલના ચિન્હ જોતી જોતી ભગવાન્‌ની પાછળ ચાલવામાં પ્રીતિવાળી છે. (૬૦૩) ભગવાને પોતાનું પીતામ્બર ઉછાળીને ચોતરફ ફેરવ્યું, તેથી વેણુનાદથી બોલાવેલી ગાયો જલદી પાસે આવી ગઈ. (૬૦૪)

प्रेषयित्वाग्रतो गोपान् सबालान सहशस्त्रकान। तत्पश्चाद्गोधनं सर्वमेकीकृत्यापि वृंदशः ॥
पश्चात् स्वयं वृतो गोपैः स्थितो वेणुमपूरयत्। शृङ्गाण्यापूर्य चलिताः तरसा गोपबालकाः ॥
सरोजमिव पत्राणि परिवार्य निजप्रभुम्। गायन्तस्तद्यशः शुद्धं वने स्वेनानुभावितम्॥६०७॥
धातुपल्लवपुष्पादिकृतवैचित्र्यविग्रहाः। अनेकाभरणैर्युक्ता मत्ता लकुटपाणयः ॥६०८॥
कटिविन्यस्तशृंगादिगोपवेषविराजिताः। स्वनाथगानश्रवणहृदयानंदतुंदिलाः ॥६०९॥
अनेकविधवाद्यानि वादयन्तोथ कूजनैः। तोषयन्तो हासयन्तः प्रियं गोपालवेषिणम् ॥६१०॥

આગળથી બાલકો સહિત શસ્ત્રધારી ગોપોને મોકલ્યા, તેની પછવાડે સર્વ ગોધનને એકઠું કરીને જૂદાં જૂદાં ટોળાંઓ કર્યાં. (૬૦૫) પછી પોતે ગોપોથી વિંટલાઇને વેણુ વગાડી, અને ગોપબાલકો પણ શિંગડી બજાવતા જલદી ચાલવા લાગ્યા. (૬૦૬) જેમ કમલના પત્ર ચારે તરફથી કમલને ઘેરી લે છે, તેમ ગોપોએ પોતાના પ્રભુને ઘેરી લીધા. વનમાં પોતે ભગવાનના યશનો અનુભવ કર્યો હતો તે શુદ્ધ યશનું ગાન કરવા લાગ્યા. (૬૦૭) વનના ગેરુ, કોમલ પત્ર, પુષ્પ વગેરેથી પોતાના અંગને ચિતર્યાં છે, એવા અનેક આભરણયુક્ત થઇને, મત્ત થઇને, હાથમાં લાકડીઓ લઈ ચાલે છે. (૬૦૮) કટિ પર શિંગડીઓ વગેરે ધરી છે, ગોપવેષથી શોભી રહ્યા છે, પોતાના નાથ શ્રીકૃષ્ણનું ગાન સાંભળીને હૃદય આનન્દથી પ્રફુલ્લિત થયાં છે. (૬૦૯) અનેક પ્રકારના વાજાં બજાવે છે, કૂજન કરે છે, ગોપાલવેશધારી પ્રિય પ્રભુને સંતોષ આપે છે અને તેમને હસાવે છે. (૬૧૦)

भगवानपि गोविंदो दधद्वपुरहोफलम्। वनमालांचितपदो वनधातुविचित्रितः ॥ ६११ ॥
शृङ्गवेत्रे च जठरे दधत् पीतांबरावृतः। नृत्यन् व्रजभुवो नित्यमर्दनक्लेशहानिकृत् ॥६१२॥
कमलं चालयन् वामकरेण च निवर्तयन्। वनमालास्थमधुपान् पश्यन् कुसुमितद्रुमान् ॥
लताः पुष्पयुताः स्वीयकरजैरभिमर्षयन्। फलोपहारविनतानभिनंदन् वनद्रुमान् ॥ ६१४ ॥

ગોવિન્દ ભગવાને પણ આશ્ચર્યયુક્ત ફલરૂપ શ્રીઅંગને ધારણ કર્યું છે, વનમાલાથી ચરણ સેવાયલાં છે. અને વનની ધાતુથી પોતે ચિત્રાયલા છે. (૬૧૧) શિંગડી તથા લાકડી કટિપર ધર્યાં છે, જઠરપર પીતામ્બર લપેટયું છે, નૃત્ય કરે છે, તેથી નિત્ય મર્દનથી થયેલા વ્રજભૂમિના ક્લેશનો નાશ કરે છે. (૬૧૨) ડાબા હાથથી કમલને ફેરવતા, વનમાલાપર બેઠેલા ભ્રમરોને ઉડાવે છે. ફુલખીલેલા વૃક્ષોને જોતા જોતા ચાલે

છે. (૬૧૩) પુષ્પવાળી લતાઓને પોતાના નખથી ચાંપે છે. ફલની ભેટ ધરવાને પોતાની ફલયુક્ત શાખાને નીચે નમાવતા વૃક્ષોની પ્રશંસા કરે છે.

बोधयन पुष्पलतिकापल्लवाद्युपयोगिताम् । धावन् व्रजभुवो गाढपदसंबंधयोजनात् ॥६१५॥
प्रदर्शयन्निकुंजानि दिनान्तररतिक्रियाः । भावयन् मनसा भावं स्वामिनीनां चलन्नपि ॥
कदाचिद्विमना मार्गे कदाचिद् गतिसादरः । मीलिताक्षः कदाचित्तु कदाचित्साश्रुलोचनः॥
कदाचिद् भावनानन्दरचितात्युच्चगानकृत् । कदाचिदांतरोत्कण्ठमित्रांसधृतबाहुकः॥६१८॥
कदाचिद्वादयन् वेणुं जंगमस्थावरत्वकृत् । स्थावरेषु तु वृक्षादिष्वांतरानंददायकः ॥६१९॥

પુષ્પલતા અને પત્ર વગેરેના ઉપયોગનો એ પ્રમાણે બોધ કરે છે. અને વ્રજભૂમિને પોતાના ચરણનો ગાઢ સમ્બન્ધ કરાવતા દોડે છે. (૬૧૫) રસ્તામાં આવતા નિકુંજોના દર્શન કરાવે છે. પહેલા દિવસોમાં રતિક્રિયા કરી હોય તે પણ દેખાડે છે, અને સ્વામિનીના ભાવની ભાવના મનમાં કરે છે. (૬૧૬) તેમ કરતા કોઈકવાર માર્ગમાં ઉદાસ થઈ જાય છે, કોઈકવાર આદરસહિત ચાલે છે, કોઈકવાર નેત્રને મિંચિ દે છે, અને કોઈકવાર નેત્રમાં અશ્રુ આવે છે. (૬૧૭) કોઈક વેળા ભાવનાના આનંદથી રચેલા ગાયનનું અતિ ઉંચા સ્વરથી ગાન કરે છે, કોઈકવાર અંતઃકરણની ઉત્કંઠાથી પોતાના મિત્રના ખભાપર બાહુ ધર્યા છે. (૬૧૮) કોઈક વખત વેણુ વગાડતા જંગમ વસ્તુને સ્થાવર કરી દે છે, અને વૃક્ષાદિ સ્થાવર વસ્તુને આંતર આનન્દનું દાન કરે છે. (૬૧૯)

रोमांचमधुधारादिसमाविर्भावकारणम् । स्वेदबिंदुलसद्भालो गोरजस्फुरितालकः ॥६२०॥
स्वस्वरूपे दशविधरसप्राकट्यकारकः । निजाननगतस्वीयधर्ममोहितगोपिकः ॥६२१॥
गोरजोव्याप्तचिकुरपुरुषार्थचतुष्टयः । यतस्ते ते निवर्तन्ते कामास्तद्दर्शनेन हि ॥६२२॥
यावद्वनस्थितस्वीयलीलानुभवकारकः । निजसंगस्मरणजानंदप्रमुदिताननः ॥६२३॥

ત્યારે તેમને રોમાંચ થાય છે, અને મધુધારાનો સારી રીતે આવિર્ભાવ થાય છે. ભગવાન્‌ના લલાટ પર પરસેવાના બિન્દુ શોભે છે, અને અલક ગોરજથી વ્યાપ્ત થાય છે. (૬૨૦) પોતાના સ્વરૂપમાં દશ પ્રકારના રસ પ્રકટ કરે છે, પોતાના મુખારવિન્દમાં રહેલા પોતાના ધર્મથી ગોપિકાઓને મોહિત કરે છે. (૬૨૧) ગોરજથી અલક વ્યાપ્ત થયા છે, તે ચાર પુરુષાર્થરૂપ છે, કારણ કે તેના દર્શનથી લૌકિક ચારે પુરુષાર્થની કામના નિવૃત્ત થાય છે. (૬૨૨) વનમાં રહીને જે લીલાઓ પોતે કરી તેનો અનુભવ કરાવે છે, પોતાને સ્વામિની વગેરેના સંગના સ્મરણથી ઉત્પન્ન થતા આનંદથી શ્રીમુખ આનન્દયુક્ત થાય છે. (૬૨૩)

घूर्णायमाननयनप्रांतसंसूचितस्थलः । वामबाहूद्धृतोत्साहलीलाकमलशोभितः ॥ ६२४ ॥
वनमालामधुकरोपरोधविनिवारकः । तदनुस्वयमुद्भूतभावगानैकतानकृत् ॥ ६२५ ॥
चारीकरणसंसूचिधरणीधृतपादकः । [1]अनंतभेदसंभिन्नहस्तकैकप्रदर्शकः ॥ ६२६ ॥
लीलाप्रकारसंसूचिशिरोभेदविबोधकः । वदनारविन्दगो कुंडलविमंडितः ॥ ६२७ ॥

---

[1] आनन्दभेदभिन्नस्वहस्तकैकप्रदर्शकः । अनन्तभेदभिन्नस्वहस्तैकप्रदर्शकः ।

નેત્ર ઘૂર્ણાયમાન છે, તેના કટાક્ષથી રમણસ્થલની સૂચના કરે છે. ડાબા હાથમાં ઉત્સાહથી લીલા સહિત કમલ ધર્યું છે, તેનાથી શોભાયમાન દેખાય છે. (૬૨૪) તે કમલવડે વનમાલાપર બેઠેલા ભ્રમરના અવરોધને દૂર કરે છે, અને ભ્રમરના ગુંજારવની પાછળ પોતે પણ ઉદ્ભૂત થયેલા ભાવથી તાન સહિત ગાન કરે છે. (૬૨૫) નૃત્યમાં ચરણની ચાલ સૂચવવાને ભૂમિપર ચરણ ધરે છે, અનન્ત ભેદની સૂચના કરવાને હસ્તની ભિન્ન ભિન્ન પ્રકારની ચેષ્ટા બતાવે છે. (૬૨૬) લીલાના પ્રકારનું સૂચન કરતી મસ્તકની ભિન્ન ભિન્ન ચેષ્ટાનો બોધ કરે છે, પાકાં બોર જેવા લાલ વદનવાળાં પોતે છે, કોમલ ગણ્ડસ્થલથી શોભાયમાન છે. (૬૨૭)

निजार्तिहरणार्थैकश्रमविंदुयुताननः । स्वामिनीस्मरणात्यंतमदघूर्णितलोचनः ॥ ६२८ ॥
अमंदकरुणानंदपूरिताशेषगोकुलः । वेणुनादस्वरगतिभेदविज्ञापितस्थितिः ॥ ६२९ ॥
कुलस्वस्वामिनीनामगुणप्रत्येककीर्तनः । गोपीजनागतिज्ञानहर्षफुल्लविलोचनः ॥ ६३० ॥

પોતાના ભક્તની આર્તિ દૂર કરવાને થયલા પરિશ્રમથી પરસેવાના બિન્દુ મુખપર લાગ્યાં છે, શ્રીસ્વામિનીજીના સ્મરણથી અત્યન્ત મદયુક્ત ઘૂર્ણિત નયન છે. (૬૨૮) પોતાના અતિશય કરુણાનન્દથી સમસ્ત ગોકુલને ભરી દીધું છે. વેણુનાદના સ્વરની ગતિના ભેદથી પોતાની સ્થિતિ જણાવે છે. (૬૨૯) પ્રત્યેક સ્વામિનીના નામ તથા ગુણનું કીર્તન કરે છે. ગોપીજન હવે આવશે એવા જ્ઞાનથી હર્ષથી લોચન પ્રફુલ્લિત થાય છે.(૬૩૦)

अधीरमानसस्नेहविरहौत्कंठ्यकातरः । सापराध इव स्वीयकृतिदोषविचारकः ॥६३१॥
सर्वात्मभाववद्गोपीभावभावुकशेखरः । संध्यासमयसंभूतमदनो मूर्तिमानिव ॥६३२॥
विक्षेपकाच्छादकादिशक्तिद्वयसुसंयुतः । लावण्यामृतसिंधूत्थलहरीसंवृताननः ॥६३३॥
यशोदाजन्मसाफल्यकरणः शरणं सताम् । हरणो व्रजतापानामेवं व्रजमुपागतः ॥६३४॥

ગોપીજનના સ્નેહથી મનમાંથી ધીરજ જતી રહી છે. વિરહથી ઉત્કણ્ઠાને લીધે વ્યાકુલ થઈ ગયા છે, પોતે અપરાધી હોય એમ પોતાના કૃત્યના દોષ વિચારી રહ્યા છે, (૬૩૧) સર્વાત્મભાવવાળી ગોપીના ભાવની ભાવના કરવામાં શિરોમણિ છે. સન્ધ્યા સમયે પ્રકટ મૂર્તિમાન્ કામદેવ જેવા દર્શન આપે છે. (૬૩૨) વિક્ષેપક તથા આચ્છાદક વગેરે બે શક્તિસહિત છે, લાવણ્યામૃતના સિન્ધુમાંથી ઉત્પન્ન થતી લહેરીથી મુખ છવાઈ ગયું છે. (૬૩૩) શ્રીયશોદાજીના જન્મને સફલ કરે છે. સત્પુરુષના આશ્રયનું સ્થાન છે. વ્રજના તાપને દૂર કરે છે, એવા ભગવાન્ વ્રજની સમીપમાં પધાર્યા. (૬૩૪)

આ વખતે પ્રભુએ વેણુનાદ કર્યો; તે સાંભળીને વ્રજમાં રહેલા ગોપીજન, પ્રભુ પધારે છે, એમ જાણીને ઘરમાંથી ઉઠીને પ્રભુની સામે આવ્યાં. તેઓ માર્ગમાં પરસ્પર પ્રભુના સ્વરૂપ. પોતાના અભિલાષ વગેરે અનેક વિષયોનો સંવાદ કરતાં વ્રજની સીમા પાસે ઉભાં રહ્યાં, તે લીલાનું વર્ણન ત્રેપન શ્લોકથી કરે છે.

व्रजस्त्रियो गृहगता आकर्ण्य मुरलीध्वनिम् । दृष्ट्वा न दूरतो धूलिं गवां खुरसमुद्भवाम् ॥
संवादमपि संप्राप्य हृदये भावरूपिणः । परमानंदहृदयाः समुत्साहसमुद्भवाः ॥६३६॥

उत्थिताः समुदायेन तन्वः प्राणमिवागतम् । मार्गे मनोरथं सर्वाः स्वस्वभावैर्मुहुर्मुहुः॥
प्रकुर्वन्त्यो गीयमानगुणाः सन्मुखमागताः । हरेरतिशयानंतगुणानंदपरिप्लुताः ॥६३८॥

ઘરમાં રહેલી વ્રજસ્ત્રિયો મુરલીનો નાદ સાંભળીને અને દૂરથી ગાયની ખરીથી ઉડેલી રજ જોઈને, (૬૩૫) હૃદયમાં બિરાજતા ભાવરૂપ પ્રભુની સાથે સંવાદ પ્રાપ્ત કરીને, પરમાનન્દથી ભરેલા હૃદયવાળા ઉત્સાહ સહિત (૬૩૬) જેમ પ્રાણ આવવાથી શરીરો ઉઠે તેમ સામટાં ઉઠીને માર્ગમાં પોતપોતાના ભાવને અનુકૂલ મનોરથ વારંવાર કરતાં (૬૩૭) ભગવાન્‌ના અતિશય અનન્ત ગુણના આનન્દમાં મગ્ન થએલાં, ભગવાન્‌ના ગુણગાન કરતાં પ્રભુસન્મુખ આવ્યાં. (૬૩૮)

सुभगः संध्यासमयो विपिनादायाति गोपिकाधीशः ।
रणयन् विचित्रवेणुं रेणुलसद्वदनकुंतलावरणः ॥ ६३९ ॥
हस्तमिवेतस्तत इह हृदयं स्प्रष्टुं विचालयन् कमलम् ।
पार्श्वस्थितगोपीनां मंक्षु मनोजं विधास्यते पूर्णम् ॥ ६४० ॥
सखि स हि कुटिलकटाक्षैः पश्यन् करकुटिललकुटोपि ।
कुटिलान्यपि युवतीनां मनांसि हर्ता हरिर्नूनम् ॥ ६४१ ॥
दिवसेहर्पतिसदृशं वदनं विरहेण तापनान् मनसः ।
विधुरिव शिशिरीकर्तुं प्रीत्या पश्यन विशेषतोभिमुखम् ॥ ६४२ ॥

આ સન્ધ્યાનો સમય બહુ સુંદર છે. શ્રીગોપિકાધીશ વનમાંથી પધારે છે, વિચિત્ર પ્રકારથી વેણુ વગાડે છે, મુખ ઉપર વાંકડીઆ કેશ છવાઈ રહ્યા છે, તેના પર રજ લાગી છે, તેથી શોભાયમાન છે. (૬૩૯) હાથની માફક અહિં વ્રજભક્તના હૃદયને સ્પર્શ થાય તે પ્રમાણે આમતેમ કમલને ફેરવે છે, તેથી જણાય છે કે આજુબાજુ જે ગોપીજનો ઉભાં છે તેમના કામને સારીરીતે પૂર્ણ કરશે. (૬૪૦) હે સખિ, આ ભગવાન્ કુટિલ કટાક્ષથી જુવે છે, હાથમાં વાંકી લાકડી પણ ધરી છે, તેથી હરિ યુવતિઓના કુટિલ મનનું પણ નક્કી હરણ કરશે. (૬૪૧) દિવસમાં મનને વિરહના તાપથી તપાવે છે, તેથી આપનું મુખ સૂર્ય સમાન દેખાય છે, સન્ધ્યા સમયે પ્રીતિથી શીતલ કરવાને વિશેષ રીતે સામા જોતાં પધારે છે, તેથી ચંદ્ર જેવા જણાય છે. (૬૪૨)

आलि समालिंगनमपि कर्ता हर्ता तापं वनायातः । व्रजपतिरिति जनतायाः समक्षमेवं गताशंकः॥
सुमुखि मुखांबुजनिर्गतवेणुपथायातनिःश्वासः । भेदेप्यधरसुधायाः संपादयिता ध्रुवं पानम् ॥
परमप्रिये ह्यैव त्वया परं भिन्नया तत्र स्थेयम् । स हि संकेतो गोरजसाऽत्युत्तमो भविता ॥
श्रृणु मद्वचो वयस्ये यस्य विना संगमित्थता जाता ।
तस्य समागतिसमये का वा हृन्मानपालने शक्ता ॥ ६४[illegible] ॥

હે સખિ, તાપને દૂર કરવાવાળા, સારી રીતે આલિંગન પણ દેવાવાળા પોતે વ્રજપતિ છે, તેથી નિઃશંક થઈને જનોના સમૂહ આગળ આ પ્રકારે વનમાંથી પધારે છે. (૬૪૩) હે સુમુખિ, પ્રભુના મુખકમલમાંથી નિકળેલા વેણુના માર્ગથી આવતો નિઃશ્વાસ આપણને

વિપ્રયોગમાં પણ અધરસુધાનું પાન અવશ્ય કરાવશે. (૬૪૪) હે પરમ પ્રિયે, તું શરમાલ છે, તેથી અહિંથી દૂર જઈને જુદી ઉભી રહે. ગાયની રજથી તેજ ઉત્તમ સંકેતસ્થાન થઈ જશે. (૬૪૫) હે સખિ, મારૂં કહ્યું સાંભળ, જેના સંગમ વિના આવી દશા થઈ ગઈ છે, તેના પધારવાના સમયમાં એવી કોણ હોય કે જે હૃદયમાં માન રાખી શકે. (૬૪૬)

हृदयस्थितोपि बहिरिति चलनीयं संमुखे सपदि । गत्वा नयनगवाक्षैर्विवरैर्हृदये निधास्यामः ॥
प्राणपतावपि शृणु सखि बहिःस्थिते नैव मत्प्राणाः। चलितास्तत्पतिरा विशतामेते वा तत्र गच्छन्तु॥
चंचलता गोकुलपतिनयने नयनाय सर्वथा मनसः। कथमन्यथा समक्षे ह्यस्माकं वर्धते भूयः॥
चित्रमिदं सखि गोपीनयनैः कमलैः प्रपूजितोप्यहह । तनुते मानसतापं दृष्टो वाथ स्मृतो ध्यातः॥
रुचिरे रुचिरधुना मे हरिवदनादन्यतोयाता । किं कुर्वे कामाकृतिसंदर्शनतो मे हृतं चेतः ॥

જો કે પ્રભુ હૃદયમાં સ્થિત છે, તોપણ બહાર બિરાજે છે, તેની સન્મુખ જલદી ચાલ. ત્યાં જઈને નયનની ગોખલીઓથી બાકાંઓદ્વારા આપણે હૃદયમાં એનું સ્થાપન કરીશું. (૬૪૭) હે સખિ, સાંભળ, પ્રાણપતિ બહાર બિરાજે છે તોપણ મારા પ્રાણ તેમની પાસે ચાલીને ગયા નહિ, તેથી તેમના (પ્રાણના) પતિ તેમાં આવેશ કરો, અથવા આ (મારા પ્રાણ) ત્યાં (પ્રાણપતિમાં) જાઓ. (૬૪૮) શ્રીગોકુલપતિના નેત્રમાં ચંચલતા છે, તે નક્કી મનને હરણ કરવાને માટેજ છે. જો એમ ન હોય તો આપણી સમક્ષ ચંચલતા બહુ વધી શા માટે જાય? (૬૪૯) હે સખિ, આ આશ્ચર્ય છે, ગોપીઓના નયનરૂપી કમલથી એમની સારી રીતે પૂજા થઈ છે, તો પણ અરે, જોવાથી સ્મરણ કરવાથી અથવા ધ્યાન કરવાથી મનનો તાપ વધારે છે. (૬૫૦) એ રુચિર મુખમાં અત્યારે મારી રુચિ છે. (હે સખિ) હરિના મુખ શિવાય બીજી જગ્યાએ મારી રુચિ જતી નથી. હું શું કરૂં? કામને અનુરૂપ રૂપ દેખાડીને મારું ચિત્ત હરી લીધું છે. (૬૫૧)

गावो गोपाः सबलाः सर्वेप्यग्रे च गन्तारः । हरिरेकाकी प्राप्यश्चलनीयं मा विलंबोत्र ॥
संध्यायां जातायां वैरिणि दिवसे क्षयं याते । नीलालकालिवृतमपि वदनं दृश्यं मनोजाढ्यम्॥
संधिः संध्या प्रोक्ता दिवसरजन्योस्तथाविधे काले ।
फलमपि तथाविधं सखि भविता खेदाय तोषाय ॥ ६५४ ॥
श्रवणद्वारा याता हृदयनिविष्टा विशेषेण । वेणुनिनादा हृदयं समाकुलं कुर्वते भूयः ॥
मंत्रा इव मूर्छायां प्रियभिषजा प्रायशः पठिताः। अत एव कुर्वते सखि गमनोद्योगं च सामर्थ्यम् ॥

ગાયો, ગોપો, બલદેવજીની સાથે સર્વે આગળ જશે. હરિ એકલા મળશે, તેથી હવે ચાલ, અહિં બિલકુલ વિલમ્બ કર નહિ. (૬૫૨) આપણા વેરી દિવસનો ક્ષય થયો, સન્ધ્યાનો સમય થયો, શ્યામ અલકની પંક્તિથી ઢંકાયલું અને કામથી ભરેલું વદન નિહાળીએ. (૬૫૩) દિવસ અને રાતની સન્ધિને સન્ધ્યા કહે છે: એવા પ્રકારના કાલમાં ફલ પણ તેવું બંને પ્રકારનું હે સખિ, સુખ ને દુઃખ (ખેદ અને સંતોષ)ની સન્ધિવાળું થશે. (૬૫૪) શ્રવણદ્વારા આવીને વિશેષ રીતે હૃદયમાં પ્રવેશ કરતા નાના પ્રકારના વેણુના નાદ હૃદયને અતિ વ્યાકુલ કરી દે છે. (૬૫૫) મૂર્છાવસ્થામાં પ્રિય વૈદ્ય

બોલેલા મંત્ર મૂર્છાને દૂર કરે છે, તેવીજ રીતે આ પ્રિય મંત્રરૂપ વેણુનાદ કરે છે, તેથી હે સખિ, આપણને જવાના ઉદ્યોગમાં સામર્થ્ય આવે છે. (૬૫૬)

वामदृशः स्फुरणं मे बाहोरपि वामदिक्स्थस्य। सूचयति गोकुलेशो विपिनादायाति वै गोष्ठम् ॥
किमिति विलंबः क्रियते व्याप्रियते मानसं यत्र। तस्मिन्नुपागते सखि खेदहरौ नेदमप्युचितम् ॥
द्रक्ष्यामो दामोदरमद्भुतवेषं विचित्रितं वन्यैः। धातुभिरथ प्रसूनैः प्रकृतिजये साधनं सधनम् ॥
रमणीये रमणीजनमानसचौर्यैककार्याय । कृतमीदृशमथ रूपं न भवेत् का वा मनोमुष्टा ॥

મારી ડાબી આંખ ફરકે છે, ડાબી તરફની ભુજા પણ ફરકે છે, તે સૂચવે છે કે ગોકુલેશ નક્કી વનમાંથી વ્રજમાં પધારે છે. (૬૫૭) હે સખિ, હવે વિલમ્બ શા માટે કરે છે? જ્યાં સદા મન લાગી રહ્યું છે, એવા ખેદને હરવાવાળા પ્રભુ પધારે છે, તે વખતે વિલમ્બ કરવો ઉચિત નથી. (૬૫૮) વનના ગેરુ વગેરે ધાતુથી ચિત્રેલ. તથા પુષ્પથી કરેલા અદ્ભુત વેશવાળા દામોદરનું દર્શન કરીશું. સ્વભાવનો જય કરવામાં એનું દર્શન એજ સધન સાધન છે, સર્વસ્વ ધન એજ છે. (૬૫૯) હે રમણીય સખિ, રમણીજનના મનની ચોરી કરવાને માટેજ આવું રૂપ આપે ધર્યું છે, તો એવી કઈ છે કે આને જોઈને તેનું મન ચોરાયું ન હોય? (૬૬૦)

जनि समजनि हृदयेस्मिन् जनितानंदेभिलाषो मे। यदि पश्यामि हरेर्मुखमभिमुखितं चुंबयिष्यामि॥
मम हृदये सखि सततं यद्यपि गोपीश्वरोस्त्येव। अथ च करोम्यभिलाषं प्रेम्णो गतिरालि विपरीता॥
कदा स समयो भावी भावी यत्र समागमः । हरिणा गोकुलजनीकरिणा विजने मम ॥
उत्कंठते मनो मे गोपीशं कंठसंस्थितं कर्तुम्। प्राणा अपि कंठस्था यतः स्थितिर्नाधुना हृदये ॥

હે સખિ, આ હૃદય જેમાં આનન્દ ઉત્પન્ન થઈ રહ્યો છે, તેમાં મને એવો અભિલાષ થાય છે કે જો હું હરિનું મુખ મારી સન્મુખ થયલું જોઉં તો હું તેને ચુંબન કરી લઉં. (૬૬૧) હે સખિ, મારા હૃદયમાં જો કે ગોપીનાથ હમેશાં બિરાજે છે, તો પણ બહાર તેના દર્શન કરવાની અભિલાષા થાય છે. પ્રેમની ગતિ હે આલિ, વિપરીત છે. (૬૬૨) એ સમય ક્યારે આવશે કે જેમાં એકાન્તમાં ગોકુલની સ્ત્રીઓના (અથવા ગોકુલમાં જન્મેલા) ગજરાજરૂપ હરિ સાથે મારો સમાગમ થાય? (૬૬૩) ગોપીશને કંઠમાં લગાવવાને મારૂં મન ઉત્કંઠિત થઈ રહ્યું છે. પ્રાણ પણ આ વખતે હૃદયમાં રહ્યા નથી, કેમકે કંઠે આવી ગયા છે. (૬૬૪)

सखि वनमालामिलितो लावण्यांभोनिधिस्नातः । गंधभरानतकायो वायुरसौ मंदगश्चलति ॥
निकटस्थाः श्रूयंते गोरंभणवेणुनादाद्याः । गोपकुमारकसुंदरवदनांबुजनिर्गताः शब्दाः ॥
तुल्यस्वभावशीले शीलमिदं गोकुलेशस्य । आर्तानामानंदं प्रयच्छति प्रायशः स्वानाम् ॥
सखि दृष्टैव मया खलु सर्वं वाच्यं वनाचरितम् । स्मरसुंदरगोकुलपतिवदनं लीलामृताढ्यं वै॥
व

હે સખિ, વનમાલાને મળેલો, લાવણ્યના સમુદ્રમાં સ્નાન કરી આવેલો, સુગંધના ભારથી નમ્ર થયેલા અંગવાળો વાયુ પણ આ ધીમો ધીમો વાય છે. (૬૬૫) ગાયના હુંકારો, તથા વેણુનાદ વિગેરે ગોપકુમારોના સુન્દર મુખકમલમાંથી નીકળતા શબ્દો

સમીપમાં સંભળાય છે. (૬૬૬) હે તુલ્ય સ્વભાવવાળી સખિ, ઘણું કરીને ગોકુલેશનો એવો સ્વભાવ છે કે પોતાના દુઃખી જનને આનન્દ આપે. (૬૬૭) કામદેવ કરતાં પણ સુન્દર ગોકુલપતિનું મુખ છે, લીલામૃતથી નક્કી તે ભરેલું છે. હે સખિ, તેને જોઈનેજ તેના વનના ચરિત્ર હું તને કહીશ. (૬૬૮)

तस्य दृशैव हृता मे विवेकधैर्यत्रपादिका धर्माः। धर्मिस्वरूपया सह कथमपि नो धर्मिणा संगः॥
वनमस्माकं प्राणान्नयन्स्वसंगेन वासरे याति। सायमुदेति समस्तान् दातुं हरिरद्भुतः सूर्यः॥
अकलंकः सकलंको भावैः पूर्णस्तथापूर्णः। विलसति सदोदयो[१] हंत दनुदयासंयुतश्चंद्रः॥
सार्द्रहृदेकनिवासः सखि कमलं गोकुलाधीशः। चित्रमिदं न तथापि च कमलाधारो व्रजस्वामी॥

એની દૃષ્ટિથી જ મારા વિવેક, ધૈર્ય, લજ્જા વગેરે ધર્મો હરાઈ ગયા છે, એટલે હું જે ધર્મિસ્વરૂપ થઈ ગઈ છું તેનો ધર્મી ભગવાનની સાથે સંગ કેમ ન થાય? (૬૬૯) દિવસે આપણા પ્રાણ પોતાની સાથે વનમાં લઈને જાય છે, તેજ હરિ સન્ધ્યાકાલે સર્વને પ્રાણ પાછા આપવાને ઉદય પામે છે, એવા એ હરિરૂપ અદ્‌ભુત સૂર્ય છે. (૬૭૦) કૃષ્ણ અદ્‌ભુત ચંદ્ર છે, કેમકે તે કલંકરહિત છે, જ્યારે લૈકિક ચંદ્ર કલંકસહિત છે, કૃષ્ણચંદ્ર ભાવથી પૂર્ણ છે, જ્યારે આ ચંદ્ર અપૂર્ણ છે, કૃષ્ણચંદ્ર સદા ઉદય પામીને વિલાસ કરે છે, જ્યારે ખેદની વાત છે કે આ ચંદ્રને પોતાના ઉદયને માટે દનુ (માથા વગરના દૈત્ય એટલે રાહુ)ની દયાપર આધાર રાખવો પડે છે. (૬૭૧) હે સખિ, ગોકુલાધીશ અદ્‌ભુત કમલ છે, કેમકે એ ભીનાં હૃદયમાં જ વસે છે, છતાં પણ આશ્ચર્ય એ છે કે એ કમલાના (લક્ષ્મીના) આધારરૂપ નથી, પણ વ્રજના સ્વામી (આધાર) છે.

व्रजयुवतीमुखसरसिजमधुनः पाता न मधुपः किम्। माद्यति नेति भवत्यपि रूपं विरहे तु संशयाधारम्
अंगुलिजटालवालोरुस्कंधो हस्तशाखाढ्यः। नयनकुसुमो बिंबाधरफलो हरिः कल्पवृक्षोसौ॥
चंदनमिव विरहानलतापत्रयनाशको जगति। फणिफणविधृतांघ्रित्वाद्विषधरवरचेष्टितो[२] यस्मात्॥

વ્રજયુવતિના મુખકમલના મધુનું પાન કરવાવાળા શું ભ્રમર નથી? શું એમને મદ ચઢતો નથી? મદમાતા થઈ જવાથી આપનું આ સ્વરૂપ સન્દેહને ઉત્પન્ન કરે છે, કે હવે તે મળશે કે નહિ. (૬૭૩) આંગળીઓરૂપી મૂળિઆવાળા ક્યારારૂપ, ઉરુરૂપી સ્કંધ (થડ)રૂપ, હસ્તરૂપી શાખારુપ, નેત્રરૂપી કુસુમરૂપ, બિમ્બાધરરૂપી ફલરૂપ, કલ્પવૃક્ષ આ હરિ (૬૭૪) વિરહાનલ તથા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ત્રણ તાપનો ચંદનની માફક જગત્‌માં નાશ કરે છે, કેમકે કાલીયની ફણા પર ચરણ ધરીને જેમ શ્રેષ્ઠ વિષધરની ઉપર ચેષ્ટા કરી તેવી ચેષ્ટા કરે છે. (૬૭૫)

प्राणिमि वनेपि याते प्राणपतौ तन्न वै चित्रम्। प्राणस्थितिसंपत्तौ यस्य च जातं वियोगत्वम्॥
अग्निरिति प्राणानां मित्रतया स्वाश्रिता विहिताः। नो चेत् किं तिष्ठेयुर्नंदसुतं विप्रयोगिनं कृत्वा॥
चक्षुष एव हि दोषो हृदयगतं चानुभावितं तनुते। तेन वयं क्लिष्टाः स्मः परदोषेणैव सांप्रतं सख्यः॥

---

[१] सदोदयोयं तदनुदयासंयुतश्चन्द्रः। [२] विषधरवेष्टितो

श्रवणमपि श्रवणाय च कुरुते चेतः समुत्कंठाम् । गोकुलपतिमुखसरसिजविवरविनिर्यातवचनानाम्

પ્રાણપતિ વનમાં પધાર્યા પછી પણ પ્રાણ ટકી રહ્યા છે, એમાં કાંઇ આશ્ચર્ય નથી, કેમકે પ્રાણ ટકાવવાને મને વિયોગ (વિશેષ યોગ) પ્રાપ્ત થયો છે. (૬૭૬) એ વિયોગ અગ્નિરૂપ છે, અગ્નિ પ્રાણનો મિત્ર છે, તેથી આ વિયોગાગ્નિ પ્રાણને ટકવા માટે આશ્રય આપે છે. જો એમ ન હોત તો નન્દસુતને વિયોગી કરીને પ્રાણ કેમ ટકી રહે? (૬૭૭) આ નેત્રનો જ દોષ છે, કે જે હૃદયમાં છે, અને જેનો અનુભવ પોતે કર્યો છે તેને જોવાને માટે મથે છે, તેથી હે સખીઓ, પારકાના (નેત્રના) દોષથી જ આપણને હમણાં ક્લેશ થાય છે. (૬૭૮) ગોકુલપતિના મુખકમલના દ્વારમાંથી નીકળેલાં વચન શ્રવણ કરવાને કાન ઘણા ઉત્સુક છે, અને ચિત્ત પણ ઘણું ઉત્કંઠિત થઇ રહ્યું છે. (૬૭૯)

भुजयुगलं परिरंभितुमुत्कंठाभावसंवलितम् । निजपतिवक्षोदेशे कमलादेशे स्थितिः किं स्यात् ॥
स्फुरति हृदयपंकजमपि सायं कृष्णं प्रवेशितुं भ्रमरम् । विरहप्रचंडरश्मावस्तगिरिं याते सकरेपि॥
प्रथममितो गमनं मम सुदुर्लभं भावविवशायाः । वेणुगुणैरज्जुभिरिव कर्षति मां दारुपुत्रिकामंति ॥

બંને હાથ આલિંગન કરવાને ઉત્કંઠાના ભાવથી ભરપૂર થયા છે, પરન્તુ પોતાના પતિનું વક્ષઃસ્થલ જે કમલાનું (લક્ષ્મી)નું સ્થાન છે, ત્યાં હાથની સ્થિતિ કેવી રીતે થઇ શકે? (૬૮૦) વિરહપ્રચણ્ડ કિરણવાળો સૂર્ય કિરણસહિત અસ્તાચલપર ગયો છે, એવા સન્ધ્યાકાલમાં હૃદયકમલ કૃષ્ણરૂપી ભ્રમરનો પોતામાં પ્રવેશ કરાવવાને સ્ફુરે છે. (૬૮૧) ભાવથી વિવશ થયલી જે હું તેનું પહેલાં તો અહીંથી જવું જ અતિદુર્લભ છે, કેમકે લાકડાની પુતળીને જેમ દોરી ખેંચે તેમ વેણુના ગુણોથી પ્રભુ મને પોતાની તરફ ખેંચે છે.

परिचितमपि विस्मरति प्रिय इति किं वा प्रिये चित्रम् । हरिरिति हृतः स्वयं वा निजमनसा मुष्टचित्तश्च
प्रेमलताया व्रजपतिवियोगवह्न्येकपुष्टायाः । चित्रमिदं निजपतिगुणकुसुमसमूहोद्गमः सुखदः ॥
अद्भुतमिदमागमनं हरेरिह प्रेयसि स्वीये । क्षणतो दिवा वियोगं ह्यनुभूतं नैव भावयति ॥
एतावत्पर्यंतं जीवनमभवद्गुणैरेव । ते गुणिसविधे याताः समव्रार्ते जीवनं क्वात्र ॥६८६॥
सखि मनसा तु गतं मम वचसा सह सांप्रतं तरसा । देहो विदेहतां मे यातु तिष्ठत्यसौ विकलः ॥

હે સખિ, પ્રિય પ્રભુ પોતાને પરિચિતને પણ ભૂલી જાય છે. એમાં કાંઈ પ્રિય પ્રભુમાં આશ્ચર્યકારક છે? એ હરિ છે, તેથી પોતે પણ પોતાના મનથી હરાઇ જાય છે, અથવા તો પોતે ચોરાયલા ચિત્તવાલા થઇ જાય છે. (હરિ પોતાના મનને પણ ગુમાવે છે, તો આપણને ભૂલી જાય તેમાં શું આશ્ચર્ય છે?) (૬૮૩) આ આશ્ચર્ય છે કે પ્રેમરૂપી લતા વ્રજપતિના વિયોગાગ્નિથી પુષ્ટ થયલી પોતાના પતિના સુખ આપનાર ગુણોરૂપી પુષ્પના સમૂહને ઉત્પન્ન કરે છે. (૬૮૪) હે પ્યારી સખિ, સર્વ દુઃખના હર્તા હરિનું આગમન અદ્ભુત છે, કેમકે તે સ્વકીય જનને દિવસે અનુભવેલા વિયોગની ક્ષણભર પણ ભાવના કરવા દેતું નથી. (૬૮૫) હે સમાનશીલ સખિ, અત્યાર સુધી તો એમના ગુણોથી જ જીવન ટકી રહ્યું હતું, હવે એ ગુણો ગુણીની પાસે ચાલ્યા, એટલે હવે જીવન કેવી રીતે રહે? (૬૮૬) હે સખિ, મન તો મારી આ વાણીની સાથે જલદી હમણાં ચાલી ગયું છે. મારો આ દેહ વિકલ થઇને વિદેહ થઈ જવાને તત્પર થઈ ગયો છે.

સખીની સાથે સંવાદ કરતાં મૂર્ચ્છા આવી ગઈ, પરન્તુ વેણુનાદથી સચેતન થઇ, પ્રલાપથી પ્રભુની પ્રાર્થના કરતી, સન્ધ્યાભોગની સામગ્રી સહિત પ્રભુની પાસે પહોંચી ગઈ, તેનું વર્ણન બાર શ્લોકથી કરે છે.

एवं वदन्ती विरहे सा क्षणं मूर्च्छिताभवत् । पुनः श्रुतिपथायातैर्वेणुनादैरबूबुधत् ॥६८८॥
हा नाथ गोपिकाधीश शतधा व्रजरक्षक । हा कृष्ण हा दयासिंधो हा वृंदावननायक ॥
हा प्राण हा निजानंद हा वेणुकलगायक । हा मुग्धनंदसर्वस्व हा यशोदाङ्कलालित ॥६९०॥
निजव्रजजनाधार निजव्रजजनार्थद । व्रजप्राण व्रजपते पतामि भुवि सर्वतः ॥ ६९१ ॥

આમ બોલતાં બોલતાં વિરહથી એ ક્ષણ મૂર્ચ્છા પામી ગઇ, ફરીથી વેણુના રવોએ કર્ણના માર્ગદ્વારા જઇને એને સચેતન કરી. (૬૮૮) (ત્યારે એ બોલવા લાગી) “હા નાથ, હા ગોપિકાધીશ, સેંકડો રીતે વ્રજનું રક્ષણ કરનાર, હા કૃષ્ણ, હા દયાસિન્ધો, હા વૃન્દાવનનાયક, (૬૮૯)હા પ્રાણ, હા નિજજનને આનન્દ આપનાર, હા વેણુકલગાયક, હા મુગ્ધનન્દસર્વસ્વ, હા યશોદાંકલાલિત, (૬૯૦) હા નિજવ્રજજનાધાર, હા નિજ વ્રજજનને સર્વ અર્થ આપનાર, વ્રજપ્રાણ, વ્રજપતે, હું બધી તરફથી ધરતીપર પડી જાઉં છું.

दर्शय स्वमुखांभोजं सुधाधरसुधं मुदा । बाहुभ्यां गाढबंधाभ्यां देहि मे परिरंभणम् ॥
एवं बहुतरावस्थां प्राप्ताः संभूय सर्वतः । चलिता ललिता मंजुमंगलं प्रियसंमुखम् ॥६९३॥
गायन्त्यो विस्मृतस्वीयवपुर्वसनभूषणाः । अन्योन्यं दत्ततालाश्च सामग्रीसहिता अपि ॥६९४

અમૃતસમાન અધરસુધાવાલા તમારા મુખકમલનું પ્રસન્નતાથી દર્શન આપો, ગાઢ બન્ધવાલા બંને બાહુથી મને આલિંગન દો.” (૬૯૨) આમ બહુ પ્રકારની અવસ્થાને પ્રાપ્ત થયલાં બધી તરફથી એકઠાં થઈને લલિત ગતિથી, મધુર અને મંગલરૂપ પ્રિય સમ્મુખ ગયાં. ગાન કરતાં, પોતાના દેહને, વસ્ત્રને, આભૂષણને ભૂલી જતાં, પરસ્પર તાલી દેતાં, સન્ધ્યાભોગની સામગ્રી લઈને ચાલ્યાં. (૬૯૪)

पक्वान्नानि समादाय विविधानि विशेषतः । नवनीतं सितासार्द्रफलान्यलवणानि च ॥६९५॥
संपादितानि वस्तूनि ततः सलवणान्यपि । संधितानि विशेषेण दधिदुग्धादिकं तथा ॥
जलानि शीतलाच्छानि तांबूलानि विशेषतः । वनमालां चंदनं च सुगंधानगरूद्भवान् ॥६९७
आसनानि विचित्राणि शयनायोपयोगतः । तथोपवेशनार्थाय चतुष्कीमद्भुतप्रभाम् ॥६९८॥
अनेकविधशोभाढ्यवसनाभरणानि च । गृहीत्वा तरसा कृष्णमुपाजग्मू रतिप्रियाः ॥६९९॥

વિવિધ પ્રકારના પક્વાન્ન તથા ખાસ કરીને માખણ મિશ્રી, લીલાંફળ, તથા લુણ વગરની વસ્તુ (૬૯૫) અને લુણવાળી વસ્તુ પણ સમ્પાદન કરીને અને બહુ પ્રકારના સિન્ધાણા, દૂધ, દહિ વગેરે (૬૯૬) અને શીતલ સ્વચ્છ જલ તથા ઉત્તમ તામ્બૂલ તથા વિશેષે કરીને વનમાલા, ચન્દન અને અગરુની સુગન્ધથી બનેલો અરગજા, (૬૯૭) અને શયનને ઉપયોગિ વિચિત્ર આસનો તથા તેના પર બિરાજવાને માટે અદ્ભુત પ્રભાવાળી ચોકી (૬૯૮) અને અનેક પ્રકારના શોભાયમાન વસ્ત્ર, આભૂષણ લઈને રમણ જેને પ્રિય છે, એવાં ગોપીજન જલદીથી કૃષ્ણની પાસે ગયાં. (૬૯૯)

ત્યાં પ્રભુ સામે આવ્યા ત્યારે સર્વેએ પ્રભુના દર્શન કર્યાં, અને તેમની વિકલ અવસ્થા થઈ, પછી મન અને શરીરથી પ્રભુની સાથે રમણ કર્યું, પ્રભુ સન્ધ્યાભોગની સર્વ સામગ્રી આરોગ્યા; આ લીલાનું વર્ણન સત્તર શ્લોકથી કરે છે.

ततः संमुखमायांतो गोपाः दृष्टाः सगोधनाः । सबला हृदयोत्साहा गतिशृङ्गरवपूरकाः ॥
गायन्तो गोकुलपतिगुणान् वनकृतानपि । हृष्टान्तःकरणा जाता एकाकी प्राप्स्यते प्रियः ॥७००॥
तदा मनोरथः सर्वो हृदिस्थः पूर्णतां गतः । अदृष्ट्वा वा निजपतिं विरहाकुलमानसाः॥७०१॥
भगवानार्तफलद इति ताः मिलिता हरिम् । स्वप्रियस्त्वेकलो दृष्टः सुखाय समभूत्तदा॥७०२॥

પછી ગોધનસહિત હૃદયના ઉત્સાહવાલા, ચાલતા ચાલતા, સારીરીતે શિંગડીઓ વગાડતા, બલદેવજીસહિત ગોપો ગોકુલપતિના ગુણો અને વનમાં કરેલાં સર્વે ચરિત્રોનું ગાન કરતા સામે આવતા જણાયા, તેથી વ્રજભક્તો અંતઃકરણમાં હર્ષવાળા થયા કે હવે પ્રિય પ્રભુ એકાન્તમાં પ્રાપ્ત થશે. (૭૦૧) ત્યારે હૃદયમાં રહેલો સર્વ મનોરથ પૂર્ણ થયો. અથવા જ્યાં સુધી પોતાના પતિને જોયા ન હતા ત્યાં સુધી વિરહથી વ્યાકુલ મનવાલા થઈ ગયા હતા, અને ભગવાન્ આર્તજનને ફલ દેવાવાલા છે, તેથી સર્વ દુઃખના હર્તા હરિને તેઓ મળ્યા ત્યારે સ્વપ્રિયને એકલા જોઇને તે સમયે તેમને સુખ ઉત્પન્ન થયું. (૭૦૩)

प्रियदर्शनसंजातस्वेदरोमांचविग्रहाः । हर्षाश्रुव्याप्तनयनास्तथा कंपादिसंयुताः ॥७०४॥
परिरेभुर्निजपतिं प्रत्येकं मित्रसंमताः । ततः समभवत्तासां हरेरपि मिथो रसः ॥७०५॥
देहानुसंहतिगतिर्ब्रह्मानंद इवापरः । इदं प्रथमताप्राप्तसंबंध इव सोभवत् ॥ ७०६ ॥

પ્રિયના દર્શનથી પ્રસ્વેદ તથા રોમાંચ શરીરમાં થઇ ગયા, હર્ષાશ્રુથી નેત્ર ભરાઈ ગયાં, તથા કમ્પ વગેરે તેમને થયા. (૭૦૪) પ્રત્યેક ગોપીએ મિત્રની માફક પોતાના પતિને આલિંગન કર્યું, પછી તેમનામાં અને હરિમાં પરસ્પર રસ ઉત્પન્ન થયો. (૭૦૫) દેહાનુસન્ધાન જતું રહ્યું. જાણે બીજો બ્રહ્માનન્દ જ હોય એવો આનન્દ થયો, જાણે પ્રથમ સંબંધ પ્રાપ્ત થયો હોય એવો આ સંબંધ થયો. (૭૦૬)

मुख्य एव च संबंधः प्रकटः स तदाभवत् । न ह्यंधकारदेशस्थलीलावदभवत् पुनः ॥७०७॥
तत्र भावाः समुत्पन्नाः संगे प्राथमिके यथा । आदौ व्रीडा ततो मध्ये हास्यं पुष्टे रसे स्मृतम्॥
अन्ते च विनयस्त्वेवमलसादिभिरंचितः । भावैर्दृष्टिगतैरेवं स्वामिनीभिः सुसत्कृतः ॥७०९॥

હરિનો પ્રકટ સંબંધ થવો એ જ મુખ્ય સંબંધ છે, તે સંબંધ તેમને તે સમયે થયો. પછી જેમ અંધકારવાલા સ્થાનની લીલા પ્રકટ દેખાય નહિ તેમ થયું નહિ. (૭૦૭) ત્યાં જેમ પ્રથમ સમાગમમાં થાય તેમ સારીરીતે ભાવો ઉત્પન્ન થયા, પ્રથમ લજ્જા, પછી વચમાં હાસ્ય, રસપુષ્ટ થતાં સ્મૃત થયું. (૭૦૮) અન્તમાં વિનય, એમ એ પ્રકારે શ્રીસ્વામિનીજીઓએ પોતાની દૃષ્ટિમાં રહેલા અલસાદિ ભાવથી ભગવાનનો સુંદર રીતે સત્કાર કર્યો. (૭૦૯)

आनीतामपि सामग्रीं संध्याभोगाय गेहतः । समर्प्य व्यजनैः प्रेष्ठमुपतस्थुः श्रमापहाः ॥७१०॥

सदस्थितो व्रजपतिः स्वामिनीभिरनन्तरम् । तद्दीयसकलं वस्तु बुभुजे भोजनप्रियः ॥७११॥
आश्वासयन् वचोवृंदपीयूषैर्व्रजसुंदरः । मनसा रमयामास सूचयन् भावमात्मनः ॥७१२॥

સન્ધ્યાભોગને માટે જે સામગ્રી ઘેરથી લાવ્યા હતા, તે સમર્પણ કરીને પ્રેષ્ઠ પ્રભુનો શ્રમ નિવારણ કરવાને માટે પંખા કરવા લાગ્યા. (૭૧૦) ત્યારપછી શ્રીસ્વામિનીજીઓ સહિત વ્રજપતિ બિરાજ્યા. તેમની સર્વ વસ્તુ ભોજન જેને પ્રિય છે એવા પ્રભુ આરોગવા લાગ્યા. (૭૧૧) વ્રજના સુન્દર પ્રભુ વચનામૃતના સમૂહથી આશ્વાસન કરવા લાગ્યા, અને પોતાના હૃદયમાં રહેલો ભાવ સૂચન કરતાં મનથી રમણ કરાવ્યું. (૭૧૨)

ततस्तद्दत्तपानीयाचमनाचांत आदरात् । पश्यन मुखानि गोपीनामभूत् प्राप्तनिधिर्हरिः॥७१३॥
ततस्तदंचलेनैव संप्रोञ्छ्य मुखपंकजम् । स्वामिनीहस्तरचितामगृहीत् पर्णवीटिकाम् ॥७१४॥
स्वामिन्यधरपीयूषकृतचर्वणभावनः । तांबूलमुत्तमं कृष्णः स्वानामूरीचकार सः ॥७१५॥
आदाय गंडलग्नायाः स्वामिन्याः श्रीमुखाम्बुजात् । तांबूलचर्वितमथोपिबत्तदधरामृतम्॥७१६॥

પછી તેમણે આપેલા જલથી આચમન કર્યું, અને અન્તમાં આદરથી ગોપીઓના મુખના દર્શન કરતાં હરિ કે જેને નિધિ પ્રાપ્ત થયો હતો, એવા થયા. (૭૧૩) પછી તેમના વસ્ત્રના છેડાથી મુખકમલ પોંછીને સ્વામિનીના હસ્તથી તૈયાર કરેલી પાનની બીડીનું ગ્રહણ કર્યું. (૭૧૪) શ્રીસ્વામિનીના અધરામૃતની ભાવના કરતા આ ઉત્તમ તામ્બૂલનું ચર્વણ શ્રીકૃષ્ણ કરવા લાગ્યા. (૭૧૫) પોતાનું કપોલ ભગવાન્‌ના કપોલને લગાડીને રહેલા શ્રીસ્વામિનીના મુખકમલમાંથી ચર્વિત તામ્બૂલ લઇને પછી તેમના અધરામૃતનું પાન કર્યું.

વ્રજભક્તોનો સત્કાર ગ્રહણ કરીને સખામંડલથી વિંટલાયલા ભગવાન ચાલ્યા, અને વ્રજમાં આવ્યા, તેનું વર્ણન સાડાત્રણ શ્લોકથી કરે છે.

एवं सत्कृतिमादाय हर्षवेगसमुद्भवः । पश्चात् समागतैर्गोपैर्गूढात्मा संवृतोभवत् ॥ ७१७ ॥
वेणुं विरणयन गोपैर्गीतकीर्तिः सुवेत्रधृक् । बर्हिपिच्छशिरोभूषो वनमालाविलासयुक् ॥७१८॥
कमलं चालयन विश्वं मोहयन् नृत्यगीतिभिः । पश्यन पार्श्वस्थिता गोपीः साग्रजो व्रजमाव्रजत्॥
एवं विभाव्यतां नित्यं हरेरागमनावधि ।

આમ ગોપીજનનો સત્કાર ગ્રહણ કરીને હર્ષથી જેને બહુ વેગ આવ્યો છે, એવા ગૂઢાત્મા પ્રભુ, પછી સર્વે ગોપો આવી ગયા, તેમનાથી વિંટલાઈ ગયા. (૭૧૭) ગોપો જેમની કીર્તિનું ગાન કરે છે, એવા પ્રભુ વેણુરવ કરતા, સુન્દર લકુટિ ધારણ કરીને, મોરપિચ્છનું મસ્તકનું ભૂષણ કરીને, વનમાલાના વિલાસવાલા (૭૧૮) કમલને હલાવતા, નૃત્ય તથા ગાન કરતા, આખા વિશ્વને મોહિત કરતા, પાસે ઉભેલી ગોપીઓને જોતા, બલદેવજીસહિત વ્રજમાં પધાર્યા. (૭૧૯) આ પ્રકારે નિત્ય શ્રીહરિની વ્રજમાં આવતા સુધીની લીલાની ભાવના કરવી. (૭૧૯½)

પ્રભુ વનમાંથી વ્રજમાં આવે છે, એવું સાંભળીને શ્રીયશોદાજી પોતાની સખીઓ સહિત પ્રભુની સામે જાય છે, તે સમયની એમની વિકલ અવસ્થા અને ભાવ તથા મનોરથ, એવું વર્ણન સાડી એકત્રીશ શ્લોકથી કરે છે.

ततो यशोदावात्सल्यरसपोषो निरूप्यते ॥७२०॥
शोदा सुतमाकर्ण्य विपिनाद् व्रजमागतम्। मनोरथाभिविष्टा सा सखीभिः सहितोत्थिता ॥
कुर्वन्ती सखीभिः स्वसूनुबाल्यैकगायनम्। वियोगभरसंभ्रान्तहृदया चिंतयातुरा ॥७२२॥

પછી શ્રીયશોદાના વાત્સલ્ય રસના પોષણનું નિરૂપણ કરવામાં આવે છે. (૭૨૦) યશોદાજી પોતાનો પુત્ર વનમાંથી વ્રજમાં આવ્યો છે, એવું સાંભળીને મનોરથથી વિષ્ટ થઈને પોતાની સખીઓની સાથે ઉઠ્યાં. (૭૨૧) પોતાના પુત્રની બાલલીલાનું ખીઓની સાથે ગાયન કરવા લાગ્યાં, અને વિયોગના ભારથી સંભ્રાન્ત થયલા દયવાલા ચિન્તાતુર થયાં. (૭૨૨)

दा दुर्ललितस्याहं निजसूनोर्मुखाम्बुजम्। गोधूलिधूसरं वृन्दाविपिनादागतस्य वै ॥७२३॥
क्ताफलैरिवात्यच्छश्रमबिंदुभिरंचितम्। मधुपैरिव कुटिलैरलकैश्च समावृतम् ॥ ७२४ ॥
न्यप्रसूनसंबंधिपल्लवादिभिरद्भुतम्। मनःशीलातालकादिवनधातुविचित्रितम् ॥ ७२५ ॥
यूरपिच्छरचितशिरोमुकुटभूषणम्। वेणुवादशिरोभेदचलत्कनककुंडलम् ॥ ७२६ ॥
डलद्वयसम्बन्धिगंडद्वयचमत्कृतिम्। नासाविवरविन्यस्तलसन्मौक्तिकभूषणम् ॥ ७२७ ॥
बिंबाधरलसद्वेणुनादमोहितविष्टपम्। वनश्रमकृतालस्यजातसालसलोचनम् ॥ ७२८ ॥
म दृग्विषयो भूयाद्दीनाया दिवसक्षये। पश्चाद्भागे गोधनस्य स्थितस्य क्रीडनात्मनः ॥

વૃન્દાવનથી પધારેલા, બહુ લાડ લડાવેલા, મારા પુત્રનું મુખકમલ, ગોરજથી સર, જાણે મોતી લટકતા હોય તેમ, અતિ સ્વચ્છ શ્રમબિન્દુથી વ્યાપ્ત, જાણે ભ્રમર ટલાયા હોય એમ વાંકડીઆ કેશથી વિંટલાયલું (૭૨૩–૨૪) વનના ફુલસમ્બન્ધિ લ્લવો વગેરેથી અદ્ભુત, મનઃશીલ, હરતાલ વગેરે વનની ધાતુથી વિશેષ પ્રકારે ચિત્રેલું (૭૨૫) મોરપિચ્છથી બનાવેલા મસ્તકના મુકુટના ભૂષણવાળું, વેણુ વગાડતાં, સ્તક હાલતાં, જેમાં કનકના કુણ્ડલ હાલ્યા કરે છે, એવું (૭૨૬) બે કુણ્ડલ સમ્બન્ધિ કચક થતાં બે કપોલવાળું, નાસિકાના છિદ્રોમાં ધરેલા પ્રકાશિત મોતીના ભૂષણવાળું (૭૨૭) બિબ જેવા અધર ઉપર પ્રકાશતા વેણુના નાદથી વિશ્વને મોહિત કરનારું અને વનના શ્રમને લીધે કરાયલા આલસ્યથી આલસ્યયુક્ત લોચનવાળું (૭૨૮) ગોધનની છલના ભાગમાં ઉભેલા અને ક્રીડામાં ચિત્તવાલા મારા પુત્રનું મુખારવિન્દ દિવસને અન્તે હું ગરીબડી ક્યારે જોઈશ? (૭૨૯)

गजराज इव श्रांतश्चलन् मंदमनुस्मरन्। वनलीलां मम सुतः कदा मां सुखयिष्यति ॥७३०॥
स्वधेनुनामग्रहणवेणुनादेन मन्मनः। वियोगवह्निज्वलितं पुनः शिशिरयिष्यति ॥ ७३१ ॥
कुटं भ्रामयन् वामकरेण कमलं तथा। कर्ता कदा दृशोर्जन्म सफलं विरहे मम ॥ ७३२ ॥
संबोध्य मातर्मातर्मे मातरित्यंतिकागतिः। हृदये दर्शनैकार्तियुते सूनुर्लगिष्यति ॥ ७३३ ॥
स्वांगं संचालयन् स्वीयक्षुधं विज्ञापयन् मुदा। याचको दधिदुग्धादेर्विधास्यति हठं कदा ॥

થાકેલો હોવાથી ગજરાજની માફક ધીમે ધીમે ચાલતો, વનલીલાનું સ્મરણ રતો, મારો પુત્ર મને ક્યારે સુખ આપશે? (૭૩૦) પોતાની ગાયોનાં નામ દેતા વેણુ-

નાદથી, વિયોગાગ્નિથી બળેલા મારા મનને ફરીથી ક્યારે શીતલ કરશે ? (૭૩૧) ડાબા હાથથી લકુટિ તથા કમલને ફેરવતો, વિરહમાં મારા નેત્રના જન્મને ક્યારે સફલ કરશે ? (૭૩૨) મા, મા, હે મા, એમ મને સંબોધન કરીને, પાસે આવીને, એક દર્શનનીજ આર્તિયુક્ત હૃદયને મારો પુત્ર લાગીને ક્યારે—આલિંગન કરશે ? (૭૩૩) પોતાના શરીરને ચલાવતો, પોતાની ભૂખ જણાવતો, હર્ષથી દૂધ, દહિં વગેરે માંગતો, મારી સાથે હઠ ક્યારે કરશે? (૭૩૪)

कदा गृहमुपागत्य सखिभिः सहितो वनात् । सुतः स्वशिरसा पादौ ग्रहिष्यति कदा मम ॥
कदा भुजद्वयेनाहमुत्थाप्य निजबालकम् । वत्सला निजवत्सस्य चुंबयिष्यामि तन्मुखम् ॥
कदा सहासवदनं द्रक्ष्यामि व्रजजीवितुः । कदा सुतप्रियाधेनुहुंकृति शृणुयाम्यहम् ॥७३७॥
कदाहं सहसोत्थाय धावित्वा बालकांतिकम् । गत्वा निजसुतं स्वीये योजयिष्येथ कंठके ॥

સખાઓની સાથે વનથી ઘરમાં આવીને, મને પ્રણામ કરવાને, મારા બન્ને ચરણ પોતાના મસ્તકથી ક્યારે ગ્રહણ કરશે ? (૭૩૫) હું મારા બન્ને હાથથી મારા બાલકને ઉઠાડીને, વાત્સલ્યથી મારા બાલકના ઉપર વહાલવાળી તેના મુખને ક્યારે ચુમ્બન કરીશ ? (૭૩૬) વ્રજના જીવનનું હાસ્યસહિત મુખ હું ક્યારે જોઈશ ? સુતની વહાલી ગાયનું હુંકારસહિત રાંધવું હું ક્યારે સાંભળીશ ? (૭૩૭) હું એકદમ ઉઠીને, દોડીને બાલક સમીપ જઈને મારા પુત્રને મારા કંઠમાં ક્યારે લગાવીશ ? (૭૩૮)

स्खलज्जिह्वतया सार्द्रवचनानि सुतस्य मे । करिष्यत्यंतरानंदं मधुराणि मनो मम ॥७३९॥
वनमालां विरचितां कुसुमैर्विविधैरपि । कदा गोपालकगले धास्यामि विरहातुरा ॥७४०॥
कदोत्तरीयांचलेन प्रोंछयिष्यामि गोरजः । वनागतस्य मे राजकुमारस्य मुखांबुजात् ॥७४१॥
कदा चिकुरसंदोहान् मुखोपरिसमागतान् । नखैः प्रसादयिष्येऽहं द्रष्टुं वदनपंकजम् ॥

મારા સુતના તોતડી જીભથી બોલેલા, આર્દ્ર મીઠાં વચન મારા અંતઃકરણને અન્તરાનન્દ આપશે ? (૭૩૯) વિવિધ પ્રકારના કુસુમથી રચેલી વનમાલા, ગાયનું પાલન કરનાર મારા પુત્રના ગળામાં વિરહથી આતુર થયલી હું ક્યારે પહેરાવીશ ? (૭૪૦) વનમાંથી આવેલા મારા રાજકુમારના મુખકમલપરથી ગોરજને મારા ઉત્તરીય વસ્ત્રના છેડાથી ક્યારે પોંછીશ ? (૭૪૧) મુખપર આવેલા કેશના સમૂહને પુત્રનું મુખકમલ જોવાને મારા નખથી ક્યારે ઠીક—કરીશ ? (૭૪૨)

कदा धेनुखुरोद्धूतरजो लग्नं मुखाम्बुजे । अंचलाच्छन्नबाहुभ्यां मार्जयिष्ये मुदा पुनः ॥
कदा दुर्जनदृग्दोषवारणाय व्रजागतौ । विमुच्य राजिकां चैलांचलादुत्तारये मुदा ॥७४४॥
यस्मिन्नहं निजसुतं गोष्ठद्वारि समागतम् । कूजंतं वेणुना मंदं दृशाऽहमवलोकये ॥ ७४५ ॥
स कालः पुनरप्येवंविधो मम भविष्यति । गोकुलेशैकपुत्रायांस्तप्ताया विरहेण च ॥७४६॥
प्रकुर्वन्ती मुदा मार्गे मनोरथशतानि सा । सखीभिः सहिता सायमचलत् संमुखं हरेः ॥

ગાયની ખરીથી ઉડેલી, મુખકમલને લાગેલી રજ મારા વસ્ત્રમાં ઢાંકેલા હસ્તથી હું હર્ષથી ફરીથી ક્યારે પોંછીશ ? (૭૪૩) વ્રજમાં આવતાં દુર્જનની દૃષ્ટિનો દોષ દૂર

કરવાને માટે રાઈ લઈને વસ્ત્રના છેડાથી આનન્દથી હું ક્યારે ઉતારીશ? (૭૪૪) જે સમયમાં ગોષ્ઠના દ્વારપર આવેલા, મંદ મંદ વેણુનું કૂજન કરતા, મારા પુત્રને, વિરહથી તપેલી, અને ગોકુલેશ જેનો એકનો એક પુત્ર છે, એવી હું દૃષ્ટિથી જોઉં, એવો સમય પણ શું ફરીથી મને પ્રાપ્ત થશે? (૭૪૫–૪૬) આ પ્રમાણે સેંકડો મનોરથ રસ્તામાં કરતી શ્રીયશોદા સખીસહિત સાયંકાલમાં હરિની સંમુખ ચાલી. (૭૪૭)

गृहीत्वा नूत्नवस्त्राणि तथा चाभरणानि च । वनमालां सुगंधादिद्रव्याणि विविधानि च ॥
गायंती सुतकर्माणि स्मरंती चरितानि च । आनंदाश्रुयुता जातरोमांचोत्कंठितांतरा ॥७४९॥
प्रकंपितशरीरा च परमानंदविह्वला । मार्गे स्खलत्पदा पुत्रं प्रपश्यंती पदे पदे ॥ ७५० ॥
भावेन परिरंभंती कृष्ण कृष्णेति वादिनी । यथाकथंचिदत्यार्ता गोष्टद्वारि समागता ॥७५१॥

નવાં વસ્ત્રો અને આભરણો, વનમાલા, વિવિધ પ્રકારના અરગજા વગેરે સુગંધી પદાર્થ લઈને, (૭૪૮) શરીરપર રોમાંચનો અનુભવ કરતી, હૃદયમાં જેને ઉત્કંઠા થઈ છે એવી, આનન્દાશ્રુવાળી, સુતના કર્મોનું ગાન કરતી, અને ચરિત્રોનું સ્મરણ કરતી, (૭૪૯) ધ્રુજતા શરીરવાળી, પરમાનન્દથી વિહ્વલ, માર્ગમાં પગલે પગલે પુત્રને આતુરતાથી જોતી, ઠોકર ખાતી, (૭૫૦) ભાવથી કૃષ્ણને ભેટતી, કૃષ્ણ કૃષ્ણ એમ બોલતી, અત્યંત આર્ત થયલી, જેમ તેમ કરીને ગોષ્ઠના દ્વાર આગળ આવી. (૭૫૧)

પછી પ્રભુને જોઇને શ્રીયશોદાજી હર્ષથી વિકલ થઈ ગયા. પ્રભુ પર પ્યાર કરવા લાગ્યા, અને પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા, એવી અવસ્થામાં પ્રભુની સાથે ઘરમાં પધાર્યા, તે લીલાનું વર્ણન સોળ શ્લોકથી કરે છે.

सुतमागतमालोक्य नृत्यंतं गोपकैः सह । बर्हिपिच्छशिरोभूषं वनधातुविचित्रितम् ॥७५२॥
यशोदा द्रुतमागम्य स्नेहस्नुतपयोधरा । स्वपयोधरधाराभिः सिंचंती सर्वतः सुतम् ॥७५३॥
परिरभ्य मुखं सूनोश्चुचुंबे गोरजोन्वितम् । कपोलौ चिबुकं हस्तौ मुहुर्भाववती हरौ ॥७५४॥
चुचुंबे विपिनाद्वत्समर्भकं गौरिवागता । जिघ्रन्ती मस्तकं सूनोर्मोदरोमांचसंभवा ॥७५५॥
अनुभूतं स्वप्नमिव मेने समयमाकुला । व्रजनाथप्रसूः श्रीमद्यशोदा नंदगेहिनी ॥७५६॥

મસ્તકપર મોરપિચ્છના ભૂષણવાળો, વનધાતુથી ચિત્રેલા શરીરવાળો, અને નાના ગોપોની સાથે નાચતો પોતાનો પુત્ર આવેલો હતો તે જોઇને (૭૫૨) સ્નેહથી સ્તનમાંથી દૂધ ઝરતા યશોદાજી જલદી પોતાના પુત્રની પાસે જઈને પોતાના સ્તનના દૂધની ધારાથી પોતાના પુત્રને સર્વતઃ સિંચવા લાગ્યા. (૭૫૩) આલિંગન કરીને હરિમાં ભાવવાળી માતાએ પોતાના પુત્રનાં ગોરજથી ભરેલાં મુખને, બન્ને કપોલને, ચિબુકને અને બન્ને હાથને વારંવાર ચુંબન કર્યું. (૭૫૪) જેમ ગાય વનમાંથી આવીને પોતાના બાલક વાછરડાને ચુંબન કરે તેમ ચુંબન કરીને દીકરાના મસ્તકને સુંઘવા લાગ્યા, અને તેમને આનન્દથી રોમાંચ ઉભા થયા. (૭૫૫) વ્રજનાથની માતા શ્રીમદ્યશોદા, નન્દરાયની ગૃહિણી, આકુલ થઈને આ અનુભવના સમયને સ્વપ્ન સમાન માનવા લાગ્યા.

सख्यश्चित्रमिदं जातं व्रजराजसुताननम् । गोधूलिधूसरं सायं पश्यामि विपिनागतम् ॥७५७॥
आलि सर्वासु तिथिषु मम त्वद्यैव पूर्णिमा । यतः प्रादुरभूत् पूर्णो गोकुलेशास्यचंद्रमाः ॥

अद्यैव जन्म सफलं सफलोद्यैव हि व्रजः । अद्यैव नंदभवने कुलदीपः कृतोभवत् ॥७५९॥
कृतानि पूर्वपुण्यानि सफलान्यभवन्मम । सुतो मदक्षिविषयः समभूदधुना गृहे ॥ ७६० ॥
क्व कानगतिः क्वायं वालः कमललोचनः । दिष्ट्या दामोदरो मह्यं पुनरक्षिपथं गतः ॥

હે સખીઓ, આ આશ્ચર્ય છે, કે સન્ધ્યાકાલમાં વનથી આવેલું ગોરજથી ધૂસર થયલું વ્રજરાજના પુત્રનું મુખ હું જોઉં છું. (૭૫૭) હે સખિ, સર્વ તિથિઓમાં મને તો આજેજ પૂર્ણિમા છે, કેમકે ગોકુલેશના મુખરૂપી પૂર્ણચંદ્રમા આજ પ્રકટ થયો. (૭૫૮) આજે જ જન્મ સફલ થયો. વ્રજ પણ આજે જ સફલ થયું. નન્દભવનમાં કુલદીપક આજે પ્રકટ થયો. (૭૫૯) પૂર્વે કરેલાં પુણ્ય મારાં આજ સફલ થયા, કેમકે હમણાં મારા પુત્રને મારી આંખથી મેં ઘરમાં જોયો. (૭૬૦) ક્યાં વનમાં જવું, અને ક્યાં આ કમલનયન બાલક; મારૂં ભાગ્ય છે કે દામોદર ફરીથી મારી દૃષ્ટિગોચર થયો.

अहमेकप्रजा सख्यो जीवाम्येतेन सूनुना । तस्मिन्ननक्षिपदवीं याते यांति ममासवः ॥७६२॥
क्रीडापरः कथं कृष्णो रोद्धव्यो रोदनादरः । एतस्मिन् म्लानवदने सदनं मे न रोचते ॥
दिवसोद्यतनो जातः सफलः सुतदर्शनात् । गोकुलाधीशतनुजवदनं दुःखनाशनम् ॥७६४॥
सखि सीदन्ति चित्तानि वनं याते वलानुजे। सर्वेषामेव तन्मात्रभावभावितचेतसाम्॥७६५।
अयमस्तंगतः सूर्यो वोधयत्येव मे मनः । वनस्थितव्रजाधीशतापः क्षारांवुधौ गतः ॥७६६॥
एवं वदन्ती ससुता भवनद्वारमागमत् । हसन्ती जातरोमांचा हर्षाश्रूणि व्यमुंचत ॥७६७॥

હે સખીઓ, મને એક જ પ્રજા છે, આ પુત્રથીજ હું જીવું છું, તે મારી આંખથી દૂર જાય છે, ત્યારે મારાં પ્રાણ પણ એની પાછળ જાય છે. (૭૬૨) ક્રીડામાં પરાયણ કૃષ્ણને હું કેવી રીતે રોકું, કેમકે રોઈ પડે છે, એનું મુખ ઉદાસીન થાય તો મારૂં ઘર પણ મને રુચતું નથી. (૭૬૩) સુતના દર્શનથી આજનો દિવસ સફલ થયો, ગોકુલાધીશના પુત્રનું મુખ દુઃખનો નાશક છે. (૭૬૪) હે સખિ, બલદેવનો નાનો ભાઈ વનમાં જાય છે, ત્યારે માત્ર એનાજ ભાવથી જેમના ચિત્ત ભરેલાં છે, તે સર્વેના ચિત્ત સીજાઈ જાય છે. (૭૬૫) આ સૂર્ય અસ્ત થયો, તે મારા મનને એમ બોધ કરે છે કે વ્રજાધીશ વનમાં હતા, તે સમયનો તાપ પણ ખારા સમુદ્રમાં ચાલ્યો ગયો. (૭૬૬) આમ બોલતી પુત્રની સાથે ભવનના દ્વાર આગળ આવી હસે છે, રોમાંચ શરીરપર થયા છે, અને હર્ષથી અશ્રુધારા વહે છે. (૭૬૭)

માતાએ પ્રભુને ઘરમાં પધરાવીને લાડ લડાવ્યા, તે સમયે વ્રજભક્તો દર્શન કરવા આવ્યા, માતાએ સન્ધ્યાઆરતિ કરી, તેનું વર્ણન અગીયાર શ્લોકથી કરે છે.

समागतान् व्रजजनानादरेण च पृच्छती । वदंती भवदाशीर्भिर्वालो भवनमागतः ॥७६८॥
उत्तार्योत्संगतः सम्यगुच्चारतीर्णासने सुतम् । उपवेश्य पुनः प्रोंछ्य गोरजः कुंतलाहितम् ॥
पीताम्वरेण तनुजनावार्य वरमस्तकात् । चर्चित्वागरुसत्त्वेन चंदनाद्यैर्विशेषतः ॥ ७७० ॥
परिधाप्य प्रसूनानां मालां पादावलंविनीम् । वेणुयुक्तभुजं वेत्रमवलम्ब्य परिस्थितम् ॥७७१॥
वालभावाग्रहस्त्रीयमुख्यश्रीस्वामिनीयुतम् । भवनागतिसोत्साहं स्वजनप्रेक्षणोत्सुकम् ॥७७२॥

वियुक्ततमनंदादिगोपोत्संगसुलालितम् । गोपीनिर्मंछितधनं[1] विप्रपूजनकारणम् ॥ ७७३ ॥

ત્યાં વ્રજભક્તો આવ્યા છે, તેને આદરસહિત કુશલ પૂછે છે, અને સર્વને કહે છે કે તમારા—આશીર્વાદથી મારો બાલ ઘેર આવ્યો છે. (૭૬૮) પુત્રને ગોદમાંથી ઉતારીને સારા બિછાવેલા ઉંચા આસનપર બેસાડીને ફરીથી વાંકડીઆ કેશ ઉપર લાગેલી ગોરજ પોંછી નાંખી. (૭૬૯) પોતાના પીતામ્બરથી પુત્રને મસ્તક ઉપરથી ઢાંકીને અગરુસત્ત્વયુક્ત ચંદન વગેરેથી વિશેષ રીતે શરીરને લેપ કર્યો. (૭૭૦) પછી પગ સુધી લાંબી લટકતી ફુલોની માલા ધરાવી, વેણુયુક્ત હાથમાં લકુટિ ધરીને પ્રભુ સ્થિત થયા. (૭૭૧) બાલભાવના આગ્રહથી પોતાના મુખ્ય સ્વામિનીને સાથે રાખ્યા છે. ભવનમાં આવીને ઉત્સાહ સહિત પોતાના ગોપીજનને જોવામાં ઉત્સાહવાળા થાય છે. (૭૭૨) અતિવિયોગવાળા નંદ વગેરે ગોપો ઉત્સંગમાં લઈને સારી રીતે લાડ લડાવે છે. ગોપીજનોએ પ્રભુપર ધન નોછાવર કર્યું છે. બ્રાહ્મણોની પૂજાના કારણરૂપ પોતે છે.

जननीभाववात्सल्यावलोकचकिताननम् । स्वासाधारणभक्तैकदृष्टिसस्मयमानसम् ॥७७४॥
हासोदयविनिर्गच्छद्दशनद्वयशोभितम् । दीपप्रकाशसंबंधद्विगुणाभरणप्रभम् ॥ ७७५ ॥
वैयाघ्रनखनिर्माणभूषणाभूषितं गले । त्रैलोक्यजयसंसूचीवैजयन्तीविभूषितम् ॥ ७७६ ॥
बालमालोक्य मुदिता जातहर्षा हरिप्रसूः । सर्वांगस्वेदरोमांचकंपस्तंभा सखीयुता ॥७७७॥
उत्तारितवती सूनोरुपर्यारात्रिकं शुभम् । कर्पूरैणमदस्वाज्यविनमद्वर्तिकायुतम् ॥ ७७८ ॥

માતાનો વાત્સલ્યભાવ જોઈને પ્રભુનું મુખ ચકિત થયું. પોતાના અસાધારણ ભક્તો એક તકે જોઈ રહ્યા છે, તેથી પ્રભુનું મન વિસ્મિત થયું. (૭૭૪) પ્રભુને હાસ્યનો ઉદય થવાથી મુખમાંથી બે દાંત બહાર નીકળવાથી પોતે શોભાયમાન દેખાય છે. દીવાના પ્રકાશના સંબંધથી આભૂષણનો ચળકાટ બમણો થાય છે. (૭૭૫) વાઘનખના બનાવેલા ભૂષણથી ગળું શોભી રહ્યું છે. ત્રણ લોકના જયનું સૂચન કરનાર વૈજયન્તી-માલાથી પોતે શોભે છે. (૭૭૬) સખીઓસહિત શ્રીયશોદાજી સર્વ દુઃખ હર્તા પોતાના બાલકને જોઈને આનંદ પામી, બહુ હર્ષવાળા થયાં. આખા શ્રીઅંગમાં પરસેવો, રોમાંચ, કંપ, થવાથી સ્તંભિત થઈ ગયાં. (૭૭૭) કપુર, કસ્તૂરી, ઘી, એકઠાં કરીને તેમાં બોળેલી નીચી રાખેલી વાટની સુંદર આરતી પોતાના પુત્ર ઉપર ઉતારી. (૭૭૮)

પછી રાઈમીઠું ઉતારીને પ્રભુનાં વનનાં આભૂષણ વડાં કરીને, અંગ ધોઈને, પોંછીને, થોડાં આભૂષણ ધરાવીને, પુત્રનું લાલનપાલન કર્યું, તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે.

राजिकालवणं पश्चादुत्तार्य च सुतोपरि । समागतानुदासीनान् संप्रेष्य भवनं निजम् ॥७७९॥
अंतरंगैकसहितोत्तारयामास भूषणम् । उत्तार्य वसनं पूर्वं कटिदेशाद्विभूषितम् ॥ ७८० ॥
नग्नमालोक्य मुदितांतरा सूनुं समेखलम् । सर्वाभरणसंयुक्तमुष्णीषे वक्रचंद्रिकम् ॥७८१॥
क्रमेणोत्तारयामास भूषणादिकमङ्गतः । नूपुरे पदपुष्पादि तथा च क्षुद्रघंटिकाम् ॥७८२॥
अङ्गदे पदकादीनि माला मणिमया अपि । आवलिः पर्णसदृशभूषा मौक्तिकमालिकाः ॥७८३॥

---

[1] निर्मथितधनं

પછી પુત્રના ઉપર રાઈમીઠાં ઉતાર્યાં, અને દર્શન કરવા આવેલા બહારના માણસોને પોતપોતાને ઘેર વિદાય કરીને (૭૭૯) અંતરંગ સખીઓની સાથે આભૂષણ વડાં કરવા લાગ્યાં. પહેલાં કેડપરથી શોભાયમાન વસ્ત્ર વડું કર્યું. (૭૮૦) પુત્રને કંદોરાસહિત નગ્ન દર્શન કરીને, અને સર્વે આભરણ તથા પાઘ ઉપર વાંકી ચંદ્રિકા જોઈને અંતઃકરણમાં બહુ આનંદ પામ્યા. (૭૮૧) શરીરપરથી ક્રમપૂર્વક આભૂષણ ઉતાર્યાં. બંને નૂપુર ચરણના ફુલ તથા ઝીણી ઘુઘરીઓ (૭૮૨) બંને બાજુબંધ, પદક વગેરે, મણિમયમાલાઓ, પત્રના આકારનાં આભૂષણ, ત્રિવલીઓ, મોતીની માલાઓ એ સર્વ વડાં કર્યાં.

वेणुं च लकुटं वक्रं स्थापयामास संन्निधौ । उष्णीषं कंठमाला च मौक्तिकी कर्णभूषणे ॥
नासाविभूषणं चैव तथैव करकंकणे । सूक्ष्मकच्छपटं शुभ्रं तथा चरणभूषणे ॥७८५॥
एतावत् स्थापयामास सायं तनुजवर्ष्मणि । स्वामिनीवपुषि प्रायोतिभारजनकान्यथो ॥७८६॥
उत्तारितान्याभरणान्येवं सहचरीगणैः । संप्रोंछ्य पुत्रवदनं चैलेनोष्णेन वारिणा ॥७८७॥
निवार्य गोरजो वक्राच्चुचुंब सुतवत्सला । करद्वयभ्रामणेन जग्राह बलिमंततः ॥ ७८८॥

વેણુ તથા વાંકી લકુટી પાસે ધરી. પાઘ, મોતીની કંઠની માલા, બે કર્ણફુલ, (૭૮૪) નકવેસર, બે હાથના બે કંકણ, સૂક્ષ્મ શ્વેત કટિવસ્ત્ર (તનીયો), ચરણના બે નૂપુર, (૭૮૫) એટલાં આભૂષણ પોતાના પુત્રના સુંદર શ્રીઅંગમાં સાયંકાલે ધર્યાં, અને એ પ્રમાણે શ્રીસ્વામિનીજીના અંગ ઉપરથી બહુ ભારવાળાં આભૂષણ પણ શ્રીયશોદાજીની સખીઓએ વડાં કર્યાં. પછી શ્રીયશોદાજીએ પોતાના પુત્રનું મુખ ઉષ્ણ જલથી ધોઈને વસ્ત્રથી સારી રીતે પોંછી નાંખ્યું. (૭૮૬–૮૭) પુત્રપર વહાલવાળી માતાએ મુખપરથી ગોરજ દૂર કરીને ચુંબન કર્યું. બંને હાથ હલાવીને હાથના છેડાના ભાગથી બલૈયા લીધા. (૭૮૮)

શ્રીયશોદાજી પ્રભુએ વનમાં જઇને જે ક્રીડા કરી તે પૂછે છે, તે બાવીશ શ્લોકથી કહે છે.

पप्रच्छ वनकृत्यानि सुतमन्यग्रमानसा । गोष्ठात् प्रचलितेनेतः सुत केन पथा गतम् ॥७८९॥
वृक्षच्छायेथवा घर्मे चारिता व्रजधेनवः । नहि कंटकसंबंधो जातश्चरणयोस्तव ॥ ७९० ॥
तृणांकुरैः खिन्नपदः क्वोपविष्टः स्वसंगिभिः । के के विमोहिता हस्तगृहीतेनानेन वेणुना ॥
गावः प्रचालिताः कुत्र लकुटभ्रामणेन हि । समाहूताः कुत्र गावः कदंबारोहणेन हि ॥७९२॥
पीताम्बरभ्रामणेन तथोच्चैर्भाषणेन च । कुत्र शीतं जलं पीतमुपविष्टैर्नदीतटे ॥ ७९३ ॥

પછી શાંત ચિત્તવાલી માતા, પુત્રને વનમાં કરેલી લીલા પૂછે છે. “હે સુત, અહીં ગોષ્ઠમાંથી નીકળીને પછી તું કયે રસ્તે ગયો? (૭૮૯) વ્રજની ગાયોને વૃક્ષની છાયામાં ચરાવી કે તાપમાં? તારા ચરણમાં કાંટા તો લાગ્યા નથીને? (૭૯૦) ઘાસના અંકુર લાગવાથી દુખતા ચરણવાળો તું પોતાના સંગીઓની સાથે ક્યાં બેઠો? હાથમાં ધરેલી આ વેણુ વગાડીને કોને કોને મોહિત કર્યા? (૭૯૧) લકુટી ફેરવીને ગાયોને ક્યાં ક્યાં લઈ ગયો? કદંબ વૃક્ષપર ચડીને પીતાંબર ફરકાવીને ઉંચે સ્વરથી બૂમ પાડીને ગાયોને ક્યાં ક્યાં બોલાવી? નદીના કિનારા ઉપર બેસીને શીતલ જલ ક્યાં પીધું?

कुत्र वा यमुनातीरे जलं गावः प्रपायिताः । जलस्थितैः कुत्र गावो धौताः श्रीयमुनाजले ॥
गोपैः सह क्व विहितो विहारो धावनादिभिः । कुत्र वै गुलिकाक्रीडा कृता दंडेन बालकैः ॥
कुत्र चारोहणक्रीडा तथा नेत्रविमुद्रणम् । कुत्र स्यंदोलिकाक्रीडा राजक्रीडा च कुत्र हि ॥
तत्र को वाभवद्राजा को मंत्री के प्रजास्तथा । कश्चोरः को नियंताभूत् कः क्रीडामुख्यतां गतः ॥
परस्परं स्नेह आसीद्बालकानां च कानने । स्वभावभेदभिन्नानां तत्र लीलाविलासने॥७९८॥

યમુનાના કિનારા ઉપર ગાયોને જલ ક્યાં પીવડાવ્યું ? શ્રીયમુનાજલમાં જઈને ગાયોને ક્યાં નવડાવી ? (૭૯૪) ગોપોની સાથે દોડવા વગેરેની રમત ક્યાં કરી ? બાલકોની સાથે ગિલ્લીદંડા ક્યાં રમ્યો ? (૭૯૫) વૃક્ષપર ચહડવાની ક્રીડા ક્યાં કરી ? આંખ વીંચામણીની રમત ક્યાં રમ્યો ? એકબીજાના ખભાપર ચડવાની ક્રીડા ક્યાં કરી ? રાજક્રીડા ક્યાં કરી ? (૭૯૬) ત્યાં રાજા કોણ થયો ? પ્રધાન કોણ થયો ? પ્રજા કોણ કોણ થયા ? ચોર કોણ થયો ? પકડવાવાળો સિપાઈ કોણ થયો ? એ ક્રીડાનો મુખી કોણ થયો ? (૭૯૭) વનમાં જુદા જુદા સ્વભાવવાળા બાલકોમાં તારી લીલાના વિલાસમાં પરસ્પર સ્નેહ રહ્યો હતો કે ? (૭૯૮)

कुत्रेतःप्रेषितं भुक्तमोदनव्यंजनादिकम् । तरुच्छायेऽथवा गोत्रगोवर्धनशिलासु च ॥७९९॥
कुत्र स्थितैर्वन्यधातुवैचित्र्यं वपुषः कृतम् । गावो विचित्रिताः कुत्र गरिकादिभिरद्भुताः ॥ ૮૦૦॥
मयूरपिच्छरचिताः क्व बद्धाः पट्टिका गवाम् । क्व गवामृजुश्रृङ्गाणि रंजितानि च कुंकुमैः ॥
फलानि कानि भुक्तानि गोवर्धनगिरिस्थितैः । कुत्र गोवर्धने नृत्यं कृतं केकिविमोहनम् ॥
कुत्र गोपार्भकैर्मल्लक्रीडा च विपिने कृता । त्वदीयेषु बलिष्ठेषु के जिताः के पराजिताः ॥

અહીંથી મોકલેલા ભાત, મસાલાનાં ભુંજાણા, રાયતા, શાક વગેરે ક્યાં ખાધા ? વૃક્ષની છાયામાં કે ગોવર્ધનપર્વતની શિલામાં બેસીને ખાધા ? વનની ધાતુથી શરીરને ક્યાં બેસીને ચિત્ર્યું ? ગાયોને ગેરુ વગેરેથી અદ્ભુત ચિત્રામણથી ક્યાં ચિત્રી ? (૮૦૦) મોરપિચ્છની બનાવેલી પટ્ટિકા ગાયને ક્યાં બાંધી ? ગાયોનાં સુંદર શિંગડાં કુંકુમથી ક્યાં રંગ્યાં ? (૮૦૧) ગોવર્ધનપર્વત ઉપર બેસીને ક્યાં ફલ ખાધાં ? ગોવર્ધનના ઉપર મોરને મોહિત કરનારૂં નૃત્ય ક્યાં કર્યું ? (૮૦૨) વનમાં ગોપબાલકોની સાથે મલ્લક્રીડા ક્યાં કરી ? તારા બલિષ્ઠ બાલકોમાં કોણ કોણ જીત્યા, અને કોણ કોણ હાર્યા ?

त्वदीया केऽभवन् बालाः केऽभवन् बलसंगिनः । मारितस्तालविपिने कथं रासभराक्षसः ॥
कथं गोपैः सह फलान्यथो भुक्तानि वै वने । कुत्र स्थितैः श्रुतं गीतं मधुपैः मत्ततां गतैः ॥
क्व पक्षिविहितो नादो विचित्रः सुत विश्रुतः । हरिण्यो वेणुनादेन कुत्र कुत्र विमोहिताः ॥
अनेकविधसौगंध्ययुतैः पुष्पैः विभूषितैः । यमुनायां जलक्रीडा संध्यायां विहिता त्वया ॥
कस्माद्वनादिहानेतुं त्वया गावो निवर्तिताः । पथि के केपि मिलिता अस्मत्परिचिता जनाः ॥

ખેલમાં તારા સંગી કયા બાલક થયા ? અને બલદેવના સંગી કોણ કોણ થયા ? તાલવનમાં ગધેડાના રૂપવાલા રાક્ષસને કેવી રીતે માર્યો ? (૮૦૪) ગોપોની સાથે વનમાં

ફલ કેવી રીતે ખાધાં? મત્ત થયલા ભ્રમરોનું ગાન ક્યાં બેસીને સાંભળ્યું? (૮૦૫) હે સુત! પક્ષીનો કરેલો વિચિત્ર નાદ ક્યાં સાંભળ્યો? વેણુનાદથી હરિણીઓને ક્યાં ક્યાં મોહિત કરી? (૮૦૬) અનેક પ્રકારના સુગંધવાલા ફુલોથી ભૂષિત થઇને સન્ધ્યા સમય યમુનાજીમાં તેં ક્રીડા કરી હશે? (૮૦૭) કયા વનમાંથી ગાયોને એકઠી કરીને તેં અહિં લાવવાને પાછી વાળી? આપણા પરિચિત મનુષ્ય માર્ગમાં કોણ કોણ મળ્યા?

गवां पश्चात् कथं नृत्यं त्वयात्रागच्छता कृतम्। कथमस्मन्मनः कर्तुं शीतलं व्रजसंन्निधौ ॥
वेणुः प्रपूरितः पुत्र वद पृष्टस्य चोत्तरम्। मातुराज्ञाकरः कोस्ति वालस्त्वदपरः शिशो ॥ ८१०॥

ગાયોની પાછળ અહિં આવતી વખત તેં કેવું નૃત્ય કર્યું? વ્રજની પાસે મારૂં મન શીતલ કરવાને વેણુ કેવી રીતે વગાડી? હે પુત્ર, મારા પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપ. હે લાલા, માની આજ્ઞા પાળવાવાળો તારા શિવાય બીજો કોણ છે?' (૮૦૯–૧૦)

પ્રભુએ માતાને ઉત્તર આપ્યો, તે દશ શ્લોકથી કહે છે.

मातर्मया कृताः क्रीडाः स्मृतिमायांति मे न हि। परं समभवत् पूर्णो मम क्रीडामनोरथः ॥
यावन्त्यो जगति क्रीडाः सर्वा अपि मया कृताः। गावश्च चारिताः सर्वास्तातनंदस्य वै वने
मातर्दैत्यः समायातो रासभः स्वसजातिभिः। क्षणेन मारितोऽस्माभिर्भद्रं तालवनं कृतम् ॥
फलानि पातितानीह भूमौ वालैर्विलासने। भुक्तानि तैर्वने क्रीडाः करोत्क्षेपादिभिः कृताः

'હે મા, મેં કરેલી ક્રીડા હવે મને યાદ આવતી નથી, પણ ક્રીડા કરવાનો મારો મનોરથ સારી રીતે પૂર્ણ થયો. (૮૧૧) જગત્‌માં જેટલા પ્રકારની ક્રીડા છે, તે સર્વે મેં વનમાં કરી છે, અને સર્વ ગાયો તાત નંદનાજ વનમાં ચરાવી છે. (૮૧૨) હે મા, ગર્દભ દૈત્ય પોતાની જાતિવાલાઓ સાથે આવ્યો, તેને અમે એક ક્ષણમાં મારી નાંખ્યો, અને તાલવનને કલ્યાણકારક બનાવ્યું. (૮૧૩) વિલાસ કરવાને બાલકોએ ભૂમિપર ફલ પાડયાં, તે ફલ તેઓએ ખાધાં. હાથથી ઉંચે ફેંકવા વગેરેથી વનમાં ક્રીડા કરી. (૮૧૪)

विपिनं रोचते मह्यं क्रीडापि व्रजवालकैः। मदर्थे विटपा मातः कुर्वते प्रत्यहं तपः ॥८१५॥
मृगीगणाः प्रपश्यंति पदवीं विरहातुराः। श्रोतुं मदाननाद्वेणुनादं मद्दर्शनोत्सुकाः ॥८१६॥
व्रजः सर्वोपि मन्मातर्मदर्थ इव भासते। यत्र चाहं न गच्छामि तदेव च वृथा भवेत् ॥८१७॥
व्रजराजसुतः कस्मादहं न खलु निर्भयः। कंससंप्रेषिताः के वा मदग्रे[1] दैत्यवालकाः
मातस्त्वद्दुग्धपुष्टानां नवनीतभुजामपि। मल्लक्रीडापराणां वै क्रीडा दैत्यविमारणम् ॥८१९॥
कापि चिंता न कर्तव्या मातर्गोचारणे मम। श्रीदामाद्याः सहाया मे यत्रास्ते बलवान्बलः।

મને વન બહુ રુચે છે, બાલકોની સાથે ક્રીડા કરવી પણ બહુ ગમે છે. હે મા, મારે માટે વ્રજના વૃક્ષો પણ દરરોજ તપ કરે છે. (૮૧૫) હરિણીઓનાં ટોળાં વિરહાતુર થઈને મારી વાટ જુવે છે, મારા મુખથી કરેલો વેણુનાદ સાંભળવાને મારા દર્શન કરવાને ઉત્સુક થઈ જાય છે. (૮૧૬) હે મા, આખું વ્રજ મારે માટેજ છે, એમ મને

---

[1] मदर्थे

લાગે છે. જ્યાં હું ન જાઉં તે સ્થલ વૃથા થઈ જાય છે. (૮૧૭) વ્રજરાજનો પુત્ર હું નિર્ભય શા માટે ન હોઉં? કંસે મોકલેલા દૈત્યના બાલકો મારી આગળ શું હિસાબમાં છે? (૮૧૮) હે મા, તારૂં દૂધ પીને પુષ્ટ થયલા, અને માખણ ખાધેલા, અને મલ્લક્રીડામાં પરાયણ એવા અમને દૈત્યને મારવા એ તો રમતની વાત છે. (૮૧૯) હે મા, હું ગાયો ચરાવવા જાઉં, ત્યારે મારી કાંઈ પણ ચિન્તા કરવી નહિ. કારણ કે ત્યાં શ્રીદામા વગેરે મારી સહાયમાં છે, અને બલવાન બલદેવજી પણ મારી સાથે હોય છે.”

પછી ભૂખ્યા થયલા ગોપો ગાયો દોહવાને અને તાજું દૂધ પીવાને શ્રીકૃષ્ણને બોલાવે છે તે વીશ શ્લોકથી કહે છે.

ततः समागता गोपा गायंतो वनखेलनम् । धावंतः क्षुधिताः सद्योदोहदुग्धपिपासवः ॥
सहानवस्थितिकृतविरहोत्कंठ्यकातराः । वदंतो विविधं वाक्यं यच्छंतः करतालिकाम् ॥
नियोगपाशसहितहस्ताः शस्ताश्च दोहने । पूरयंतो मुखैर्वेणून् कूजंतः कुंतलाननाः ॥८२३॥
अन्योन्यमपि कुर्वंतो गवां वार्तां विशेषतः । कृष्णं क्रोडस्थितं मातुरूचुर्गोपालमाकुलाः ॥

પછી ભૂખ્યા થયલા, તરત દોહેલું દૂધ પીવાની ઈચ્છાવાળા, ગોપો વનના ખેલનું ગાન કરતા, દોડતા આવી પહોંચ્યા. (૮૨૧) પ્રભુ માતાની પાસે રહ્યા હતા, તેટલા સમયમાં પોતાની સ્થિતિ ભગવાનની સાથે નહીં રહેવાથી, ઉત્કંઠાથી, વ્યાકુલ થયલા વિવિધ વાક્ય બોલવા લાગ્યા, અને હાથમાં તાલીઓ આપવા લાગ્યા. (૮૨૨) તેમના હાથમાં નિયોગપાશ (નોંઝણું) હતું, દોહવામાં ચતુર હતા, મુખથી વેણુ વગાડતા હતા, અને વાંકડીયા કેશસહિત મુખવાળા તેઓ કૂજન કરતા હતા. (૮૨૩) પોતપોતામાં ખાસ કરીને ગાયોની વાર્તા કરતા હતા, ને આકુલ થઈને માતાના ખોળામાં બેઠેલા ગોપાલકૃષ્ણને કહેવા લાગ્યા. (૮૨૪)

कृष्ण त्वदाननविधुं दृशि तृष्णाकुलेंद्रियाः। गावः पश्यन्ति पदवीं त्वदोहायोन्मुखाः परम् ॥
चलनीयं पयः सद्यो धारोष्णं मधुरं स्वतः । पास्यामोथ वयं धेनोर्धवलाया बलार्थिनः ॥
मल्लक्रीडापराणां वै वने बलमपेक्षितम् । मारणीया हरे दैत्याः कंससंबन्धिनश्च ये ॥८२७॥
चारणीयाः प्रतिवनं बलिष्ठा नंदधेनवः । गृहणीयानि शृङ्गाणि युध्यतां च ककुद्मिनाम् ॥
धावनीयं प्रतिस्पर्धासहितैर्व्रजभूमिषु । मोचनीया गृहीताश्च गोपैर्हस्ताः परस्परम् ॥८२९॥
मोचनीयाश्च गोवत्सा जननीसंगकातराः । उत्क्षिप्तकर्णाः पश्यन्ति मातॄणां वदनानि ते ॥

“હે કૃષ્ણ, તારા મુખચંદ્રનું દર્શન કરવાને આકુળ ઈન્દ્રિયવાળી ગાયો પોતાને દોહવડાવવાને તત્પર થયલી ત્હારી વાટ જુએ છે. (૮૨૫) હવે આપણે જવું જોઈએ. તરતનું દોહેલું, ધારોષ્ણ, મધુર, ધોળી ગાયનું દૂધ, જોર આવવાને માટે આપણે પીશું. (૮૨૬) વનમાં મલ્લક્રીડા કરવામાં પરાયણ એવા આપણને બલની અપેક્ષા છે. હે હરિ, કંસના સંબંધી જે દૈત્યો હોય તેને મારવા પણ જોઈએ. (૮૨૭) દરેક વનમાં નંદરાયની બલવાન ગાયોને ચરાવવાની છે, અને લડતા ગોધાઓનાં શિંગડાં પણ પકડવાં પડે. (૮૨૮) વ્રજભૂમિપર આપણી સાથે પ્રતિસ્પર્ધા કરવાવાળાની સાથે દોડવું પણ પડે. ગોપોએ પરસ્પર પકડેલા એકબીજાના હાથ છોડાવવા પણ પડે. (૮૨૯) પોતાની

માતાને મળવાને ઉતાવળા થયલા વાછરડાઓને છૂટા કરવા પડે. તેઓ ઉંચા કાનવાળા થઈને પોતાની માતાઓના વદન જુએ છે. (૮૩૦)

गावश्च वेणुपीयूषं पातुं प्रणयविह्वलाः । पुनरुत्क्षिप्तकर्णाश्च स्थिताश्चकितदृष्टयः ॥८३१॥
न भक्षयन्ति संतृप्तास्तृणान्यपि घृणान्तराः । दत्तान्यपि च वृणुते नैव नंदसुत प्रियाः ॥
मित्र क्रीडाविशेषाश्च तत्रास्माभिर्विचारिताः । ते कर्णे तव वक्तव्यास्त्वयि सन्निधिमागते ॥
पयःफेनं च तत्रैव पेयं मंथननिर्मितम् । वार्ताश्च तत्र वक्तव्या अन्तरंगाः श्रुतिप्रियाः ॥
पयश्चावर्तितं पेयं स्वर्णपात्रे[1] ससीत्कृति । हृदयं शिशिरीकार्यमस्माकं त्वत्परात्मनाम् ॥८३५॥

ઉંચા કાનવાળી, ચકિત દૃષ્ટિવાળી, ગાયો વેણુનાદરૂપી અમૃતનું પાન કરવાને પ્રેમથી વિહ્વળ થઈ રહી છે. (૮૩૧) હે નંદસુત, ત્હારી વ્હાલી ગાયો સારીરીતે તૃપ્ત થયલી હોવાથી ખાવામાં અરુચિવાળી થઈ હોય તેમ ઘાસ પણ ચરતી નથી, અને મ્હોમાં મૂકેલા ઘાસને પણ પસંદ કરતી નથી. (૮૩૨) હે મિત્ર, ત્યાં અમે ખાસ ક્રીડાઓ કરવાનું વિચારી રાખ્યું છે. તું અમારી પાસે આવશે ત્યારે તે ત્હારા કાનમાં કહીશું. (૮૩૩) મથન કરવાથી થયલું દૂધનું ફીણ ત્યાં આપણે પીશું, અને કાનને મીઠી લાગે એવી છાની વાતો ત્યાં આપણે કરીશું. (૮૩૪) સોનાના પાત્રમાં કઢેલું દૂધ સીત્કારસહિત પીશું, ત્હારામાં પરાયણ એવા જે અમો તેમનું હૃદય ત્હારે શીતલ કરવું જોઈએ. (૮૩૫)

न रोचते गृहं स्वीयं त्वया कृष्ण विना क्षणम् । उद्विग्नमानसाः प्राण तिष्ठामो वियुते त्वयि॥८३६॥
अस्माकं तु विना लीलां युगायति हरे त्रुटिः । त्वयि दूरस्थिते शून्या दिशः सर्वा व्रजेश्वर ॥
व्रजराजसुत स्वीयचित्तशोकनिवर्तक । चलनीयं कृपापारावार वारणविक्रम ॥८३८॥
आनंदय निजानंदसंदोह सुखदायक । अस्मानतितरामंतर्वियोगभरदुःखितान् ॥८३९॥
कृपालो पालय स्वीयान् गोपालान् गोकुलेश्वर । विज्ञप्तिं निजमित्राणामाकर्णय महाप्रभो ॥

હે કૃષ્ણ, ત્હારા વિના અમને અમારા ઘરમાં એક ક્ષણભર પણ સોહાતું નથી. હે પ્રાણ, ત્હારા વિયોગમાં અમારૂં મન ઉદ્વેગવાળું થઈ જાય છે. (૮૩૬) હે હરિ, ત્હારી સાથે ક્રીડા કર્યા વિનાની એક ક્ષણ એક યુગ જેટલી લાંબી અમને લાગે છે. હે વ્રજેશ્વર, તું દૂર હોય ત્યારે અમને સર્વ દિશાઓ શૂન્ય લાગે છે. (૮૩૭) હે વ્રજરાજસુત, હે નિજજનના શોકને નિવૃત્ત કરનાર, હે કૃપાના સમુદ્ર, હે ગજરાજસમાન પરાક્રમી, હવે આપણે ચાલવું જોઈએ. (૮૩૮) હે નિજાનંદના સમૂહ, હે સુખદાયક, અંતરના વિયોગના ભારથી દુઃખિત થયલા અમને આનંદિત કરો. હે મહાપ્રભુ, તમારા મિત્રોની વિજ્ઞપ્તિ સાંભળો. (૮૪૦)'

ગ્વાલો ગાય દોહવાને માટે બોલાવે છે, એમ કહીને પ્રભુ માતાની ગોદમાંથી ઉઠ્યા, તે બે શ્લોકથી કહે છે.

आकर्ण्य गोपवाक्यानि क्रीडाचलितमानसः। पश्यन् मुखांबुजं मातुरुत्संगात् सहसोत्थितः॥

---

[1] पात्रेण सीत्कृतैः

मातर्मया तातधेनुदोहनाय च गम्यते । आकारयन्ति गोपालाः सकला अंगणस्थिताः ॥

ગોપોનાં વાક્યો સાંભળીને ક્રીડાથી ચલાયમાન મનવાલા પ્રભુ માતાનું મુખકમલ જોતાં માતાના ખોળામાંથી એકદમ ઊઠ્યા. (૮૪૧) 'હે માતા, મારે પિતાની ગાયો દોહવાને જવું છે. આંગણામાં ઉભેલા સર્વે ગોપાલો બોલાવે છે.' (૮૪૨)

માતા પોતાનો વાત્સલ્યભાવ પ્રકટ કરતાં પ્રભુને વારે છે, તે શ્રીયશોદાજીનાં વાક્યો સોળ શ્લોકથી વર્ણન કરે છે.

यशोदावददानंदनिधिमात्मसुतं तदा । पुत्र तिष्ठन्ति गोपाला धेनूर्धोक्ष्यन्ति सर्वतः ॥८४३॥
अस्मद्व्रजस्थिता गावस्तीक्ष्णशृङ्गा व्रजप्रिय । मन्मनः कंपते कृष्णानुकंपैकपरं हरे ॥८४४॥
बहुभिर्दिवसैः प्राप्तो भवान् पुण्यैरुपार्जितैः । मम गोपकुलोत्तंस धनं प्राणा भवत्पराः ॥८४५॥

ત્યારે પોતાના આનંદનિધિ સુતને શ્રીયશોદાજીએ કહ્યું કે 'હે પુત્ર, ગોપાલો ઉભા છે, તે બધી તરફથી ગાયોને દોહશે. (૮૪૩) આપણા વ્રજમાં રહેલી ગાયો તીક્ષ્ણ શિંગડાવાળી હોય છે. હે વ્રજપ્રિય, હે હરિ, હે કૃષ્ણ, તારી જ સંભાળમાં પરાયણ મારૂં મન કંપે છે. (૮૪૪) બહુ દિવસે એકઠા થયલા પુણ્યથી તું પ્રાપ્ત થયો છે. હે ગોપકુલભૂષણ, મારૂં ધન અને પ્રાણ તારે જ આધીન છે. (૮૪૫)

रक्षा मम कृता भूयः पुरुषेण महात्मना । पूतनातः सुत व्यस्तशकटात् तृणनामतः ॥८४६॥
गूढद्विजातिसंस्कारात् यमलार्जुनपातनात् । धेनुकासुरसंहारात् तथा बकनिपूदनात् ॥८४७॥
कालीयसर्पसविषयमुनाहृद्वेशनात् । दावानलाद् व्रजजनभस्मसात्करणागतात् ॥८४८॥
मुंजाटवीप्रविष्टस्वधेनुदाहदवानलात् । अघासुरव्यात्तमुखविवरान्तःप्रवेशनात् ॥ ८४९ ॥
सुदर्शनोरगग्रासात् तथा वृषभमारणात् । अत्यन्तदुःखिता तात बिभेमि रिपुरोषतः ॥८५०॥

હે સુત, મહાત્માપુરુષે ઘણી વાર આજ સુધી મારી રક્ષા કરી છે. પૂતનાનો નાશ કરીને, શકટનો ભંગ કરીને, તૃણાવર્તનો નાશ કરીને, (૮૪૬) ગુપ્ત રીતિએ દ્વિજાતિનો (નામકરણ) સંસ્કાર કરીને, યમલાર્જુનને પાડી નાંખીને, ધેનુકાસુરનો સંહાર કરીને, અને બકાસુરને મારી નાંખીને, (૮૪૭) કાલીય સર્પના વિષવાળા યમુનાના જલમાં પ્રવેશ કરીને, વ્રજજનને ભસ્મ કરવાને આવેલા દાવાનલનું પાન કરીને, (૮૪૮) મુંજાટવીમાં પેઠેલી પોતાની ગાયોને દાવાનલના દાહથી બચાવીને, અઘાસુરના પહોળા કરેલા મુખની ગુફામાં અંદર પ્રવેશ કરીને, (૮૪૯) સુદર્શન સર્પના ગ્રાસમાંથી, વૃષભાસુરને મારીને રક્ષા કરી છે. હે તાત, અત્યન્ત દુઃખી થયલી હું કંસાદિ શત્રુના રોષથી બીહું છું. (૮૫૦)

दुर्लभैकप्रजा कुर्वे कथं विश्वासमन्यतः । मदक्षियुगलान्नैव भिन्नो भव भवान् क्षणम् ॥८५१॥
आकार्य गोपपृथुकानंगणे विहरात्मज । अहमप्यङ्ग पश्यामि दुर्लभं सुतलालितम् ॥८५२॥
कथं वै रोचते मह्यं त्वां विना ललिताकृते । त्वदेकशरणा जीवं जीवयामि प्रियार्भक ॥
सर्वोपि तावकीनोयं व्रजोत्रैवागमिष्यति । भवनं भरितं चेतः सोत्सवं मे विधास्यति ॥
भवान् यत्र जनास्तत्र सर्वेपि वदनं तव । पश्यंति परमोत्कंठा विरहिव्रजभूषणम् ॥८५५॥

બહુ જ કષ્ટથી પ્રાપ્ત થયલી પ્રજામાં તું એક જ છે, તેથી હું બીજાનો વિશ્વાસ કેવી રીતે કરૂં ? માટે તું મારી આંખોથી એક ક્ષણ પણ દૂર જા નહિ. (૮૫૧) ગોપબાલકોને બોલાવીને હે પુત્ર, આંગણામાં રમ. હે અંગ, મને પણ પુત્રની ક્રીડા જોવાનું દુર્લભ સુખ મળશે. (૮૫૨) હે લલિત આકૃતિવાળા, તારા વિના મને કેમ રુચે ? હે પ્રિય બાલ, એક તારા જ આધારથી મારા જીવમાં જીવ રહ્યો છે. (૮૫૩) આ આખું વ્રજ તારૂં જ છે, એ બધા અહિં જ આવશે. મારૂં આખું ભવન ભરાઈ જશે. મારા ચિત્તને મોટો ઉત્સવ થશે. (૮૫૪) તું જ્યાં હશે ત્યાં સર્વે લોકો, વિરહમાં પરમ ઉત્કંઠાથી વ્રજના ભૂષણરૂપ તારા મુખનું દર્શન કરશે. (૮૫૫)

त्वयि स्थिते व्रजानंद दयिते भवने मम । नित्योत्सवः सर्वजनाह्लादकः कामसुंदरः ॥
त्वय्यागते नंदगेहे कुलदीपः प्रकाशितः । ततः प्रभृति सततं समृद्धाः सर्वतो वयम् ॥८५७॥
अस्माकं तु शुभं यत् तद् व्रजे त्वयि समागते । अतो भवानेव हरे लौकिकं पारलौकिकम्॥

વ્રજના આનન્દરૂપ, વ્હાલો એવો તું જ્યારે હોય છે ત્યારે મારા ભવનમાં સર્વ જનને આહ્લાદ કરનાર કામથી પણ સુંદર નિત્ય ઉત્સવ થઈ રહે છે.(૮૫૬) શ્રીનંદરાયજીના ઘરમાં તારા આવવાથી કુલદીપ પ્રકાશિત થયો છે, તે દિવસથી અમે સર્વે સર્વ તરફથી નિરંતર સમૃદ્ધિવાળા થયા છીયે. (૮૫૭) અમારૂં જે જે કલ્યાણ થયું છે, તે તારા વ્રજમાં આવવાથી જ થયું છે, તેથી હે હરિ, અમારૂં ઐહિક અને પારલૌકિક સર્વસ્વ તું જ છે.'

માતાનાં વચન સાંભળીને પ્રભુ પોતાનું નિડરપણું બતાવે છે, અને માતાની આજ્ઞા લઇને ગોષ્ઠમાં (ખિરકમાં) જવા નીકળ્યા, તેનું વર્ણન સાત શ્લોકથી કરે છે.

आकर्ण्य जननीवाक्यं हरिरुत्तरमुक्तवान्। वयं क्रीडापरा एव मातर्गोकुलभूमिषु ॥८५९॥
अस्मद्व्रजे व्रजपतौ ताते व्रजभयं कुतः । ये द्रुह्यन्ति व्रजजनान् ते नश्यंति स्वतोऽसुराः ॥
न वै दूरं गमिष्यामः सायमायातधेनवः। गोष्ठे गोपजनाक्रांते क्रीडिष्यामः परं वयम् ॥८६१॥
मातरस्मत्प्रिया गावस्तीक्ष्णशृङ्गा अपि स्वतः । साध्व्यो व्रजजनं दृष्ट्वा मारयन्ति न कंचन ॥
त्वया मद्विषये चिंता न कार्या जननि स्वयम्। अहं व्रजं विहायान्यत् स्थलं यास्ये न किंचन ॥
व्रजो मदीयो न मया क्षणं त्यक्तुं हि शक्यते । अहं व्रजप्रियो मातर्व्रजस्याप्यहमेव हि ॥
एवमुक्त्वा प्रचलितोऽनुज्ञातोपि यशोदया । कपोलौ करयुग्मेन प्रगृह्य परिचुंबितः ॥८६५॥

માતાનાં વચન સાંભળીને હરિ ઉત્તર દેવા લાગ્યા. 'હે મા, અમે તો ગોકુલની જગ્યાઓમાં ક્રીડા કરવાવાલા છીએ. (૮૫૯) અમારા વ્રજમાં અમારા પિતા વ્રજપતિ છે. તો વ્રજને ભય શાનો ? જે અસુરો વ્રજજનનો દ્રોહ કરે છે, તેમનો એની મેળે જ નાશ થઈ જાય છે. (૮૬૦) અમે દૂર જઈશું નહિ. સંધ્યાકાલે ગાયો ખિરકમાં આવશે, ત્યારે એમની જોડે પાછા આવીશું. ત્યારે ખિરકમાં ગોપલોકો ભરાઈ જશે, તે વખતે અમે અહિંયાં ખેલીશું (૮૬૧) હે મા, અમારી વ્હાલી ગાયો જો કે પોતે તીક્ષ્ણ શિંગડાવાલી છે, તો પણ તે સારી ગાયો છે. વ્રજજનોને જોઇને, કોઇને મારતી નથી. (૮૬૨) હે મા, તારે મારે વિષે જરાપણ ચિંતા કરવી નહિ. હું વ્રજને છોડીને બીજા કોઈપણ સ્થલમાં

કદી જવાનો નથી. (૮૬૩) વ્રજ મારૂં છે, હું એને એક ક્ષણ પણ છોડી શકું તેમ નથી. હે મા, વ્રજ મને વ્હાલું છે, અને વ્રજને પણ હુંજ પ્રિય છું. (૮૬૪) એમ કહીને યશોદાની રજા લઇને પ્રભુ ચાલ્યા, ત્યારે માતાએ બંને હાથથી ગાલ ધરીને પ્રભુને ચુંબન કર્યું.

ગોપથી વિંટલાયલા પ્રભુ ખિરકમાં પધારીને ગોદોહનનો ઉદ્યોગ કરીને ગાયોને દુહે છે, તેનું વર્ણન સત્તર શ્લોકથી કરે છે.

समागतैः परिवृतो मधुपः कमलैरिव । गोपैः समचलद्वेणुवेत्रबाहुः कृपाकरः ॥८६६॥
निर्योगपाशरचितगोपवेषः कृपानिधिः । कटिबंधावृतशिराः कटिपीतांशुकावृतः ॥८६७॥
रणयन्नूपुरे पद्भ्यां नृत्यन गोपकुलैः सह । वादयन मधुरं वेणुं सरामो गोष्ठमागतः ॥

ભ્રમર કમલોથી વિંટલાય તેમ સાથે આવેલા ગોપોથી વિંટલાયલા કૃપા કરવાવાળા પ્રભુ હાથમાં વેણુ અને લકુટિ લઇને ચાલ્યા. (૮૬૬) હાથમાં લોમનાં (દોરડું) લઇને, ગોપવેષવાલા કૃપાનિધિ ભગવાન્ મસ્તક ઉપર પટકો લપેટીને, પીતાંબર કટિપર બાંધીને, (૮૬૭) ચરણના નૂપુરનો રણકાર કરતા, ગોપોના ટોળાંની સાથે નૃત્ય કરતા, મધુર વેણુ વગાડતા, રામની સાથે ખિરકમાં આવ્યા. (૮૬૮)

ततः परिवृतो गोपैर्वत्सवेश्म समागतः । स्वकरेणारविन्दाक्षः कपाटमुदघाटयत् ॥८६९॥
धावमानांस्ततो वत्सान् मात्रंतिकगतिप्रियान् । उत्क्षिप्तकर्णानुद्धृत्य कर्णौ चकितलोचनान् ॥
गृहीतजननीस्तन्यान् संध्यावधिवियोगिनः । क्षुधातुरान् समुत्प्लुत्य मुहुर्जननीसंगतान् ॥
विलोकयन् कृपापूर्णो गोपवेषसुशोभितः । मुखेन मुरलीरंध्रान् पूरयन् सुधया भृशम् ॥

પછી ગોપોથી વિંટલાયલા વાછરડાઓના સ્થાનમાં આવ્યા. કમલનયન પ્રભુએ પોતાના હાથથી દરવાજો ઉઘાડ્યો. (૮૬૯) પછી પોતાની માતાઓની પાસે જવાનું જેને ગમે છે, એવા વાછરડાંઓ ઉંચા કાન કરીને ચકિત થયલાં નેત્રવાલાં ખિરકમાં દોડ્યા. (૮૭૦) સવારથી તે સંધ્યાપર્યંત માતાના વિયોગવાલાં, ભૂખ્યા થયલાં, વારંવાર કુદતાં કુદતાં માતાઓની પાસે ગયાં, અને માતાઓના આંચળને ગ્રહણ કર્યાં. (૮૭૧) એવાં વાછરડાંઓને કૃપાથી ભરપૂર ગોપવેષથી સુશોભિત પ્રભુએ જોયા, અને મુખથી વેણુના છિદ્રમાં સુધા પુરતા વેણુ વગાડવા લાગ્યા. (૮૭૨)

गृहीतपीतवसनो बाहुना दक्षिणेन हि । वामेन दोहनीं गृह्णन्नंसे निर्योगपाशभृत् ॥८७३॥
आकारयन् व्रजजनान् त्रिविधैर्वेणुनिःस्वनैः । नामग्राहं व्रजगवां गतिस्तंभकृतिः पुनः ॥
तरुभ्यो मधुधाराः स्म सर्जयन् फलपुष्पकृत् । उत्पादयन् रोमहर्षं स्तंभयंश्च नदीगतिम् ॥
प्रकुर्वन् कमलोद्योतं जलं कल्लोलयन्नपि । गाः समुत्तब्धसत्कर्णाः सर्वा विदधदागतः ॥

જમણા હાથમાં પોતે પીતાંબર ધર્યું છે, તથા ડાબા હાથમાં દોહણી લીધી છે, ખાંધ ઉપર દોરડું (લોમનાં) ધર્યું છે. (૮૭૩) મંદ, મધ્યમ, અને તીવ્ર, એમ ત્રણ પ્રકારના નાદથી વેણુ વગાડીને વ્રજભક્તને બોલાવતા, વળી ગાયોના નામ લઈ તેમની ગતિ રોકી દેતા, (૮૭૪) વૃક્ષમાંથી મધુધારાઓ સર્જાવતા, અને એમને ફુલ તથા ફલોરૂપ રોમાંચ ઉત્પાદન કરતા, અને નદીની ગતિ અટકાવતા, (૮૭૫) જલમાં

કમલોને સારી રીતે ખિલાવતા અને તરંગો ઉત્પન્ન કરતા, અને સર્વ ગાયોને કાન ઉંચા કરી સ્તબ્ધ કરતા, ભગવાન પધાર્યા. (૮૭૩–૬).

दोहनाय कृतोद्योगश्चलन् पद्भिः शनैर्हरिः । वदन्नामानि धेनूनामव्यक्तपदनूपुरः ॥८७७॥
इतस्ततः समायातान् पश्यन् व्रजजनानपि । अंतरुत्साहसंपन्न उद्यद्भावविभावितः ॥८७८॥
ईक्षमाणो मुहुर्वक्त्राण्यानंदानंदितानि च । व्रजस्त्रीणां स्ववदनं पश्यन्तीनामहर्निशम् ॥८७९॥
लसद्वक्रगतिर्गोपकुलपो धेनुसन्निधौ । वत्सं ववन्ध नियोगपाशैः शोभार्थमेव हि ॥८८०॥
अर्धोत्थितः स्थितः स्थाप्य दोहनीमूरुमध्यतः । अदुहद्धेनुमुत्कण्ठां स्वतः स्नुतनिजस्तनाम् ॥
स्वामिन्यो व्रजनाथैवमवस्थादर्शनोत्सुकाः । समागताः स्वभवनाच्चित्रप्रायतया स्थिताः ॥

હરિ ધીમે ધીમે ચરણ ધરતા ચરણમાં નૂપુરનો અવાજ ન થાય એમ ચાલતા, ગાયોના નામ લેતા દોહવાનો ઉદ્યમ કરવા લાગ્યા. (૮૭૭) આમતેમથી આવેલા વ્રજજનને જોતા અંતઃકરણમાં ઉત્સાહવાળા થયલા પ્રભુ તેમનામાં ઉત્પન્ન થતા ભાવથી વિશેષ પ્રકારે ભાવિત થયા. (૮૭૮) રાત્રિ દિવસ પોતાના મુખને જોઈને તેના આનન્દથી આનન્દિત થયલા વ્રજભક્તોના મુખોને પ્રભુ વારંવાર જોવા લાગ્યા. (૮૭૯) ગોપકુલપાલક ભગવાન્ ગાયોની પાસે શોભા આપતી વાંકી ગતિથી લોમનાંથી શોભાને માટે વાછરડાને બાંધવા લાગ્યા. (૮૮૦) અર્ધા ઉંચા એવી સ્થિતિમાં રહીને દોહણીને બે જાંગની વચમાં પકડીને, પોતાની મેળેજ સ્તનમાંથી દૂધ ઝરતી ઉત્કંઠિત ગાયને દોહવા લાગ્યા. (૮૮૧) વ્રજનાથની આવી અવસ્થા જોવાને ઉત્સાહવાળાં સ્વામિનીઓ પોતપોતાના ઘરમાંથી આવી પહોંચ્યાં, અને ત્યાં ચિત્રપ્રાય થઈને ઉભાં રહ્યાં. (૮૮૨)

ખિરકમાં ગોદોહન કરતા પ્રભુનું વર્ણન, અને એવાં દર્શન કરીને વ્રજભક્તની જે અવસ્થા થઈ તેનું વર્ણન સત્તાવીશ શ્લોકથી કરે છે.

अर्धोत्थितं भावयंतं स्वप्रेष्ठस्वामिनीं हृदि । दुहंतं गां गोपसूनुं विवशं स्वामिनीरसैः ॥८८३॥
आनंदमीलन्नयनं चालयन्तं शिरस्तथा । आनंदाश्रुयुतं दृग्भ्यामुच्छूनं पुलकोद्गमैः ॥८८४॥
दरश्वासोन्नमन्नासं सहासवदनाम्बुजम् । उन्नमद्गण्डयुगलं चलत्कुंडलमंडितम् ॥८८५॥
नासिकावलंबिमुक्ताफलभूषणभूषितम् । अधरस्रवदत्यन्तदुर्लभस्वाधरामृतम् ॥८८६॥
ग्रीवालसत्त्रिवृत्कंठभूषामालाविभूषितम् । उरोवलंवमानेन वैयाघ्रेण नखेन च ॥८८७॥
हीरकादिमणिव्रातविराजत्पदकान्वितम् । आनाभिलंवमानेन मुक्ताहारेण शोभितम् ॥८८८॥
माणिक्यमध्यग्रथितमुक्तादामविराजितम् । कांचनेनापि हारेण राजद्धृदयमंडलम् ॥८८९॥
करकंकणसौवर्णांगदद्वयविभाद्वयम् । कटिमध्यलसत्स्वर्णकिंकिणीगुच्छशोभितम् ॥८९०॥
वद्धपीतांबरं कट्यां केकिपिच्छशिरोधरम् । पदद्वयलसन्नीलमणिनूपुररंजितम् ॥८९१॥
गोदोहवाहुसंचारं धारादर्शनमानसम् । फेनभोजनकार्यैकपयःसंपादनोन्मुखम् ॥८९२॥
पश्यंत्यो व्रजनाथं स्वसयस्त्वमहसन् मुदा ।

અર્ધોત્થિત સ્થિતિમાં, પોતાની પ્રેષ્ઠ શ્રીસ્વામિનીની હૃદયમાં ભાવના કરતા,

ગાય દોહતા, ગોપપુત્રને, શ્રીસ્વામિનીના રસમાં વિવશ, (૮૮૩) આનન્દથી નેત્રને મીચી દેતા, અને મસ્તકને હલાવતા, અને નેત્રમાં આનન્દાશ્રુવાલા, રોમાંચથી ફુલેલા શરીરવાલા, (૮૮૪) ધીમે ધીમે શ્વાસ લેવાથી નાસિકા ઉંચી થઈ રહી છે એવા, મુખકમલ હાસ્યયુક્ત છે એવા, બન્ને ગણ્ડસ્થલ પ્રફુલ્લિત થઈ રહ્યા છે એવા, હાલતા કુણ્ડલોથી શોભી રહ્યા છે એવા, (૮૮૫) નાસિકામાં લટકતા મોતીના નકવેસરથી શોભતા, જેના અધરમાંથી અત્યન્ત દુર્લભ અધરામૃત સ્રવે છે એવા, (૮૮૬) મોતીની ત્રણ સેરનું કણ્ઠાભરણ જેના કંઠમાં વિરાજમાન છે એવા, અને ઉર ઉપર વાઘનખનું આભૂષણ શોભી રહ્યું છે એવા, (૮૮૭) હીરા, વગેરે મણિના સમૂહથી જડેલું શોભાયમાન પદક જેમણે ધારણ કરેલું છે એવા, નાભિપર્યન્ત લટકતા મોતીના હારથી શોભતા, (૮૮૮) વચમાં વચમાં માણેક ગુંથેલા એવી મોતીની માલાથી શોભતા, અને કંચનના હારથી જેનું હૃદયમણ્ડલ શોભી રહ્યું છે, એવા (૮૮૯) બન્ને હાથમાં કંકણ તથા બાહુમાં સોનાના બે બાજુબન્ધ ધર્યાં છે, તેથી બન્નેની કાન્તિથી શોભતા, કટિમધ્યે સુવર્ણનો કંદોરો ધર્યો છે, તેના ઘુઘરીના ગુચ્છાથી શોભતા, (૮૯૦) જેમણે કટિ ઉપર પીતામ્બર બાંધ્યું છે, મસ્તક ઉપર મોરપિચ્છ ધર્યું છે એવા, બન્ને ચરણમાં નીલમણિ જડેલા નૂપુરથી શોભતા, (૮૯૧) ગાય દોહવામાં જેમના હાથનો સંચાર થાય છે એવા, દૂધની ધારા જોવામાં જેમનું મન લાગી રહ્યું છે એવા, ધૈયાના ભોજનને માટે દૂધ એકઠું કરવામાં તત્પર એવા, (૮૯૨) પોતાના સર્વસ્વરૂપ એવા વ્રજનાથને આવી સ્થિતિમાં જોઈને વ્રજભક્તો આનંદથી તેની સામે હસવા લાગ્યા. (૮૯૨½)

काश्चित् त्यक्तगृहाः काश्चित् कृष्णग्रहणविह्वलाः ॥८९३॥
काश्चिदत्यद्भुतां लीलामीक्षन्त्यो न्यरुणन्[1] मनः। काश्चिन्मनोरथारूढा भावयन्त्यः स्वसंगमम्॥
अगृह्णन् वलिमन्याश्च भ्रामयित्वा करद्वयम्। काश्चिद्वियोगभीत्यैव चिंताकुलितचेतनाः ॥

કેટલાકોએ ઘરનો ત્યાગ કરી દીધો, કોઈક કૃષ્ણનું ગ્રહણ કરવાને વિકલ થઈ ગયાં. (૮૯૩) કેટલાંકે અતિઅદ્ભુત લીલાને જોતાં તેમનું મન નિરુદ્ધ થઈ ગયું. અને કેટલાંકને એવો મનોરથ થયો કે પ્રભુની સાથે આપણો સંબંધ ક્યારે થાય. (૮૯૪) બીજાં વ્રજભક્ત બન્ને હાથ ફેરવીને ભગવાનના બલૈયા લેવા લાગ્યાં, કેટલાંક વિયોગની બીકથી ચિંતાથી આકુલ ચિત્તવાલાં થઈ ગયાં. (૮૯૫)

काश्चित् हृदयसंजातकामसंतापतापिताः। काश्चिद्व्रजपतेर्दोहक्रियाशिक्षापरायणाः ॥८९६॥
काश्चिद्दोहनसंसर्गिकरचांचल्यचंचलाः। काश्चिदावृतगोपीशकटाक्षमुषिता अपि ॥८९७॥
काश्चिद्वदनलावण्यरसांभोनिधिमज्जिताः। काश्चित् कुवलयानंदिमुखचंद्रचकोरकाः ॥८९८॥

કેટલાંક હૃદયમાં ઉત્પન્ન થતા કામના સંતાપથી તપ્ત થઈ ગયાં, અને કેટલાંક વ્રજપતિને ગાય દોહવાનું શિખવવામાં પરાયણ થઈ ગયાં. (૮૯૬) કેટલાંક ગાય દોહવાના સંસર્ગથી પ્રભુના હસ્ત ચંચલ થાય છે, તેની નકલ કરી પોતે પણ તેમજ હાથ હલાવવા લાગ્યાં. કેટલાંક ગોપીજન વારંવાર થતાં પ્રભુના કટાક્ષથી ઠગાયલાં થઈ ગયાં. (૮૯૭) કેટલાંક પ્રભુના મુખના લાવણ્યરસના સમુદ્રમાં મગ્ન થઈ ગયાં, કેટલાંક

---

[1] न्यहरन्

કુમુદિનીને [રાત્રિવિકાસી કમલને] આનંદ આપનાર પ્રભુના મુખચંદ્રના દર્શનને માટે ચકોર જેવાં તત્પર થઈ ગયાં. (૮૯૮)

काश्चित् परमवैक्लव्यहृतलज्जा अपि स्वतः । काश्चित् कटाक्षविक्षेपैरन्यसंबंधभावनात् ॥८९९॥
घ्नन्त्यः परमसंतुष्टमपश्यन् प्रणयातुराः । काश्चिन्निमीलितस्वीयनेत्ररंध्रेण गोपतिम् ॥९००॥
योगमार्गानुसारेण हृदि प्रावेशयन् मुदा । काश्चिद्भक्तिप्रकारेण गोपीशचरणाम्बुजम् ॥
पीतं पुनः पुनः पीतं नातृप्यन् विरहातुराः । काश्चिदत्यंतसौन्दर्यदर्शनानंदकंपिताः ॥

કેટલાંકે પોતેજ અત્યંત વિકલ થઇને લજ્જાનો ત્યાગ કરી દીધો, કેટલાંક અન્યની સાથે પ્રભુના સંબંધની ભાવનાથી પ્રભુ ઉપર કટાક્ષ નાંખીને (૮૯૯) પ્રહાર કરતાં હતાં, તોપણ પરમ સંતોષથી પ્રભુના દર્શન પ્રેમથી આતુર થઇને કરવા લાગ્યાં. (૮૯૯½) કેટલાંક પોતાના મીંચેલાં નેત્રનાં છિદ્રદ્વારા ગોપાલ પ્રભુને (ઇંદ્રિયોના સ્વામીને) યોગમાર્ગને અનુસાર હૃદયમાં પધરાવીને આનંદ પામ્યાં. (૯૦૦½) કેટલાંક ભક્તિમાર્ગના પ્રકારથી ગોપીશ પ્રભુનાં ચરણકમલનું પોતાના નેત્રદ્વારા વારંવાર પાન કરતાં છતાં વિરહથી આતુર થઈ તૃપ્ત થયાં નહિ. (૯૦૧½) કેટલાંક પ્રભુના અત્યંત સૌંદર્યના દર્શનથી થયલા આનંદથી કંપવા લાગ્યાં. (૯૦૨)

काश्चिद्वदनलावण्यजातस्वेदांगशैथिलाः । काश्चिच्चरणचाञ्चल्यजातरोमोद्गमा मुहुः ॥९०३॥
काश्चित्कूजितकं श्रुत्वा भाषणस्वरभङ्गकाः। काश्चित् हृदयसंजातोद्भटभावविभावुकाः॥९०४॥
प्राप्तातिवेपथुवशीकृतस्वधनमानसाः । ज्वलदिंगालनिर्यातशिखाश्यामनिरीक्षकाः ॥९०५॥
वैवर्ण्यवर्ण्यमानांगशिथिलीकृतसत्क्रियाः । गोपालदोहसुषमाजडीभूताखिलाङ्गकाः ॥९०६॥

કેટલાંક ભગવાનના મુખની લાવણ્યતાથી પ્રસ્વેદયુક્ત અંગવાળાં થઈ શિથિલ થઈ ગયાં. કેટલાંક પ્રભુના ચરણની ચંચલતાથી વારંવાર રોમાંચનો અનુભવ કરવા લાગ્યાં. (૯૦૩) કેટલાંક પ્રભુના કૂજનનું શ્રવણ કરીને ગદ્ગદ્ કંઠથી બોલવા લાગ્યાં. કેટલાંક હૃદયમાં ઉત્પન્ન થયલા ઉત્કટ ભાવની ભાવના કરવા લાગ્યાં. (૯૦૪) પોતાને થયલા અતિશય કંપથી, મનરૂપી ધન પ્રભુને વશ થઈ જવાથી, બળતા અંગારામાંથી નીકળતી જ્યોતિરૂપ શ્યામ પ્રભુનું દર્શન કરવા લાગ્યાં. (૯૦૫) પ્રભુના વિલક્ષણ અંગના વર્ણનથી શિથિલ થઈ ગયલી સર્વક્રિયાવાળાં કેટલાંક ગોપીજન ગોપાલ પ્રભુની દોહવાની શોભા જોઇને સર્વ અંગથી જડ જેવાં થઈ ગયાં. (૯૦૬)

चित्रदर्शनहृच्चित्ताः चित्रप्रायतया स्थिताः । स्वनिष्ठरससंदोहसमर्पणपरायणाः ॥९०७॥
धेनुदर्शनसंजाततथाविधमनोरथाः । निजस्वामिश्रमकृतिप्रेक्षणातिविलक्षणाः ॥९०८॥
दोहनोद्योगचलितनूपुरध्वनिबुद्धयः । अंतरंगानेकविधवार्तास्मृतिसमाकुलाः ॥९०९॥

પ્રભુના વિચિત્ર દર્શનથી ચિત્ત હરાઈ જવાથી કેટલાંક ચિત્રમાં લખ્યા જેવાં સ્થિર થયાં. અને પોતામાં રહેલો રસનો સમૂહ અર્પણ કરવામાં પરાયણ થયાં. (૯૦૭) ગાયોના દર્શનથી તેવાજ પ્રકારના મનોરથ કેટલાંક ગોપીજનને થવાથી પોતાના સ્વામીને દોહવામાં જે શ્રમ થતો હતો તે જોઇને વિહ્વલ થઇ ગયાં. (૯૦૮) દોહવાને

માટે પધારતા પ્રભુના નૂપુરનાં અવાજમાં જેમની બુદ્ધિ લાગેલી છે એવાં કેટલાંક અનેક પ્રકારની અંતરંગ વાર્તાનું સ્મરણ થવાથી અતિવ્યાકુલ થઈ ગયાં. (૯૦૯)

આ પ્રમાણે વિકલ થયલાં વ્રજભક્તો શ્રીદામા સખાને પોતાના મનોરથ કહે છે, અને તે પૂર્ણ કરવાને પ્રભુની પ્રાર્થના કરવાની વિનંતિ કરે છે, તેનું વર્ણન સાડી ઓગણીસ શ્લોકથી કરે છે.

विविधप्रेष्ठसंबंधविभावनविचक्षणाः । श्रीदामानं समाहूय गोकुलेशान्तरङ्गिणम् ॥९१०॥
सखायमवदन् स्वीयहृदयस्थान् मनोरथान् । श्रीदामन्नस्मदीयस्त्वं स्वामिनः प्रियसेवकः ॥
किंचिद्विज्ञापितं ब्रूहि गोपीनां प्रियसन्निधौ । वयं दिवा वियोगार्त्ता भावयन्त्यस्त्वदाननम् ॥

પોતાના પ્રેષ્ઠ ભગવાન્‌ના વિવિધ સમ્બન્ધની ભાવના કરવામાં ચતુર કેટલાંક વ્રજભક્તો શ્રીગોકુલેશના અન્તરંગ સખા શ્રીદામાને બોલાવીને (૯૧૦) પોતાના હૃદયના મનોરથોને કહેવા લાગ્યાં કે હે શ્રીદામા, તું અમારો છે, અમારા શ્રીસ્વામીનો પ્રિય સેવક છે. (૯૧૧) તેથી અમે તેને કાંઈ પ્રાર્થના કરીએ છીએ, તે ગોપીઓના પ્રિય શ્રીકૃષ્ણની આગળ કહેજે કે અમે દિવસના વિયોગથી પીડિત થયલા તમારા મુખની ભાવના કરીએ છીએ. (૯૧૨)

आसायं दुःखदं कालं गमयामः कथं प्रभो । स कोपि भविता कालो यस्मिन् पतिपदाम्बुजम् ॥
निजोत्संगगतं सम्यग् वाहयिष्याम एव हि । कदा व्रजपतेर्बाहू समाहूयान्तिके प्रभुम् ॥
गृहीत्वा गाढमालिङ्ग्य सुखिताः स्याम चांतरम् । कदा हृदयसंतापनिवृत्तिर्गोकुलेश्वरः ॥
नवनीतातिमृदुलस्वगात्रस्पर्शनादिभिः । कदा कृष्णस्य वदनलावण्यं दृङ्मधुव्रतैः ॥९१६॥
पास्यामः परमानंदसन्दोहं हृदयस्थितेः ।

સન્ધ્યાકાલપર્યન્તનો દુઃખ દેનારો કાલ હે પ્રભુ, કેવી રીતે ગાળીએ? એવો કોઈ કાલ આવશે કે જેની અન્દર અમે અમારા પતિના ચરણકમલને (૯૧૩) અમારા ખોળામાં લઈને તેને સારીરીતે દાબવાની સેવા કરીશું? અમે ક્યારે વ્રજપતિને પાસે બોલાવીને એમના બે બાહુને (૯૧૪) પકડીને ગાઢ આલિંગન કરીને અંન્તઃકરણમાં સુખી થઈશું? (૯૧૪½) ગોકુલેશ્વર નવનીતથી પણ અત્યન્ત કોમલ એવા પોતાના ગાત્રનો સ્પર્શ વગેરે કરાવીને હૃદયનો સન્તાપ ક્યારે નિવૃત કરશે? (૯૧૫½) અમારા હૃદયમાં રહેલા કૃષ્ણના પરમાનન્દના સારરૂપ મુખના લાવણ્યનું દૃષ્ટિરૂપ ભ્રમરથી ક્યારે પાન કરીશું? (૯૧૬½)

कदा कपोलौ मृदुलावुच्छूनौ सरसौ हरेः ॥९१७॥
मनोजभावविवशाश्चुंबिष्यामः परस्परम् । स्थापयामः कदा कृष्णं हृदये हृदयप्रियम् ॥
कराभ्यां वेष्टयिष्यामो मधुपं कमलैरिव । कदा वयं करिष्यामः प्रभुणा रससंविदः ॥९१९॥
गास्यामस्तद्गुणान् कंठं गृहीत्वा प्रभुणा सह । कदा रहसि शृङ्गारं स्वरुच्या गोकुलेशितुः ॥
करिष्यामो हसिष्यामः क्रीडिष्यामः परस्परम् । कदा विविधरमणसंतोषैस्तुष्टमानसाः ॥
स्यामः प्रियेणेह प्राप्तानंदा मनोरथम् । कदास्माकं प्रभोर्मूर्तिरेकैव खलु दृश्यते ॥९२२॥

અતિ કોમલ પ્રફુલ્લિત રસવાળા શ્રીહરિના બન્ને કપોલને કામભાવથી વિવશ થયેલા અમે ક્યારે ચુમ્બન કરીશું ? (૯૧૮½) અમારા હૃદયના પ્રિય શ્રીકૃષ્ણને અમે ક્યારે અમારા હૃદયમાં સ્થાપન કરીશું ? (૯૧૮) જેમ ભ્રમર કમલોથી વિંટલાઈ જાય છે, તેમ અમે અમારા હાથથી પ્રભુને ક્યારે વેષ્ટિત કરીશું ? પ્રભુની સાથે રસસમ્બન્ધિ વાર્તા અમે ક્યારે કરીશું ? (૯૧૯) પ્રભુના શ્રીકણ્ઠને ગ્રહણ કરીને તેમની સાથે તેમના ગુણ અમે ક્યારે ગાઈશું ? અમે એકાન્તમાં અમારી રુચિને અનુસાર પ્રભુને શૃંગાર ક્યારે કરીશું ? (૯૨૦) વિવિધ રમણદ્વારા સન્તોષ પામી અમે પ્રસન્ન મનવાળા ક્યારે થઈશું ? ક્યારે હસીશું ? અને પરસ્પર ક્રીડા કરીશું ? (૯૨૧) અમે આનન્દ પ્રાપ્ત કરીને પ્રિયની સાથે અત્ર મનોરથ ક્યારે પૂર્ણ કરીશું ? અમે અમારા પ્રભુના એકલા સ્વરૂપમાત્રનેજ ક્યારે જોઈશું ? (૯૨૨)

एवंविधैर्वचोवृंदैर्विविधैः स्वमनोगतैः । श्रीदामानं समानंद्य किंचिदूचुः प्रियाः प्रियम् ॥
यथा मिलति गोपीशस्तथा संकेतमातनु । अस्मानितो नय सखे सविधे गोकुलेशितुः ॥
अतितप्ता वयं सर्वा हृच्छयेनांतरात्मना । तच्छांतिः कृष्णकुमुदबंधुसर्वांगदर्शनात् ॥९२५॥
बाहू सततसंतप्तौ परिरंभणकर्मणः[1] । हृदयं स्फुटति प्रायो विरहेणातिकोमलम् ॥९२६॥
वचो विनोदवाक्यानि वक्तुमुत्कंठते सदा । श्रवणे स्वामिवचनश्रवणोद्योगकातरे ॥९२७॥
मनो विनोदसहितं हरिणा रंतुमिच्छति। एवं त्वयातिरहसि कृष्णकर्णेऽस्मदीरितम् ॥९२८॥
गोपालभोगसमये कथनीयं प्रयत्नतः ।

આ પ્રમાણે પોતાના મનમાં રહેલા વિવિધ પ્રકારના વાક્યોના સમૂહથી શ્રીદામાને આનન્દ આપીને ફરીથી એ પ્રિયાઓ પ્રિય શ્રીદામાને કાંઇક કહેવા લાગ્યા. (૯૨૩) ગોપીશ પ્રભુ જે પ્રકારથી મળે એવો સંકેત કર. હે સખા, અમને અહિંયાંથી ગોકુલેશ પ્રભુ પાસે લઈ ચાલ. (૯૨૪) અમે સર્વે અન્તઃકરણમાં કામથી બહુ પીડિત થઇ ગયા છીએ, તેની શાન્તિ કૃષ્ણચંદ્ર જે કુમુદનો બન્ધુ છે, તેના સર્વાંગદર્શનથી થશે. (૯૨૫) પ્રભુને આલિંગન કરવાને અમારા બાહુ નિરન્તર તપી રહ્યા છે. અમારું અતિકોમલ હૃદય વિરહથી લગભગ ફાટી જવા જેવું થયું છે. (૯૨૬) અમારી વાણી વિનોદના વાક્યો કહેવાને સદા અતિ ઉત્કણ્ઠિત રહે છે. અમારા કાન પોતાના સ્વામીના વચન શ્રવણ કરવાને દીન થઈ રહ્યા છે. (૯૨૭) અમારૂં મન વિનોદસહિત હરિ સાથે રમણ કરવા ઇચ્છે છે. આ પ્રમાણે અમારો સંદેશો તારે કૃષ્ણના કાનમાં તદ્દન એકાંતમાં ગોપાલભોગસમયે પ્રયત્ન કરીને કહેવો. (૯૨૮½)

પ્રભુ ગોદોહન કરીને ઉઠે છે, ત્યારે સર્વે ગોપ તેમને વિંટલાઈ વળે છે, અને ઘૈયા આરોગવાની પ્રાર્થના કરે છે, અને તેની સાથે શ્રીસ્વામિનીજીની આડીથી પણ પ્રાર્થના કરે છે, તે સાંભળીને તેનો વિચાર કરતા ઘૈયા અને દૂધ આરોગીને તેની ઉત્તમતા કહીને પોતાની ગાયોની સરાહના કરે છે, તે પંદર શ્લોકથી કહે છે.

ततः समुत्थितं धेनुदोहनाद्गोकुलप्रभुम् ॥९२९॥

---

[1] कर्मणि; कर्मणे ।

गोपाः सर्वे समागत्यावेष्ट्यन्निजनायकम्। ऊचुः प्रमुदिताः कृष्णं संमन्त्र्य मनसि स्थितम्॥
करिष्यामः कृष्ण पयोमंथनं निकटस्थिताः। स्वर्णपात्रेषु तत्फेनभोजनं क्रियतां त्वया॥९३१॥
वार्ताश्च विविधा वाच्या मानसौत्कंठ्यवर्धिकाः। रुच्यं बलकरं कृष्ण पयसः फेनभोजनम्॥
अस्मत्कराणां भवति सार्थकत्वं कृपानिधे। वयं त्वदीयाः सकलाः सखायः सकलाधिप॥
पूरणीयो व्रजफल भवता तन्मनोरथः। वयं त्वदीयदासीनां दासा इति न संशयः॥९३४॥
कृष्ण संबंधतस्तासां पूरणीयो मनोरथः।

પછી ગોકુલપ્રભુ ગોદોહન કરીને ઉઠ્યા. (૯૨૯) સર્વે ગોપો આવીને પોતાના નાયકને વિંટલાઈ વળ્યા. આનંદથી કૃષ્ણને પોતે માંહોમાંહે વિચાર કરીને મનમાં નક્કી કર્યું હતું તે કહેવા લાગ્યા, (૯૩૦) 'હે કૃષ્ણ, તારી પાસે રહીને અમે દૂધનું મંથન કરીશું, તેનું ફીણ તું સુવર્ણના પાત્રોમાં ભોજન કરજે. (૯૩૧) મનની ઉત્કંઠા વધારતી વિવિધ પ્રકારની ગોષ્ઠીઓ તું કરજે. હે કૃષ્ણ, પયઃફેન (ધૈયા) નું ભોજન રુચિકર અને બલ આપનારૂં છે. (૯૩૨) હે કૃપાનિધે, તે આરોગવાથી અમારા હાથની સાર્થકતા થશે. અમે સર્વે તમારા સખા છીએ. હે સર્વના અધિપતિ, તેમનો મનોરથ, હે વ્રજના ફલરૂપ, તમારે પૂર્ણ કરવો જોઈએ. (૯૩૩½) અમે તમારી દાસીઓ (વ્રજભક્તો) ના પણ દાસ છીએ, એમાં સંશય નથી. હે કૃષ્ણ તેમનો [દાસીઓનો] મનોરથ આપે આપના સંબંધથી પૂર્ણ કરવો જોઈએ' (૯૩૪½)

एवं गोपालवाक्यानि स्वभावख्यापकानि च॥ ९३५॥
श्रुत्वा व्रजपतिः स्वीयदयया तत्तथाचरत्। गोष्टस्थितैर्गोपबालैः[1] सहितो मथितं पयः॥
सफेनं सघनं तुल्यं तूलराशेः सितायुतम्। कुर्वन् विविधलीलानां विचारं स्वांतरंगकैः॥
शृण्वन् श्रीदामाभिहितं विज्ञप्तिं कारितां रहः। अभ्यसन् रससीत्कारं मुद्रयन्नयनं सुखैः[2]॥
चिंतयन् परमानंदरतिं श्रीगोपिकाजनैः। विचारयन् विशेषेण संकेतस्थलकारणम्॥९३९॥
स्मरन्निरुद्धकरणः स्मरवेगं विचक्षणः। रसाभिनन्दनं कुर्वन् शिरः संचालयन् मुहुः॥९४०॥
पीत्वा पीत्वा च गोपालान् याचमानः पुनः पुनः। गृह्णन् स्वधेनुनामानि स्वीकृतस्वादुदुग्धतः॥
प्रकटीविदधन् नंदधेनुषु प्रियतां स्वतः। मित्रास्माकं गवां हित्वा क्वापि नैवंविधं पयः॥
न तृप्यामि सखे पीत्वा मुहुर्मुहुरनेकशः। यतोस्माभिः पयःपुष्टैर्हन्यन्ते दैत्यपुंगवाः॥९४३॥
एवं वदन् निजप्रेष्ठैः पयःफेनमभुंक्त सः।

આવા તેમના ભાવને પ્રકટ કરનાર ગોપાલોનાં વાક્યો સાંભળીને વ્રજપતિએ પોતાની દયાથી તે તે પ્રમાણે કર્યું. (૯૩૫½) ખિરકમાં રહેલા ગોપબાલોની સાથે મથન કરેલું દૂધ, ફીણ સહિત ગાઢું, રૂના ઢગલા જેવું, મિશ્રીયુક્ત (૯૩૬½) પોતાના અંતરંગોની સાથે વિવિધ લીલાઓનો વિચાર કરતા, (૯૩૭½) ગોપીજને એકાંતમાં કરાવેલી વિજ્ઞપ્તિ એટલે શ્રીદામાનું કહેવું શ્રવણ કરતાં, સુખોથી રસના સીત્કારનો

---

[1] गोष्ठस्थितो गोपबालैः। [2] मुखैः।

અભ્યાસ કરતા, આંખો વાંચીને, (૯૩૮) શ્રીગોપીજનની સાથેની પરમાનંદદાયક રતિનું ચિંતન કરતાં, અને વિશેષ કરીને સંકેતસ્થલ ક્યાં કરાવવું તેનો વિચાર કરતાં, (૯૩૯) ઇન્દ્રિયોને સ્થિર કરીને કામવેશનું સ્મરણ કરતાં વિચક્ષણ પ્રભુ, રસનું અભિનંદન કરતાં, વારંવાર મસ્તકને હલાવીને, (૯૪૦) સ્વાદિષ્ટ દૂધનું વારંવાર પાન કરતા અને ગોપાળોની પાસે ફરીફરીને માગીને પીતા, સ્વીકારેલું દૂધ બહુ મીઠું હોવાથી પોતાની ગાયોના નામ લેતા, (૯૪૧) નંદરાયજીની ગાયોને વિષે પોતાની પ્રિયતા પ્રકટ કરતા હે મિત્ર, આપણી ગાયો સિવાય બીજી કોઈ ગાયોનું દૂધ આવું હોતું નથી. (૯૪૨) હે મિત્ર, વારંવાર અનેક પ્રકારે પીતાં છતાં મને તૃપ્તિ થતી નથી, કેમકે આ દૂધથી પુષ્ટ થઇને મોટા દૈત્યોને આપણે મારીએ છીએ. (૯૪૩) એ પ્રમાણે કહેતા પ્રભુ પોતાના પ્રિય મિત્રોની સાથે પૈયા આરોગ્યા. (૯૪૩½)

સેનભોગ આરોગવાનો સમય થતાં, માતા સામગ્રી સિદ્ધ કરીને વિહ્વળ થઇને પ્રભુને શોધવાને ગાયોને જોવાના મિષથી ખિરકમાં આવી. તે સાડા પાંચ શ્લોકથી કહે છે.

ततः समागता नंदगेहिनी सुतमाकुला ॥९४४॥
द्रष्टुं गोष्ठे व्रजगवां मुदा चकितलोचना । संपाद्य भोगसामग्रीं रोहिण्या भवने पुनः ॥९४५॥
तत उत्थाय सहसा सुतान्वेषणविह्वला । मार्गे मनोरथान् माता प्रकुर्वंती क्रियापरा ॥९४६॥
भावयंती च सामग्र्याः शीतलत्वं समाकुला । क्व नंदसूनुरित्येवं प्रश्नविक्लवचेतसा ॥९४७॥
गोपान् गोपीस्तथा वालान् पृच्छन्ती पथि वालकम् । आनंदसाश्रुनयना जातरोमांचविग्रहा ॥
आर्ता निजसुतं द्रष्टुं पुत्रस्नेहस्नुतस्तनी । अपश्यद् गोष्ठभूमिष्ठं क्रीडंतं निजवालकम् ॥

પછી આકુલવ્યાકુલ થયલાં શ્રીયશોદા (૯૪૪) વ્રજની ગાયોના ખિરકમાં આનંદથી ચકિત થયલાં લોચનવાળાં, સુતને જોવાને આવ્યાં. રોહિણીની સાથે પોતાના ભવનમાં સેનભોગની સામગ્રી સિદ્ધ કરીને, (૯૪૫) પછી ખિરકમાંથી એકદમ ઉઠીને પુત્રને શોધવામાં વિહ્વલ, ક્રિયાપરાયણ, માર્ગમાં મનોરથ કરતાં, (૯૪૬) તે સામગ્રી શીતલ થઇ જશે એવો વિચાર કરતાં, આકુલ વ્યાકુલ થઈને 'નંદલાલ ક્યાં છે'? એમ વિકલ ચિત્તથી પ્રશ્ન કરતાં, (૯૪૭) ગોપોને, ગોપીઓને, તથા બાલોને, પોતાના બાલક વિષે રસ્તામાં પૂછતાં, આનંદાશ્રુવાળાં નયનયુક્ત, અને શરીરે રોમાંચવાળાં (૯૪૮) પોતાના પુત્રને જોવાને આતુર, પુત્રના સ્નેહથી સ્તનમાંથી દૂધ ઝરતાં માતાએ ખિરકની જગ્યામાં પોતાના બાલકને ખેલતો જોયો. (૯૪૯)

પ્રભુને જોઇને માતાની જે અવસ્થા થઇ તેનું અને માતા પ્રભુને તે સમયે બોલાવે છે, તેનું વર્ણન આઠ શ્લોકથી કરે છે.

प्रमोदभरसंक्रान्तहृदया हृदयप्रियम् । चातकीव स्वातिविंदुं मयूरीव घनागमम् ॥९५०॥
मत्स्यांगनेव पानीयं चकोरीव हिमांशुकम् । चक्रवाकीव तपनं क्षुधितेवान्नमुत्तमम् ॥९५१॥
पिपासार्तेव सुजलं रोगार्तेव वरौषधम्[1] । दरिद्रेव धनं भूयो विषयं विषयार्थिनी ॥९५२॥

---

[1] रसौषधम् ।

तरसं धेनुरिव स्वीयं हरिमार्तेव चाश्रयम् । भयार्तेव स्वशरणं क्रियार्थेव स्वसाधनम् ॥९५३॥

હૃદયને પ્રિય પ્રભુને જોઇને, હર્ષના વેગથી ઉભરાતા હૃદયથી, જેમ ચાતકી સ્વાતિનક્ષત્રના વર્ષાબિંદુને, અને જેમ મયૂરી મેઘના આવવાને, (૯૫૦) જેમ માછલી જલને, ચકોરી શીતલ કિરણવાળા ચંદ્રમાને, ચક્રવાકી સૂર્યોદયને, ભૂખી ઉત્તમ અન્નને, (૯૫૧) તરસી સુન્દર જલને, રોગથી પીડાતી ઉત્તમ ઔષધને, દરિદ્રા સ્ત્રી પુષ્કલ ધનને, વિષયની ઇચ્છાવાળી વિષયને, (૯૫૨) ગાય પોતાના વાછરડાને, દુઃખી સ્ત્રી હરિરૂપી આશ્રયને, ભયવાળી પોતાના રક્ષકને, ક્રિયા કરવાવાળી પોતાના સાધનને, (૯૫૩)

ज्ञानार्थिनी वेद्येशं पूज्यं पूजार्थिनी यथा । दासीव स्वामिनीं[1] नंदगेहिनी दुर्लभप्रजा ॥
जातसर्वांगरोमांचहर्षाश्रुकलितानना । बाहू प्रसारयंती स्वसुतमाकारयंत्यपि ॥९५५॥
निभालयंती वदनमलकभ्रमरावृतम् । भ्रामयंती करद्वंद्वं गृह्णन्ती बलिमादृता ॥९५६॥
यथाकथंचिन्नलचपलं क्रीडनोत्सुकम् । सुतं चकार करगमोषधिः पारदं यथा ॥९५७॥

જ્ઞાનની ઇચ્છાવાળી વિધાના ઇશ્વરને, પૂજા કરવાવાળી પૂજ્યને, દાસી પોતાની સ્વામિનીને, જેમ જુએ, તેમ દુર્લભ પ્રજાવાળી નંદગેહિની [યશોદા] એ પોતાના પુત્રને જોયો. (૯૫૪) સર્વ અંગમાં રોમાંચ થયા, હર્ષના આંસુ મુખપર આવ્યાં, એવી યશોદા હાથ લાંબા કરીને પોતાના પુત્રને બોલાવવા લાગી. (૯૫૫) ભ્રમરરૂપી કેશથી ઢંકાયલા મુખને જોતી, બન્ને હાથ હલાવીને આદરથી બલૈયા (ઓવારણા) લેવા લાગી. (૯૫૬) ક્રીડામાં ઉત્સાહવાલા અતિ ચપલ બાલકને, જેમ તેમ કરીને, જેમ ઓષધિ પારાને પકડે, તેમ પોતાના હાથથી પ્રભુને પકડ્યા. (૯૫૭)

માતા સેનભોગ આરોગવાની પ્રાર્થના કરે છે, તે અગીઆર શ્લોકથી કહે છે.

बाल सिद्धेव सामग्री शीतला जायते ध्रुवम् । रोहिणी रामजननी कृत्वा विविधचातुरीम् ॥
संपाद्य भोगसामग्रीं पथं पश्यति सादरम् । ओदनं सितमत्यंतभिन्नमावर्तितं पयः ॥९५९॥
संयोज्य भुक्तमखिलं वनश्रममपोहति । तथा सर्वेपि विहिताः पदार्थास्त्वत्परात्मना॥९६०॥
संधानाद्यनेकसूपसमाप्ता रुचिकारिणः । पयश्च भिन्नमावर्त्य सितासंयोगि सन्निधौ ॥९६१॥
स्थापितं सूक्ष्मसौवर्णपात्रान्तरितधैनवम् । त्वदेकपेयं परमदयालो तत् तथा कुरु ॥९६२॥

હે બાલ, સિદ્ધ કરેલી સામગ્રી ઠંડી થઈ જાય છે. આ સામગ્રી બલદેવની માતા રોહિણીએ બહુ ચતુરાઇથી કરી છે. (૯૫૮) સેનભોગની સામગ્રી સાજીને આદરસહિત તારી વાટ જુવે છે. સફેદ ખીલેલો ભાત તથા કઢેલું દૂધ પણ ધર્યું છે. (૯૫૯) એ ભાત તથા દૂધ એકઠું કરીને ખાવાથી વનનો બધો શ્રમ નિકલી જશે. બીજીપણ સર્વે યોગ્ય સામગ્રી તારામાં જીવ રાખીને તૈયાર કરી છે. (૯૬૦) સંજાબથી માંડીને અનેક દાળ સુધીની સામગ્રી બહુ રુચિકર છે. ગાયનું કઢેલું મિશ્રીવાળું દૂધ નજીકમાં સોનાના કટોરામાં ધરીને, અન્દર સોનાની છોટી કટોરી ધરી છે તે જૂદો ધર્યો છે. એ માત્ર તારેજ પીવાને માટે છે, તેથી હે પરમદયાલુ એનું પાન કર. (૯૬૧-૬૨)

---

[1] स्वामिनं ।

अन्यापि सर्वा सामग्री संपाद्य निहिता गृहे । रक्षति रोहिणी माता त्वद्गृहागमनावधि ॥
याते काले विरसता सुत तस्यां भविष्यति । मम दुर्ललितप्राणप्रिय पुत्र वचोमृतम्॥९६४॥
संमानय गता संध्या रात्रिरप्यपतद् द्रुतम् । अंधकारोभवन्मार्गे तारका दिवि निर्गताः॥९६५॥
गोपाः समागताः सर्वे कृत्वा कार्याणि गोव्रजे। हुता अप्यग्नयो जाता भस्मना पिहिता गृहे ॥
संभाविता अतिथयस्तातेन गृहमागताः ।एकाग्रचित्तः पदवीं तव पश्यति सादरम् ॥९६७॥
गोप्यो गायंति गीतानि तव मद्गृहमागताः । व्रजप्रिय व्रजाधीश गृहमायाहि हा हरे॥९६८॥

બીજી પણ સર્વે સામગ્રી સમ્પાદન કરીને ઘરમાં ધરી છે. તું ઘરમાં આવે ત્યાં સુધી રોહિણી માતા તેને સાચવવા બેઠી છે. (૯૬૩) હે સુત, જેમ જેમ સમય જાય તેમ તેમ તે વિરસ થઈ જશે. માટે હે મારા પ્રાણપ્રિય લાડકવાયા પુત્ર, મારા કહેલાં અમૃત વચનને (૯૬૪) માની લે, સન્ધ્યાકાલ પૂરો થયો, રાત્રિ પણ જલદી પડી ગઈ, માર્ગમાં અંધારું થઈ ગયું, તારાઓ પણ આકાશમાં દેખાવા લાગ્યા. (૯૬૫) સર્વ ગોપો ખિરકમાંથી ગાયનું બધું કામ કરીને વ્રજમાં આવી ગયા. ઘરમાં હોમ કરેલો અગ્નિ પણ રાખથી ઢંકાઈ ગયો (૯૬૬) સંભાવિત પરોણાઓ તારા પિતાને ઘેર આવ્યા છે, તે પિતા એકાગ્ર ચિત્તથી આદર સહિત તારી વાટ જુવે છે (૯૬૭) મારે ઘેર આવેલી ગોપીઓ સર્વે તારા ગુણોના ગીત ગાઈ રહી છે. હે વ્રજપ્રિય, વ્રજાધીશ, હે હરિ, ઘેર ચાલ. (૯૬૮)

માતાનાં વચન શ્રવણ કરીને પ્રભુ માતાની પાસે આવ્યા, તેને લઈને માતા ગયા તે ત્રણ શ્લોકથી કહે છે.

आकर्ण्य जननीवाक्यान्यतिवात्सल्यवंत्यपि । आनंदसार्द्रहृदयो मातुरुत्संगमागतः ॥९६९॥
गाढमालिङ्ग्य जननी चुंबती सादरं मुखम् । प्रेमार्द्रहृदयोत्संगे कराभ्यां जगृहे सुतम्॥९७०॥
लालयंती विशेषेण सुतमुत्तोलयंत्यपि । गायंती फुल्लवदना यशोदा गृहमागमत् ॥९७१॥

માતાના અતિ વાત્સલ્યવાળાં વચન સાંભળીને આનંદથી ભીના હૃદયવાળા પ્રભુ માતાની પાસે આવ્યા. (૯૬૯) માતાએ ગાઢ આલિંગન કરીને આદર સહિત મુખને ચુંબન કરીને પ્રેમથી આર્દ્ર હૃદયવાળીએ પુત્રને બન્ને હાથથી પકડીને ગોદમાં બેસાડયો. (૯૭૦) સુતને સારી રીતે લાડ લડાવતી બન્ને હાથથી ઉંચો કરતી પ્રફુલ્લિત વદનથી ગીત ગાતી યશોદા ઘરમાં આવી. (૯૭૧)

ઘરમાં માતાએ પ્રભુને ગોદમાં બેસાડયા ત્યારે સેનભોગને માટે સખીએ જલની ઝારી ધરી, અને રોહિણીએ સામગ્રીનો થાળ ધર્યો. માતાના રુચિ ઉપજાવનાર વાક્યો સાંભળીને પ્રભુ આરોગવા લાગ્યા, તેનું વર્ણન ઓગણીશ શ્લોકથી કરે છે.

प्रविश्यांतर्गृहं गुप्तमास्तीर्यासनमुत्तमम् । उपविश्य स्वयं पुत्रमुत्संगे चोपावेशयत् ॥ ९७२ ॥
सखीजनैः समानीतं सौवर्णजलभाजनम् । स्थापितं वामभागे तु विज्ञाय समयं प्रभोः ॥
सामग्री विविधा सोष्मा विशिष्टस्वादुसंयुता । आपूर्य कनकस्थालीमानयन् मातृरोहिणी ॥
वदनं गोकुलेशस्य पश्यंती कुलदीपकम् । हृष्यंती हृदये चित्रलिखितेवाभवत् तदा ॥९७५॥

ઘરની અંદરના ભાગમાં ગુપ્ત સ્થાનમાં પ્રવેશ કરીને, ઉત્તમ આસન બિછાવીને પોતે તે પર બેસીને પુત્રને ગોદમાં બેસાડયો. (૯૭૨) સખીજનોએ ભોગનો સમય થયો જાણીને સુવર્ણની ઝારી લાવીને ડાબી બાજુ પર ધરી. (૯૭૩) વિવિધ પ્રકારની, જૂદા જૂદા સ્વાદવાળી, ગરમ ગરમ સામગ્રી સોનાની થાળીમાં સાજીને રોહિણી માતા લઈ આવ્યાં. (૯૭૪) કુલદીપક ગોકુલેશના મુખનું દર્શન કરતાં હૃદયમાં આનંદ પામતાં ચિત્રમાં ચિત્રેલાં જેવાં થઈ ગયાં. (૯૭૫)

वारयंती निजप्राणान् परमानंदनिर्वृता । वसुदेवस्य पत्नीषु रोहिणी भाग्यभाजनम् ॥९७६॥
रामं च निकटासीनमवलोक्य कुमारकम् । उद्भूतहार्दवात्सल्यविस्मृतान्या तदाभवत् ॥
यशोदा कोमलान्नादि भोजयंती निजार्भकम् । अवदद् भावविवशा[1] विलोक्य पृथुकाननम् ॥

પોતાના પ્રાણ નોછાવર કરતાં પરમાનંદમાં નિમગ્ન થઈ ગયાં. વસુદેવની પત્નીઓમાં રોહિણી પરમ ભાગ્યવાન્ થયા. (૯૭૬) કૃષ્ણની પાસે બેઠેલાં પોતાના પુત્ર બલદેવજીનું દર્શન કરીને હૃદયમાં ઉત્પન્ન થતાં વાત્સલ્યથી બીજું સર્વ તે વખતે ભૂલી ગયાં. (૯૭૭) શ્રીયશોદાજી કોમલ અન્ન વગેરે પોતાના બાલકને જમાડે છે, અને ભાવથી વિવશ થઈને બાલકના મુખનું દર્શન કરીને કહે છે. (૯૭૮)

मुग्ध दुग्धौदनं ग्राह्यमादौ परमकोमलम् । वनगोचारसंचारसंतापं शमयेदिदम् ॥ ९७९ ॥
बलमप्यतुलं भावि क्रीडनायोपयोगि तत् । रामो भुनक्ति सततं दृश्यतां कीदृशं बलम् ॥
कचाश्च मेचका दीर्घा भविष्यंति तवात्मज । पयश्चास्ते त्वदीयाया धूमर्या गोरनुत्तमम् ॥
गावश्च सार्थिकाः संतु त्वत्तातभवनस्थिताः । व्रजः सर्वोपि भवता सनाथो गोकुलेश्वर॥९८२॥

'હે ભોળા, પહેલાં આ પરમ કોમલ દૂધભાત ખા; વનમાં ગોચારણથી થયલો શ્રમ આથી મટી જશે. (૯૭૯) એનાથી પુષ્કલ બલ પણ આવશે. તે ક્રીડા કરવામાં ઉપયોગી થશે. બલરામ રોજ આનુંજ ભોજન કરે છે. જો, એનામાં કેટલું બધું બલ છે ? (૯૮૦) આ તારી ધુમરી ગાયનું બહુ ઉત્તમ દૂધ છે એનું પાન કરવાથી હે પુત્ર તારા વાળ લાંબા અને કાળા થશે. (૯૮૧) તારા પિતાના ઘરમાં રહેલી ગાયો પણ સાર્થક થશે. હે ગોકુલેશ્વર, સર્વ વ્રજ તારાથીજ સનાથ છે. (૯૮૨)

अन्यापि पोत सामग्री कार्या वदनपंकजे । भविता सकला पुत्र सार्थिका रोहिणीकृतिः ॥
अचंचलेन कर्तव्यं भोजनं मातृवत्सल । प्रतिग्रासमिदं पुत्रं याचते जननी भृशम् ॥९८४॥
पश्चात् क्रीडापि कर्तव्या व्रजे गोपकुमारकैः । न त्वरा नंदतनुज भोजनेऽत्र विधीयताम् ॥

હે બાલ, બીજી પણ સામગ્રી તારા મુખકમલમાં ધર. એથી હે પુત્ર, રોહિણીની સર્વ મહેનત સફલ થશે. (૯૮૩) હે માતાપર પ્રેમવાલા, ધીમે ધીમે ભોજન કર. ચંચલતા કર નહિ. એમ દરેક કોળીયે જનની પુત્રને વારંવાર આજીજી કરીને કહે છે. (૯૮૪) પછી વ્રજમાં ગોપકુમારોની સાથે ખેલવા પણ જજે. હે નંદના લાલા, ભોજનમાં ઉતાવળ કરવી નહિ. (૯૮૫)

---

[1] भावविवशाऽवलोक्य ।

विचारयसि किं चित्ते वद वार्तां वनस्थिताम् । पृच्छंती वारयंती च क्रीडोद्योगीयचंचलाम्॥
वीजयंती व्यजनिना दक्षिणेन करेण तम् । मार्जयंती च वामेन वदनं लुलितालकम् ॥९८७॥
मुखच्युतपयोबिंदून् मोंछंती दत्तचेतना । जायतेत्यंतसंतुष्टा क्षणक्षणविलोकनात् ॥ ९८८ ॥
कथयंती कथां लोकसिद्धामुत्साहवर्धिनीम् । मार्जारमूषकादीनां हासेनादनसिद्धये ॥९८९॥
समापयंती तां शीघ्रं विलंबासहना चिरम् । वनश्रमं भावयंती शयनाय मनो दधे ॥९९०॥

તું ચિત્તમાં શું વિચાર કરે છે? વનમાં થયલી વાતો મને કહે.' એમ પૂછતી માતા ક્રીડામાં ઉદ્યોગી ચંચલતાને રોકે છે. (૯૮૬) જમણા હાથમાં પંખો લઈને તેને પવન નાંખે છે, અને ડાબે હાથે મુખ ઉપર વાળ આવી ગયા છે તેને ઠીક કરે છે. (૯૮૭) મુખમાંથી નીકળતાં દૂધના ટીપાંને ધ્યાન દઈને પોંછે છે. નેત્ર માંડી માંડીને ક્ષણે ક્ષણે પ્રભુનાં દર્શન કરે છે અને અત્યંત પ્રસન્ન થાય છે. (૯૮૮) લોકમાં પ્રસિદ્ધ ઉત્સાહને વધારતી ઉંદર બિલાડી વગેરેની વાર્તાઓ, પ્રભુ હસીહસીને, સારી રીતે આરોગે તેને માટે કહે છે. (૯૮૯) પ્રભુને વનમાં શ્રમ થયો છે એવી ભાવના કરીને લાંબો વિલંબ સહન નહીં થતાં વાર્તાને જલદી સમાપ્ત કરી પોઢાડવાનું મન કર્યું. (૯૯૦)

શ્રીયશોદાજી વાત્સલ્યતાથી અધીર થઈને કૃષ્ણની રક્ષાની બાબતમાં બલદેવજીને શિખામણ આપે છે, તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે.

वदंती बलदेवं चैकस्थाल्यां निकटस्थितम् । स्वभावव्याकुला गोकुलेशितुः शिक्षणाय च ॥
राम रात्रिरभूदद्य गवामागमने व्रजे । बिभेमि सर्वतः कृष्णे भवत्यटविसंस्थिते ॥ ९९२ ॥
एवं कदापि कर्तव्यं नैव गोचारकैर्विभो । भवान् ज्येष्ठो बलश्रेष्ठो गुणैर्व्रजसुखप्रदः ॥९९३॥
संकर्षणोपि गर्गोक्त्या रोहिणीतनयो भवान् । वसुदेवसुतः क्षत्रधर्मशौर्यसमन्वितः ॥९९४॥
अयं बालो महामुग्धः कृष्णः कोमलकोमलः । संख्यातुमपि जानाति नैको द्वाविति च क्वचित् ॥

પાસે બેસીને એકજ થાળમાં ભોજન કરતા બલદેવજીને ગોકુલેશને શિખામણ આપવાને સ્વભાવથી વ્યાકુલ નીચે પ્રમાણે કહેવા લાગ્યાં. (૯૯૧) રામ, આજે ગાયોને વ્રજમાં આવતા રાત પડી ગઈ. કૃષ્ણ જંગલમાં રહે, તેથી બધી તરફથી મને ભય લાગે છે. (૯૯૨) ગાય ચારવાવાળાઓએ હે વિભો, એવું કદાપિ કરવું નહિ. તું મ્હોટો છે, બલમાં શ્રેષ્ઠ છે, અને ગુણથી વ્રજને સુખ આપવાવાળો છે. (૯૯૩) ગર્ગાચાર્યના કહેવા પ્રમાણે તું સંકર્ષણ છે, રોહિણીપુત્ર છે, વસુદેવનો પુત્ર છે, ક્ષત્રિયધર્મ શૂરવીરતા તારામાં છે. (૯૯૪) આ કૃષ્ણ બાલક છે, બહુ ભોળો છે, અત્યન્ત કોમલ છે, અને એક બે આંકડા પણ ગણી જાણતો નથી. (૯૯૫)

विधाय रोदनं हैयंगवं मां याचतेऽधुना । वाक्यमत्युत्तरं नैव पृष्टो यच्छति कर्हिचित् ॥
न वेत्ति मित्रशत्रूणां भेदं सर्वसमो भवन् । कपटं नैव कस्यापि जानाति जगदीश्वरः ॥९९७॥
अतः सर्वत्र शिक्षैव भवतैव विधीयताम् । गवां समीपे न स्थातुं देयो नैव विदोवने ॥
न मर्कटक्रीडने वा न नियुद्धेपि बालकैः । नैकाकी कुत्रचित्स्थातुं देयो नैव जलाशये ॥९९९॥
न वल्लिकिसौ नैव वृक्षारोहणादिषु । न गर्तोत्फालने नैव त्वया सह पृथक्स्थितो ॥१०००॥

હજુ સુધી મારી પાસે રહીને માખણ માગે છે. હું પૂછું તેનો ઉત્તર કોઈ દિવસ આપતો નથી. (૯૯૬) એ તો બધાને સમાન ગણે છે. શત્રુમિત્રનો ભેદ પણ સમજતો નથી. એ જગદીશ્વર કોઈનું કપટ પણ જાણતો નથી. (૯૯૭) માટે સર્વ સ્થલે તારે એને શિખામણ દેતા રહેવું. ગાયોની પાસે અને જ્યાં લડાઈ થતી હોય ત્યાં એને ઉભો રહેવા દેવો નહિ. (૯૯૮) જ્યાં વાંદરાનો ખેલ થતો હોય, જ્યાં બાલકો એકબીજા સાથે લડતા હોય, ત્યાં એને ઉભો રહેવા દેવો નહિ. એને કોઈ જગ્યાએ એકલો જવા દેવો નહિ. જલાશય પાસે એકલો ન જ જવા દેવો. (૯૯૯) અગ્નિની પાસે જવા દેવો નહિ. વૃક્ષની ઉપર ચઢવા દેવો નહિ. ખાડાઓની આરપાર કૂદવા દેવો નહિ. તારી સંગતથી દૂર રાખવો નહિ. (૧૦૦૦)

માતાની અધીરાઈ સાંભળીને બલદેવજી યશોદાજીને પ્રભુનું સામર્થ્ય કહીને નિર્ભય રહેવાની પ્રાર્થના કરે છે, તે સાડા અગીઆર શ્લોકથી કહે છે.

यशोदावचनं श्रुत्वा रामो मातरमब्रवीत् । वयं सर्वेऽस्य बलेनैव बलिनो गोकुलेश्वरि ॥१००१॥
एतत्सहाया गहने तरामः संकटान्यहो । न जानासि प्रभावं त्वं ज्ञातं वा विस्मृतं तव ॥
पूतनासुपयः पीतं शकटः पातितः पदा । तृणावर्तः शिलापृष्ठे हतो विश्वं प्रदर्शितम् ॥१००३॥
कटिबद्धोलूखलेन भग्नौ तु यमलार्जुनौ । धेनुकस्तालविपिने वत्सो विज्ञाय वै हतः ॥१००४॥
व्यपाटयद्बकमुखमघासुरनिषूदनः । कालियो दमितः कालरूपः पीतं दवानलम् ॥१००५॥

યશોદાના વચન સાંભળીને બલદેવજી માતાને ઉત્તર આપવા લાગ્યા. હે ગોકુલેશ્વરિ, અમે સર્વ એના બલથી જ બલવાન છીએ. (૧૦૦૧) એની સહાયથીજ ગહન વનમાં સંકટો તરી જઈએ છીએ. એના પ્રભાવને તું જાણતી નથી. અથવા તો જાણીને ભૂલી ગઈ છે. (૧૦૦૨) પૂતનાના પયની સાથે તેના પ્રાણ પણ એ પી ગયો. કોમલ ચરણથી શકટને પાડી નાંખ્યો, તૃણાવર્તને શિલા ઉપર પછાડીને માર્યો, અને તને મુખમાં વિશ્વનું દર્શન કરાવ્યું. (૧૦૦૩) કેડે બાંધેલા ખાંડણીયાવાળા એણે બે મ્હોટા યમલાર્જુન વૃક્ષ ભાંગી નાખ્યા. તાલવનમાં ધેનુકને માર્યો. વાછરડાઓમાં ભળી ગયલા વત્સાસુરને ઓળખીને હણ્યો. (૧૦૦૪) બકાસુરનું મુખ ચીરી નાંખ્યું. અઘાસુરને એણેજ માર્યો. કાલરૂપ કાલીયનાગનું દમન એણેજ કર્યું. દાવાનલને પણ એ પી ગયો (૧૦૦૫)

मुंजाटवीदवाग्नेस्तु रक्षिता धेनवः स्विकाः । मया सह स्थितवता प्रलंबोऽपि निपातितः ॥
एवंविधानि चरितान्यहो कृष्णस्य वै व्रजे । वृथा बिभेषि किमिति स्वसुतसामर्थ्यमीदृशम् ॥

મુંજાટવીમાં પેઠેલી પોતાની ગાયોની રક્ષા દાવાનલથી એણે કરી. મ્હારી સાથે રહીને પ્રલમ્બાસુરને પણ એણેજ માર્યો. (૧૦૦૬) વ્રજમાં કૃષ્ણે એવા આશ્ચર્યવાલાં ચરિત્ર ખરેખર કર્યાં છે. તું નકામી શા માટે બીએ છે? તારા દીકરાનું આવું સામર્થ્ય છે. (૧૦૦૭)

व्रजे भयं कुतः कृष्णो भ्रातास्माकं विराजते । अनेन सर्वथास्माकं सर्वत्र कुशलमेव हि ॥
एतस्य तु भयं नैव सर्वे एवास्य सेवकाः । राजवद्विपिने कृष्णः क्रीडति स्वेच्छया सुखम् ॥
चारयामो वयं धेनूः पालयामस्तदीरितम् । यतःप्रभृति कृष्णोयं व्रजेऽस्माकं समागतः ॥१०१०॥

तत आरभ्यास्ति सुखमासीदग्रे भविष्यति । तवैतदुचितं मातुस्स्वभावात् स्त्रीस्वभावतः ॥
मद्वाक्यपुंजविश्वासान्मातर्मन्तव्यमद्भुतम् ।

અમારો ભાઈ કૃષ્ણ વ્રજમાં બિરાજે છે ત્યાં સુધી વ્રજમાં ભય શાનો ? એનાથીજ અમને સર્વત્ર સર્વથા સુખ થાય છે. (૧૦૦૮) એને તો ભય છેજ નહિ. સર્વે એના સેવકજ છે. રાજાની માફક કૃષ્ણ પોતાની ઈચ્છાઅનુસાર અમારી સાથે વનમાં ક્રીડા કરે છે. (૧૦૦૯) અમે ગાયોને ચરાવીએ છીએ અને એના કહ્યા પ્રમાણે અમે કરીએ છીએ. (૧૦૧૦) જ્યારથી અમારા વ્રજમાં આ કૃષ્ણ પધાર્યા છે ત્યારથી અમને સુખ થયું છે, સુખ થયું હતું, અને હવે પછી પણ સુખજ થશે. તમને તો તમારા માતાના સ્વભાવપ્રમાણે અને સ્ત્રીસ્વભાવથી એને માટે આવા ભાવ થાય તે ઉચિતજ છે. (૧૦૧૧) હે માતા, મારાં વચનોના ઉપર વિશ્વાસ રાખીને તમારે આ અદ્ભુત માનવુંજ પડશે. (૧૦૧૧½)

બલદેવજીનાં અભયવચન સાંભળીને પણ વાત્સલ્યતાથી અધીર થઇને ફરી પણ બલદેવજીને શિખામણ આપે છે તે સાડાચાર શ્લોકથી કહે છે.

यशोदात्मजवीर्याणि बलदेवोदितानि हि ॥१०१२॥
शृण्वन्ती फुल्लहृदयाप्यवदत् पुनरादृता । तातास्मन्महतां भाग्यैरेते विघ्ना निवर्तिताः ॥
विष्णुना सत्सहायेन दिष्ट्या कृष्णोपि रक्षितः । तातास्मच्छत्रवो लोकाः कंसविद्वेषतस्तथा॥
कचाः शिरसि तावंतो न यावंतो हि शत्रवः । अतो बिभेमि सततं गोचारणगतौ पुनः ॥
न साहसं क्वचित् कार्यं चार्यन्तां धेनवोंतिके। महांतो वा स्वसंगेन नेयाः शस्त्रास्त्रसंयुताः ॥

બલદેવજીએ કહેલાં પોતાના પુત્રનાં પરાક્રમ સાંભળતાં પ્રફુલ્લ હૃદયવાળાં થઇને ફરીથી આદરસહિત બોલ્યાં. હે તાત, અમારા મોટાઓના ભાગ્યથી આ સર્વ વિઘ્નો દૂર થયાં છે. (૧૦૧૩) અમારા મોટા ભાગ્યથી સજ્જનોને સહાય કરનાર વિષ્ણુએ કૃષ્ણનું પણ રક્ષણ કર્યું છે. હે તાત, કંસના અમારા ઉપર દ્વેષથી લોકો અમારા શત્રુ થયા છે. (૧૦૧૪) જેટલા અમારા શત્રુ છે, તેટલા અમારા માથાપર વાળ પણ નથી, એ કારણને લીધે વળી જ્યારે તમે ગાય ચરાવવા જાઓ છો ત્યારે હૈયે હંમેશાં મને ભીતિ રહે છે. (૧૦૧૫) કદિપણ સાહસ કરવું નહિ. ગાયોને નજીકમાંજ ચરાવવી, અથવા તો તમારી સાથે શસ્ત્ર અસ્ત્રવાળા મોટા ગોપોને લઈ જવા. (૧૦૧૬)

પ્રભુ ભોજન કરતાં ઉઠી ગયા, ત્યારે માતાએ સમજાવીને બેસાડ્યા, ફરીથી ભોજન કરાવ્યું, પછી શ્રીઅંગ ધોઇને પોંછીને માતાએ બીડી આરોગીને પોતાનું ચર્વિત પ્રભુને આપ્યું, તે સાડાસાત શ્લોકથી કહે છે.

एवं प्रवदतोः कृष्णो भुक्त्वा च सहसोत्थितः। तदा यशोदाऽकथयत् किं भुक्तं चपलार्भक ॥
वार्तयैव वृथा कालो नीतः कमललोचन । यथैव पूरिता पूर्वं स्थाली सुत तथैव हि॥१०१८॥
तिष्ठ किंचिद् गृहाणेदमुत्तमं वस्तु सुंदर । एवं विनीय भगवान् पुनरप्युपवेशितः ॥१०१९॥
किंचिदादाय पुनरप्याघ्रायैव समुत्थितः । गृहीतैककरो मात्रा वादयन्नूपुरे पदोः ॥१०२०॥

એમ બન્ને જણ વાત કરતાં હતાં, એટલામાં કૃષ્ણ ભોજન કરતાં એકદમ ઉઠી ગયા, ત્યારે યશોદાએ કહ્યું કે “હે ચંચલ બાલક, તેં શું ખાધું? (૧૦૧૭) હે કમલનયન, વાતમાંજ નકામો કાલ ગુમાવ્યો, ભોજનનો થાળ તો હે સુત, પહેલાં હતો તેવોજ ભરેલો પડ્યો છે. (૧૦૧૮) હે સુંદર, ઉભો રહે, આ ઉત્તમ વસ્તુ કંઈક લે,” એમ વિનંતિ કરીને ભગવાન્‌ને પાછા આરોગવા બેસાડ્યા. (૧૦૧૯) કંઈક આરોગીને ફરીથી પ્રભુ જલદી ઉઠ્યા. માતાએ તેને એક હાથથી પકડી રાખ્યા. ભગવાન્ ચરણમાંનાં નૂપુર વગાડવા લાગ્યા. (૧૦૨૦)

उच्छिष्टवदनः कृष्णो नंदाङ्गणमुपागतः। आस्तीर्णपीठसंविष्टः स्वांगं सर्वमधावयत् ॥१०२१॥
संप्रोंछितस्ववदनो जनन्या वसनोत्तमैः । तांबूलमुत्तमं स्वास्ये निधाय कृतचर्वणम् ॥१०२२॥
स्वसूनुवदने दत्वा चुचुंब मुखपंकजम् । उपविश्यासने रम्ये श्रीनंदसहिता हरिम् ॥१०२३॥
लालयंती विशेषेण चक्रुस्तांबूलचर्वणम् ।

ઉચ્છિષ્ટ મુખવાલા કૃષ્ણ નંદરાયજીના આંગણાંમાં આવ્યા. ત્યાં બિછાવેલા બાજઠ ઉપર બેઠા. પોતાનું સર્વ અંગ ધોવડાવ્યું. (૧૦૨૧) માતાએ પોતાના ઉત્તમ વસ્ત્રોથી પ્રભુનું મુખ પોંછ્યું. ઉત્તમ તાંબૂલ પોતાના મુખમાં મૂકીને, તેનું ચર્વણ કરીને (૧૦૨૨) પછી પોતાના પુત્રના મુખમાં તે આપીને મુખકમલનું ચુંબન કર્યું. રમણીય આસન ઉપર શ્રીનંદરાયજીની સાથે બેસીને હરિને સારી રીતે લાડ લડાવતા બધા પાન ખાવા લાગ્યા. (૧૦૨૩½)

નિજમંદિરમાં સખીજન પ્રભુને માટે શય્યા બિછાવીને શયનમાં ઉચિત સામગ્રી ધરીને શ્રીયશોદાજીને જણાવે છે, તેનું વર્ણન સાડા ૭ શ્લોકથી કરે છે.

तावत् समीकृता शय्या सखीभिर्निजमंदिरे ॥१०२४॥
स्वच्छा पयःफेननिभा दांता रुक्मपरिच्छदा । कस्तूरिकागरुरजःकर्पूरादिपरिष्कृता ॥
पार्श्वद्वयधृतस्वच्छतांबूलजलभाजना । स्थापितैकदिशि प्रायोपयोगिव्यजनादिका ॥१०२६॥
अतिसूक्ष्मतमैर्वस्त्रैस्तूलिकाभिः[1] सुकोमला । पार्श्वद्वयलसत्स्वर्णपट्टगुच्छोपबर्हणा ॥१०२७॥
कस्तूरिकानिकरयुक्वासःसंपुटवासिता । अनेकपुष्परचितमालालंकृतकोणका ॥१०२८॥
संपाद्य शय्यासामग्रीमागत्य स्वसखीजनः । यशोदां नंदसहितां सकृष्णामवदद्वचः ॥
मातः समीचीनतया शय्यास्तीर्णा गृहान्तरे । स्थापिता सर्वसामग्री निकटे शयनोचिता ॥

એટલામાં નિજમંદિરમાં સખીઓએ શય્યા બિછાવી. (૧૦૨૪) તે દૂધના ફીણ જેવી સ્વચ્છ, શોભાયમાન, અને સુવર્ણ જેની અંદર જુદી જુદી જગાએ પૂરેલું છે એવા હાથીદાંતની બનાવેલી, અને કસ્તૂરી, અગરુ, બરાસ વગેરેથી સુગંધિત કરેલી હતી. (૧૦૨૫) બંને બાજુએ સ્વચ્છ બીડાં અને સ્વચ્છ જલના પાત્ર ધર્યાં, અને એક બાજુપર પંખા વગેરે ઉપયોગી વસ્તુઓ ધરી. (૧૦૨૬) અતિ ઝીણી ચાદરોની અને રૂ ભરેલી કોમલ ગાદીઓથી બહુજ કોમલ કરી; તેની ઉપર સુવર્ણવાળા રેશમી ગુચ્છાવાળા શોભિત

---

[1] अतिसूक्ष्मोत्तमैर्वस्त्रैः ।

તકિયા બંને બાજુપર ધર્યા. (૧૦૨૭) એવી શય્યાની ઉપર કસ્તૂરી ભરેલી થેલી તથા ઝીણી ચાદરને સુગંધિત કરીને ધરી. અનેક પુષ્પની બનાવેલી માલાથી ચારે બાજુએ ખુણાઓને શોભિત કર્યા, એટલે ફુલની માલાની કેશો બાંધી. (૧૦૨૮) આ પ્રમાણે શય્યા અને સામગ્રી સાજીને જ્યાં શ્રીયશોદાજી શ્રીનંદરાયજીની અને શ્રીકૃષ્ણની સાથે બેઠા હતા, ત્યાં આવીને સખી બોલી. (૧૦૨૯) હે માતા, અંતર્ગૃહમાં સારી રીતે શય્યા બિછાવી છે. અને તેની બાજુમાં શયનને યોગ્ય સર્વ સામગ્રી ધરી છે. (૧૦૩૦)

માતા અધીરાં થઇને સખીને પૂછે છે કે તેં શું શું સામગ્રી ધરી છે? સખી તેનો ઉત્તર આપે છે. પછી શ્રીયશોદાજી પ્રભુને પોઢાડવાને જાય છે. પ્રભુને નિદ્રાવશ જાણે છે, પરંતુ પોતે માતાનું મુખ જુએ છે, એ સર્વ પ્રકાર સાત શ્લોકથી વર્ણન કરે છે.

यशोदाप्यतिवात्सल्यवशं यातातिविह्वला । पुनर्निजसखीं प्राह पुत्रपोषपरायणा ॥१०३१॥
बालोयं सखि मे कृष्णः कदाचित् क्षुधितो भवेत्। रात्रौ तदर्थं सविधे किमिति स्थापितं त्वया॥

પુત્રના પોષણમાં પરાયણ શ્રીયશોદાજી અતિવાત્સલ્યતાથી વિહ્વલ થયાં, અને ફરીથી પોતાની સખીને કહેવાં લાગ્યાં. (૧૦૩૧) હે સખિ, આ મારો કૃષ્ણ બાલક છે. કદાચિત્ રાત્રીમાં ભૂખ લાગે તેને માટે તેં શય્યાની પાસે શું શું ધર્યું છે? (૧૦૩૨)

नवनीतं सिता सद्यःकृतं पक्वान्नमेव च। तथा सलवणं वस्तु पय आवर्तितं तथा ॥१०३३॥
द्राक्षेक्षुभेदविहितसामग्रीशकलान्यपि। एतावती तु सामग्री स्थापितेत्यवदत् सखी ॥१०३४॥
आकर्ण्य कृष्णमुत्संगे निद्रामुद्रितलोचनम्। गृहीत्वा शयनस्थाने शनैः स्वयमुपागमत् ॥
मार्गे मंदगतिः कृष्णप्रबोधभयविह्वला । विचारयंती विपिनगोचारणपरिश्रमम् ॥१०३६॥
अशाययन्निश्चलाभ्यां बाहुभ्यां प्रियमात्मजम् । प्रबुद्धमल्पसंचारे पश्यंतं जननीमुखम् ॥

માખણ, મિશ્રી, તાજું પકવાન્ન, લોણવાળી વસ્તુઓ અને કઢેલું દૂધ, (૧૦૩૩) દ્રા' શેરડીની ગંડેરીની બનાવેલી સામગ્રીના ટુકડા, એટલી સામગ્રી ધરી છે, એમ સખીએ શ્રીયશોદાજીને કહ્યું. (૧૦૩૪) તે સાંભળીને ગોદમાં નિદ્રાથી બંધ કરેલાં નેત્રવાલા શ્રીકૃષ્ણને લઈને શ્રીયશોદાજી ધીમેધીમે પોતે શયનસ્થાન આગળ આવ્યાં. (૧૦૩૫) શ્રીકૃષ્ણ જાગી જાય તે ભયથી વિહ્વલ થયલાં માર્ગમાં ધીમે ધીમે ચાલતાં, વનમાં ગોચારણનાં પરિશ્રમનો વિચાર કરતાં, (૧૦૩૬) પોતાના બન્ને હાથ નિશ્ચલ રાખીને, સહેજસાજ હાલવાથી જાગૃત થઈને માતાના મુખ તરફ જોતા, પ્રિય પુત્રને ઉચા.

પછી માતા પ્રભુની પાસે બેસીને પીઠપર વારંવાર હાથ ફેરવતી પ્રભુની લીલાનું વર્ણન કરતી ઉંઘી જવાની પ્રાર્થના કરે છે, અને પ્રભુ નિદ્રાવશ થાય છે, ત્યારે પોતે ઘરમાં આવે છે, તેનું વર્ણન ત્રેવીશ શ્લોકથી કરે છે.

उपविश्य स्वयं शय्यासमीपे सुतवत्सला। धृतपृष्ठकरा गायन् निद्रागमनसिद्धये ॥१०३८॥
व्रजराजसुत स्वीयताततोषकृते हरे। मन्नेत्रयुगसाफल्य याहि निद्रां कृपानिधे ॥१०३९॥
अरण्यटनसंजातगोचारणपरिश्रम । घर्मस्वेदयुतस्वास्य याहि निद्रां कृपानिधे ॥१०४०॥

પુત્ર પર વહાલવાળા શ્રીયશોદાજી પોતે શય્યાની પાસે બેસીને પુત્રના વાંસાપર હાથ ફેરવીને નિદ્રા આવે તેને માટે ગાવા લાગ્યાં. (૧૦૩૮) હે વ્રજરાજસુત, હે પોતાના પિતાને સંતોષ આપવાવાળા, હે હરિ, મારા બન્ને નેત્રના ફલરૂપ, હે કૃપાનિધે, સૂઈ જાઓ. (૧૦૩૯) ગાય ચરાવવાને માટે વનમાં ફરવાના પરિશ્રમથી,—તાપથી થયલા પરસેવાથી ભીના મુખવાળા હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૦)

सरोजकोमलपद्ग्रासस्वेदशिलातृणैः । नंदांगणनट स्वीयगोपिकागृहचौर्यकृत् ॥१०४१॥
व्रजहीरामणे गोष्ठकृतपंकांगलेपन । गृहीतगोवत्सपुच्छ याहि निद्रां कृपानिधे ॥१०४२॥

પથરા તથા ઘાસના અંકુરોને લીધે કમલ જેવા કોમલ ચરણ જેના દુખે છે એવા, નંદરાયજીના આંગણામાં ખેલતા નટ જેવા, પોતાના ગોપીજનના ઘરમાં ચોરીઓ કરવાવાલા, (૧૦૪૧) વ્રજના હીરામણિ, ખિરકના કાદવથી ખરડાયલા અંગવાલા, ગાય અને વાછરડાનાં પૂછડાં પકડનારા હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૨)

नवनीतप्रिय प्रेष्ठ नवनीतहठक्रिय । मंथानग्रहणोद्युक्त याहि निद्रां कृपानिधे ॥१०४३॥
धूलिधूसरसर्वांग मदुत्संगोपरिस्थित । याचितस्वादुपक्वान्न याहि निद्रां कृपानिधे ॥१०४४॥

હે નવનીતપ્રિય, હે અતિ પ્રેષ્ઠ, નવનીતને માટે હઠ કરવાવાલા, હે મથનીને પકડવાના ઉદ્યોગ કરવાવાલા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૩) હે વ્રજની રજથી ધૂસર થયલાં અંગવાળા, હે મારી ગોદમાં બેસવાવાલા, સ્વાદિષ્ટ પકવાન્નને માગવાવાળા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ.

स्तनपानोन्नमितदृग् जातनिद्राक्षसुंदर । कस्तूरिकातिलकयुग् याहि निद्रां कृपानिधे ॥
वक्रालकावृतमुख नयनांजनशोभन । भ्रूतटांतमपीविंदो याहि निद्रां कृपानिधे ॥१०४६॥
¹नासावलंविनिर्मुक्ताफलभूपणभूपित । दशनद्वयसंशोभिन् याहि निद्रां कृपानिधे ॥१०४७॥

હે સ્તનપાનને માટે નીચી દૃષ્ટિ કરવાવાલા, હે નિદ્રાયુક્ત સુંદર નેત્રવાલા, હે કસ્તૂરીના તિલકવાળા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૫) વાંકડીયા કેશથી ઢંકાયલા મુખવાળા, નયનમાં અંજનથી શોભતા, ભ્રુકુટિના અંદરના ભાગમાં કાજળના બિંદુવાળા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૬) નાસિકા ઉપર અવલંબન કરતાં મોતીના ભૂષણથી ભૂષિત, બે સુંદર દાંતથી શોભાયમાન, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૭)

प्रतिविंवद्वैतभाव कंठभूपातिसुंदर । मुक्तामालालसत्कंठ याहि निद्रां कृपानिधे ॥१०४८॥
उरःसंशोभिवैयाघ्रनखमंडनमंडित । सौवर्णहारहृदय याहि निद्रां कृपानिधे ॥१०४९॥
पीताम्वरोत्तरीयांग किंकिणीविलसत्कटे । मल्लवेपलसद्देह याहि निद्रां कृपानिधे ॥१०५०॥

પોતાનું પ્રતિબિંબ જોઈને આ બીજો કોઈ મારા જેવો છે એવા ભાવવાળા, કંઠની શોભાથી શોભતા, મોતીની માલાથી શોભાયમાન કંઠવાળા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૪૮) ઉર ઉપર શોભતાં વાઘનખથી મંડિત, હૃદય ઉપર સુવર્ણના હારવાળા, હે કૃપાનિધે, નિદ્રા કરો. (૧૦૪૯) અંગ ઉપર ઉપવસ્ત્ર તરીકે પીતાંબરવાલા, કિંકિણી (ઘુઘરી)થી

---

[1] मालावलंवित।

શોભિત કટિવાળા, મલ્લવેષથી શોભાયમાન દેહવાળા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૫૦)

गतित्वरातिचपलचरणाभरणध्वने । रिंगमाण व्रजभुवि याहि निद्रां कृपानिधे ॥१०५१॥
वत्सचारणसंजातक्रीडोत्साहातिविह्वल । विस्मृतस्वान्नपानादे याहि निद्रां कृपानिधे ॥
गोपाल गोकुलाधीश गोकुलानंददायक । गोकुलोत्सव गोविंद याहि निद्रां कृपानिधे ॥
गोकुलाभय गोवृंदमध्यस्थित गवां प्रिय । गोपीजनोक्तिसंगीत याहि निद्रां कृपानिधे ॥

જલદી ચાલવાથી અતિ ચપલ ચરણના આભૂષણની ધ્વનિવાળા, વ્રજની ભૂમિ ઉપર ઘૂંટણીયાં તાણતા, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૫૧) વાછરડા ચરાવવામાં ક્રીડાના ઉત્સાહથી અતિ વિહ્વલ, ખાવું પીવું પણ ભૂલી જનાર, હે કૃપાનિધે, નિદ્રા કરો. હે ગોપાલ, હે ગોકુલાધીશ, હે ગોકુલને આનંદ આપનાર, હે ગોકુલોત્સવ, હે ગોવિંદ, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. હે ગોકુલને અભય આપનાર, હે ગાયોના ટોળામાં સ્થિતિ કરનાર, હે ગાયોના પ્રિય, હે ગોપીજન વડે સંગીતથી ગવાતા, હે કૃપાનિધે, નિદ્રા કરો. (૧૦૫૪)

सर्वात्मना शुद्धभावभाववत्सेवित प्रभो । नृत्यप्रकारचतुर याहि निद्रां कृपानिधे ॥१०५५॥
आदर्शदृष्टजलजाननसंदर्शनोत्सुक । द्वैतदर्शनसोत्साह याहि निद्रां कृपानिधे ॥१०५६॥
मौग्ध्यभावकृतक्रीड सव्रीडवदनांबुज। स्मितानन स्फुरद्धास याहि निद्रां कृपानिधे॥१०५७॥
अधरस्रवदत्यंतरस बालस्वभावतः । मकरंदच्छविजित याहि निद्रां कृपानिधे ॥१०५८॥

શુદ્ધ સર્વાત્મભાવવાળા ભક્તના ભાવથી સેવાતા હે પ્રભો, નૃત્યના અનેક પ્રકારમાં ચતુર, હે કૃપાનિધે, ઉંઘી જાઓ. (૧૦૫૫) દર્પણમાં દેખાતા મુખકમલના દર્શન કરવામાં ઉત્સુક, તેમાં પોતાનું બીજું રૂપ જોવામાં ઉત્સાહવાળા, હે કૃપાનિધે, નિદ્રા કરો. મુગ્ધભાવથી ક્રીડા કરવાવાળા, શરમાળ મુખકમલવાળા, સ્મિત સહિત મુખવાળા, હાસ્યના સ્ફુરણવાળા, હે કૃપાનિધે, નિદ્રા કરો. બાલસ્વભાવથી અધરમાંથી ઝરતા અત્યંત રસવાળા, મકરંદની સુગંધને જીતવાવાળા, હે કૃપાનિધે, નિદ્રા કરો. (૧૦૫૮)

नंदसूनो निजानंदसानंदीकृतगोकुल । परमानंदसंदोह याहि निद्रां कृपानिधे ॥१०५९॥
एवं निजसुतं माता लालयंती विशेषतः । सखीः संस्थाप्य विज्ञाय निद्रितं गेहमागमत् ॥

હે નંદસૂનુ, નિજાનંદથી ગોકુલને આનંદયુક્ત કરનાર, પરમાનંદના સારરૂપ, હે કૃપાનિધે, નિદ્રા કરો. આ પ્રમાણે પુત્રને વિશેષ રીતે લાડ લડાવતી માતા, બાલકને નિદ્રાવશ જાણીને, પાસે સખીઓને બેસાડીને, શ્રીયશોદાજી ઘરમાં ગયાં. (૧૦૬૦)

જે જે વ્રજભક્તોએ ખિરકમાં સંકેત કર્યો હતો, તે તે વ્રજભક્તની સખીઓ શય્યામંદીરમાં આવીને પ્રભુને પધારવાની પ્રાર્થના કરે છે, તેમાં પ્રથમ સોળ શ્લોકથી શય્યા વગેરે સિદ્ધ કર્યાં છે એમ કહીને, શ્રીસ્વામિનીની વિરહાવસ્થાની સ્થિતિ અને પ્રલાપનું વર્ણન નવ શ્લોકથી કરે છે.

अत्रान्तरे सखीवृंदः कृतसंकेत आगमत्। स्वस्वामिनीसमाचारकथनाय कृपानिधे ॥१०६१॥
स्वामिन् पश्यंति पदवीं स्वामिन्यः स्वगृहस्थिताः । समीकृत्य स्थलं शय्यामास्तीर्य रुचिरां हरे ॥
सूक्ष्मैश्चैलैस्तथानूत्नकुसुमैर्विविधैरपि। सर्वापि सविधे क्रीडासामग्री स्थापिता हरे ॥१०६३॥

અહિ હવે જે સખીના યૂથે સંકેત કર્યો હતો તે પ્રભુને પોતાની સ્વામિનીના સમાચાર કહેવાને આવ્યાં, ને કહ્યું કે હે કૃપાનિધે, (૧૦૬૧) હે સ્વામિ, શ્રીસ્વામિનીઓ પોતપોતાના ઘરમાં બેસીને આપની વાટ જુએ છે. હે હરિ, સ્થલને ઠીક કરીને રુચિર શય્યા બિછાવી રાખી છે. (૧૦૬૨) ઝીણા વસ્ત્રવડે વિવિધ પ્રકારના નવીન પુષ્પોવડે બિછાવીને હે હરિ, ક્રીડાની સર્વ સામગ્રી પાસે ધરી છે. (૧૦૬૩)

जलं कनकपात्रेषु शीतलं निहितं प्रिय । तांबूलपूरिता स्थाली कर्पूरचषकान्विता॥१०६४॥
जातीफलीयशकलसंपूर्णचषकैर्युता । घृष्टांगरागचषकः सौवर्णसविधेऽद्भुतः ॥१०६५॥
चतुःसमीयचषकोप्यद्भुतो वैद्रुमस्तथा । कस्तूरिकापूर्णपात्रं वज्ररत्नविनिर्मितम् ॥१०६६॥

હે પ્રિય, સુવર્ણના પાત્રોમાં શીતલ જલ ધર્યું છે. બરાસની કટોરી સહિત બીડાં ભરીને તબકડી ધરી છે. (૧૦૬૪) જાયફલના કટકા સંપૂર્ણ ભરીને કટોરીઓ ધરી છે. અદ્ભુત અંગરાગ ઘસીને કટોરામાં ભરીને સુવર્ણના કટોરાની પાસે ધર્યો છે. (૧૦૬૫) પ્રવાલનો બનાવેલો અદ્ભુત કટોરો, કસ્તુરી, અગરુ, બરાસ, અને કેસર એ ચાર સુગંધીથી ભરેલો ધર્યો છે. હીરા અને રત્નથી જડેલો કટોરો, કસ્તૂરીથી સંપૂર્ણ ભરીને ધર્યો છે. (૧૦૬૬)

कृष्णागरुरसः कृष्णकंचुके लेपनार्थकः । काश्मीरनीरविहितो रसः परमसुंदरः ॥१०६७॥
सर्वांगचित्रकृतये तथा गंधरजोप्यथ । मालाश्च विविधाः सर्वाः स्वामिनीकरनिर्मिताः ॥
जाती मालतिका राजवल्ली माधविका तथा । मल्लिका यूथिका स्वर्णयूथिका करवीरकः ॥
कुंदः कुमुदकमलपीतजातीसुमादयः । चंपकः केतकश्चैव तथा शृङ्गारहारकः ॥१०७०॥

કૃષ્ણાગરુનો રસ કાળા વસ્ત્રના ઉપર લગાડવાને સારૂ ધર્યો છે. કેસર ઘોળીને, સુંદર રસ બનાવીને ધર્યો છે. (૧૦૬૭) અને વળી સુગંધી ચૂર્ણ, સર્વ અંગમાં ચિત્ર ચિતરવાને માટે ધર્યું છે. અને વિવિધ પ્રકારની સર્વે માલા શ્રીસ્વામિનીજીએ પોતાના શ્રીહસ્તથી બનાવીને ધરી છે. (૧૦૬૮) ચમેલી, માલતી, રાયવેલ, માધવી, મોગરા, જુઈ, પીળી જુઈ, કણેર, (૧૦૬૯) કુંદ, કુમુદ, કમલ, પીળી ચમેલી, ચંપો, કેતકી, પારિજાતક, (૧૦૭૦) ——

कुंकुमारक्तपुष्पाणि तथान्यान्यपि सन्निधौ । स्थापितान्यतिरम्याणि ग्रथिताग्रथितानि च ॥
आस्तीर्णः सकलो मार्गस्तैरेवात्यन्तकोमलैः । वस्त्राण्यपि तथोष्णीषपादकंचुककंचुकम् ॥
कटिबंधनवस्त्राणि तथैवाभरणानि च । स्थापितानि समीकृत्य पर्यंकसविधे प्रभो ॥१०७३॥

કુંકુમના રંગના જેવાં લાલ પુષ્પો, તથા બીજાં પણ સુંદર પુષ્પો ગુંથેલાં અને નહિ ગુંથેલાં પાસે ધર્યાં છે. (૧૦૭૧) સમગ્ર રસ્તો આ અત્યંત કોમલ પુષ્પથી પાથરી દીધો છે, અને વસ્ત્ર, પાઘ, તનીયા, સુથન, વાગા, (૧૦૭૨) પટકા, વગેરે વસ્ત્ર તથા આભૂષણ ઠીક કરીને હે પ્રભુ, શય્યાની પાસે ધર્યાં છે. (૧૦૭૩)

पाशकक्रीडने युक्ताश्चतुष्क्यः संति चान्तिके । आदर्शा विविधाः सन्ति काचलोहादिनिर्मिताः ॥
चंद्रातपत्रसंशोभि शुभं शयनमंदिरम् । रत्नदीपाः प्रदीपाश्च गवाक्षेषु विराजिताः ॥१०७५॥

स्त्रीपुंसंबंधचित्राणि लिखितानि च भित्तिषु । पतद्ग्रहः समीचीनस्तत्र रूप्यविनिर्मितः ॥

પાસા ખેલવાને ઉપયોગી સોગઠાં પાસે ધર્યાં છે. વિવિધ પ્રકારના કાચ, લોહ, વગેરેના બનાવેલા દર્પણો પણ ધર્યાં છે. (૧૦૭૪) સુંદર ચંદરવાથી શય્યામંદિર શોભી રહ્યું છે. રત્નના દીપક અને પ્રકટાવેલા દીપો ગોખલાઓમાં ધર્યા છે. (૧૦૭૫) સ્ત્રીપુરુષના સંબંધવાળા ચિત્રો ભીંતો પર ચિત્રેલાં છે, તથા ત્યાં રૂપાની બનાવેલી પીકદાની યથાયોગ્ય સ્થાનમાં ધરી છે. (૧૦૭૬)

तत्र स्थितास्मत्स्वामिन्यो वीक्षंते पदवीं तव । ग्रथयंति करैर्माला रम्यमध्यमदेशिकाः ॥१०७७॥
मनोरथं प्रकुर्वन्ति कदा याति कृपानिधिः । गायंति स्वानुभूतानि चरितानि रतिप्रियाः ॥

ત્યાં બેઠેલાં અમારાં સ્વામિનીઓ આપની વાટ જુએ છે; અને પોતાના હસ્તથી સુંદર થાકવાળી માલાઓ ગુંથે છે. (૧૦૭૭) મનમાં મનોરથ કરે છે કે કૃપાનિધિ પ્રભુ ક્યારે પધારશે, અને સુરતમાં પ્રેમવાળાં તે પ્રિયાઓ પોતે અનુભવેલા આપના ચરિત્રનું ગાન કરી રહ્યાં છે.

मुहुर्मुहुरथोद्ग्रीवाः पुनश्चकितलोचनाः । विरहत्यक्तनिःश्वासाः स्मृतरासविलासिकाः ॥
तथोन्नमितमूर्धानो द्वारदेहलिमाश्रिताः । बाहुदत्तकपोलाश्च विचारपरचेतनाः ॥१०८०॥
चिंतासरस्सु संमग्नाः किं भावीति भयातुराः । भावानुभूतसंबंधा इव च स्थितमानसाः ॥
शय्यावलोकसंजातविरहोत्कंठ्यकातराः । वदंति विरहेणैवं मूर्छंते च पुनः पुनः ॥१०८२॥

વારંવાર ડોક ઉંચી કરીને જુએ છે; વળી ચકિત નેત્રવાળાં થઈ જાય છે; રાસલીલાનું સ્મરણ થવાથી વિરહમાં ઉષ્ણ નિઃશ્વાસ કાઢે છે. (૧૦૭૯) અને મસ્તકને ઉંચું કરીને દેહલીના દ્વારનો આશ્રય લઈને ઉભા રહ્યાં છે; હાથ ઉપર કપોલ ધરીને ચિત્તમાં વિચાર કર્યા કરે છે. (૧૦૮૦) ચિંતાના સરોવરમાં ડૂબી ગયાં છે. શું થશે એવા ભયથી આતુર થઈ ગયાં છે, પોતે જે અનુભવ કર્યો છે એવા સંબંધના ભાવમાંજ જાણે કે એમનું મન લાગી રહ્યું છે.(૧૦૮૧) શય્યાને જોઈને ઉત્પન્ન થતી વિરહની ઉત્કંઠાથી વ્યાકુલ થઈ ગયાં છે. વિરહથી નીચે પ્રમાણે બોલે છે, અને ફરી ફરીને મૂર્છિત થઈ જાય છે.

हा कृष्ण गोपिकानाथ गोपीहृदयभूषण । हाहा हाहा हरे देहि दर्शनं विरहे मम ॥१०८३॥
हा राधिकेश हा स्वामिन् हा हा स्वीयांतरायहृत् । हा स्वकीयांधलकुट हा कुलस्त्रीनिरोधकृत् ॥
एवं बहुविधैर्वाक्यैर्विलपंति दयाम्बुधे । चलनीयं द्रुतं दीनसहजानंददायक ॥१०८५॥

હા કૃષ્ણ, ગોપિકાનાથ, ગોપીજનના હૃદયના ભૂષણ, હા, હા, હે હરિ, મારા વિરહમાં મને દર્શન આપો. (૧૦૮૩) હા રાધિકેશ, હા સ્વામિ, હા નિજજનના અંતરાયને દૂર કરનાર, હા સ્વકીય આંધલાની લાકડીસમાન, હા કુલસ્ત્રીનો નિરોધ કરનાર, (૧૦૮૪) આ પ્રમાણે વિવિધ પ્રકારના વાક્યોથી, હે દયાના સાગર, તેઓ વિલાપ કરી રહ્યાં છે. માટે હે દીનને સહજ આનંદદાયક, હવે જલદી ચાલવું જોઈએ. (૧૦૮૫)

એની પ્રાર્થનાથી પ્રભુ પોતે પણ ભાવથી વિકલ થઈને સખીની સાથે જાય છે. પ્રત્યેક ભક્તની આગળ જુદું જુદું રૂપ ધરીને સર્વને ઘેર પધારીને સર્વના

મનોરથ પૂર્ણ કરે છે, તેનું વર્ણન અગીયાર શ્લોકથી કરીને ગ્રંથ સમાપ્ત કરે છે.

एवमुक्तः कृपासारः प्रणिपातपुरःसरम् । रसोपयोगिवचनरचनाभिरभिष्टुतः ॥१०८६॥
परमानंदसंहृष्टहृदयः स्मितसुंदरः । घूर्णायमाननयनः शयनात् सहसोत्थितः ॥१०८७॥
सखीशतवृतः स्वीयप्रेयसीसंगमातुरः । गृहीतचरणस्ताभिः करग्रहविलक्षणः ॥१०८८॥
कोटिकंदर्पलावण्यो मदनाधिकसुंदरः । सखीप्रदर्शितपथचलितो मंदमंथरः ॥१०८९॥

પ્રણામપુરઃસર રસોપયોગી વચનોથી સ્તુતિ કરાયલા કૃપાના સારરૂપ પ્રભુ, (૧૦૮૬) પરમાનંદથી હર્ષિત થયલા હૃદયવાળા, સુંદર સ્મિતવાળા, ઘુમરાયલા નયનવાળા, શયનમાંથી એકદમ ઉઠ્યા. (૧૦૮૭) સેંકડો સખીઓથી વિંટલાયલા, પોતાની પ્રિયાના સંગમની આતુરતાવાળા, તે સખીઓએ જેમના ચરણ ગ્રહણ કર્યાં છે એવા, વિલક્ષણતાથી સખીઓના હાથ પકડીને, (૧૦૮૮) કોટિકંદર્પલાવણ્યવાળા પ્રભુ, મદનથી અધિક સુંદર, સખીઓએ બતાવેલા માર્ગથી મંદ મંદ ગતિથી ચાલવા લાગ્યા.

लसत्पदयुगप्रान्तवनमालाविराजितः । मुरलीनादमधुरोऽधररसाम्बुपूरकः ॥१०९०॥
भृंगांगनागणवृतः कमलभ्रमणक्रियः । रसस्मृतिसमुत्पन्नभावैकवशमानसः ॥१०९१॥
रसविक्षिप्तहृदयः सखीवृंदैः प्रवेशितः । प्रविष्टस्तत्रभवनेष्वहो तासां मनोरथः ॥१०९२॥
तथा चकार भगवान् पूर्यते च यथाखिलः । वात्स्यायनं भारतं च चक्रे शास्त्रं च सार्थकम् ॥

બંને ચરણના અંત સુધી શોભતી વનમાલાથી વિરાજતા હતા, મુરલીનો મધુરનાદ કરતા હતા, અધરામૃતને મુરલીમાં પુરતા હતા. (૧૦૯૦) ભ્રમરીઓનાં યૂથથી વિંટલાયલા, હાથમાં કમલને ફેરવતા, રસના સ્મરણથી ઉત્પન્ન થયલા ભાવને વશ મનવાળા, (૧૦૯૧) રસથી વિક્ષિપ્ત થયલા હૃદયવાળા, સખીના ટોળાંઓએ પ્રવેશ કરાવેલા, ત્યાં પ્રત્યેક ભવનમાં પધારીને ભગવાન્ એવું કરવા લાગ્યા કે. જેથી એ સ્વામિનીઓનો સર્વ મનોરથ (૧૦૯૨) પૂર્ણ થઈ જાય, એ પ્રકારે વાત્સ્યાયન ઋષિ અને ભરત મુનિએ કરેલાં શાસ્ત્ર સાર્થક કર્યાં. (૧૦૯૩)

रसरूपः स्वकं रूपमेवं पूर्णं ददौ हरिः । मनोरथांत आनंदस्तासु दत्तोभवत् प्रभोः॥१०९४॥
भावात्मकं भावरूपा भावक्रीडैकसाधनैः । भावानंदेन भावांतर्भावैः प्रापुः परं हरिम् ॥
रामोपि निजगोपीनां नित्यं गोव्रजयोषिताम् । गृहेषु रेमे सततं स्वयं रतिविचक्षणः ॥

રસરૂપ ભગવાને આ પ્રમાણે પોતાના પૂર્ણ રૂપનું દાન કર્યું. મનોરથ સંપૂર્ણ થાય એવા પ્રભુના આનન્દનું દાન તેમને થયું. (૧૦૯૪) ભાવરૂપ વ્રજભક્તોએ ભાવનાની ક્રીડાનાજ સાધન વડે ભાવાત્મક પરમાત્મા હરિને ભાવના આનન્દ વડે ભાવનાના અંતર્ભાવો સહિત પ્રાપ્ત કર્યા. (૧૦૯૫) પોતાનાં ગોપીજનને નિત્ય રમણ કરાવનાર બલરામ પણ પોતે રતિમાં વિચક્ષણ હોઈને નિરન્તર વ્રજસ્ત્રીઓના ગૃહોમાં રમણ કરતા હતા.

હવે શ્રીહરિરાયજી ગ્રન્થ સમ્પૂર્ણ કરીને દશ શ્લોકથી ઉપસંહાર કરે છે.

इति श्रीवल्लभाचार्यदासदासेन भावना । प्रातरारभ्य कथिता कृपया स्वीयतुष्टये ॥१०९७॥
यद्यप्यनुचितं भावो हृद्गतोऽयं प्रकाशितः । कृतं तथापि श्रीकृष्णः कुलदैवं प्रसीदतु ॥

હું જે શ્રીવલ્લભાચાર્યજીના દાસનો દાસ છું, તેણે નિજજનના ઉપર કૃપા કરીને તેમની પ્રસન્નતાને માટે પ્રાતઃકાલથી આરમ્ભ કરીને આ ભાવના કહી છે. (૧૦૯૭) જો કે હૃદયમાં રહેલો આ ભાવ પ્રકટ કર્યો છે એ ઉચિત નથી કર્યું, તો પણ અમારા કુલદેવ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાઓ.

अहं श्रीवल्लभाचार्यचरणाम्बुरुहाश्रयः । तैरेव स्वीयविहितमागः क्षंतव्यमुत्तमैः ॥१०९९॥
श्रीविट्ठलेशचरणद्वयसेवनमानसः । निरूप्ये किंचिदपरं प्रसन्नोस्तु कृपानिधिः ॥११००॥

હું શ્રીવલ્લભાચાર્યના ચરણકમલના આશ્રયવાળો છું, તેથી એમણે પોતાની ઉત્તમતાથીજ પોતાના જનથી થયલા અપરાધની ક્ષમા કરવી જોઇએ. (૧૦૯૯) શ્રીવિઠ્ઠલેશના બન્ને ચરણની સેવા કરવામાં મનવાળો છું, તેથી કાંઇક અત્યુત્તમ હું નિરૂપણ કરું છું, તેથી એ કૃપાનિધિ પ્રસન્ન થાઓ. (૧૧૦૦)

भक्तिमार्गीयवैराग्यनिधानं त्यक्तसंग्रहम् । वंदे विलक्षणं भावं[1] श्रीगोविन्दपितामहम् ॥
तातं स्वाचार्यमार्गीयमर्यादाग्रहमानसम् । मनसा वचसा कार्यैः नमामि करुणालयम् ॥

ભક્તિમાર્ગના વૈરાગ્યના સ્થાનરૂપ, જેમણે સંગ્રહનો ત્યાગ કર્યો છે એવા, વિલક્ષણ ભાવરૂપ મારા પિતામહ શ્રીગોવિન્દજીને હું વન્દન કરું છું (૧૧૦૧) પોતાના શ્રીમદાચાર્યજીના માર્ગની મર્યાદાના આગ્રહયુક્ત મનવાળા અને કરુણાના સ્થાનરૂપ પિતા શ્રીકલ્યાણરાયજીને મન વાણી ને કાર્યોથી નમન કરું છું. (૧૧૦૨)

एतन्मदुदितं बालस्वभावाद् वंशवत्सलः । श्रीवल्लभाचार्यनामा प्रभुः क्षाम्यतु सर्वथा ॥
स्वकीयानां योपराधान् शतशो विहितानपि । दीनाश्रयो न मनुते स कृष्णः शरणं मम ॥

આ મેં બાલસ્વભાવથી જે વર્ણન કર્યું છે તેને પોતાનો વંશ જેને વહાલો છે એવા શ્રીવલ્લભાચાર્યનામવાળા પ્રભુ સર્વથા ક્ષમા કરો. (૧૧૦૩) સ્વકીયના કરેલા સેંકડો અપરાધોને જે ગણતા નથી એવા, દીનના આશ્રયરૂપ શ્રીકૃષ્ણ મારા આશ્રય છે.

स्वकीयं श्रीवल्लभीयं मामानंदनिधिर्हरिः । निःसाधनं च वृणुते स कृष्णः शरणं मम ॥
अयुक्तमथवा युक्तं मदुक्तं न विचार्यताम् । श्रीमदाचार्यचरणदासोयमिति चिंतया॥११०६॥

શ્રીવલ્લભાચાર્યજીના વંશમાં ઉત્પન્ન થયલો નિઃસાધન હું, જે આપનો છું તેને, જે આનન્દનિધિ હરિ વરણ કરે છે, તે શ્રીકૃષ્ણ મારા આશ્રયરૂપ છે. (૧૧૦૫) આ શ્રીઆચાર્યચરણનો દાસ છે એવો વિચાર કરીને, મેં જે કહ્યું તેની યોગ્યતા અને અયોગ્યતાનો વિચાર કરશો નહિ. (૧૧૦૬)

इति श्रीहरिदासविरचिता सेवाभावना समाप्ता ।

---

[1] भावेः

—: નિત્યલીલા :—

પ્રાતસમેં ઉઠિકે વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા ॥ ૧ ॥
હરિ સિંગાર મથનિયા ધોવેં, અપનો અપનોં દહ્યો બિલોવેં ॥ ૨ ॥
મથન કરેં મોહન જસ ગાવેં, સુમિર સુમિર હરિગુન સચુપાવેં ॥ ૩ ॥
માખનમિશ્રી દહી મલાઈ, ઓસોં દૂધ કપૂર મિલાઈ ॥ ૪ ॥
કછુક મનોરથકે પકવાન્ન, થાર સંજોવતિ સુંદરિ વાન ॥ ૫ ॥
નયે વસન ભૂષન હરિ લાયક, લૈન ચલી સુંદર સુખદાયક ॥ ૬ ॥
અતિ હિ સુરંગ ખિલોના લીનેં, વિવિધ મનોરથ મનકે કીનેં ॥ ૭ ॥
ઉઠે ગ્વાલ ખરિકનકોં ચલે, અતિ આતુર ગાયનસોં મિલે ॥ ૮ ॥
ટેર કરત મુરલિ સમુદાઈ, કાજર પીયરી કારી આઈ ॥ ૯ ॥
કાજરિ ધૂમરિ ઔર મઝોડી, સબ ગુન પૂરન સબેં અનૂઠી ॥ ૧૦ ॥
ઘંટાનાદ કરત સબ ડોલેં, અપને અપને બછરન બોલે ॥ ૧૧ ॥
શૃંગનાદ ખિરકનમેં સોહે, શ્રવણ સુનત સબકો મન મોહે ॥ ૧૨ ॥
મંગલ શબ્દ કાનન જબ પર્યૌ, સકલ સાજ કરમેં લૈ ધર્યૌ ॥ ૧૩ ॥
ઈહિ વિધિ સબ ઘરઘરતે ચલીં, નંદનંદનકોં દેખન અલી ॥ ૧૪ ॥
સુખસિજ્યા પૌઢે હરિરાય, વારંવાર જસોદા માય ॥ ૧૫ ॥
ફિર આંડે ફિર ફિરકેં આવેં, કમલનયનકૂં નાહીં જગાવેં ॥ ૧૬ ॥
તાહી સમય આઈ વ્રજબાલા, મનોમત્ત ગયંદકી ચાલા ॥ ૧૭ ॥
ભૂષનકી ધુનિ સુનિ નંદરાઈ, ચૌંકિ ઉઠે તવ કુંવર કન્હાઈ ॥ ૧૮ ॥
નિકટ આય જસોમતિ માય, બદન દેખિકેં લેત બલાય ॥ ૧૯ ॥
બિથુરી અલક લટપટી પાગ, પીક કપોલ મુખ અંજન લાગ ॥ ૨૦ ॥
ચંદન ઉપર બિનગુનમાલ, ભૂષન ઇતઉત પરમ રસાલ ॥ ૨૧ ॥
યહ શોભા નિરખત વ્રજબાલ, રસમસે નેન દેખે નંદલાલ ॥ ૨૨ ॥
જસુમતિ ધાય ઉછંગહિ લીનો, ચૂમિ વદન ઉર શીતલ કીનો ॥ ૨૩ ॥
મંગલ ભોગ આનિકેં રાખ્યૌ, ગિરિધરલાલ સ્વાદસું ચાખ્યૌ ॥ ૨૪ ॥
માખન મિશ્રી માત ખવાવેં, થોરીકો ભય અતિસોં લાવે ॥ ૨૫ ॥
દધિકી છીંટ લગી તન શોભિત, માનો ઉડગન અંબર લોપિત ॥ ૨૬ ॥
લપટાનોં મુખ જસુમતિ દેખે, અપનો જન્મ સુફલ કર લેખે ॥ ૨૭ ॥
પોંછિ વદન અંચલસોં જોવે, રંચક જમુના જલસોં ધોવે ॥ ૨૮ ॥
પુનિ અચવાય ખવાવે બીરી, સકલ સાજ સજિ લીયે અહીરી ॥ ૨૯ ॥
મંગલકી આરતી ઉતારી, શોભા દેખ રહીં વ્રજનારી ॥ ૩૦ ॥
કનકપાટ બૈઠે મનમોહન, લાગિ રહી જસુમતિ અતિ ગોહન ॥ ૩૧ ॥
કોઊ હરિકોં તેલ લગાવૈં, કોઊ મર્દન અંગ ચઢાવે ॥ ૩૨ ॥
પરસત અંગ ઉબટનો કરેં, વિવિધ મનોરથ મનમેં ધરેં ॥ ૩૩ ॥
કોઊ બૈની લૈ કરમેં ગહે, તા ઉપર પુનિ કંગહી કરેં ॥ ૩૪ ॥
કોઊ કનક ઘટ જલ લૈ રહે, કોઊ પદ અંબુજ કર ગહે ॥ ૩૫ ॥

કોઉ જલસોં સ્નાન કરાવૈ, અંગ વસન કરિ અતિ સચુપાવૈ ॥ ૩૬ ॥
કોઉ તનિયા અંગ પેહિરાવૈ, કોઉ સૂથન સરસ બનાવૈ ॥ ૩૭ ॥
કોઉ વાગા પટુકા કરૈ, કોઉ વિવિસોં ભૂષન ધરે ॥ ૩૮ ॥
કોઉ કુલહ સુરંગ ધરે સીસ, પાગ બંધાવહુ ગોકુલ ઈશ ॥ ૩૯ ॥
તુમ તો હો વ્રજરાજ લડેતે, સબ લરિકનમેં ગુનન બડેતે ॥ ૪૦ ॥
મોર ચંદ્રિકા ગુંજાહાર, વ્રજભક્તનકે પ્રાણ આધાર ॥ ૪૧ ॥
કોઉ નૈન અંજન અંજવાવૈ, કોઉ મૃગમદ તિલક બનાવે ॥ ૪૨ ॥
પોહોપ માલ લૈ કંઠ લગાવૈં, સંકેત સદનકી હેર બતાવૈં ॥ ૪૩ ॥
રત્ન જટિત મુરલી કર દઈ, મોહન પરમ પ્રીતસોં લઈ ॥ ૪૪ ॥
તબ આઈ વૃષભાનુદુલારી, છબિ પર વારોં કોટિક મારી ॥ ૪૫ ॥
અંજન દૃગ કેસરકી આડ, સબ જુવતિનમેં લાડિલી લાલ ॥ ૪૭ ॥
હઠ કરિ હરિ સિંગાર કરાવૈં, બહુ વિધિ ભૂષન વસન બનાવૈં ॥ ૪૬ ॥
નખ શિખ લોં સિંગાર કરાવૈં, દેખ ગોપાલ પરમ સચુપાવૈં ॥ ૪૮ ॥
મધુ મેવા અરૂ બહોત મિઠાઈ, મુદિત જસોમતિ ગોદ ભરાઈ ॥ ૪૯ ॥
સન્મુખ આય રહી વ્રજનારી, દર્શન દેખહુ કુંજવિહારી ॥ ૫૦ ॥
વેતૌ હરિ મુખ કમલ નિહારેં, હરિરાધે વિધુવદન નિહારેં ॥ ૫૧ ॥
શોભા દેખિ રહીં વ્રજનારી, હંસિ હંસિ દેત પરસ્પર તારી ॥ ૫૨ ॥
ગોપીવલ્લભ ભોગ તહાં ધર્યૌ સો તો ભુવન ભુવન પ્રતિ કર્યૌ ॥ ૫૩ ॥
પુરી દહી સધાનો સાગ, માખન બુરો બહુ વિધિ પાક ॥ ૫૪ ॥
સબહિનકે મનરંજન કારન, પ્રેમ સહિત લીનોં મનલાવન ॥ ૫૫ ॥
ભોગ સરાય બીરા જબ દીનો, વિવિધ ભાંતિ મનોંરથ કીનો ॥ ૫૬ ॥
મનસા પૂરન નંદકુમાર, ઠાડે હેં જસુમતિકે દ્વાર ॥ ૫૭ ॥
મૈયા મથિ મથિ ધૈયા પ્યાવૈ, વારવાર ઉર અંતર લાવૈ ॥ ૫૮ ॥
બૈની બઢેં લાલ પય પીજેં, ઈતનો કહ્યો હમારો કીજૈ ॥ ૫૯ ॥
ધોરીકૌ પય પરમ રસાલ, સાત ઘૂંટ જો પીજે લાલ ॥ ૬૦ ॥
બદન ધોય બીરા જબ લીનો, મૈયા તબહી ખિલોના દીનોં ॥ ૬૧ ॥
ઠાડી રહી રોહિની રાની, મીઠી બાત કહી મનમાની ॥ ૬૨ ॥
ખીર સિરાત સ્વાદ નહીં આવૈ, ગ્રાસ દે મુખમેં લો જો ભાવે ॥ ૬૩ ॥
અતિ હિતસોં તબ ભોજન કીનોં, માત જસોદાકું સુખ દીનોં ॥ ૬૪ ॥
ખેલત ફિરત સખા સંગ લીને, ખિરક ખોરિ ગિરિ ગહ્વર ભીને ॥ ૬૫ ॥
અતિ પ્રવીન જસુમતિકૌ પૂત, સબહિનકો મન લીનોં ધૂત ॥ ૬૬ ॥
ચોરી કર સબહિન સુખ દેત, ગોપિનકૌ સર્વસુ હરિ લેત ॥ ૬૭ ॥
કરિ સંકેત બુલાઈ ગોપી, ઈન તો સબ મરજાદા લોપી ॥ ૬૮ ॥
સબહિનકો કીયો મન ભાયો, તા કારન યહ વ્રજમેં આયો ॥ ૬૯ ॥
જસુમતિ સખીયનકોં જુ બુલાવૈ, કમલનૈનકું કહું ન પાવૈ ॥ ૭૦ ॥
દેખોરી ગુપાલ કહાં ખેલત, કહો જાય જસુમતિ તો યે બોલત ॥ ૭૧ ॥
તબ માતાકી જાની પ્રીતિ, આય ગયે ગિરિધર સહ મીત ॥ ૭૨ ॥

બેઠે આય કનક આસનપર, નંદરાય પકરેં કરસોં કર ॥ ૭૩ ॥
ભોજનકોં બેઠે નંદરાય, તુમ સંગ ભોજન કરહુ આય ॥ ૭૪ ॥
કનક વરન ઝારી જમુના જલ, ભર લીની જસુમતિ મન ઉજ્જવલ ॥ ૭૫ ॥
પનવારો જોર્યો વિસ્તાર, તાપર ધરી કનકકી થાર ॥ ૭૬ ॥
બેલા છોટે મોટે ધરેં, ચમચા રત્નજટિત તહાં ખરે ॥ ૭૭ ॥
અગર ધૂપ કીનોં તા ઠૌર, હિતસો પ્રભુજી લીનો કોર ॥ ૭૮ ॥
નિરચનકે કીને બહુ શાક, હિતસોં રોહિની કીને સાક
કાઢે મૂંગ ઔર દાર બનાઇ, તાકે પાસ કઢી લૈ આઈ ॥ ૮૦ ॥
અતિ સુગંધિ ચામરકો ભાત, પ્રીતિ ધર્યો હે જસુમતિ માત ॥ ૮૧ ॥
સિખરન ભાત દહીંકો ભાત, ખાટો ઔર વડીકો ભાત ॥ ૮૨ ॥
તીન ભાંતિકી તુરઈ કરી, પાપર ભૂંજે ઔર તિલવારી કરી ॥ ૮૩ ॥
ભરતા બેંગન ચકતા કરેં, અરવી સુરન સબ લે ધરે ॥ ૮૪ ॥
કરેલા મુરેલા કકોરા કરે, ખડવા ખડવી ગલકા ધરે ॥ ૮૫ ॥
બહુત ભાંતિકી ભાજી ધરી, બહુત ભાંતિકી કચરી તરી ॥ ૮૬ ॥
સકરકંદકો મીઠો સાક, પેઠામેં મિશ્રીકો પાક ॥ ૮૭ ॥
રાયતા કીને ઇક્કીસ ભાંતિ, અથાનાકી કેતિક પાંતિ ॥ ૮૮ ॥
ખિલસારૂ કીનો જો બનાય, જેંમત હરિકોં મન ન અઘાય ॥ ૮૯ ॥
વ્યંજન બહુ વિધિ ગિને ન જાય, વારંવાર જસોદા જીમાય ॥ ૯૦ ॥
પૂરી રોટી લીટી કરી, મીસ્સીરોટી ઘીસૂં ભરી ॥ ૯૧ ॥
માખન બૂરો પાસ ધરાયો, લુંચઈ લૈ સિખરનસોં ખાયો ॥ ૯૨ ॥
સેંવ બહોત બૂરાસોં કરી, સો તો જાય નિકટ લે ધરી ॥ ૯૩ ॥
બરા મહાકે સુંદર કીને, તિનકુદા અતિ હી રસભીને ॥ ૯૪ ॥
મૈયા મોકું સિખરન ભાવે, બેલા ભરિ ભરિ રોહિની લાવે ॥ ૯૫ ॥
સુરભી ઘૃતસોં બેલા ભર્યો, સો તો જાય શિખરપર ધર્યો ॥ ૯૬ ॥
ઓટચો દૂધ દહીંકો બેલા, મીઠે આમ ઔર સુંદર કેલા ॥ ૯૭ ॥
આમીકો ખીર જો કીનો, સો તૌ પ્રભુજી રુચિસોં લીનો ॥ ૯૮ ॥
ખરબુજા ઔર આલૌ મેવા, ઈહિં વિધિ જસુમતિ કીની સેવા ॥ ૯૯ ॥
છોંકયો મઠા પરમ સુખદાયક, સોતો કેવલ હરિજુ લાયક ॥ ૧૦૦ ॥
ઇહ વિધિ લાલન ભોજન કીનો, માત જસોમતિકૂં સુખ દીનો ॥ ૧૦૧ ॥
કરિ આચમન ઠાડે આંગનમેં, અતિ સુગંધ બીરી આનનમેં ॥ ૧૦૨ ॥
શ્રીકરમેં બીરા બહુ લએ, સો તો વાંટિ સબનકું દએ ॥ ૧૦૩ ॥
થાક વિચિત્ર કુંદકી માલા, લૈ આઈ પહરેં નંદલાલા ॥ ૧૦૪ ॥
કર મુરલી ઔર વેંત ગહાઇ, વ્રજ વનિતા દેખેં સુખ પાઈ ॥ ૧૦૫ ॥
નિરાજન બહુ વિધિસોં કીનોં, શોભા નિરખિ વારનો લીનો ॥ ૧૦૬ ॥
જબ લગી હરિ ભોજન કરી આવૈં, તબલગી સહચરી કુંજ બનાવેં ॥ ૧૦૭ ॥
ઓલી ભર ભર પહોપ લે આવૈં, પરમ પ્રીતિસોં સેજ બિછાવૈં ॥ ૧૦૮ ॥
ફૂલનકી સિજ્જયા લૈ રચેં, તકિયા ગેંદુવા ફૂલન કે સચેં ॥ ૧૦૯ ॥

સેજબંદ લાલનકે કરેં, રંગ રંગ ફૂલન સોં ભરેં ॥૧૧૦॥
ફૂલનકે મેહેલ ખંભ ચૌબારે, ફૂલન કલશ ધરે અતિ ભારે ॥૧૧૧॥
ફૂલનકી ચોકી લે કરી, તાપર કરવા કુંજ ધરી ॥૧૧૨॥
અંગ રાગકે બેલા ભરે, અતિ સુગંધ બીરા તહાં ધરે ॥૧૧૩॥
પોહોપ માલ લૈ સુંદર કરી, સો તો પ્યારી ઉર પર ધરી ॥૧૧૪॥
ફૂલનકે પંખા લૈ આવેં, સો તો કમલનૈનકું ભાવેં ॥૧૧૫॥
પૌઢેં પિયા પ્યારીકે સંગ, વિવિધ ભાંતિ વરખત રસ રંગ ॥૧૧૬॥
સકલ પદારથ લૈ આગેં ધરે, વિવિધ મનોરથ મનમેં કરે ॥૧૧૭॥
વિવિધ ભાંતિ પિયકે સંગ ખેલી, રસમર્યાદા સબ સૈપેલી ॥૧૧૮॥
શ્રમકન સુભગ અંગપર આઈ, રસ ભરિ પૌઢેં કુંવર કન્હાઈ ॥૧૧૯॥
જાલરંધ્ર વ્હૈ સહચરી દેખેં, આપનો જન્મ સુફલ કરિ લેખેં ॥૧૨૦॥
ઘંટાનાદ ભઈ સબ ઠોર, શંખનકી ધુનિ ભઈ ચહુંઓર ॥૧૨૧॥
ધુનિ સુનિ શ્રીગોવર્ધનધર જાગે, માનોં પ્રેમસિંધુમેં પાગે ॥૧૨૨॥
કાકરી બીજ ખોવા અરૂ પના, કેલા આમ ખરબુજા ઘના ॥૧૨૩॥
ફલ ફલેરીસોં ભાજન ભરે, સો લે કુંજભવનમેં ધરે ॥૧૨૪॥
ગ્વાલ આગની મુરલી દેખી, ફિર કછુ મનમેં મનસા લેખી ॥૧૨૫॥
વેનુવેંત લૈ ચલે કન્હાઈ, દેખ સહચરી અતિ સચુપાઈ ॥૧૨૬॥
આગે ગોધન પાછેં ગ્વાલ, મધ્ય બિરાજત ગિરિધરલાલ ॥૧૨૭॥
ગોરજ મંડિત કરવર કેસા, શોભિત હૈં અતિ સુંદર વેસા ॥૧૨૮॥
મણિમાલા ગુંજાફલ ગરેં, ગોરી રાગ વેનમેં કરે ॥૧૨૯॥
સંઝાભોગ હૈ યાહીકો નાંઉં, સો તો લીનો તહાંઈં ઠાંઉં ॥૧૩૦॥
વ્રજ વનિતા આઈ ચહું ઓદ, શ્રીમુખ નિરખત ભયો પ્રમોદ ॥૧૩૧॥
અતિ વિરહિન જે વ્રજકી બાલા, ઘેર લિયે તવ મદનગુપાલા ॥૧૩૨॥
કછુક મનોરથ ઉનકો કીનો, ગોવિંદ ગોપિનકોં સુખ દીનો ॥૧૩૩॥
કરિ સત્કાર ચલે આગેં તે, કરિ સંકેત રહે પાછે તે ॥૧૩૪॥
નંદભવનમેં ઠાડે આય, પ્રમુદિત ભઈ જસોમતિ માય ॥૧૩૫॥
વિવિધ ભાંતિ આરતી ઉતારી, કરમેં લીયે કંચનકી થારી ॥૧૩૬॥
ભીતરભવન પધારે લાલ, જુર આઈ સબ વ્રજકી બાલ ॥૧૩૭॥
કોઊ તો સિંગાર બઢાવેં, કોઊ જલ કુલેલ લૈ આવેં ॥૧૩૮॥
કોઊ મર્દન મંજન કરે, અંગ વસન લૈ આગેં ધરે ॥૧૩૯॥
સહજ સિંગાર કીયે અતિ શોભિત, નિરખત તન મન અતિસેં લોભિત ॥૧૪૦॥
વેણુવેત્ર સેલી કર લયે, હરિજુ તબહિ ખિરકમેં ગયે ॥૧૪૧॥
ધોરી ધૂમર ગંગ બુલાઈ, કાજર પિયરી દોરી આઈ ॥૧૪૨॥
ભાંતિ ભાંતિ કરિ દોહિની કરેં, ભાજન લે સબ રસસું ભરેં ॥૧૪૩॥
વે તૌ વ્રજવનિતન સંકેત, વે સખહિનકોં બોલેં લેત ॥૧૪૪॥
વ્રજ વનિતાકી જાની પ્રીતિ, ગ્વાલભોગ લીનો રસરીતિ ॥૧૪૫॥
સખહિનકો કીયો મન ભાયો, તા કારન યહ વ્રજમેં આયો ॥૧૪૬॥

જસુમતિ ભોજન કીનો સાજ, વેગી આઇયો મોહન આજુ ॥૧૪૭॥
જમુના જલસોં ઝારી ભરી, લે ઉઠાય હરિ પાસેં ધરી ॥૧૪૮॥
દોઉ ભૈયા ભોજનકૂં આયે, જસુમતિ કનકથાર બેઠાયે ॥૧૪૯॥
દાર ભાત મિરચનકો સાક, હિતસોં રોહિની કીનો પાક ॥૧૫૦॥
દુગ્ધોદન અતિ મોકું ભાવે, બેલા ભરિ ભરિ જસુમતિ લાવે ॥૧૫૧॥
ઇહ બિધિ લાલન ભોજન કીનો, માત જસુમતિકૂં સુખ દીનો ॥૧૫૨॥
ચ્યારૂ કરી ઉઠે મનમોહન, લાગિ રહી જસુમતિ અતિ ગોહન ॥૧૫૩॥
ઔટ્યો દૂધ કપૂર મિલાઈ, ડબરા ભરિકેં રોહિની લાઈ ॥૧૫૪॥
ઇચ્છા ભોજન કરિ સુખ પાયો, તબ રાની આચમન કરવાયો ॥૧૫૫॥
અતિ સુગંધ બીરી મુખ કરી, પોહોપ માલ શ્રીકંઠ લે ધરી ॥૧૫૬॥
કરિ આરતિ શ્રીમુખ જબ દેખ્યો, અપનો જન્મ સુફલ કરિ લેખ્યો ॥૧૫૭॥
રૂમઝુન કરત આંગુરીયાં ગહેં, માત જસુમતિ સબ સુખ લહેં ॥૧૫૮॥
સુખસિજ્યા પૌઢે હરિરાય, ચાપત ચરણ જસોમતિ માય ॥૧૫૯॥
ભાંતિ ભાંતિકી કહાની કહે, હરિ હુંકારી ફિર ફિર લહેં ॥૧૬૦॥
નિસિ લીલા કહો કૈસેં કહે, સો તો વ્રજજન મનમેં લહેં ॥૧૬૧॥
નંદ ભવનકી લીલા કહૈં, માનુષ દેહ ધરિ સબ સુખ લહૈં ॥૧૬૨॥
શ્રીગિરિવરધરકી લીલા ગાવે, રસિક ચરણકમલરજ પાવે ॥૧૬૩॥

-: નિત્ય અને વર્ષોત્સવ સેવા બોધ :-

રાગકેદારો રહ્યો મોહિ શ્રી વલ્લભ ગૃહભાવે ॥ સુનિ મૈયા મો ડર માખન દૂધ દહ્યોજુ છિપાવે ॥ ૧ ॥ તૂ અતિ ક્રૂરકપન હું કહા કહુ નિત્ય પ્રતિ મોહિ ખિજાવે ॥ મેરો પ્રાન જીવન ધન ગોરસ મોકો નિત્યપ્રતિ ભાવે ॥૨॥ ખીરખાંડ પકવાન બહોત લે પ્રાતહિ મોહિ જમાવે ॥ તેલ સુગંધ લગાય પ્રીતિસો તાતે નીર ન્હવાવે ॥ ૩ ॥ ભૂષન વસન વિવિધ મન ભાયે પલટિ પલટિ પહરાવે ॥ નેન આંજી તિલક મૃગમદકો દરપન મોહિ દિખાવે ॥ ૪ ॥ ખટરસ વ્યંજનમોહિ જીમાવે હિતસોંબીરી ખવાવે ॥ ભોગ ચકઈ વિવિધખિલોના લેકર મોહે ખિલાવે ॥ ૫ ॥ વિવિધ કુસુમ અપનેકર ગુહિકે લે માલા પહેરાવે ॥ સુખદ પર્યંક સમારિ મૃદુલ અતિનાપર મોય સુવાવે ॥ ૬ ॥ ઉત્થાપન ભયો પહર પાછિલો વ્રજજન દરસ દિખાવે ॥ સંધ્યા ભોગધરત અતિ રુચિસો સેન ભોગ કરલાવે ॥ ૭ ॥ ॥ દોહન ગ્વાલન સંગ કરિકે મુરલી કરમેં ગહાવે ॥ ગાયન મિલવત બછરા લાવત વ્રજજન મોદ બઢાવે ॥ ૮ ॥ જન્મ દિવસ જબ આવત મેરો આંગન ચોકપુરાવે ॥ બાજે બાજત વહુ વિધ દ્વારે બંદનવાર વંધાવે ॥ ૯ ॥ મેરે ગુન ગુનિયનપર મોકો સુરનસોં ગાય સુનાવે ॥ હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ મંગલ કલશ ધરાવે ॥ ૧૦ ॥ ધેનુ દિવાય દ્વિજનં પેં મોસોં આશીવોદ પઢાવે ॥ કેતિક વાત કહોં મેં હિતકી મોપે કહત ન આવે ॥ ૧૧ ॥ પલનાં ઝુલાવત વિવિધ ભાંતિ કે રંગ રંગ કે લાવે ॥ દધિ કાદો અતિ કરત પ્રીતિસોં ફૂલી અંગ ન સમાવે ॥ ૧૨ ॥ રાવલ મેં રાધા મંગલ કીરતિ જસ સરસ વધાઇ ગાવે ॥ વામન રૂપ ધર્યો પૃથ્વી મેં બલિકે દ્વારે આવે ॥ તીન પેડ ધરતી જબ માગી સો હરિ કહું ન સમાવે ॥ ૧૪ ॥ લીલા દાન મહા રજની મેં કરિ સિર મુકુટ ધરાવે ॥ દાનીરાય નામ ધરિ મેરો કર મેં લકુટ ગહાવે ॥ ૧૫ ॥ સાંઝીચિતિ રતન થારી મેં વારત સાંઝીગાવે ॥ નવ દિન નયે ભોગ ધરિ મોકોં વિધિસું રીઝ રીઝાવે ॥ ૧૬ ॥ વિજય કરનકો દિન દશમીકો રામ લંકાપર ધાવે ॥ જવ અંકુર શિર પર ધરિકે વિજય મુહુરત સજાવે ॥ ૧૭ ॥ પુન્યો શરદ રાત દિન મેરો નટવર ભેષ બનાવે ॥ મોર મુકુટ પીતાંબર કાછનિ રાગ વિલાસહિ ગાવે ॥ ૧૮ ॥ ધનતેરસ દિન ધન ધોવન મિસ ધન એક મોહિ જનાવે ॥ વિવિધ સિંગાર ભોગ રસ અરપત વ્રજભકતન મન ભાવે ॥ ૧૯ ॥ રુપ ચતુરદશી મંગલ દિન લખિ અંગ અંગ ઉબટાવે ॥ વિવિધ ભાંત પકવાન મિઠાઇ લે લે ભોગ ધરાવે ॥ ૨૦ ॥ સુરભી વૃંદન ન્યોતિ કુહુ નિશ સુરભી કાન જગાવે ॥ દીપ દાન દે નિશ હટરી મેં ચોપડ મોહિ ખિલાવે ॥ ૨૧ ॥ પ્રાત ભયે ગોધન પૂજન કરિ મલરા ગ્વાલ ગહાવે ॥ વિધિસાં અન્નકુટ રચિ મોકો ગોધનલીલા ગાવે ॥ ૨૨ ॥ ભાઈદુજ ભાવે યમુનાકો વિધિસો ન્યોતિ જિમાવે ॥ બહનિ સુભદ્રાતિલક કરત હે આશિર વચન સુનાવે ॥ ૨૩ ॥ ગોપ અષ્ટમી ગાય ચરાઇ ગ્વાલનકે સંગ

ધાવે ॥ ધોરી ધુમરી ગાંગ બુલાવત મુરલી મધુરબજાવે ॥ ૨૪ ॥ કાર્તિક સુદિ એકાદશી શુભ દિન ઇખસુકુંજ બનાવે ॥ પાટ સુરંગ વસન પહરાવે પરમ પ્રમોદ મનાવે ॥ ૨૫ ॥ ધનુર્માસકો ભોગ વિવિધ રચિ ચીરહરન જસગાવે ॥ વ્રતચર્યા લીલારસ અનુભવ શુભ સો પ્રગટ દિખાવે ॥ ૨૬ ॥ પોષમાસ નોંમીકો શુભદિન ઉત્સવ મોમન ભાવે ॥ દૈવી જીવ ઉદ્ધારે મેરે દ્વિતિય સ્વરૂપ પધરાવે ॥ ૨૭ ॥ ઋતુ વસંત જાનિ જિય અપને રુચિ સુગંધ છિરકાવે ॥ વસંત બનાય લિયે વ્રજલલનાં બહુ વિધિ, ખેલ મચાવે ॥ ૨૮ ॥ ડાંડો રોપન કરિ પૂન્યો દિન સરસ ધમારહિ ગાવે ॥ વહુ વિધિ હિલિમિલ ચાચર ખેલ છિરકે ઓર છિરકાવે ॥ ૨૯ ॥ સાતમ પાટ ઉછવ દિન મેરો કેસરિ રંગ છિરકાવે ॥ સુરંગ ગુલાલ અબીર કુંકુમા બૂકાવંદન લગાવે ॥ ૩૦ ॥ કુંજ બનાય પ્રીતિસો મોહન માથે મુકુટ ધરાવે ॥ ચોવા ચંદન છિરકત કુંજન અદ્ભુત લીલા ગાવે ॥ ૩૧ ॥ પૂન્યો જહાં તહાં તબ પ્રગટો ઝુમક ચેતવ ગાવે ॥ રાત દિવસ રસ હો હો હો કહિ ગારી ભાંડ ભંડાવે ॥ ૩૨ ॥ ભોગ રાગ બહુ રચિત ડોલપર ઝોટા દેત દિવાવે ॥ પરિવા ડોલ ઝુલાય પ્રીતિસોં ભારી ખેલ ખિલાવે ॥ ૩૩ ॥ દ્વિતીયા પાટ સિંઘાસન રચિ કે તાપેં મોય બેઠાવે ॥ મર્યાદા ચિતલાય શ્રી વલ્લભ દાન દેત હરખાયે ॥ ૩૪ ॥ વિવિધ ફૂલ રચિ કરત મંડલી અદ્ભુત મહેલ બનાવે ॥ કોમલ ગાદીધરી તા ઉપર તાપેં મોય પધરાવે ॥ ॥ ૩૫ ॥ ચૈત્ર સુદિ નોમીકો શુભદિન રામચંદ્ર ગ્રહ આવે ॥ માત કૌશલ્યા કુખિ પધારે જન્મ જયંતિ ગાવે ॥ ૩૬ ॥ વદિ વૈશાખ એકાદશી પ્રગટે શ્રીવલ્લભ મન ભાવે ॥ માત ઇલંમા કરત વધાઇ વલ્લભ નામ ધરાવે ॥ ૩૭ ॥ સુદિ વૈશાખ અક્ષય તૃતીયા દિન શીતલ ભોગ ધરાવે ॥ ચંદન લેપ કરત અંગ અંગ પ્રતિ પંખા વાયુ ઢુરાવે ॥ ૩૮ ॥ સુદિ વૈશાખ નૃસિંઘ ચતુરદશી ભકતન પક્ષ દૃઢાવે ॥ જન પ્રહ્લાદ રાખ સંકટ તે વેદ વિમલ જસ ગાવે ॥ ૩૯ ॥ જ્યેષ્ઠા પૂન્યો સ્નાન યાત્રા જલ શીતલ સ્નાન કરાવે ॥ શીતલ ભોગ ધરત મન ભાયે મોમન તાપ નસાવે ॥ ૪૦ ॥ સુદિ અષાઢ દુતિયા પુષ્ય નક્ષત્ર રથ મેં મોહિ બેઠાવે ॥ તુરંગ ચલત અવનીપર ચંચલ રાગ મલ્હારહિ ગાવે ॥ વ્રજ ભકતનકો સુખ દે ગિરિધર ભોગ અનુપમ લાવે ગોપીજન મન માન્યો કરિકે સજિ આરતી ઉતરાવે ॥ ૪૨ ॥ ઉખાપણી પરવ અનૂપમ કસુંભી સાજ સજાવે ॥ વરખત મેઘ ઘોર ચહૂંદિશતેં લીલા સકલ બનાવે ॥ ૪૩ ॥ હિંડોલા સાવન મેં ગૃહ રચિ લલિતાદિકન ઝૂલાવે ॥ પચરંગ વાગે વસ્ત્ર રંગ રંગનિ આભરન બહુત ધરાવે ॥ ૪૪ ॥ શ્રી ઠકુરાની તીજ હિંડોરા બરસાનો મન ભાવે ॥ કુંજનકુંજન ઝૂલિ ઝૂલાવત સરસ મધુર સુર ગાવે ॥ ૪૫ ॥ પવિત્રા એકાદશી નિશ આજ્ઞાલે મનમેં મોદ બઢાવે ॥ બ્રહ્મસંબંધ કિયે શ્રી વલ્લભ મિશ્રી ભોગ ધરાવે ॥ ૪૬ ॥ દૈવી જીવ ઉદ્ધાર કીયે સબ પવિત્રા સો પહેરાવે ॥ ભયો પ્રગટ મારગ વલ્લભકો વ્રજજન મોદ બઢાવે ॥ ૪૭ ॥ રાખી બાંધત

બહનિ સુભદ્રા માલિન ચોક પુરાવે ।। તિલક કરત રોરી અક્ષત લે આરતી વારતિ ભાવે ।। ૪૮ ।। યહ વિધિ નિત નૌતમ સુખ મોકો વલ્લભ લાડ લડાવે ।। મેં જાનું કે વલ્લભ જાને કે નિજજન મન ભાવે ।। ૪૯ ।। અતિ મતિ મંદ કર્મ જડ કલિકે જે મિથ્યા કરિ જાને ।। રસિક કહે શ્રી વલ્લભ કૃપા બિન યહ ફલ કબહુ ન પાવે. ।। ૫૦ ।।

શ્રી ગોકુલચંદ્રમાજી—ધોળ પદ

શ્રી ગોકુલચંદ્ર લાગો છો વહાલા, મોહીરે જોઈ નેન તણા ચાળા. (૧)
વહાલા રે તાહારી નેનકટારી વાંકી, તે તો મારે કાળજેડ દાખી (૨)
ચરણ રજ કેરી હું અભિલાખી, દીજેરે મને લલિત ત્રિભંગી ઝાંખી (૩)
ચરણ કટિ ગ્રીવા નમિત કીધાં, કારણ રસદાન ભક્તને દીધા. (૪)
આપ વિના કરુણા તે કોણ કરે ? કારીયોજ પાત્ર માંહે રસ ભરે, (૫)
ચરણ દર્શન મરજાદા લોપી, તેથીરે મન સ્થીર થયાં ગોપી. (૬)
પીતાંબર ફરકે છે સારૂં, ચોર્યુંરે ચિત્ત પ્રાણપતિ માહારૂં. (૭)
ચરણલગી પરગ્રી છે વનમાળા, કામણગારા દીસો છો નંદલાલા (૮)
ચરણ નખ ચંદ્ર પ્રકાશ જોઇ, તેજેરે તેને મદન રહ્યા મોહી. (૯)
નૂપુર ધુનિ તાન સહિત વાગે, નાદ સુણી કામદેવ જાગે. (૧૦)
સૂથન કટિ કાછની છે ભારી, મુગટની લટક પર જાઉં વારી. (૧૧)
સદા રસ રાસ મધ્યે રમતા એતો પ્રભુ નિજજનને ગમતા. (૧૨)
વરણવ્યું સ્વરૂપ સૂક્ષ્મ રીતે, કરો કૃપા ગાઉં પૂરણ પ્રીતે. (૧૩)